સાહિત્ય પાઠાવલી



[illegible] બીજી


પ્રાથમિક શ્રેણી છઠ્ઠી


· સંપાદક ·

· દેસાઈ અને બક્ષી ·

Karnatak Publishing House, Bombay.

- B. Puntholey -


CHECKED 1973
Initial



ચિત્રકાર] કર્ણ-કુન્તી [સોમલાલ શાહ

સાહિત્યપાઠાવલી

પુસ્તક બીજું

: સંપાદક :

ઝીણાભાઈ રતનજી દેસાઈ,

પ્રિન્સીપાલ, શ્રી. શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર, અમદાવાદ

અર્ઘ્ય, ગાતા આસોપાલવ, તૂટેલા તાર, સ્વર્ગ અને પૃથ્વી આદિ પુસ્તકોના કર્તા

અને

છગનલાલ લાભશંકર બક્ષી, બી. એ., એલ. ટી.

સુપરીન્ટેન્ડન્ટ,

મ્યુનિસિપલ ગૂજરાતી બૉયઝ સ્કૂલ્સ, મુંબઈ



કર્ણાટક પબ્લિશિંગ હાઉસ

મુંબઈ ૨

કિંમત આઠ આના

First Printed : 1937
Reprinted : 1939
Reprinted : 1940

Printed by M. N. KULKARNI at the KARNATAK PRINTING PRESS, Chira Bazar, Bombay, and published by him at the KARNATAK PUBLISHING HOUSE, Chira Bazar, Bombay 2.

નિવેદન

—*—

'સાહિત્યપાઠાવલી'ના પહેલા ભાગને પ્રસિદ્ધ થયાને લગભગ એક વર્ષ બાદ આ બીજો ભાગ બહાર પડે છે. પહેલા ભાગમાં જે યોજના હતી તે જ કાયમ રાખી છે. એટલે પહેલા ભાગના નિવેદનમાં 'પાઠાવલી'ના હેતુ સમ્બન્ધી જે દૃષ્ટિ અમે રજૂ કરી હતી તેનું અહીં પુનરાવર્તન નહિ કરીએ. અમને નોંધતાં આનંદ થાય છે કે શિક્ષણક્ષેત્રમાં જેમનો વિશાળ અને ઊંડો અનુભવ છે એવાં અનેક શિક્ષક ભાઈબહેનોએ પહેલો ભાગ શીખવવાના પ્રત્યક્ષ અનુભવ ઉપરથી અમને જણાવ્યું છે કે અમારી યોજના વ્યવહારુ છે એટલું જ નહિ, પણ બાળકોની સર્જનાત્મક શક્તિઓના વિકાસ અને માતૃભાષા પ્રત્યેના આદર અને ભક્તિની ખીલવણી માટે એક સુન્દર વાહન છે. એવી જ રીતે જે બાળકો માટે એ યોજાઈ છે તેમને એ ગમી છે. પાઠ્યપુસ્તકો તરફ સામાન્ય રીતે બાળકોને જે કંટાળો હોવાનું મનાય છે તેવો અણગમો બાળકોને એ તરફ નથી થયો, એટલું જ નહિ પણ તેમને એની બધી વિગતોમાં રસ પડ્યો છે એવું જે સંસ્થાઓમાં એનો પાઠ્યપુસ્તક તરીકે ઉપયોગ થાય છે તેમના તરફથી અમને જાણવા મળ્યું છે. આથી 'પાઠાવલી'ની શિક્ષણ-વિષયક ઉપયોગિતા વિશેની અમારી શ્રદ્ધા વધુ દૃઢ બની છે.

'સ્વાધ્યાય' સમ્બન્ધી એક વાત વધુ સ્પષ્ટ કરવાની અમને જરૂર જણાઈ છે. 'સ્વાધ્યાય'ની યોજના પાછળ અમારી ચોક્કસ દૃષ્ટિ રહેલી છે. લેખક કે

કવિના મનમાં પોતાના વિષયનો ક્રમિક વિકાસ કેમ થતો હશે તે તરફ બાળકોને સરળ અને સીધી રીતે, અને તેમને ખબર ન પડે એ રીતે, લઈ જવાનો 'સ્વાધ્યાય'નો હેતુ છે. તે ઉપરાંત બાળકોની કલ્પના-શક્તિ બને તેટલી વિશાળ બને, તેમની સાહિત્યાભિરુચિ વધુ સૂક્ષ્મ અને છતાં ઉદાર બને, અને તેમનામાં સ્વતંત્ર રીતે વિચાર કરવાની અને વસ્તુના હાર્દને સમજવાની શક્તિ જાગે એ જાગ્રતદૃષ્ટિ આ સ્વાધ્યાયો પાછળ રહેલી છે. પાઠ્યપુસ્તક તો એક આદર્શ નમૂનો માત્ર છે. જો બાળકોને માત્ર એ નમૂનો જ જોયા કરવાનો હોય તો તેનો ખાસ અર્થ રહેતો નથી. એ નમૂનો તો એની અનેક પ્રેરણાઓના એક સુન્દર બીજ રૂપ હોવો જોઇએ. આ સ્વાધ્યાયો બાળકોને એ દિશામાં દોરવાના પ્રયત્નરૂપ છે.

આથી એ સ્વાધ્યાયો બાળકો સમક્ષ સીધી રીતે જાય એ ઇષ્ટ છે; પણ તેથી એમ અમે નથી માની લીધું કે એ પ્રત્યેક સ્વાધ્યાય બાળક સ્વતંત્ર રીતે સમજી અને ઉકેલી શકશે. જ્યાં માત્ર હકીકતનો જ પ્રશ્ન છે ત્યાં તો બાળકે એ હકીકત મેળવી પડશે, અથવા તો શિક્ષકે કહેવી પડશે; પણ જ્યાં કલ્પનાની વાત આવે છે ત્યાં શિક્ષકે બાળકને પ્રયત્ન કરવા દેવા જોઈએ, અને બાળકને જરૂર લાગે ત્યાં આવશ્યક મદદ કરવી જોઇએ. ઉદાહરણ તરીકે પાઠ પહેલાનો ચોથો સ્વાધ્યાય લઈએ. એમાં કહ્યું છે કે 'વિદેહ અને જીવન્ત મહાન ગૂજરાતી સ્ત્રીપુરુષોની તમારાથી બની શકે તેટલી મોટી એક યાદી કરો.' આમાં કલ્પના કરતાં બાળકોના સામાન્ય જ્ઞાન જોડે વધુ સમ્બન્ધ છે. પૂર્વતૈયારી તરીકે શિક્ષકે એ પ્રશ્ન ઘણો અગાઉથી વિદ્યાર્થીઓ સાથે, બીજા કોઈ વિષયના અધ્યયનમાં ચર્ચી લીધો હોય તો ઘણું સારું. પણ તેમ ન થઈ શકે તો એ પ્રશ્ન બરોબર સમજવા માટે જરૂર પડ્યે એક બે નામો આપી વિદ્યાર્થીઓને સ્વતંત્ર પ્રયત્ન કરવા દેવો જોઇએ. જો વિદ્યાર્થીઓની હકીકત બહુ જ અધૂરી હશે તો તેમને તે અધૂરાપણું ટાળવા જરૂર ઇચ્છા થશે, અને પોતાની હકીકતના ભંડારમાં ઉમેરો કરવા તે બનતા પ્રયત્ન કરશે. આથી ઊલટું પૃષ્ઠ ૪૮ ઉપરના ત્રીજા સ્વાધ્યાયમાં છે. તે સ્વાધ્યાયમાં છે કે 'યોગીઓને વર્ણવવા હોય તો તમે શું લખશો ? ગિરનાર યોગી જેવો છે એમ બતાવવા કવિ શું કહે છે ?' આ પ્રશ્ન કવિતામાં આવતી હકીકતો ઉપરથી બાળકની કલ્પનાશક્તિ જાગ્રત કરવાના પ્રયત્ન જેવો છે. ગિરનારને કવિએ યોગી તરીકે વર્ણવ્યો છે; પણ સામાન્ય

રીતે યોગી તો જીવન્ત માણસ લેખાય; અને તેનાં લક્ષણો ક્યાં હોઈ શકે તે તરફ બાળકોનું આપોઆપ ધ્યાન જાય તો કવિએ વાપરેલી ઉપમા અતિ સચોટ રીતે બાળકો સમજી શકે. આમાં બાળકના સામાન્ય જ્ઞાન કરતાં બાળકની કલ્પનાશક્તિને વિશેષ સમ્બન્ધ હોઈ, બાળક જાતે જ એ પ્રશ્નને ઉકેલવા પ્રયત્ન કરે તો ઘણું સારું. આવી રીતે કોઈક સ્વાધ્યાયો બાળકોને સાહિત્યના મૂળભૂત સિદ્ધાન્તોના પ્રથમ દર્શન માટે યોજાયા છે. દાખલા તરીકે 'ડોલતા ડુંગર'ના સ્વાધ્યાય લઇએ: એમાં શિક્ષકે પોતાની વિવેકદૃષ્ટિનો બને તેટલો ઉપયોગ કરી કેટલાક સ્વાધ્યાયો સમજવા માટે વિદ્યાર્થીઓ સમક્ષ ચોક્કસ દૃષ્ટિ રજૂ કરવી પડશે. દાખલા તરીકે આઠમો સ્વાધ્યાય સમજાવવાનો ખાસ અર્થ નહિ રહે, અને તેમ કરતાં એ સ્વાધ્યાય વિદ્યાર્થીને કેવળ બોજા રૂપ બનશે. એ સ્વાધ્યાય અભિનય દ્વારા વર્ગના વિદ્યાર્થીઓ પાસે ઉકેલાવવામાં આવે તો નાટિકાના સ્વરૂપનો બાળકો સક્રિય પરિચય મેળવી શકશે—જે પરિચય કોઈ એક પુસ્તક દ્વારા તો મોટી ઉંમરે પણ કદાચ દુર્લભ લેખાય.

આ ઉપરાંત આ બધા જ સ્વાધ્યાયો વિદ્યાર્થીઓએ લખવા જોઇએ એવો તો વિચાર સરખો પણ ન થઈ શકે. એ બધા તો વિદ્યાર્થીઓને માર્ગદર્શન રૂપ છે. એમાંથી તેમને પાઠ્યપુસ્તકને અંગે જેટલા સ્વાધ્યાયો લખવાના હોય તે તેઓ લખે. બાકીના સ્વાધ્યાયો તો વર્ગમાં પાઠ જ્યારે ચાલતો હોય ત્યારે શીખવવાના એક અંગ તરીકે લેખાવા જોઈએ.

એ ભાગ્યે જ ઉમેરવાની જરૂર હોય કે આ બધા પાઠો અને સ્વાધ્યાયો જે ધોરણના વિદ્યાર્થીઓ માટે યોજાયા છે તેમની સમક્ષ એક વાર મૂકીને જ, અને બાળકોએ તેને ઉલ્લાસપૂર્વક ઝીલ્યા છે એવી ખાતરી થયા બાદ જ અમે આ પાઠ્યપુસ્તકમાં લીધા છે. આ સ્વાધ્યાયો તૈયાર કરવામાં શ્રી. ગોકળીબાઈ હાઇસ્કૂલના શ્રી. બાપુભાઈ વશી, બી. એસસી., બી. ટી. એ અમને ઘણી મદદ કરી છે તેની અમે સાભાર નોંધ લઇએ છીએ.

શ્રી. સોમાલાલ શાહ જેવા આપણા એક અતિ સંસ્કારી કળાકારની પીંછીએ આ પુસ્તકને સુશોભિત કર્યું છે એ આ પુસ્તકની શિક્ષણ-વિષયક ઉપયોગિતામાં જરૂર વધારો કરશે.

આ પુસ્તકની હસ્તપ્રત તૈયાર કરવામાં ચિ. બહેન જ્યોત્સ્ના, રૂપસુન્દરી, ધૈર્યબાળા, મંજુલા, નિવેદિતા અને ચિ. ભાઈ મોહન ઠક્કર, નચિકેત, મનસુખ મોદી આદિએ અમને સારી સરખી મદદ કરી છે તે સાનંદ નોંધીએ છીએ.


અન્તમાં અમને અવારનવાર જેમના તરફથી વારંવાર સૂચનાઓ અને સહાય મળ્યાં છે તે સહુનો અને જેમના પાઠો આમાં લીધા છે તે સહુ ભાઈ-બહેનોનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

વિલેપારલે,
તા. ૨૫ : ૪ : ૩૭

ઝી. ર. દેસાઈ
છ. લા. બક્ષી

સાહિત્યપાઠાવલી

અનુક્રમ



૧

ગૂજરાત મોરી મોરી રે !

મળતાં મળી ગઈ મોંઘેરી ગૂજરાત,
ગૂજરાત મોરી મોરી રે !
ભારતની ભોમમાં ઓજેરી ગૂજરાત,
ગૂજરાત મોરી મોરી રે !
ગિરનારી ટૂંકો ને ગઢ રે ઈડરિયા,
પાવાને ટોડલે માકાળી મૈયા,
ડગલે ને ડુંગરે ભર હેતી હૈયાં,
ગૂજરાત મોરી મોરી રે !
સાબરનાં મરદાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમૃતની મરમર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવડાવતી,
ગૂજરાત મોરી મોરી રે !
આંખની અમીમીટ ઊભટે ચરોતરે,
ચોરવાડ વાડીએ છાતી શી ઊભરે !

હૈયાનાં હીર પાઈ હેત ભરી નીતરે,
ગૂજરાત મોરી મોરી રે !
કોયલ ને મોરને મેઘમીઠે બોલડે,
નમણી પનિહારીને ભીને અંબોડલે,
નીરતીર સારસશાં સુખડૂખ્યાં જોડલે,
ગૂજરાત મોરી મોરી રે !
નર્મદની ગૂજરાત દોહ્યલી રે જીવવી,
ગાંધીની ગૂજરાત કપરી જીરવવી !
એક વાર ગાઈ કે કેમ કરી ભૂલવી ?
ગૂજરાત મોરી મોરી રે !

પરિચય

'સાહિત્યપાઠાવલી'ના પહેલા ભાગમાં આપણે સ્વ. શ્રી 'કાન્ત'ની 'હિન્દ માતાને' કવિતા વાંચી હતી. ભૂમિને માતા તરીકે આપણે લાંબા વખતથી પૂજતા આવ્યા છીએ; અને એથી જન્મભૂમિની લાગણીભરી કવિતાઓ પણ સારા પ્રમાણમાં લખાઈ છે. શ્રી. ઉમાશંકર જોષીની 'ગૂજરાત મોરી મોરી રે !' આપણા ગૂજરાત માટેની એવી એક ઉમળકાભરી કવિતા છે. 'મોરી' શબ્દનો અર્થ 'મારી' થાય છે. સામાન્ય રીતે વાતચીતમાં 'મોરી' શબ્દ નથી વપરાતો; પણ એ 'લોકસાહિત્ય'નો શબ્દ હોઈ કવિતામાં જ્યારે વપરાય છે ત્યારે એ ઘણો જોરદાર બને છે; અને 'ગૂજરાત મોરી મોરી રે !' માં એમ જ થયું છે.

માતૃભૂમિ માટે આદર હોવો એ તો બહુ સ્વાભાવિક છે. પણ આપણી આ કવિતામાં તો એમ છે કે 'મારી આ ગૂજરાત તો સાચે જ જગતમાં અનુપમ છે. એ મારી માતા છે તેથી તો પૂજ્ય છે જ, પણ એ મારી માતા ન હોત તો પણ એટલી જ પૂજ્ય બનત. કારણ કે એની એ રેવા ને તાપી, એના એ ગિરનાર, પાવાગઢ ને ઇડરિયા ગઢો, એનું એ સુખી કુટુમ્બજીવન, એની પાણીની હેલો ભરી જતી નમણી

સુન્દર પનિહારીઓ, એના એ નર્મદ ને ગાંધી ખરેખર અજોડ છે. એવી એ ગૂજરાતને ઉમળકાભેર ચાહ્યા વિના કોણ રહી શકે ?'

આવા ભાવ ગૂજરાત માટે આપણા અનેક કવિઓએ વ્યક્ત કર્યા છે. આપણા નર્મદાશંકરની 'જયજય ગરવી ગૂજરાત,' મલબારીની 'સુણ ગરવી ગૂજરાત,' નાનાલાલની 'અમારો ગુણિયલ ગુર્જર દેશ,' ખબરદારની 'ગુણવન્તી ગૂજરાત' અને 'સદાકાળ ગૂજરાત' ગૂજરાત માટેની આપણી ભક્તિનાં સુન્દર કાવ્યો છે. 'ગૂજરાત મોરી મોરી રે'નો અભ્યાસ કરતાં એ કાવ્યો તમે અવશ્ય વાંચજો, અને ગૂજરાત માટેની તમારી લાગણીઓ પદ્યમાં નહિ તો ગદ્યમાં વ્યક્ત કરવા જરૂર પ્રયત્ન કરજો. અને એમ કરતાં તમે જોઈ શકશો કે આ કવિતાઓમાં જે કંઈ આવી ગયું છે તેથી પણ કંઈક વિશેષ તમારે 'ગૂજરાત' માટે કહેવાનું છે, અને તમારે જે કંઈ કહેવાનું છે, તે તમે કહેશો તો પણ તમને તો અસંતોષ જ રહેશે કે કહેવાનું તો હજુ કહેવાયું જ નથી! 'ઈશ્વરના ગુણો ગણાવતાં તેનો પાર આવે એમ નથી' એવા ભાવનો સંસ્કૃતમાં એક શ્લોક છે. માતૃભૂમિને માટે પણ એમ જ કહી શકાય, અને તે જ શ્લોકનો આધાર લઈ કોઈ કહે તો નવાઈ નહિ કે 'સુરતરુની શાખાની કલમ કરી, બધા સાગરોનાં પાણીની શાહી બનાવી, અને આપણી આખી આ ધરતીનો કાગળ કરી ખુદ સરસ્વતી તારા ગુણો લખવા બેસે તો પણ, હે માતૃભૂમિ! તારા ગુણોનો પાર આવે એમ નથી.'

'ગૂજરાત મોરી મોરી રે!' જેવાં કાવ્યો સ્વદેશપ્રેમનાં કાવ્યો તરીકે સાહિત્યમાં ઓળખાય છે. દરેક પ્રજાને, દરેક દેશને પોતાનાં રાષ્ટ્રગીતો હોય છે. ઇંગ્લન્ડ, ફ્રાન્સ, જર્મની વગેરે જગતના જુદા જુદા દરેક દેશને પોતાનાં રાષ્ટ્રગીતો છે. એવાં બને તેટલાં રાષ્ટ્રગીતો ભેગાં કરી તેનો તમે સંગ્રહ કરવા પ્રયત્ન કરશો તો તમને આનંદ આવશે.

– સ્વાધ્યાય –


૧. 'ગૂજરાત મોરી મોરી રે' જેમ એક પ્રકારનું સ્વદેશપ્રેમનું કાવ્ય છે. એવી જ રીતે 'પ્રકૃતિકાવ્ય,' 'ઈશ્વરસ્તવનકાવ્ય' કે એ પ્રકારના કાવ્યના અનેક ભેદ પડી શકે છે. તમારાથી બની શકે એવા આ પ્રકારના કાવ્યના વર્ગો સૂચવો અને તેનો એક એક નમૂનો આપો.

૨. 'ગૂજરાત મોરી મોરી રે!' માં ગૂજરાતનું જે ભૌગોલિક વર્ણન આવે છે તે તમારા શબ્દોમાં લખો.

૩. આ કવિતામાં આપવામાં આવેલી ગૂજરાતની નદીઓ ઉપરાંત ગૂજરાતની બીજી કઈ નદીઓ તમને નોંધવા યોગ્ય લાગે છે?

૪. વિદેહ અને જીવન્ત મહાન ગૂજરાતી સ્ત્રીપુરુષોની તમારાથી બની શકે તેટલી મોટી એક યાદી કરો.

૫. આ કવિતાને કંઠાગ્રે કરો.



૨

પંખીઓની મહાસભા

['મહાસભા' શબ્દ અનેક પ્રસંગે અને અનેક અર્થમાં તમે સાંભળ્યો હશે. આજનો જમાનો 'સભા' 'મહાસભા' 'ધારાસભા' વગેરે 'સભા'ઓનો જમાનો છે. એને અંગે 'ચૂંટણી', 'મત', 'દરખાસ્ત', 'ટેકો', 'પ્રમુખ', 'મંત્રી' આદિ અનેક એવા શબ્દો રોજ આપણા કાન પર અથડાય છે. તેથી એ બધાનો સરસ રીતે પરિચય થાય એ હેતુથી સ્વ. શ્રી ગિજુભાઈ (ગિરિજાશંકર ભગવાનજી બધેકા) એ પક્ષીઓની એક મહાસભાની રમૂજી કલ્પના કરી છે. એ કલ્પના આ પાઠમાં તમે જોઈ શકશો, અને સાથે સાથે જુદા જુદા પંખીઓની ખાસિયત પણ જાણી શકશો. આ લેખમાં જેમ મહાસભાના સ્વરૂપનો ખ્યાલ આવે છે, અને એ રીતે નવું જ્ઞાન મળે છે તેમ સાથે મીઠો મર્મ પણ છે. આ ઉપરથી તમે બીજી અનેક કાલ્પનિક મહાસભાઓના હેવાલ યોજી શકશો: જેમકે, દેવોની મહાસભા, ગધેડાંની મહાસભા, પશુઓની મહાસભા, ફૂલોની મહાસભા, ફળોની મહાસભા વગેરે].

*   *   *

પંખીઓ કહે: "માણસો તો મહાસભા ભરે જ છે; પણ ગયા માસમાં પશુઓએ પણ મહાસભા ભરી! ત્યારે આપણે પણ શા માટે મહાસભા ન ભરવી ? શું આપણે પણ અનેક પ્રશ્નો ચર્ચવાના નથી ?

"માણસો આપણને અનેક રીતે દુઃખ દે છે: આપણાં ઇંડાં ખાઈ જાય છે, આપણાં પીંછા માટે આપણને મારી નાખે છે, મોટી મોટી



પંખીઓની મહાસભા

મિજલસોમાં આખાં ને આખાં આપણને ઉકાળે છે કે તળે છે, ને પોતાના શૉખને માટે જિંદગીભર પાંજરામાં પૂરી રાખે છે: તો શું આ બધી ક્રૂરતા સામે આપણે પોકાર ન કરવો જોઈએ? ઠરાવો કરી તેમની ઉપર મોકલતાં આપણને શું ન આવડે? શું આપણે મનુષ્યની જોહુકમી સામે લડત ન લડી શકીએ?"

મહાસભાની ઉત્સાહભેર તૈયારીઓ થવા લાગી. પંચવટીનું મોટું જંગલ મહાસભાના મંડપ તરીકે પસંદ કર્યું. ગોદાવરીકાંઠાનાં વનવૃક્ષોની ઘટાઓ મહેમાનોના ઉતારા માટે નક્કી કરી. જંગલે જંગલે ને ઝાડે ઝાડે મહાસભાની પત્રિકાઓ વહેંચાઈ ગઈ. પરદેશના પ્રતિનિધિઓને પણ આમંત્રણ મોકલાયાં.

ચકલાં અને કાબરો સ્વયંસેવક તરીકે તનતોડ મહેનત કરી રહ્યાં હતાં. કબૂતરો અને હોલાંઓને મહેમાનોને ઉતારે મૂક્યાં હતાં. કોયલને સંગીતકાર્યમાં યોજી હતી. તૈયારી સુંદર થઈ હતી.

મહેમાનો આવી ગયાં.

દેશપરદેશનાં મહેમાનો હતાં. કાશ્મિરનો શ્યામો હતો; પંજાબનો સક્કરખોરો હતો; બંગાળનો બાજ હતો; ગૂજરાતની ચકલી હતી; વિલાયતથી મેગળી અને રોબિન પણ આવ્યાં હતાં; સંખ્યા સારી હતી.

કામકાજનો સમય સવારમાં સાતથી નવ, અને સાંજે ચારથી સાતનો હતો.

કાર્યક્રમ અગાઉથી જાહેર કરવામાં આવ્યો હતો.

સવાર પડ્યું. કૂકડાઓને મહેમાનોને જગાડવા રાખ્યા હતા. 'કૂકડે કૂ કૂકડે કૂ' ચારે કોર થઈ રહ્યું. મહેમાનો જાગી ઊઠ્યાં.

ગોદાવરીનાં નિર્મળ જળમાં સ્નાન કરી, પવિત્ર બની, પક્ષીગણે પ્રભાતનું ગાન ગાવા માંડ્યું. જંગલ આખું ગાજી ઊઠ્યું.

ઝાડ અને ટેકરાઓ પાછળથી સૂર્યનારાયણ દેખાયા. પક્ષીગણ દેવનાં દર્શન કરી મહાસભાના સ્થાનમાં આવ્યાં. મેદની પૂર ઠાઠમાં જામી હતી. મંડપ ચિકાર ભર્યો હતો. શાન્તિ અને વ્યવસ્થા વખાણવા જેવી હતી.

પ્રમુખની દરખાસ્ત મૂકતાં કાકાકૌઆએ ગંભીર વાણીથી કહ્યું:

"એકત્ર થયેલાં પક્ષીબંધુઓ અને પક્ષીભગિનીઓ! હું પ્રમુખશ્રીની દરખાસ્ત મૂકવા ઊભો થયો છું. પ્રમુખ માટે મને સૌથી યોગ્ય ગરુડરાજ લાગે છે. આપનામાં કોઈ એનાથી અજાણ નથી. હિંદની તવારીખમાં અતિ પ્રાચીન કાળથી એમના વડવાઓનું નામ મશહૂર છે. એને જ એકને વિષ્ણુભગવાનના વાહન થવાનું માન મળેલું છે. આપણે માટે એ અભિમાનભરેલું છે. તેમણે ઊંચી પર્વતની ટોચેથી અહીં પધારી આપણી શોભામાં જે વધારો કર્યો છે તે માટે ખરેખર તેમનો ઉપકાર માનવો ઘટે છે!"

લાલ લોહી જેવી લટકતી ઝાલર હલાવતી ટરકીએ ઊભા થઈ કહ્યું: "હું ભાઈ કાકાકૌઆના મતને ટેકો આપું છું."

'કૂકૂ' ને 'કોકો' ને 'કુરુક કુરુક' ને 'ટાઉ ટાઉ'ના અવાજ સાથે દરખાસ્ત મંજૂર થઈ.

ચટકછટક ચાલતો લીલો પોપટ ઊભો થયો. કાળા કાંઠલાવાળી ગરદન હલાવી, તેણે ઉપપ્રમુખની દરખાસ્ત મૂકતાં કહ્યું:

"સભામાં પધારેલાં ભાઇઓ અને બહેનો! મને ઉપપ્રમુખની દરખાસ્ત મૂકવાની આપે જે તક આપી તે માટે હું આપનો ઉપકાર માનું છું. થોડા જ શબ્દોમાં હું આપને એનો પરિચય કરાવીશ.

"શાહમૃગનું અસલ ઘર આફ્રિકા છે. એનું ઉમદા રૂપ જોઈ તમે ખરેખર ખુશી થયાં જ હશો. એનાં પીંછાં એટલાં બધાં સુન્દર છે કે વિલાયતના રાજાઓ સુદ્ધાં તેને પોતાની ટોપીમાં ખોસે છે. એનાં ઇંડાં પવિત્ર ગણાય છે. મુસલમાનો તેને પીરની જગામાં ટાંગે છે. એક એક ઇંડું મોટા ચીભડા જેવડું થાય છે! એના લાંબા ગળામાંથી ગમે તે ચીજ ઝટ દઇને પસાર થઈ જાય છે. એકવાર એઓ સાહેબ સીસાની ગોળી પણ ગળે ઉતારી ગયા હતા! સાહેબ દોડવામાં ઘણા હોશિયાર ગણાય છે. ખરેખર, ઉપપ્રમુખ થવાને એઓ લાયક છે."

શાહમૃગ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા; ને સભાનું કામકાજ ચાલ્યું.

પ્રથમ ગીધે પહોળી પાંખો કરી, નીચી મૂંડી રાખી, પોતાની સેવાના બે બોલ રજૂ કર્યા:

"સાહેબો, અમે ઘણા વખતથી માણસજાતનો ત્યાગ કર્યો છે, તેથી અમે વસતિથી દૂર ઊંચે તાડ અથવા ટેકરાઓ ઉપર રહીએ છીએ. કોઈ ઢોર કે જનાવરનું મુડદું કોહી જતું પડ્યાનું અમારી જાણમાં આવતાં, અમે અમારી ગંભીર ફરજ અદા કરવા ઉપડીએ છીએ. એવી સડતી ચીજોનો નાશ કરવો એ અમારું કામ છે. અમારાં કામમાં હર-હંમેશ મદદ કરનારાં બહેનો સમડીઓ તથા બંધુ કાગડાઓના અમે ઋણી છીએ."

સૌએ અવાજના ગડગડાટ સાથે ગીધકોમની જંગલ-સુધરાઈની સેવા માટે તારીફ કરી.

પછી બગલાભાઈ ઊઠ્યા ને બોલ્યા: "આપણી મંડળીમાં સુધરાઈ ખાતાના ઉપરી તો છે, પણ દરિયાઈ ખાતાનો કોઈ ઉપરી નથી. બગલાં, સારસ, જળકૂકડી, બતક વગેરેનાં દરિયાઇ લશ્કરના એક મોટા ને બાહોશ અમલદાર તરીકે હું હંસનું નામ સૂચવું છું. હંસ બધી રીતે લાયક છે."

હંસે આભારસહિત આ દરખાસ્તનો સ્વીકાર કર્યો.

કોમળ કંઠે કોયલબાઇએ દરખાસ્ત મૂકી: "ખરેખર, આપણને એક બાહોશ નિશાનબાજની જરૂર છે. હું ધારું છું કે બાજ એ કામને માટે પૂરેપૂરો લાયક છે."

ત્યાં તો કાગડો અને સમડી પણ ઉમેદવારો તરીકે બહાર પડ્યાં.

મત લેવાયા. વધુમતે બાજ નિશાનબાજ તરીકે ચૂંટાયો.

કબૂતરે બાજનાં વખાણ કરી કહ્યું: "બાજની પસંદગી બરાબર થઈ છે. એ ખરેખરા નિશાનબાજ છે માટે જ શિકારી લોકો તેને પાળી, તેની પાસે બીજાં પક્ષીઓનો શિકાર કરાવે છે. અમોને ખાતરી છે કે હવેથી તેઓ અમારા જેવા ગરીબ ભાઇઓને શિકારીઓથી બચાવશે."

'ચીં ચીં' 'ટૂ ટૂ' ને 'કુઊ કુઊ'ના પોકાર સાથે કબૂતરનું ભાષણ સૌએ સ્વીકાર્યું.

કાગડાઓના ટોળામાંથી એક મોટો કાગડો ભાષણ કરવા ઊભો થયો : "મારે જણાવવું જોઇએ કે હું મારી કાળાં પીંછાવાળી કોમના પ્રતિનિધિ તરીકે ભાષણ કરવા ઊભો થયો છું. અમારી કોમે શહેર-સુધરાઈનું કેવું સુંદર કામ કર્યું છે તેનું મોહક વર્ણન કરવા મારું મન તલપી રહ્યું છે. અમારી આખી કોમે, પેલી માણસજાતની ગંદકી અને એઠવાડ દૂર કરવા જે મહેનત ઉઠાવી છે, તેવી મહેનત દુનિયાના કોઈપણ સુધરાઈ ખાતાએ નહિ ઉઠાવી હોય. જો અમારું કામ એક જ દિવસ બંધ રાખીએ તો માનવજાત માંદી પડી મરી જાય; આખા દેશમાં ભારેમાં ભારે રોગો થાય; ને ચારેકોર દુઃખદુઃખ થઇ પડે.

"અમારી કોમના નારીમંડળ તરફથી એક બીજી વાત રજૂ કરું છું. પણે બેઠેલી પેલી કોયલબાનુઓ અમારી ઓરતોને સતાવે છે. તેઓ ગૃહપ્રવેશ કરી, પોતાનાં ઇંડાં અમારાં ઈંડા ભેગાં મૂકી, નાસી જાય છે. અમારી ભોળી કાગડીબાઇઓ એ લુચ્ચીઓનાં ઇંડાં સેવીને હેરાન થાય છે. આ બાબતમાં કોઇ ઠરાવ થવાની ખાસ જરૂર છે."

સૌએ કાગડાની દરખાસ્ત ઉપર પાછળથી ગંભીર વિચાર ચલાવવાનું ઠરાવી, આગળ ચલાવ્યું.

એક પગ ઉપર ઊભા રહીને બીજો પગ પેટમાં દાબી, ઊંચી ચાંચે ગગન તરફ જોઇ, પ્રભુનું ભજન કરવાની બગલો દરખાસ્ત લાવ્યો :

"ભાઈઓ, જુઓ મારું રૂપ કેવું સુંદર છે! એનું કારણ કે હું માત્ર પાણી ઉપર રહીને એક પગે ઊભો રહી ભગવાનનું ભજન કરું છું!"

કાગડો ચિડાયો અને લડી પડ્યો :

"અરે બગલાભાઇ, રાખો રાખો. તમે તો બગભગત ને જગઠગ-ભગત! તું તો 'મુખમેં રામ ને બગલમેં છૂરી' એવું કરે છે. જા, જા, તારી તે ભક્તિ શેની? લુચ્ચા! ઠગારા!"

હો હો થઇ રહ્યું. પ્રમુખે સીટી કરી શાંતિ પાથરી.

કાબરે પક્ષીની જાતમાં પ્રેમનો આદર્શ ફેલાય એટલા માટે કબૂતર

અને સારસની વાતો કરી. સૌ પંખીઓએ એમનાં જેવા પ્રેમી થવું એવી દરખાસ્ત મૂકતાં તે બોલી:

"ખરેખર, કબૂતર જેવું નિર્દોષ પ્રાણી બીજું કોઇ નથી. પવિત્ર પ્યાર માટે આ પંખી જગમશહૂર છે. સારસપંખીનો પ્રેમ તો કબૂતરથી યે ચડે! સારસસારસી જરા પણ છૂટાં રહી શકતાં નથી; તેઓ બધો વખત સાથે જ રહે છે; એવો એનો પ્રેમ છે. કોઇ પારધી એકને મારી નાખે છે તો બીજું ઝૂરીઝૂરીને મરે છે. આવો પ્રેમ તો અક્કલવાળાં માણસોમાં પણ જોવા નથી મળતો! હું પક્ષીઓના જીવનમાં આવા પ્રેમની હિમાયત કરું છું."

બધાં પક્ષીઓએ કાબરબાઈને હર્ષથી વધાવી લીધાં.

ત્યાર પછી તેતર, હોલાં, કબૂતરો વગેરેની ફરિયાદો નોંધાઈ. માણસજાત તેમનાં ઇંડાં ખાઈ જાય છે તે માટે સૌએ 'શરમ'ના ઠરાવો કર્યા.

વનવાગોળ થોડા વખત પહેલાં પશુઓની સભામાં ગઈ હતી; તેથી તેને સજા ફરમાવી કે તેણે હંમેશાં ઊંધે માથે લટકવું ને દિવસે કોઈ પક્ષીને મોં બતાવવું નહિ.

છેવટના ઠરાવમાં ઘુવડને રાતનો ચોકીદાર નીમી, સભા બરખાસ્ત કરી. એ પછી રમતગમતનો કાર્યક્રમ હતો.

ડૂબકી મારવાની રમતમાં બતક પહેલી આવી. નિશાન મારવામાં બાજ, ચતુરાઇમાં કાગડો, દોડવામાં શાહમૃગ, ને કૂદવામાં રોબીન આગળ આવ્યાં. છટાદાર ભાષણો માટે પોપટ, કાકાકૌઆ અને કસુકુ ખૂબ વખણાયા.

સૌને યોગ્યતા પ્રમાણે ઇનામ મળ્યાં.

પછી ગાનતાનનો જલસો ચાલ્યો. મધુર કંઠે કોયલબાઇએ ગાન ગાયાં. કળા કરી મોરભાઇ નાચ્યા. બૂલબૂલે નવી નવી ચીજો સંભળાવી. મેનાએ પણ સૌનાં મન રંજન કર્યાં.

સૌ ખુશી થયાં.

મહાસભાનું કામ પૂરું થયું.

– સ્વાધ્યાય –

૧. મહાસભા એટલે શું? આપણા દેશમાં કઈ કઈ મહાસભાઓ છે? તે સહુનો ટૂંકો પરિચય આપો.

૨. પંખીઓએ શા હેતુથી મહાસભા ભરી? માણસજાત માટે તેમણે કેવા અભિપ્રાય વ્યક્ત કર્યા?

૩. મહાસભાની બેઠક મેળવવા માટે પંખીઓએ શી શી તૈયારીઓ કરી?

૪. પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીની દરખાસ્ત મૂકનારના ભાષણોનો સાર તમારી ભાષામાં આપો.

૫. દરખાસ્ત કે ઠરાવ મંજૂર રાખતાં પંખીઓ માણસોની જેમ ઊંચા હાથ કરી મતગણતરી કરતાં હતાં?

૬. ગીધ અને કાગડા માણસજાતની સેવા કેવી રીતે કરે છે?

૭. કાગડાઓ તરફથી કોયલ સામે શી ફરિયાદ રજૂ થઈ હતી? એ ફરિયાદમાં રહેલું સત્ય સાબિત કરો.

૮. 'મુખમેં રામ અને બગલમેં છૂરી' આ કહેવતમાં રહેલા ભાવ વ્યક્ત કરતી કોઈ એક વાર્તા બનાવી લખો.

૯. કબૂતર અને સારસ પક્ષીના આદર્શ પ્રેમ વિશે ટૂંકી નોંધ લખો. એવો પ્રેમ માનવસંબંધોમાં તમને જોવા મળે છે ખરો?

૧૦ રમતગમતના કાર્યક્રમમાં કયાં કયાં પંખીઓ કઈ કઈ રમતોમાં આગળ આવ્યાં?


૧૧. સંગીત, કળા અને સભારંજન માટે કયાં કયાં પંખીઓ મશહૂર છે? કારણો આપી જણાવો.

૧૨. આ પાઠ વાંચી, સંભવ છે કે, તમને વિદ્યાર્થીઓની મહાસભા ભરવાનું મન થયું હશે. તો વિદ્યાર્થીઓની મહાસભા ભરી તમે શું શું કરવા ઇચ્છો તે સવિસ્તર લખો.

૧૩. સભા ભરવી હોય તો શું શું કરવું જોઇએ તેનો પૂરેપૂરો વિધિ વર્ણવો.


૧૪. સભા સમક્ષ ઠરાવ મુકાય અને પસાર થાય ત્યાં સુધી તેને કેટલા વિધિમાંથી પસાર થવું પડે તે જણાવો.

૧૫. પૃષ્ઠ છઠ્ઠા ઉપરના ચિત્રમાં જે જે પંખીઓ છે તે સહુની ઓળખાણ આપો.



૩

પાનખર અને વસંત



[વર્ષમાં કોઈ સમયનો તમને ખ્યાલ છે જ્યારે આપણી ભરી ભરી વાડીઓ બધી કરમાઈ ગઈ હોય અને તેનાં ઝાડો પાંદડાં વિનાનાં ઠૂંઠા જેવાં બની ગયાં હોય ? એમ શાથી બનતું હશે ? એ બધી કરમાઈ ગયેલી વાડીઓ પાછી થોડા વખતમાં નવપલ્લવિત બની રહે છે તે તમે અનુભવ્યું છે ? તે શાથી થતું હશે ? તમને જો એની ખબર ન હોય તો તમારા ભૂગોળના શિક્ષક તમને તે સમજાવશે; પણ શ્રી રામપ્રસાદ શુકલ નામના આપણા એક કવિએ એ પ્રશ્નોનો આ 'પાનખર અને વસંત'-માં જુદી જ દૃષ્ટિએ ઉત્તર આપ્યો છે. એમણે એમ કલ્પના કરી છે કે ઉત્તરના હિમાલયના બરફમાં રહેતા વાયરાને દરિયાનું દર્શન કરવાની ઇચ્છા થઈ, અને ત્યાંથી દરિયા તરફ સહેલ કરવા તે નીકળી પડ્યા. આવા મઝાના મહેમાનની સાથે વનનાં પાંદડાં અને ફૂલો પણ સહેલ કરવા ઊપડ્યાં. અને પછી ? એ તો હવે તમારે જાતે જ આ કવિતા-માંથી શોધી કાઢવું જોઇએ. શ્રી શુકલે ઘણાં કાવ્યો અને લેખો લખ્યાં છે. તે બધાં પુસ્તકાકારે થોડા વખતમાં બહાર પડનાર છે.]

ઓતરા તે ખંડના હેમાળા વાયરે
દરિયાને જોવાનાં મનડાં કીધાં,
ડમરીની ધૂળનાં છત્તર મઢાવી
વંટોળી ઘોડલા સાથે લીધા.

મારગડે દેખીને ડુંગરનાં રૂખડાં
પોરો ખાવાને એ થંભી ગયા,
સ્હેલાણી કરવાને વનવનનાં પાંદડાં
મોંઘા મહેમાનના ઘોડે ચડ્યાં.

તોફાની ઘોડિલા લઈને વનબાળકાં
ધરતી ને આભ બે ય ખૂંદી રહ્યાં,
ઝગમગતી છીપુંનાં મોતીડે રમવાને
દખ્ખણના દરિયામાં કૂદી પડ્યાં.

દરિયાના દેવનાં દરશન કરીને
અમૃતના કુંભ લઈ પાછા વળ્યા,
સ્વચ્છંદી ખેલનાં છોડી તોફાન ને
હળવેથી વાયરા પંથે પળ્યા.

મારગડે અમૃતના વેરીને કુંભને
સૂકેલાં ઝાડપાન તાજાં કર્યાં,
પચરંગી ફૂલડાંની મીઠેરી મ્હેકથી
વગડા ને સીમમાં ચેતન ભર્યાં.

ધરતીના દેહને શણગારી વાયરા
બંધવ ને બહેનીને આવી મળ્યા,
ઝીલંતા વારણાં સ્નેહીના સાથમાં
શંભુના ચરણોમાં જઈને ઢળ્યા.


– સ્વાધ્યાય –

૧. 'ઓતરા ખંડના વાયરા'ની સફર સવિસ્તર વર્ણાવો.

૨. 'ઓતરા ખંડના વાયરા' સફરે નીકળ્યા તે વખતે તેમનું વર્તન કેવું હતું અને સફર કરી પાછા વળ્યા ત્યારે કેવું હતું તે જણાવો. એ બે વખતનાં વર્તનમાં તમને કંઈ ભેદ લાગે છે? શાથી?


૩. પાનખર અને વસન્તને લગતાં બીજાં ગીતોનો સંગ્રહ કરો.

૪. વર્ષની ઋતુઓનાં નામ લખો, અને તે દરેક ઋતુને લગતાં કાવ્યો બને તેટલાં ભેગાં કરી તેનો તમારો પોતાનો સંગ્રહ બનાવો.



४

ઘોડી



[શ્રી જ્યોતીન્દ્ર દવે હાસ્યરસના લેખક તરીકે જાણીતા છે. તેમનામાં હસાવવાની શક્તિ ઘણી મોટી છે. ' ગુપ્તાની નોંધપોથી, ' ' રંગતરંગ, ' ' અમે બધાં ' વગેરે તેમનાં પુસ્તકો હાસ્યરસથી ભરપૂર છે. ઘોડી વાંચતાં તમને તેમની હસાવવાની શક્તિની કલ્પના સહેજે આવશે.]

"અરે! સાંભળો છો કે ?"

"આમ જઈ આવ્યા, તેમ રખડી આવ્યા ને ઘરમાં આવ્યા કે પાછું ચાલ્યું તમારું 'અરે! સાંભળો છો કે ?'"

"વારુ, ત્યારે ન સાંભળવું હોય તો–"

"કોણે કહ્યું મારે નથી સાંભળવું ?"

"સાંભળ ત્યારે."

"જોતા નથી ક્યારની સાંભળ્યા જ કરું છું તે ?"

"આજે હું બજારમાં ગયો હતો–"

"તેમાં મારે શું ? ને બજાર કયે દિવસે તમે નથી જતા ?"

"પણ સાંભળ તો ખરી."

"ત્યારે હું બીજું કરું છું શું ?"

"જો ત્યારે–"

"'જો' સાંભળ' 'એવું એવું બોલ્યા વગર સીધું હોય તે ઝટ કહી નાખોની ? તમારા મરદથી સીધી વાત જ નહિ થાય !"

"ને બૈરાંઓ તો બધું સીધેસીધું કહી નાખતાં હશે, કેમ ?"

"ખબરદાર જો બૈરાંનું નામ દીધું છે તો ?"

"બૈરાંનું નામ મેં ક્યાં દીધું છે ? મેં તો માત્ર કહ્યું—"

"નામ નહિ ને નામનો બાપ ! તમે કહ્યું તે મેં સાંભળ્યું છે. ખાલી માથાકૂટ મૂકો ને જે કહેવું હોય તે કહી દો કે બીજું કંઈ કામ કરવું સૂઝે."

"હું એમ કહું છું કે આજે બજારમાં ગયો હતો–"

"તે તો તમે એકવાર કહ્યું, પણ બજારનું થયું શું તે કહોની ? કૂકાઈ તો નથી ગયું કેની ?"

"તારે ન સાંભળવું હોય—"

"પાછું બોલ્યા, 'તારે ન સાંભળવું હોય !'"

"ત્યારે જો—"

"જો પાછું તમે 'જો' ને 'સાંભળ' કરવા માંડ્યું!"

'પણ—"

"એમાં 'પણ' શું?"

"હું એમ કહું છું—"

"તે તો તમે કહેશો એટલે જાણીશ. શું છે તે કહી નાખોની!"

"બજારમાંથી આજે એક ખરીદી કરી લાવ્યો છું."

"નહિતો શું બજારમાં તમે વેચવા બેસો છો?"

"પણ શેની ખરીદી તે તું જાણે છે?"

"તમે બજારમાં જઈને ખરીદીઓ કર્યા કરો ને મને અહીંયાં બધી વસ્તુની ખબર પડે! તમે ખરીદીઓ કરો એટલે ઘરમાં ઘંટ નથી વાગતા કે હું જાણું કે ભાઈસાહેબે કંઈ ખરીદ કર્યું!"

"એક ઘોડી—"

"ઘોડી! ઘોડી! ઘોડી લઈ આવ્યા તમે! એમ! શા ઉપર ઘોડી લઈ આવ્યા?"

"એ ઘોડી તો..."

"એ ઘોડી તો શું? બહુ સારી છે? પાણીદાર છે? સોંઘી છે? હશે, પણ તેમાં આપણે શું? ઘરમાં હાંલ્લેહાંલ્લાં કુસ્તી કરે છે; બે મહિના થયાં મારે એક સાડીએ ચલાવવું પડે છે; ને તમને ઘોડી વસાવવાના શૉખ થાય છે?"

"પણ—"

"'પણ' 'પણ' શું કરો છો? ઘોડી લઈ આવ્યા એટલે હવે એકકો પણ લાવવાના જ હશો તો."

"ના. એકકો શાનો—"

"ત્યારે ઘોડી પર બેસીને સવારી કરવાના છો? ને તમને એવું કેટલુંક ભટકવું પડે છે કે ઘોડી લઈ આવ્યા? છોકરાઓના હાલ તો જુઓ. દિલપર પૂરાં કપડાં નથી, રમવાને રમકડાં નથી, ભણવાને ચોપડી નથી, નિશાળમાં ફી આપવાના પણ પૈસા નથી."

"છે તે—"

"અરે 'છે' ને 'તે'!"

"પણ મારું કહેવું તો—"

"તમારું કહેવું સાંભળ્યું. હવે તમારું કહેવાનું જ સાંભળ્યા કરવાનું છે ને? બીજું આ ભવમાં મારે છે પણ શું?"

"ઘરમાં સમારકામ ચાલે છે કેની, તેમાં—"

"તે? તેમાં શું? સમારકામમાં ઘોડીનું શું કામ? શું ભીંતમાં ઘોડીને ચણી લેવાની છે કે રંદાથી એને સાફ કરીને એનું કબાટ બનાવવાનું છે—"

"જરૂર વગર તે—"

"જરૂર? શેની? ઘોડીની? શું ઘોડી પર બેસીને ચૂનો ઢોળવાનો છે?–હાં, સમજી. તમારે ફેરાઆંટા ખાવા પડે કેની તેમાં ઘોડી લઈ આવ્યા! એટલું કામ કરતાં થાક લાગતો હોય તો લખેશરીને ત્યાં અવતાર લેવો હતો કેની કે ત્યાં ઘોડી ને ગાડીમાં જ ફર્યા કરવાનું મળત!"

"સાંભળ તો ખરી—"

"શું સાંભળવું? કપાળ મારા બાપનું? તમને એકવાર કહી દઉં છું કે મારા ઘરમાં ઘોડી નહિ જોઈએ. ઘોડી તે કાંઈ વસાવવા લાયક જાનવર છે? પીળા પીળા ગંદા દાંત ને પાછળ લાંબી સૂગ ચઢે એવી પૂંછડી! ને તોબરો ભરીને ચણા ખાય! આખો દાડો પગ ઠોકયા કરે ને દમ ઊઠ્યો હોય તેમ ખોંખાર્યા કરે."

"મારી એક વાત—"

"એક પણ નહિ, ને અડધી પણ નહિ. તમને અહીં મારા આગળ ઊભા રહેતાં શરમ નથી આવતી!—જાઓ છો? કયાં ચાલ્યા? જાઓ, જાઓ. પાછા કાંઈ ઘોડી, ગધેડી, કૂતરી, બિલાડી, ઊંદરડી વસાવી લાવો!—એમ! ચાલ્યા જાઓ છો? કંઈ નહિ, હું કંઈ તમારી

ઓશિયાળી નથી, સમજ્યા? પાછા આવશો ત્યારે ઊનીઊની રસોઈ મળશે એમ ખાંડ ન ખાતા—"

* * *

"જો આ ઘોડી—આ મજૂરે ઊંચકી છે તે."

"આ! આ ઘોડી! આ તો લાકડાની! મને જાણી જોઈને કહ્યું નહિ ને મારો જીવ ઉકળાવ્યો તેમાં તમારા હાથમાં શું આવ્યું? ઓ મારી મા...!"


– સ્વાધ્યાય –

૧. આ પાઠમાં તમને શું ગમ્યું તે ટૂંકમાં લખો.

૨. આ પાઠમાં જે પત્ની મોટો ભાગ ભજવે છે તેનો સ્વભાવ તમને કેવો લાગ્યો? એવી કોઈ સ્ત્રી તમે જોઈ છે? જો જોઈ હોય તો તેનો એકાદ રમૂજી પ્રસંગ લખો.


૩. આ પાઠમાં પત્નીએ ઘોડીનું જે ચિત્ર દોર્યું છે તે તમને સાચું લાગે છે? તમે ઘોડીને કેવું પ્રાણી લેખો છો તે ટૂંકમાં લખો.

૪. "હાંલ્લેહાંલ્લાં કુસ્તી કરે" એટલે શું? એ શબ્દો વાપરી એક નવું વાક્ય બનાવો.



૫

કલ્યાણ



[ગામ ઉપર કે દેશ ઉપર જ્યારે આફત આવી પડે, જ્યારે કોઈ બહારના લોકો ચઢી આવે ત્યારે તે આફત સામે ઝઝૂમવામાં સાચો ધર્મ રહેલો છે એવું સર્વ કાળમાં અને સહુ દેશમાં મનાતું આવ્યું છે. હિન્દના લોકો રાણા પ્રતાપને પૂજે, ઇંગ્લાંડ નેલ્સનને પૂજે કે ફ્રાન્સ આર્કની કુમારી જોનને પૂજે તે સહુની પાછળ આ જ ભાવના છે. શ્રી. ચંદ્રવદન મહેતાએ એ જ ભાવના આ કથાકાવ્ય દ્વારા કવિતામાં મૂકી છે. પ્રતાપ, નેલ્સન આદિ તો મશહૂર યોદ્ધાઓ અને સેનાપતિઓ હતા, પણ દેશને માટે ભોગ આપનાર અદનામાં અદનો સિપાહી પણ એ સેનાપતિઓ જેટલો જ પૂજ્ય છે એવું આ કથાકાવ્યના નાયક 'કલ્યાણ'ને એક ગરીબ સિપાહી તરીકે ચીતરી શ્રી ચંદ્રવદને બતાવ્યું છે. સરળ ગદ્ય જેવાં સરળ પદ્યમાં લખાયેલી આ કવિતા તમે જેટલી વધુ વાર વાંચશો તેટલી તમને વધુ ને વધુ આનંદપ્રદ નીવડશે. આ આખું કાવ્ય પોતાની ઈલા નામની એક બહેનને તેનો ભાઈ 'કલ્યાણ-ચોતરો' બતાવી તેનો ઇતિહાસ કહેતો હોય એ રીતે લખાયું છે. યુદ્ધમાં કલ્યાણ વીરતાથી પડ્યો તેના સ્મારક તરીકે એ ચોતરો ચણાયો હતો એવો એનો ઇતિહાસ છે. 'ઈલાકાવ્યો' નામના શ્રી ચંદ્રવદનના કાવ્ય-સંગ્રહમાંથી આ કાવ્ય લીધું છે.]

– ઈન્દ્રવજ્રા –

ઇલા! સ્મરે છે અહીં એક વેળા,
આ ચોતરે આપણ બે રમેલાં
દાદાજી વાતો કરતા નિરાંતે,
વહેલા જમીને અહીં રોજ રાતે.

કૈં વર્ષ પહેલાં અહીં યુદ્ધ જામ્યાં,
ને વીર કૈં અક્ષય કીર્તિ પામ્યા;
આ ગામનો એક હીરો હણાયો,
કલ્યાણ-ચોરો અહીં આ ચણાયો.

કલ્યાણ નામે અહીંનો સિપાઇ,
જે યુદ્ધમાં એક ગયો હણાઇ;
કેવી હતી અંતર દેશદાઝ,
એનો કહું છું ઇતિહાસ આજ.

એ ટેક ને શૌર્ય તણો જમાનો,
સાંખી શકે વીર ન એક ટાણો;
ના યોગ કે કાળ કંઇ વિચારે,
ને પાર ધાર્યું મનનું ઉતારે.

ખૂણે ખૂણે યુદ્ધનિશાન વાગે,
કુટુમ્બનો એક સપૂત માગે;
ને એમ અર્પે સહુ સર્વ શક્તિ,
એવી હતી ઉત્તમ દેશભક્તિ.

કલ્યાણને કેવળ વૃદ્ધ માત,
હૈયે હતી એક વિયોગ વાત,
કલ્યાણ તો એકલ આશ જેની,
ચિન્તા ધરે એ દિનરાત તેની.

'બચ્ચા, ઊઠો!' એમ સિપાઇ–માતા
બોલી ય ડંકા રણના સુણાતાં;
'ને ભાઈ! યુદ્ધે મુજની તું ચિન્તા
સ્હેજે ન, તારે શિર છે નિયંતા.

'બેટા ઉમંગે રણમાં સિધાવો,
સિપાઇ–માતા–કુખ આ દિપાવો;
દાદા તણો યે રણમાંહી સાખો,
જીતી મરી વા કુળલાજ રાખો.

'તારા પિતાએ કંઈ યુદ્ધ ખેલ્યાં
ને હાય! એણે તહીં પ્રાણ મેલ્યા,
આશિષ દેતા તુજ તાત જો તો
તું તો હજી આંગણ ખેલતો'તો

'છે ફર્જ ભાઈ! કરવી અદા એ,
ને ધ્યાન માનું ધરજે સદા યે
જો સ્હાય માતા, દિન આજ સારો.
તો વાળ વાંકો ય ન થાય તારો.

'ને રંક માતા તુજ રંક વેશ,
તું રંક એથી નહિ રંક દેશ;
શું રંક એથી તુજ દેશ ભાવિ ?
શોભાવ બેટા! પળ ધન્ય આવી.

'સાચો સિપાઈ નહિ શક્તિ યોદ્ધો
જુએ ઘુમે એ થઇ વીર જોદ્ધો;
ને મર્દબચ્ચો, રણમાં ડગે ના,
પાછો હઠે કે ભયને ગણે ના.

'જ્યારે વળી યુદ્ધવિરામ થાશે,
ચૌટે છચોકે ગરબા ગવાશે;

એ હોંશ હૈયે ધરી હું ય જીવું,
આજીવિકા માટ જ વસ્ત્ર સીવું.

ને કીર્તિ તારી જગમાં ગવાશે,
એ કીર્તિપ્રેમી કંઈ વીર થાશે;
આદર્શ તારો વળી ભાવિ વાત,
એથી વધારે શી મને નિરાંત ?

'બેટા, ઊઠો ! દેશ સપૂત માગે,
ચૌટે બધે ચૌક નિશાન વાગે;
ના ધર્મમાં ઢીલ જરા કરાય,
શું દેશદ્રોહી મુજ પુત્ર થાય ?'

કલ્યાણ હૈયે હતી દેશદાઝ,
વહાલી હતી એ થકી કુળલાજ;
માતાં તણાં વેણ સુણી ઊઠ્યો એ,
ને કુળદેવી સ્મરીને નમ્યો એ;

'એ પુણ્યશાળી મુજ માતૃભોમ,
એ દાઝ જાગો મુજ રોમરોમ;
હા દેશ મારો, મુજ દેશભક્તિ
એ દેશ માટે મુજ સર્વ શક્તિ.'

કલ્યાણ માથે શિરપેચ બાંધે,
ને વૃદ્ધ માતા તલવાર બાંધે;
વેર્યા પછી ત્યાંહીં શકુન થાળ,
બાથે લપેટ્યો નિજ એક બાળ

ને ગ્રામનાકે તહીં પુત્ર માતા
આવી ઊભાં, જ્યાં જયગીત ગાતા
કૈં વીર જેનું રણશૂર ખૂન,
સ્વાતંત્ર્યની કેવળ એક ધૂન.

સૌ યુદ્ધ અંતે પુરપાટ હાંકે,
ને વૃદ્ધ માતા ગઇ ગામનાકે;
ત્યાં વૃદ્ધ માતા નિજ પુત્ર ધારી,
'કલ્યાણ! કલ્યાણ!' વદે બિચારી.

ને–ને અહો યુદ્ધ જીતી પધારે!
સૌ ગ્રામહૈયાં ઊભરાય ત્યારે;
એ હર્ષઘેલાં સહુ લોક દોડે
વહાલાં તણાં નામ જપાય મોઢે.

ત્યાં સૈન્યનો નાયક બોલ બોલ્યો,
'એણે જ પહેલો જયભેદ ખોલ્યો;
કલ્યાણ હીરો રણમાં હણાયો,
પહેલો ધર્યો એ જય તો ગણાયો.'

કલ્યાણ–માતા હતી હર્ષઘેલી,
એણે સૂણી'તી જયવાત પહેલી;
એ હર્ષ ને શોક અપાર ટાળ્યો,
કલ્યાણ પંથે નિજ પંથ વાળ્યો.

કલ્યાણ તો અક્ષય કીર્તિ પામ્યો,
ને આત્મ એનો સ્વરગે વિરામ્યો;
કલ્યાણ–ચોરો અહીં આ ચણાયો,
ને આત્મ એનો સહુમાં વણાયો.

આવે ફરી યુદ્ધપ્રસંગ જ્યારે,
સૌ વીર એની અહીં ભસ્મ ધારે;
ને ભસ્મ ધારી રણમાં પધારે,
કલ્યાણ–કીર્તિ હજી એ વધારે.

– સ્વાધ્યાય –

૧. આ કાવ્યનું કથાવસ્તુ ગદ્યમાં લખો.

૨. આ કાવ્યનાં બે મુખ્ય પાત્રો કલ્યાણ અને કલ્યાણની માતામાંથી તમને વધુ વન્દનીય કોણ અને શાથી લાગે છે?


૩. 'તું રંક છે, તારી મા રંક છે, તારો દેશ રંક છે તેથી શું તારા દેશનું ભાવિ રંક છે?' આ વાક્યનો અર્થ સમજાવો, અને એવા અર્થવાળા આ કાવ્યમાં જે પંક્તિઓ હોય તેનો ઉલ્લેખ કરો.

૪. સાચા સિપાહીને ઓદ્ધાની ભૂખ હોવી જોઇએ કે નહિ તે સંબંધી કલ્યાણની માતાનો અભિપ્રાય ટાંકો. તમારો પોતાનો અભિપ્રાય એ સંબંધમાં શું છે તે જણાવો.

૫. કલ્યાણની માતા કલ્યાણને રણમાં જવા કયા શબ્દોમાં પ્રેરણા આપે છે તે જણાવો.

૬. આવે ફરી યુદ્ધ પ્રસંગ જ્યારે,
સૌ વીર એની અહીં ભસ્મ ધારે;
ને ભસ્મ ધારી રણમાં પધારે,
કલ્યાણ–કીર્તિ હજી એ વધારે.

આ પંક્તિઓનો અર્થ સમજાવો.




૬

પહેલવાન ગામા

[જગતભરમાં જેના બળનો જોટો નથી એવો પુરુષ એક હિન્દી છે તે તમે જાણો છો ? જેમ જગતનો ઊંચામાં ઊંચો પર્વત હિન્દમાં છે, તેમ જગતનો બળવાનમાં બળવાન પુરુષ—મલ્લસમ્રાટ ગામા પણ હિન્દમાં જ છે એ વાત જાણતાં આપણને એ શક્તિશાળી પુરુષ માટે ગર્વ તો અવશ્ય થાય જ, પણ તે સાથે તેને વિશે જાણવાનું ઘણું ઘણું કુતૂહલ પણ થાય, તેથી ગામાના પોતાના જ શબ્દોમાં એની જીવનકથા અહીં 'કિશોર' માસિકમાંથી ઉતારી છે. ગામા કોઈ લેખક કે પંડિત નથી એથી તમને એમાં ભાષાની નવી નવી ખૂબીઓ જાણવાનું કદાચ નહિ મળે. પણ તેની સરળતા, ધ્યેયનિષ્ઠા, જબ્બરદસ્ત સંકલ્પશક્તિ તો અવશ્ય તમે એમાં જોઈ શકશો; તે ઉપરાંત વર્તમાનપત્રના પ્રતિનિધિઓને જાણીતા પુરુષો મુલાકાત કેવી રીતે આપતા હશે તેનો પણ તમને એ ઉપરથી ખ્યાલ આવશે.]

* * * *

'મારું નામ ગુલામમહમ્મદ છે. મને સૌ ગામા નામે જ ઓળખે છે. આજે મારી ઉમ્મર ચાળીસ વરસની છે. હું પતિયાળાના મહારાજાના આશ્રયમાં રહું છું. કોઈ પણ કુસ્તીની હરીફાઈમાં ઊતરવાનો વખત આવે ત્યારે મહારાજા મને રોજના ખોરાક ઉપરાંત રોજના સો રૂપિયા આપે છે. મહારાજાની મદદ ન મળી હોત તો હું મારી શક્તિ એક-સરખી ટકાવી રાખી શકત નહિ. હું જ્યારે હરીફાઈ માટે તૈયાર થાઉં છું, ત્યારે સાધારણ રીતે મારો ખોરાક આ પ્રમાણે હોય છે: મોતીની



પહેલવાન ગામા

ભસ્મ, સાત મરઘીનો સૂપ, પાશેર વાટેલી બદામ, પાંચ શેર દૂધ, અરધો શેર ઘી, એલચીનો અર્ક, લગભગ અઢી શેર લોટની રોટી, અને એટલું જ માંસ. પણ મારો હમેશનો ખોરાક આ પ્રમાણે હોય છે:

'અઢી શેર લોટની રોટી અને માંસ, લગભગ ત્રણ શેર દૂધ અને ઘી, પાશેર વાટેલી બદામ, એલચીનો અર્ક અને લગભગ એકાદ શેર લસ્સી (છાશ).

'મારું શરીર જોઇને ઘણાને લાગે છે કે હું દંડબેઠક સિવાય બીજી કોઈ કસરત કરતો હઇશ, પણ ખરી વાત તો એ છે કે હું દંડબેઠક સિવાય બીજી કોઈ કસરત કરતો નથી. હમણાં હું સવારે પાંચ હજાર બેઠક કરીને મારા શિષ્યો સાથે કુસ્તી કરું છું. સાંજના પંદરસો દંડ કરીને પછી લગભગ આઠ માઈલ દોડું છું. ઘણાને શરીર રગડાવવું અને માલિશ કરાવવું ગમે છે. પણ મને એ બિલકુલ પસંદ નથી. હું સામાન્ય રીતે કુસ્તી કરવા પહેલાં શરીરે તેલ માલિશ કરું છું. હું કદી માંદો પડ્યો નથી.

'દસ વરસનો હતો ત્યારથી હું કુસ્તી કરું છું અને એટલી નાની ઉમ્મરનો હતો ત્યારથી જગતમાં વિખ્યાત થવાની ઈચ્છા મારા મનમાં હમેશાં જાગ્રત હતી. તે ઉમ્મરે મારા બરોબરિયા અથવા મારા કરતાં ત્રણચાર વરસે મોટા કુસ્તી કરનારાઓને હરાવતાં મને કદી મહેનત પડી નહોતી.

'હિંદુસ્તાનના સર્વશ્રેષ્ઠ પહેલવાનનું નામ મેળવવા પહેલાં મારે કુસ્તીની સોળ હરીફાઈમાં જીત મેળવવી પડી હતી. મારા હરીફોમાં રહીમ સુલતાનીએ મને ખૂબ મહેનત આપી હતી. તેની સાથે મારે ચાર વખત લડવું પડ્યું હતું. ત્રણ વખત હું તેને નહોતો હરાવી શક્યો. અમે બંને સરખેસરખા ઊતર્યા હતા. મારી પહેલી કુસ્તી તીકમગઢ રાજ્યમાં ધક્કાસિંહ સાથે થઈ હતી. મેં તેને હરાવી દીધો હતો. ત્યાર પછી દાંતિયા શહેરમાં મહારાજા ભવાનીસિંહની સામે ગુલામ મોહિયુદ્દિનની સાથે મેં કુસ્તી કરી તેને હરાવ્યો. એ પછી ઇંદોરમાં કોલાપુરના

પ્રખ્યાત પહેલવાન અલીસાંઈને મેં હરાવ્યો : શિયાળકોટના માલીવાલા નામે એક વિખ્યાત પહેલવાનને મેં હરાવ્યો. આ પછી તરત જ મારે રહીમ સુલતાની સાથે ત્રણવાર લડવું પડ્યું હતું. રહીમ સાથેની હરીફાઈ પછી જલંદર શહેરના ચંદાસિંહે મને પડકાર્યો. મેં સહેલાઇથી તેને હરાવ્યો. લાહોરનો અજેય દદ પહેલવાન મારી સાથે લડવા તૈયાર થયો, એટલે મેં વિનયપૂર્વક તેને હરીફાઈમાં ઊતરવા કહેણ મોકલ્યું. તે હારી ગયો. એ પછી લાહોરમાં મુલતાનનો પહેલવાન હુસેનબક્ષ મારી સાથે લડવા આવ્યો. એને પણ હું ખૂબ સહેલાઈથી જીતી ગયો. મેં હુસેનને હરાવ્યો એટલે હાતનખાં મારી સાથે લડવા બખાળા નાખવા લાગ્યો, તે પણ મારી સાથે હારી ગયો.

'આ વખતે પતિયાળાના મહારાજાએ મને વિલાયત મોકલવાનો વિચાર કર્યો. પણ રહીમ સુલતાનીને હરાવ્યા વિના હું હિંદુસ્તાનનો સર્વશ્રેષ્ઠ મલ્લ શી રીતે ગણાઉં ? એટલે વિલાયત જવા પહેલાં અલાહાબાદમાં ફરી તેની સાથે કુસ્તી થઈ અને હું જીત્યો. હું હિંદુસ્તાનનો સર્વશ્રેષ્ઠ પહેલવાન ગણાયો. મારી જીતવાની કુશળતા જોઇને પંજાબના તે વખતના ગવર્નરે મને રૂપાની ગદા ભેટ આપી હતી.

'હું યુરોપ ગયો. પણ ત્યાંના કુસ્તી કરનારાઓ મારી સાથે હરીફાઇમાં ઊતરવા તૈયાર ન થયા. આથી મને સાચે ખૂબ દુઃખ થયું હતું. તે વખતે લંડનમાં કુસ્તીની એક હરીફાઇની ગોઠવણ થઈ રહી હતી. દુનિયાના બધા ભાગોમાંથી મલ્લો ભેગા થવા માંડ્યા હતા. એ પ્રદર્શનમાં ઇટલી, રશિયા, ઇંગ્લંડ, અમેરિકા, તુર્કસ્તાન અને ઠેઠ જાપાનના પહેલવાનો સામેલ થયા હતા. મેં આ પ્રદર્શનની તકનો લાભ લઈ બધા મલ્લોને લડાઇનું આહ્વાન આપ્યું. અને જે મને હરાવે તેને ૫૦૦ પાઉંડનું ઇનામ આપીશ એવું જાહેર કર્યું. પણ કમનસીબે બધા ય મલ્લોએ મને એક જ જવાબ આપ્યો, કે તું કાંઈ ચૅમ્પિયન થયેલો નથી એટલે અમે તારી સાથે નહિ લડીએ. તેઓમાંના કેટલાકે મને યુરોપના નાના નાના મલ્લો સાથે કુસ્તીની હરીફાઈમાં ઊતરવાની સૂચના કરી. આથી મને

પારાવાર દુઃખ થયું, પણ હું હતાશ ન થયો. મેં લંડન થિયેટરના મૅનેજર સાથે વાત કરી છાપામાં જાહેર કર્યું, કે કોઈ પણ મલ્લ મારી સાથે પાંચ મિનિટ કુસ્તી કરી શકશે અને હારી નહિ જશે તો હું તેને ૫૦૦ પાઉંડ ઇનામમાં આપીશ. આની અસર થઈ. અનેક આહ્વાન આવ્યાં. હું ગ્લાસગો, મૅન્ચેસ્ટર અને લીવરપુલ કુસ્તી કરવા ગયો. બધી ય જગ્યાએ મેં મારા હરીફોને બેત્રણ મિનિટમાં જ હરાવી દીધા, આને લીધે યુરોપમાં ખૂબ ચકચાર ચાલી.

'હું પાછો લંડન આવ્યો ત્યારે અમેરિકાના પ્રખ્યાત પહેલવાન ડૉ. રોલૅન્ડે મારી સાથે લડવાની ઇચ્છા બતાવી. તેમની સાથે મારે બે રાઉંડ (દાવ) લડવા પડ્યા હતા. કારણ વિલાયતનો નિયમ એવો છે કે બે વખત હરાવ્યા વિના જીતેલો ગણાય નહિ. મેં ડૉ. રોલૅન્ડને પહેલી વાર દસ મિનિટમાં અને બીજી વાર સાત મિનિટમાં હરાવ્યા. ડૉ. રોલૅન્ડ હારી ગયા એ વાત સાંભળીને દિગ્વિજયી ઝિબિસ્કોએ મારી સાથે હરીફાઈમાં ઊતરવાનું આહ્વાન આપ્યું. ઝિબિસ્કો સાથે મારી કુસ્તી થઈ. ત્રણ કલાક સુધી કુસ્તી ચાલ્યા છતાં કોઇ કોઇને હરાવી ન શક્યું. મેં કહ્યું, હું હજી હરીફાઈ ચાલુ રાખવા તૈયાર છું પણ ઝિબિસ્કો તૈયાર ન થયો. તે ખૂબ થાકી ગયો હતો, એટલે તેણે રાજીનામું આપ્યું. પ્રદર્શનના વ્યવસ્થાપકોએ મને જીતેલો જાહેર કર્યો. મેં દિગ્વિજયીને હરાવ્યો, એટલે મને દિગ્વિજયી નામ મળ્યું.

'આ પછી તરત જ ઇટલીનો અજેય પહેલવાન જોન લૅમ્બ મારી સાથે લડવા તૈયાર થયો. હું પોતે દિગ્વિજયી થયો હતો એટલે મેં તેને મારા ભાઈ ઈમામબક્ષ સાથે લડવા કહ્યું. તેણે તે કબૂલ કર્યું. ઈમામબક્ષે લૅમ્બને ખૂબ સહેલાઇથી હરાવી દીધો. ઈમામે લૅમ્બને હરાવ્યો ખરો, પણ એ પહેલવાનની શક્તિ અને કુશળતા જોઈ ને હું ખુશ થઈ ગયો. તેના જેવો શક્તિશાળી પહેલવાન મેં તો યુરોપમાં બીજો જોયો નથી.

'આ પછી મારે દેશ પાછા ફરવું પડ્યું. મારી કીર્તિ દુનિયામાં ચારેકોર પ્રસરી ગઈ. ઝિબિસ્કો ફરી મારી સાથે હરીફાઈમાં ઊતરવા તૈયાર થયો. તે હિંદુસ્તાન આવ્યો. આખા દેશમાંથી લોકોના ટોળેટોળાં અમારી

લડાઈ જોવા માટે પતિયાળા આવ્યાં. કુસ્તી થઈ પણ બધાય નિરાશ થયા—મેં ઝિબિસ્કોને ત્રણ જ સેકંડમાં હરાવી દીધો. પ્રેક્ષકો રૂપિયા ખર્ચીખર્ચી જોવા આવ્યા હતા. તેમણે ધાર્યું હતું કે જોવાની ખૂબ મઝા પડશે; પણ હું તેમને મઝા દેખાડી ન શકયો. આ મારા જીવનનો ટૂંક સાર.'

– સ્વાધ્યાય –

૧. પહેલવાન ગામાની આત્મકથા વાંચી જતાં તમને શા શા વિચારો આવ્યા ?

૨. પહેલવાન ગામાએ મલ્લ જેવું શરીર બનાવવા માટે શા યત્નો કર્યા હતા ?

૩. પહેલવાન ગામાના રોજના ખોરાકનું વર્ણન કરો. તમે એના જેટલો ખોરાક પચાવી શકો ખરા ? તે કારણ આપી સમજાવો.

૪. "દસ વરસનો હતો ત્યારથી હું કુસ્તી કરું છું. એટલી નાની ઉમરનો હતો ત્યારથી જ જગતમાં વિખ્યાત થવાની ઇચ્છા મારા મનમાં હમેશાં જાગ્રત હતી."—પહેલવાન ગામાએ આ ભાવના નાનપણ-થી જ ન રાખી હોત તો તે જગવિખ્યાત પહેલવાન બની શકયો હોત ખરો ? તમને કેવા બનવાની ભાવના છે તે જણાવી તેવા થવા માટે તમે શા શા પ્રયત્નો કરશો તે લખો.


૫. પહેલવાન ગામાની કીર્તિ દુનિયામાં કેવી રીતે પ્રસરી તેનો ટૂંક હેવાલ આપો.

૬. શરૂઆતમાં યુરોપમાં ગામા જોડે કોઈપણ મલ્લ કુસ્તી કરવા તૈયાર ન થયો તેનું શું કારણ હશે ? યૂરોપ અને બીજા ભાગના મલ્લો જોડે કુસ્તી કરવાના પ્રસંગો ગામાએ કેવી રીતે ઊભા કર્યા ?

૭. ગામા જેવા બીજા કોઈ હિન્દી પહેલવાન વિશે તમે જે કંઈ જાણતા હો તે લખો.

૮. ગામાની જેમ દેશપરદેશમાં હિન્દની કીર્તિ ઉજ્જવળ કરનાર મહાન હિન્દી સ્ત્રીપુરુષો, વિદ્વાનો, વેપારીઓ, વિજ્ઞાનશાસ્ત્રીઓ, ખેલાડીઓ, દેશભક્તો, સાધુ પુરુષો વગેરેની એક નામાવલી તૈયાર કરો.

૯. તમે પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયા છો, અથવા તો ક્રિકેટ મેચમાં અસાધારણ કુશળતા દાખવી છે, અથવા સાયકલ ઉપર દુનિયાની મુસાફરી કરી આવ્યા છો એવો કોઈ પ્રસંગ કલ્પી, વર્તમાનપત્રના પ્રતિનિધિઓ તમારી મુલાકાત લેવા આવ્યા છે એવી કલ્પના કરી, તેમને તમારાં પરાક્રમ કે સાહસનો હેવાલ આપતાં તમે શું કહેશો તે જણાવો.



૭

પાટણ

[પાટણ એક વખત ગૂજરાતનું પાટનગર હતું. તેની કીર્તિ ચારે બાજુએ ફેલાએલી હતી. તેનો વૈભવ અતુલ હતો. તેવા અતુલ વૈભવ-શાળી પાટણનું વર્ણન આપણા સમર્થ નવલકથાકાર શ્રી. કનૈયાલાલ મુનશીના 'ગૂજરાતના નાથ'માંથી ટૂંકાવીને અહીં ઉતાર્યું છે. તે પાટણનાં આજ તો માત્ર ખંડિયેર જ રહ્યાં છે. એ વેદનાભરી વાતનો ઉલ્લેખ પણ આ વર્ણનમાં છે. એ મશહૂર વૈભવવંતા નગરની પડતીની કથા કેટલી હૃદયભેદક છે તે આપણા એક મોટા કવિ સ્વ. નરસિંહરાવ દીવેટીઆએ પોતાના એક કાવ્યમાં ગાયું છે. તે કવિતા પણ આ પછીના પાઠમાં આપી છે. પાટણનાં આ ગદ્ય અને પદ્ય વર્ણનને સરખાવીને વાંચતાં તમને અવશ્ય આનંદ થશે.]

* * *

કાકની વિચારમાલા થોડી પલમાં તૂટી. એકદમ પૂર્વ દિશામાં ઉષાનું આગમન થયું: પૂર્વ દિશા લાલ રંગે રંગાઈ ગઈ. અંધકાર ઓગળી તેનો ધગધગતો રસ ચારેગમ પથરાઈ જવા લાગ્યો. કાકે ઊંચે જોયું, અને સામે નજર નાખતાં જાણે તેનો શ્વાસ રૂંધાઇ જતો હોય તેમ લાગ્યું.

તેણે સરસ્વતીનાં સપાટાબંધ વહેતાં લાલ થઈ રહેલાં પાણી જોયાં; પાટણની ખાઈઓ ખુલ્લી મૂકેલી હોવાથી તેનાં પાણી કોટની ત્રણ તરફ પ્રસરેલાં જોયાં; અને તપ્ત સુવર્ણની હોય એવી જલની મેખલામાં કોઇક અપ્સરાનો અમર દેહ ઓપે તેમ પાટણને ઓપતું જોયું. તેનો ચૉરસ કોટ ચોમેરથી જલતરંગે વીંટાયલો હતો. તેને મથાળે, અદ્ભુત

કોતરકામ કરેલા કાંગરા સફેદ સંગેમરમરના હતા. સામે ભીમનાથના ઓવારાનાં સો પહોળાં પગથિયાં જાણે સ્વર્ગે ચડવાની સીડી હોય, એવો ભાસ કરાવતાં. ઓવારાની બે બાજુએ આરસનાં બે નાનાં મન્દિરો અચેતન દ્વારપાલની ગરજ સારતાં. વચ્ચે મેડીવાળો મોટો દરવાજો નકશીથી અને નાનામોટા ઘુમ્મટે શણગાર્યો હતો. અંદરથી તાડનાં ઝાડની ઘટા, કોટના કાંગરા પર ઝાલર મૂકી હોય તેમ, સમીરની લહેરમાં નાચતી હતી. પાટણ પૃથ્વી ઉપર ઈન્દ્રપુરી ઉતારી હોય એવું લાગતું હતું. પણ જાણે એટલાંથી તેની મહત્ત્વાકાંક્ષા વિરમી ન હોય એમ વિશ્વકર્માની કળાને વિસરાવે એવાં સુન્દર, જુદા જુદા રંગના સેંકડો મન્દિર-શિખરો, કોટના કાંગરાથી પણ ઉપર વધી, અમરાવતીને જ ઉપાલંભવા ગગન ભેદી, સ્વર્ગનાં દ્વાર આગળ પોતાની પતાકાઓ ફફરાવી રહ્યાં હતાં. આ શિખરો પર શોભતા સોનેરી કળશો ઊગતા સૂર્યના લાલ ઝળહળાટમાં અંગારા સમા ચમકી રહ્યા હતા. પાટણના કવિઓ કહેતા કે પાટણના શૂરાઓની સમશેર અને મન્દિરોના કળશ, એ બેનાં તેજે સૂર્ય પણ ઝાંખો થતો, એ વાત કાકને સત્ય લાગી. માત્ર સૂર્યનારાયણને વધારે નહિ દુભવવા માટે કળશનાં તેજ ધજાઓએ ઢાંક્યાં હતાં; અને સમશેરની ચમક ડાહ્યા મંત્રીઓની બુદ્ધિએ આવરી હતી.

જે દૃશ્ય કાકે જોયું તેનું આજે નામનિશાન પણ રહ્યું નથી. હાલનું પાટણ મુસલમાનોનું સ્થાપેલું શહેર છે; હાલની સરસ્વતી પણ કાળે કરી જુદી વહે છે. શૂરવીર સોલંકીઓનું અણહિલવાડ પાટણ હાલના શહેરની પશ્ચિમે ઘણા ગાઉ સુધી વિસ્તાર પામી રહ્યું હતું. આજ માત્ર જૂનાં ખંડિયેરમાં હેમાચાર્યની પોષધશાળા, અસલી અણહિલવાડ-જે પાછળથી પાટણનું એક પરું થઈ રહ્યું હતું-નો અપભ્રંશ ધારતું એનાવાડા કરીને એક નાનું ગામ, અને તેથી દૂર પાટણના વેપારીઓનો કહેવાતો ઘીકાંટો—આટલાં જ તે પ્રતાપી શહેરની શાખ પૂરે છે. જે સરસ્વતી આજે પૂર્વથી પશ્ચિમ સીધી વહે છે, તે પહેલાં હાલના ઘુમડી દરવાજા આગળ થઈ, હિંગળાજચાચરના ઓવારા આગળથી સીધી

રાણીની વાવ તરફ વહેતી હોય એમ માનવાને કારણ મળે છે. ભીમનાથનો ઓવારો રાણકી વાવની ઉત્તરે હતો.

આ સપાટ થઈ જતાં ખંડિયેરો હજારો માણસો ચાંપીને જાય છે અને તેમને ભાન પણ નથી રહેતું કે આ ઈંટ–મટોડાં નથી, પણ પુનિત સ્મરણચિન્હો છે; પથ્થરો નથી, પણ પ્રતાપી નગરનાં પૂજ્ય અસ્થિ છે; માત્ર રખડતા ઇતિહાસ–સંશોધકોને નિહાળવાનાં ક્ષેત્ર નથી, પણ ગૂર્જરોના પ્રભાવ, બુદ્ધિ અને શૂરે આદરેલા અશ્વમેધનું મહાતીર્થ છેઃ નષ્ટ થયેલાં સામ્રાજ્યોની આ સ્મશાનભૂમિ છે.

લાલ ઉષા સોનેરી થતાં શહેર વધારે સ્પષ્ટ થયું; સોને મઢેલા કળશો ફરીથી સોને મઢાયા. કાક આ ભવ્યતા એકચિત્તે જોઇ રહ્યો.

– સ્વાધ્યાય –

૧. પ્રાચીન પાટણ અને આજના પાટણનું ટૂંકું વર્ણન કરો.

૨. પાટણના વૈભવ અને સૌન્દર્યને જુદી જુદી અનેક ઉપમાઓ વડે શ્રી મુનશીએ વર્ણવ્યાં છેઃ દાખલા તરીકે એક જગ્યાએ પાટણને તેમણે અપ્સરાની ઉપમા આપી છે, બીજી જગ્યાએ તેના ભીમનાથના ઓવારાનાં સો પહોળાં પગથિયાંને સ્વર્ગે ચઢવાની સીડીની ઉપમા આપી છે. આમ આ પાઠમાં આવી જેટલી જેટલી ઉપમાઓ આવી હોય તે શોધી કાઢો.

૩. 'આ સપાટ થઈ જતાં ખંડિયેરો ઇંટમટોડાં નથી, પણ પુનિત સ્મરણચિહ્નો છે; પથ્થરો નથી પણ પ્રતાપી નગરના અસ્થિઓ છે.' આ વાક્યોનો અર્થ સમજાવો.

૪. 'પાટણ' અને 'સહસ્રલિંગ તળાવના કાંઠા ઉપરથી પાટણમાં' જે કંઈ સામ્ય હોય તે બતાવો.

સહસ્રલિંગ તળાવના કાંઠા ઉપરથી પાટણ

['ગૂજરાતના નાથ'માંથી પાટણનું વર્ણન આપણે વાંચ્યું. આપણા ગૂજરાતના એક મોટા કવિ સ્વ. નરસિંહરાવ દીવેટીઆએ પણ પાટણ સંબંધી–પાટણની પડતી સંબંધી એક કરુણ કાવ્ય લખ્યું છે, તે નીચે ઉતાર્યું છે. આપણા સાહિત્યમાં એ કાવ્યનું સ્થાન ઘણું ઊંચું લેખાયું છે, તે શાથી હશે તે તમે એ કવિતા વારંવાર વાંચી, એનો ભાવ બરોબર સમજી શોધી કાઢજો. શ્રી નરસિંહરાવનાં પુસ્તકોમાં 'કુસુમમાળા,' 'હૃદય-વીણા,' 'નૂપુરઝંકાર,' 'સ્મરણસંહિતા' આદિ ખૂબ જાણીતાં છે.]

* * *

અહીંયાં સહસ્રલિંગ તળાવ વિશાળું હૂતું,
અહીંયાં પાટણ જૂનું અહીં આ લાંબું સૂતું;
અહીંયાં રાણીવાવ્યતણાં આ હાડ પડેલાં,
મોટા આ અહીં બુરજ મળ્યા માટીના ભેળાં.

એમ દઈ દઈ નામ કરવી રહી વાતો હાવાં,
પાટણપુરી પુરાણ હાલ તુજ હાલ જ હાવા!
ગૂજરાતનો પૂત રહી ઊભો આ સ્થળમાં,
કોણ એહવો જેહ નયન ભીંજ્યા નહિ જળમાં!

જળ નિર્મળ લઈ વહે કુમારી સરિતા પેલી,
નાસે, પાસે ધસે, લાડતી લાજે ઘેલી;
ઇશ્વરકરુણા ખરે, વહી આ નદીસ્વરૂપે,
સ્મિત કરી પ્રીતિભરે, ભરે આલિંગન તું પે.

તું પે, પાટણ ! દયા ધરન્તી એ સૂચવતી—
ભલે કાળની ગતિ મનુજકૃતિને બૂઝવતી;
મુજ પ્રેમસરિતપૂર વહ્યું જાશે અણખૂટ્યું,
છો ધનવિભવ લૂંટાય, ઝરણ મુજ જાય ન લૂંટ્યું.

તોડી પર્વતશૃંગ મનુજ મદભરિયો મ્હાલે,
જાણે નિજકૃતિઅમર ગળે કાળ જ તે કાલ્યે;
ને મુજ તનડુ ઘડ્યું કોમળું પાણીપોચું,
તે તો તેમનું તેમ રહે યુગ અનન્ત પ્હોંચ્યું.

– સ્વાધ્યાય –

૧. આ કવિતાની પહેલી કડી લખતાં કવિના મનમાં કેવા ભાવો રમતા હતા તે તમે કહી શકશો ?

૨. 'રાણીવાવનાં હાડ' એટલે શું ? 'હાડ' શબ્દ વાપરી કવિ રાણીવાવ અને પાટણને કેવાં લેખવા ઇચ્છે છે તે તમે કહી શકશો ?

૩. પાટણના જૂના વૈભવ અને જૂના સાથીઓમાંથી આજે શું બચવા પામ્યું છે ?

૪. 'સરસ્વતી'ને કુમારી નદી તરીકે કેમ ઓળખાવવામાં આવે છે ?


૫. પાટણની પડતી ઉપરથી કવિ શો બોધ તારવે છે ?

૬. ગૂજરાતનાં કે હિન્દનાં જૂનાં નાશ પામેલાં શહેરોની તમારાથી બની શકે તેવડી યાદી કરો, અને તેને પ્રાચીન હિન્દના નકશા ઉપર બતાવો.

૭. પ્રાસને ખાતર જે શબ્દે પોતાનું સ્વરૂપ આ કવિતામાં બદલ્યું છે તેનો ઉલ્લેખ કરો.

૯

પેરિસના ત્રણ છોકરા



[પ્રો. બળવન્તરાય ક. ઠાકોર આપણા એક મહાન અને વયોવૃદ્ધ સાહિત્યસેવક છે. ઇતિહાસના તે એક ઊંડા અભ્યાસી છે, અને એક સાચા વિદ્વાન વિવેચક તરીકે તેમની આપણા સાહિત્યમાં ગણના થયેલી છે. તેમનાં કાવ્યો પણ આપણા સાહિત્યમાં પોતાની સ્વતંત્ર ભાત પાડે છે. તેમણે લખેલાં પુસ્તકોમાં 'ભણકાર', 'દર્શનિયું,' 'ઊગતી જુવાની,' 'આપણી કવિતાસમૃદ્ધિ' આદિ પ્રસિદ્ધ છે. 'પેરિસના ત્રણ છોકરા'ની આ વાત 'દર્શનિયું' નામના તેમના પુસ્તકમાંથી લીધી છે.]

વર્ષાદ રહી ગયો, પણ રાત વહેલી અને અંધારી ઘોર જામી. સીન નદીના પૂલ ઉપર ફાનસ હતાં, પણ પૂલ ઉપર ચાલતું માણસ ફાનસ નજીક આવે ત્યારે જ દેખાતું. એ પૂલ ઉપર એક નિર્ધન અપંગ ડોસો ધીમે ધીમે ચાલતો હતો. તેની બગલમાં એક જેવીતેવી વાયોલિન (violin) હતી, અને પૂરાં વસ્ત્ર પહેરેલાં ન હોવાથી ટાઢમાં તે ધ્રૂજતો હતો. પૂલ વટાવી તે એક મોટાં સુંદર મકાનોવાળી શેરીમાં આવ્યો. ઊંચે બારીઓ-માંથી ચક અને ફરફરિયાં ભેદીને રોશનીનાં કિરણો અને મોજશોખમાં પડેલાં માણસોના આનંદી સ્વર અને ગાનના સૂર આવતા હતા. એ બારીઓ તરફ થોડીવાર જોઈ રહી ડોસાએ પોતાનું દીન વદન નીચું નમાવ્યું, અને એક ખૂણાના અંધકારમાં જઈ પાકી બાંધેલી ગટર આગળ ઊભો રહ્યો અને વાયોલિન વગાડવા લાગ્યો. પૈસાની તેને જરૂર હતી અને ગાનવાદન સિવાય કમાણી કરવાનું બીજું સાધન તેની પાસે હતું નહિ. જુવાનીમાં તે એક નટચમૂમાં હતો અને ગાઈબજાવી સારું જાણતો, પણ હાલ તેની વાયોલિન સારી નહોતી. ટાઢ બહુ વાતી હતી અને વળી તેનું હૃદય છેક નિર્બલ અને ઉદાસ થઈ ગયું હતું, એટલે ગાયનમાં તેનું ધ્યાન રહ્યું નહિ. વાયોલિન ધીમી અને બેતાલ બોલવા લાગી, અને તેની આંખમાંથી રહી રહીને એકેક મોટું ટીપું ટપકવા માંડ્યું.

આસપાસ બારીઓ ઉઘાડી હતી અને રસ્તા ઉપરથી વખતબેવખત ગાડીઓ જતીઆવતી હતી. પણ ગંમતમાં પડેલાંના, અથવા તો ઘેર કે કોઈ મોજગાહે પહોંચી જવાની ઉતાવળવાળાંના બેપરવા કાનમાં દુઃખીનો અવાજ ક્યાંથી પેસે? આપણા અપંગ ઉપવાસી અને આફ્-તના ભાર તળે દબાઈ ગયેલા ડોસાનું ગાનવાદન પણ ઘડી વારમાં ઊભરાતાં આંસુ અને ઉપરાઉપર આવતા નિસાસાને લીધે બંધ પડ્યું, અને કોઈ અણધાર્યો હાથ એની મદદે ન લંબાત, તો આવી રાતના ઠારમાં એ બિચારો આ ગટર આગળ જ ઠિંગરું થઈ જાત.

એવામાં એક પાસથી ત્રણ ખુબસૂરત નવજુવાન છોકરાઓ દોડતા, એકબીજા સાથે મસ્તીતોફાન કરતા, અને હસતાહસતા આવ્યા.

એમાંના વચલાની અડફટમાં ડોસો આવી ગયો, અને એની ફાટલી ટોપી એક તરફ ઊડી પડી. વાયોલિન ગટર પર પડી ગઈ, અને તે પોતે બિચારો ખૂણાની દીવાલમાં અફળાયો. છોકરો પણ પડતો પડતો રહ્યો અને અંધારામાં તેને કંઈ સૂઝયું નહિ એટલે તે ગાળ દેવા જતો હતો, ત્યાં તેણે એ બુઢ્ઢાનું લંબાતું ડુસકું સાંભળ્યું. તે પાછો વળી ખૂણામાં આવ્યો અને ડોસાને ઉઠાડ્યો, અને એનું જોઇને એના બે ભાઈબંધ પણ પાસે આવ્યા. બીજા છોકરાએ ટોપી આણી આપી અને માફી માગી, અને ત્રીજો વાયોલિન ઊંચકી લઇને આવ્યો અને તે પાછી આપતાં ખબર પૂછવા લાગ્યો કે કંઈ બીજી ઈજા તો નથી થઈ? ડોસો એકથી બીજા તરફ જોવા લાગ્યો અને ચિત્તભ્રમ થયેલા જેવો દેખાયો. પણ આ ત્રણેની માયાળુ રીતભાતના જવાબમાં થોડીવારે એના મોં થકી "મારી છોકરી–મારી વાયોલિન–છોકરી–અરે દૈવ!" એવા એવા ભાંગ્યાતૂટ્યા શબ્દ નિસાસા સાથે નીકળવા લાગ્યા. છોકરાઓને ખરેખર દયા આવી, અને તેમણે એનાં ફાટ્યાંતૂટ્યાં કપડાં–અફળાઈ પડ્યો તે ખરડાયાં પણ હતાં, તે સાફ કરતાંકરતાં મીઠાશથી પૂછીપૂછીને એની બધી હકીકત જાણી લીધી. એની એકની એક છોકરી વિયના-(Vienna) માં ક્ષયને આજારે મરવા પડી હતી અને તેની પાસે જવાને રસ્તાખર્ચ માટે પણ ડોસા કને એક પૈ સરખી ન હતી. દીકરીની હાયમાં ડોસાએ ત્રણ લાંઘણ કરી હતી, અને આજે છેક લાચાર બની જે મળે તે પૈસા કમાવાને માટે ગાઈવગાડીને ભીખ માગવાનો નીચ ઉદ્યમ કરવા પણ તે તૈયાર થયો, ત્યાં તો પાછલા પહોરથી પવન ફૂંકાવા લાગ્યો અને ઠંડો થઈ ગયો; વાદળાં ચડી આવીને ઝાપટાં પડવા લાગ્યાં અને આ અત્યારે વાયોલિન પણ પાકી ગટરમાં કુટાઈ નકામી જેવી થઈ ગઈ.

હકીકત સાંભળીને અને બુઢ્ઢાના તનમનની સ્થિતિ અને વેદના જોઇને ત્રણે વિચારમાં પડ્યા. ત્યાં જરા વારમાં સૌથી મોટાએ આર્દ્ર અવાજે પણ તેજોમય આંખે ત્રીજા છોકરાને કહ્યું: "લાલ, લાવ તો તારી વાયોલિન." એણે તાર મેળવ્યા એટલામાં બંને એનો મનસૂબો સમજી ગયા,

લાલે પોતાના હાથમાં ડોસાની ટોપી લીધી, અને વચલા છોકરાએ પોતાનો કંઠ વાયોલિન સાથે ભેળવ્યો અને ગાયનવાદન શરૂ થયું. ત્રણે સંગીતના સારા અભ્યાસી હતા અને ઉસ્તાદી મેળવવાને માટે પેરિસ આવેલા હતા. નાની ઉમરના છતાં પણ તેમની સંગીત અને નાટકશાળાઓની દુનિયામાં ખ્યાતિ થવા લાગી હતી. આ જ રીતે મનોવૃત્તિને અનુસરીને એમનું ગાયન ખૂબ ખીલ્યું. ડોસાને જુવાનીમાં ગાયનનું સારું તાન હતું. આ છોકરાઓ આમ શું કરવા કરે છે તે તો એ ન સમજ્યો, પણ એમના મનોહર ગાયનવાદનથી એનું દુ:ખ ધીમે ધીમે પાછું હઠ્યું અને ચિત્ત ગાયનમાં જ પરોવાતું ગયું. ગઈ સાંઝે જ પેરિસમાં એક સુંદર સંગીતનાટક ભજવાયું હતું તે પહેલા પ્રયોગે જ અત્યંત લોકપ્રિય થઈ ગયું હતું. આ નાટકનાં જ ગાયનો આ છોકરાઓએ એક પછી એક ઉપાડ્યાં, અને લાંબી શેરીની ઊંચી ભીંતો વચ્ચે ઝઝૂમતાં વાદળાંની છત તળે, નવજુવાન કંઠ અને ગગનટોચ ભેદતા પણ મૃદુતાને ન છાંડતી તંત્રીનાં સુંદર આંદોલનો વિશે કુદરતે પણ વિશેષ સુંદરતા પૂરી.

પેરિસના શૉખીન શહેરમાં અને આવે વખતે આવા અસાધારણ ગાયનને લીધે દશેક મિનિટમાં જ ગાડીઓ રસ્તામાં થોભવા લાગી, બારીઓમાંથી સ્ત્રીપુરુષોનાં ડોકાં દેખાવા લાગ્યાં, અને બંધ બારીબારણાં પણ ખૂલવા લાગ્યાં. જુવાનોએ ત્રીજું ચોથું ગાયન માંડ્યું ત્યાં તો વાએ વાત ચલવી અને આખી શેરી કામકાજ પડ્યાં મૂકી આમને સાંભળવામાં પડી. ગાડીઓમાંથી ને બારીએથી તાલ અપાવા માંડ્યા, તાળીઓ પડવા લાગી, અને શૉખીનો તરફથી પોતપોતાનાં પ્રિય ગાયન સંભળાવવા માટે સૂચનાઓ પણ થવા લાગી. અર્ધો કલાક થયો, પોણો કલાક થયો, કલાક થવા આવ્યો. ડોસાની ફાટલી ટોપી સોના અને રૂપાનાણાંથી છલકાઈ ગઈ; બીજા અર્ધા કલાકમાં એ જુવાનોની ત્રણ ટોપીઓ પણ ભરાઈ ગઈ.

મોટા છોકરાએ વાયોલિન બંધ કરી. ત્રણે બુઢ્ઢા પાસે આવ્યા અને ટોપીઓમાંનું નાણું એનાં ગજવાઓમાં મૂઠેમૂઠે ભરવા લાગ્યા. એના મંદ

મગજમાં તો હજી એમના છેલ્લા ગાયનના સૂર રમતા હતા. તે આ શું થાય છે તે જોતા ચમક્યો, એમના હાથ ઝાલવા ગયો, પણ બે ઘરડા હાથે કરીને છ હોંસીલા અને નવજુવાન હાથ એશી રીતે ખાળી શકે? છોકરાઓએ ચારે ટોપી સપાટામાં ખાલી કરી અને પછી મૂગે મોંએ પીઠ ફેરવીને જવા માંડ્યું. એઓને ખરે જ જતા રહેતા જોઈ ડોસાએ છેલ્લાની બ્હાંય ઝાલી લીધી અને સવાલ પૂછયો, "ભાઈ, તમારું નામ?"

જરાક ખંચાઈ ગંભીરતાથી તેણે જવાબ દીધો: "શ્રદ્ધા!"

ડોસાએ બીજા તરફ જોયું, "ભાઈ, તમારું?"

"આશા."

અને ડોસો ત્રીજા સામે જુએ છે ત્યાં તે બોલ્યો: "કરુણા." ડોસો બિચારો ઘૂંટણે પડી કરગરવા લાગ્યો: "મારી છોકરીનો જાન આપનારા! નામ તો તમારાં કહેતા જાવ, હું અને તે કોનો આભાર માનિયે?"

મોટા છોકરાના મુખ ઉપર સ્મિત ફરક્યું. આછાં થતાં વાદળવાળા આકાશ તરફ તેનો જમણો હાથ સહેજ ઊંચો થયો, અને તે પ્રસન્ન કંઠે બોલ્યો: "આભાર પરવરદેગારનો!"

ત્રણે જુવાનો ઊભરાતા આનંદ સાથે વેગથી દોડી ગયા.

"કેવા ખુબસૂરત છોકરા!" "શું સુંદર ગાયન!" "પેલી ચીઝ તો નાટકશાળા કરતાં પણ અચ્છી ગાઈ!" વગેરે વચનો બોલતાં બોલતાં શોખીન નરનારીઓ વીખરાયાં, ગાડીઓ ચાલી ગઈ, અને બારીબારણાં બંધ થયાં. શેરી પાછી હતી તેવી બની રહી. થોડી વારે વાદળમાંથી નીકળતા ચંદ્રને અજવાળે ડોસો સીન નદીનો પૂલ ઓળંગી ગયો.

– સ્વાધ્યાય –


૧. આ વાર્તામાં વર્ણવેલી ઘટના બને છે તે વખતે ઋતુ કેવી હતી, અને ડોસો ક્યાં હતો તે વર્ણવો.

૨. ડોસાના મુખમાંથી "મારી છોકરી–મારી વાયોલિન–છોકરી–અરે દૈવ !" એવા શબ્દો કેમ નીકળ્યા ?

૩. "લાંબી શેરીની ઊંચી ભીંતો વચ્ચે, ઝઝૂમતાં વાદળાંની છત તળે નવજુવાન કંઠ અને ગગનટોચ ભેદતાં પણ મૃદુતાને ન છાંડતી તંત્રીના સુન્દર આંદોલનો વિશે કુદરતે પણ વિશેષ સુન્દરતા પૂરી." આ વાક્યનો અર્થ સમજાવો.


૪. છોકરાઓએ પોતાનાં જે નામ આપ્યાં તે તમને સાચાં લાગે છે ? એવાં નામ આપવામાં તેમનો શો હેતુ હશે ?

૫. આ વાર્તા તમારા શબ્દોમાં ફરીથી લખો.



૧૦

ગિરનાં જંગલ



[શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસકૃત 'નવાં ગીતો'થી તો તમે હવે પરિચિત થઈ ગયાં છો. તેમનું 'સાગર' નામનું કાવ્ય તો તમે શીખી પણ ગયાં છો. તેમનાં કુદરતને લાગતાં કાવ્યો કેવા પ્રકારનાં છે તેનો ખ્યાલ તો તમને 'સાગર' અને 'ગિરનાં જંગલ' પરથી પણ સહેજે આવશે. 'ગિરનાં જંગલ'માં રહેલો સુન્દર કાવ્યભાવ અને શબ્દોનું લાલિત્ય તમે એ કાવ્યને કંઠાગ્રે કરશો તો તમને સરસ રીતે સમજાશે અને તમને તેથી અપાર આનંદ થશે, અને ગિરના પ્રચંડ ધોધપછાડની અજબ ખંજરીનું સંગીત પણ તમે ગિરથી સેંકડો માઈલ દૂર હો છતાં સાંભળી શકશો.]

ઘોર અતિ વંકી ધરતી ને
વંકા પથરાયા બહુ પહાડ,
વિકટ અને વંકા પગરસ્તા
ગીચ ખીચોખીચ જામ્યાં ઝાડ;
ઝરે ઝરણ બહુ નીર તણાં!
જો ગાજે જંગલ ગિર તણાં!

ઉતાવળી ને ઊંડી નદિયું
સઘન ઘટાથી છાઈ રહે,
કાળાં ભમ્મર પાણી એનાં
ધસતાં ધમધોકાર વહે;
ઝૂક્યાં તરુવર તીર તણાં!
જો ગાજે જંગલ ગિર તણાં!

શિયાળ સસલાં સાબર હરણાં
મનગમતી સૌ મૉજ કરે,–
વાઘ વરુ ચિત્તા પારાધી
શિકારીઓની ફોજ ફરે;
જીવન સાટાં શિર તણાં!
જો ગાજે જંગલ ગિર તણાં!

સિંહસમા શૂરવીર નરોની
દુર્ગમ ધરતી શાખ પૂરે,
ડુંગરની વિકરાળ કરાડો
ઊભી મિત્રવિયોગ ઝૂરે!–
સ્મરી ધિંગાણાં ધીર તણાં!
જો ગાજે જંગલ ગિર તણાં!

અજબ ખંજરી બજે ભયાનક
પ્રચંડ ધોધપછાડ તણી

ઝીલે તેના પડછંદાઓ
પ્રજા અડીખમ પહાડ તણી;
ભીષણ સૂર સમીર તણાં!
જો ગાજે જંગલ ગિર તણાં!
બહુરંગી વનવ્યાઘ્રચર્મ શાં
અંગ ધરી યોગી ગિરનાર
બહુ યુગથી બેઠો દૃઢ આસન
પ્રેમભર્યાં કરતો સત્કાર
સાધુ સંત ફકીર તણાં!
જો ગાજે જંગલ ગિર તણાં!
સ્વતંત્રતા ને સ્વાભાવિકતા
સુન્દરતા સહ રાસ રમે,
ડુંગર ડુંગર દેવ વસે ને
વિરાગીઓ અલમસ્ત ભમે-
વિસરી જતન શરીર તણાં!
જો ગાજે જંગલ ગિર તણાં!
મોટી ગોળી સરખાં માથાં
ઉપર સુન્દર કુંઢાં શિંગ,
કુંજરનાં બચ્ચાંઓ જેવી
ભેંશોની બહુ લઈને ધિંઘ,
નેસ વસ્યા આહીર તણાં!
જો ગાજે જંગલ ગિર તણાં!
વર્ષાની ઘનઘટા ચઢે નભ
ડુંગર પર વીજળી ઝબૂકે,
મેઘ દુંદુભી ગઢે ગગનમાં
મત્ત બની મોરા ટહુકે;
ત્રાડન કેસરી વીર તણાં!
જો ગાજે જંગલ ગિર તણાં!

– સ્વાધ્યાય –

૧. તમે કોઈ વન જોયું છે? તેનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

૨. 'ગિરનાં જંગલ'માંનું વર્ણન 'ગિરનાં જંગલ' માટે જ છે એમ શા ઉપરથી કહી શકાય?


૩. યોગીઓને વર્ણવવા હોય તો તમે શું લખશો? ગિરનાર યોગી જેવો છે એમ બતાવવા કવિ શું કહે છે?

૪. ગિરનાં જંગલોમાં વસનાર પ્રજાનાં સાહસ અને શકિત માટે કવિનો શો અભિપ્રાય હશે તે તમે શા ઉપરથી કહી શકશો?

૫. આ કવિતામાં તમને સૌથી સુન્દર લાગી હોય એવી બે કડીનો ઉલ્લેખ કરો.


૬. આ કવિતાને કંઠાગ્રે કરો.

૭. જો તમને ચીતરવાનો શોખ હોય તો આ કાવ્ય પરથી ગિરનાં જંગલનું ચિત્ર દોરો.



૧૧

દિવસ



[શ્રીમતી વિનોદિની નીલકંઠનો આ નાનકડો લેખ આપણને કલ્પ-નાની દુનિયામાં લઈ જાય છે. જ્યારે આપણે નાનાં હોઈએ છીએ ત્યારે આપણને કંઈ ને કંઈ કરી નાખવાનું મન થાય છે. આપણને થાય છે કે આપણે આખી દુનિયાનું કલ્યાણ સાધીશું. પણ જેમ જેમ મોટાં થઈએ છીએ તેમ તેમ માર્ગમાં મુશ્કેલીના અનેક પહાડો ખડા થાય છે, અને તે મુશ્કેલીઓ સામે કેમ ઝઝૂમવું તેની આપણને તૈયારી કરવી પડે છે. આ વસ્તુ રમતિયાળ પણ સચોટ રીતે શ્રી વિનોદિની-બહેને 'દિવસ' જાણે કોઈક જીવતીજાગતી વસ્તુ હોય તેમ કલ્પી આ પાઠમાં કહી છે. આ પાઠ જેવાં અનેક મધુરાં ચિત્રો અને વર્ણનો તમને શ્રી વિનોદિનીબહેનના "રસદ્વાર" નામના નાનકડાં પુસ્તક-માંથી મળશે.]

"કાલે મારો વારો છે: કાલે હું પૃથ્વી ઉપર જવાનો." એક નાનકડો જન્મ્યા વગરનો 'દિવસ' વાદળાંના ઢગલાં ઉપરથી કૂદકો મારતાં બોલ્યો. પૃથ્વી ઉપર હજી અવતર્યા નહોતા એવા 'દિવસો' વાદળાંના ડુંગરમાં સાતતાળી રમતા હતા. પૃથ્વી ઉપર જઈ આવેલા દિવસો તો બિચારા થાકીને આરામ લેતા હતા; કેટલાક થાક ઉતારવા આકાશગંગામાં નહાતા હતા.

પેલો નાનકડો 'દિવસ' થોડીવાર જરા ગંભીરતાથી પૃથ્વી તરફ જોઈ રહ્યો અને પછી બોલ્યો: "હું ત્યાં જઈશ ત્યારે બધાંનો એટલો માનીતો થઈશ! બધાં રાજી રહે એવું જ હું તો વર્તન રાખીશ."

આ સાંભળી પેલા થાકેલા દિવસોમાંથી એક બોલ્યો: "અમે પણ બધા એમ જ ધારીને ગયેલા, પણ આપણને સૂરજદાદાજી વખત જ બહુ થોડો આપે છે. આપણે કાંઈ 'વરસ' કે 'મહિના' જેવા નસીબદાર નથી. એક દિવસ તે બિચારો કેટલાંને સુખી કરી શકે? આપણા કરતાં તો 'અઠવાડિયાં'ને પણ જરા મઝા હોય છે."

પણ પેલા 'દિવસે' તો નક્કી જ કરેલું કે "હું તો બધાંને જ રાજી કરીશ અને કંઈક નવું કામ કરીશ."

બાળક તો આશાવાદી જ હોય ને? અને પૃથ્વી કેટલી વિશાળ છે! તેના ઉપર કેટલા અસંખ્ય જીવો વસે છે! અને તે દરેકનો 'સુખ'નો ખ્યાલ જુદો જુદો હોય: એ બધી તે નાનકડા 'દિવસ'ને ક્યાંથી ખબર હોય?

પછી તો એ બધાંની સલાહ લેવા માંડ્યો, કે 'હું કેમ વર્તું?' પણ કોઇની સલાહ તેને ગમી નહિ. આખરે તે સૂરજદાદાની સલાહ લેવા ગયો. એમને તો બધી જ ખબર હોય ને? એ તો કેટલા ઘરડા!

દાદાજી તો જરા અકળાઇને બોલ્યા: 'અરે! અત્યારે એવી પંચાત કરવાનો વખત છે? મારો રથ તૈયાર છે, તું અંદર બેસી જા, આજે જરા વહેલાં જવું છે......'

પછી તો સૂર્યના પહેલા જ કિરણ ઉપર સ્વાર બનીને પૂર્વ દિશાની ક્ષિતિજમાંથી હસતો હસતો 'દિવસ' પૃથ્વી ઉપર આવ્યો. દિવસને આવેલો જોઈ લોકો પોતપોતાને કામે લાગી ગયા.

નદીકિનારે થોડા લોકો એક શબ લઈ તરત જ આવેલા હતા. 'દિવસ'ને આ જોઇને કંપારી છૂટી. એક ઝાડ નીચે એક દારુડિયો પડ્યો હતો. 'દિવસ'ને આટલો જલદીથી આવેલો જોઈ તે બેઠો થયો અને બબડ્યો "અરે રામ! આ નવરો દિવસ કેટલો વહેલો ઊગે છે!"

આ સાંભળી બિચારા 'દિવસ'ના હૃદયને બહુ જ આઘાત થયો. પણ આગળ જતાં એક ઘરમાં એક નાની છોકરી પોતાના ભાઇને ઉઠાડીને કહેતી હતી, "ભાઈ! ઊઠ, સવાર પડી છે. આજનો દિવસ બહુ સરસ દેખાય છે. આપણે ખેતરોમાં રમવા જઇશું." ભાઈ પણ હસતો હસતો ઊઠ્યો.

તો પણ, ઘણી જગ્યાએ રખડ્યા પછી 'દિવસ'ની ખાતરી થઈ કે પોતાના ઉપર કોઈ જ ખાસ ધ્યાન આપતું નહોતું. જગતના લોકો પોતપોતાના નજીવા સ્વાર્થમાં એવા તો રચ્યાપચ્યા રહેલા હતા કે 'દિવસ'ની અને તેના સૌન્દર્યની કોઇને પરવા જ નહોતી.

નિરાશ થઈ, ખિન્ન વદને 'દિવસ' ધીમે ધીમે પશ્ચિમ તરફ ચાલ્યો. સૂરજદાદાનો રથ ચાલ્યો જાય તો? અને ખરેખર તે પહોંચ્યો ત્યારે દાદાજી જવાની તૈયારી જ કરતા હતા! પછી 'દિવસ'ને એકાએક કાંઇ સૂઝી આવ્યું. આમ તદ્દન સાધારણ 'દિવસ' બની ચલ્યા જવું તેને જરાયે ગમ્યું નહોતું.

તેણે સૂરજદાદાને વિનતિ કરી કે "આજે આપણે જરા વધારે મોડા ઘેર જઇએ તો?" દાદાજીને તો બધું જ સરખું હતું. 'દિવસ' પશ્ચિમના વાદળના લાલ કિનખાબ જેવા પડદા પકડીને ઊભો રહ્યો.

લોકો બોલ્યા: "આજે વરસનો લાંબામાં લાંબો દિવસ છે." 'દિવસ'-ને આ સાંભળી બહુ સંતોષ થયો. આખરે તેણે કાંઈ નવું તો કર્યું જ!

તે દાદાજીના રથ ઉપર ચઢી ગયો, અને રથ ઘર તરફ ચાલ્યો. નવા ઊગેલા તારાઓને સલામો કરતો, અને પૂર્વમાંથી ઊગતા ચન્દ્રનું સૌન્દર્ય જોતો જોતો 'દિવસ' પોતાને ઘેર ચાલી ગયો.

– સ્વાધ્યાય –


૧. પોતાની પૃથ્વી પરની મુસાફરી પૂરી કરી, પોતાના અનુભવો વાદળાંના ડુંગરોમાંના પોતાના મિત્રોને કહેતો દિવસને કલ્પી, તેની અનુભવ-કથા તેના શબ્દોમાં આલેખો.

૨. આ પાઠમાંથી તમને જે જે વર્ણનો ગમ્યાં હોય તે તમારી સુલેખન-પોથીમાં સુન્દર અક્ષર ઉતારી તમારા શિક્ષકને બતાવો.

૩. આં પાઠ વાંચી તમે કહી શકશો કે દુનિયામાં માણસે સફળતા મેળ-વવી હોય તો કયા ગુણ કેળવવા જોઈ એ ?


૪. 'દિવસ' કોને કોને ખરાબ અને કોને કોને સારો લાગ્યો ? એની જુદાં જુદાં માણસોના મન પર જુદી જુદી છાપ શાથી પડી ?

૫. વહેલો ઊગે અને મોડો આથમે એવો વરસનો લાંબામાં લાંબો દિવસ કયો ?




૧૨

પ્રકૃતિ-ગાન



[શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીકૃત 'વડલો' નામના નાટકમાંથી પ્રકૃતિનાં કેટલાક ગીતો નીચે ઉતાર્યાં છે, એ આખું નાટક જે મૃદુ અને સુન્દર ભાવો અને મધુર સંગીતથી ભર્યું છે તેનો સારોસરખો ખ્યાલ આ ગીતો વાંચતાં—અને ખાસ કરીને ગાતાં—તમને આવશે. એ ગીતો અનુક્રમે હંસો, પંખીઓ, તારા, ઝાકળ અને પવનના મુખમાં મુકાયેલાં છે. આ બધાં પ્રકૃતિનાં તત્ત્વો હોઈ એ બધાં ગીતો માટે પ્રકૃતિ-ગાન એવું મથાળું રાખ્યું છે. એ ગીતના ભાવોને વ્યકત કરતાં ચિત્રો અને ગીતો ઉપરથી તમે એ પ્રત્યેક ચિત્ર સાથે એ ગીતો માટે યોગ્ય મથાળાં યોજજો.]

દરિયાના બેટથી ઊડ્યાં અમે તો,
હિમાળા ડુંગર જાવાં જી!
સાત સાત સમદર ઊડી અમારે,
માનસ-સરમાં નાવાં જી!
લૂમે દાડમડી ને ઝૂમે જમરૂખડી,
મોતી માનસનાં ખાવાં જી!
વન વન શેવતી વેરે પાંખડલી,
સરનાં પંકજડાં હસાવાં જી!
જગના પ્રવાસી અમે ઊડતાં પંખીડલાં,
માનસ મરવા જાવાં જી!
આભને ચીરી અવનિ ઊભરાવી,
છેલ્લાં કો હંસગીત ગાવાં જી!




મોતીની મૂઠશાં ડૂંડાં હિલોળતાં,
ખેતરો કૈં કૈં દીઠાં જી રે!
હેતે છલોછલ હૈયાં ઉછાળતી
નદીઓનાં નીર લાગે મીઠાં જી રે!
રાતે પંખીડલાંને સૂવાને ઢોલિયા,
વન વન વડલા ઊભા જી રે!
આભની અટારીએ ચોકી કરંતા,
નવલખ તારલા સૂણા જી રે!

પંખીને આમ રોજ પ્રેમથી પાળતી,
કુદરત પંખિણી કોઈ મોટી જી રે!
ભોળાં વિહંગડાંની મોટી પંખિણી માત!
વંદન સ્વીકારજે કોટિ જી રે!




સંધ્યા આવી પૂરે કોડિયાં
આભ અટારી શણગારે,
વિભાવરી શરમાતી આવી
નવલખ જ્યોતિ પ્રગટાવે!
ચાર દિશાના વાયુ વાય;
થથરે પણ નવ બૂઝી જાય!
અંબર ગરબો માથે મેલી,
આદ્યા જગમાં રાસ રમે!
નવલખ તારા છિદ્રો એનાં
મીઠાં મહીંથી તેજ ઝમે!
વ્યોમ તણે યે વેલે પાર!
જ્યોત ઝબૂકે જગ-આધાર!



વાદળના મહેલમાં બાર બાર બાળકી,
તેરમી હું બાળકી રોતી જી રે!
આંસુમાં જનમી ને આસુમાં જીવતી,
વન વન વેરતી મોતી જી રે!

ફૂલડાં અપાર ને નથડી નથાવી,
ખડ ખડ મોતી પરોતી જી રે!
કુમુદિની કાનમાં મૂકું લવિંગડા,
હીરલા ગૂંથું હું ગોતી જી રે!



દરિયાના બેટમાં બેઠી નીંદરડી,
અવનિને અંચળા ઓઢાડે જી રે!
મંદમંદ, મંદમંદ, ગાતી હાલરડાં
પ્રાણી ત્રિલોકનાં પોઢાડે જી રે!

ઊંઘમાં મીઠી પોઢ્યાં પંખીડલાં,
પારણું વડલાની ડાળે જી રે!
અણદીઠ હીરલાની દોરી અમે તો–
તાણી, નીંદરડી ઝુલાવે જી રે!

ગાજે ગભીરગાન મીઠો મહેરામણ
એ તો નીંદરની સિતારી જી રે!

આંગળી ફરે ફરે વાયુ નીંદરની,
સ્પર્શે ત્યાં ઊઠતી ધ્રુજારી જી રે!

– સ્વાધ્યાય –

૧. હંસો પોતાનાં ગીતમાં એક જગ્યાએ કહે છે કે અમારે તો 'માનસ-સરમાં નાવાં જી!' અને બીજી જગ્યાએ કહે છે કે અમારે તો 'માનસ મરવા જાવાં જી!'–એ ઉપરથી તમે શું સમજ્યાં? મરવા માટે માનસ–સર કેમ પસંદ કર્યું?

૨. માનસસરોવરનું હંસોની દૃષ્ટિએ વર્ણન કરો.

૩. પંખીઓએ દિવસભર શું શું જોયું તે લખો.

૪. પંખીઓના ઢોલિયા, પંખીઓના ચોકીદાર અને પંખીઓની મોટી માતા કોણ? પંખિઓની એ મોટી માતા સહુ કોઈની માતા ખરી કે નહિ? શાથી?


૫. આકાશમાં કોડિયાં કોણ ગોઠવે છે? તેમાં જ્યોતિ કોણ પ્રગટાવે છે?

૬. જગતની આદ્યજનનીનો રાસ તારાઓએ જે રીતે વર્ણવ્યો છે તે રીતે તમારા શબ્દોમાં મૂકો.

૭. ઝાકળના ગીતમાંની સુન્દર કલ્પનાઓ અને સુન્દર પંક્તિઓનો ઉલ્લેખ કરો.

૮. સમીર પોતાને 'અણદીઠ હીરલાની દોરી' તરીકે ઓળખાવે છે તે સાચું છે? શાથી?

૯. આ ગીતોની તમારા મન પર થયેલી અસર જણાવો.



—૧૩—


અસ્પંદ તીર્થ

[શ્રી કાકાસાહેબ કાલેલકરનો પરિચય તમારે માટે ક્યાં નવો છે? પણ 'તારાઓનું કાવ્ય' ગુંજનાર કાકાસાહેબ 'અસ્પંદ તીર્થ'-ના જેવો મઝાનો કટાક્ષ પણ કરતા હશે એવો તેમને ખ્યાલ નહિ હોય. રૂઢિચુસ્ત સમાજ ઉપર આ નાનકડો લેખ સખત પ્રહાર કરે છે. 'અસ્પંદ' શબ્દ સાથે એમાં કાકાસાહેબે જે રમત કરી છે તે એ શબ્દોનો અર્થ બરોબર સમજ્યા વિના તમને નહિ સમજાય. સ્પંદ સંસ્કૃત શબ્દ છે. એનો અર્થ ફરકવું કે હાલવું, અસ્પંદ એટલે જે નહિ ફરકે કે નહિ હાલે તે. એ ઉપરથી અસ્પંદ માણસ કેવો હશે તે તમે કલ્પી શકશો? કોઈ લકવાવાળાને જુઓ તો અસ્પંદ માણસ કેવો હશે તેનો તરત ખ્યાલ આવશે.]

*　　　*　　　*

નદીમાં ભારે ઊંડો અને પહોળો ધરો હતો. રાજાને થયું કે 'ચાલો આપણે શરદ ઋતુનું સ્વચ્છ, પવિત્ર પાણી સ્થિર કરી રાખીએ.' મંત્રી પુરોહિતોએ 'उदारः कल्पः उदारः कल्पः' કહી રાજાના વિચારને વધાવી લીધો. કડિયામજૂર ભેગા થયા, અને ધરાની ચોમેર સુન્દર, નિર્દોષ અને મજબૂત દીવાલ બાંધવામાં આવી. પાણી પાસે જવા માટે દરેક વર્ણના જુદાજુદા ઘાટ બાંધવામાં આવ્યા અને કામ ઉત્તમ રીતે પૂરું થયું. પણ—

પણ હવે બહારનું નવું પાણી અંદર ન આવે, અને જૂનું પાણી બહાર ન જાય. લોકો કહેવા લાગ્યા, 'એ જ તો મોટો લાભ! અન્ય ઋતુનું અપવિત્ર પાણી અંદર ન જાય અને પવિત્ર પાણીનો એક છાંટો પણ મફત જાય નહિ! બધું પવિત્ર પાણી અમને જ મળે છે.' અંત્યજો



આ ચિત્રને શું નામ આપશો ?

આ પાણી સુધી આવી શકતા નહોતા એ કહેવાની જરૂર નથી. કેટલાક દયાવાન લોકો સરોવરમાંથી એકાદ લોટો કાઢી એમને આપતા ખરા. પણ મોટે ભાગે અંત્યજોને નદી સુધી જ જવું પડતું.

બ્રાહ્મણોએ અસ્પંદ સરોવરનું માહાત્મ્ય લખ્યું. દરેક રોગ ઉપર તેનું પાણી ઔષધરૂપ ગણાવા લાગ્યું. રોગ મટે નહિ તો રોગીનો વાંકઃ પવિત્ર પાણીને દોષ કેમ લગાડાય? જતે દહાડે પાણી વધારે ને વધારે પવિત્ર ગણાવા લાગ્યું. અસ્પંદ સરોવરનું અસ્પંદ તીર્થ બન્યું અને સાચે જ અસ્પંદ તીર્થનું પાન કરનાર ભાવિક લોકો અસ્પંદ થવા લાગ્યા. કેટલાકને અર્ધાંગ લાગુ પડ્યો.

વખત જતાં અસ્પંદ તીર્થમાં કમળો ઊગ્યાં. ધન્ય ધન્ય! નદીમાં કોઈ કાળે કમળો દેખાયાં ન હતાં. દીવાલ બાંધી, ઘાટ બાંધ્યા, પાણી સાચવી રાખ્યું, ને ચંચળ પ્રવાહ બંધ કર્યો તેનું આ શુભ પરિણામ. પવિત્ર જલમાંથી પવિત્ર કમળો ઊગ્યાં. પાણીની પવિત્રતા સિદ્ધ થઈ ચૂકી. નાસ્તિકોનાં મોં બંધ થયાં. જય! અસ્પંદ તીર્થ કી જય!

પાણી સુકાવા લાગ્યું. અસંખ્ય ઉચ્ચવર્ણી લોકોના નાહવાધોવાથી પાણીમાં પરસેવો વધવા લાગ્યો. બદબો ફેલાવા લાગી. પણ તેને બદબો કહે કોણ? એટલી અધાર્મિકતા કોનામાં હોય? છોકરાઓ કંટાળતા અને નદી તરફ જવાનું પસંદ કરતા. પણ તે તો છોકરાઓની દુર્વિનીતતા! વાર્તા બહુ લાંબી છે. ટૂંકામાં એટલું જ કહીએ કે આખરે અસ્પંદ તીર્થના માહાત્મ્ય કરતાં કાળમહાત્મ્ય વધારે પ્રબળ નીવડ્યું. દીવાલના પથ્થરો ઢીલા થયા હતા, તીર્થના પાણીનું સેવન કરનારના હાથપગ સંધિવાથી એટલા અકડાઈ ગયા હતા કે દીવાલની મરામત કોણ કરે? અને પવિત્ર દીવાલના પવિત્ર પથ્થરને અડે કોણ? ખસેડે કોણ? બાપદાદાઓએ જેવા ગોઠવ્યા હતા તે બહુ જ ડહાપણપૂર્વક ગોઠવ્યા હતા. તેમાં ફેરફાર થાય નહિ. આખરે એક વર્ષે ભારે વરસાદ થયો. ઘોડાપૂરની રેલ આવી. અને દીવાલનું જે થવાનું હતું તે થયું.

– સ્વાધ્યાય –

૧. નદીમાંના ઊંડા ધરાની ફરતી દીવાલ બાંધ્યા બાદ તેમાંનાં પાણીનું મહાત્મ્ય કેમ વધી ગયું?


૨. અસ્પંદ સરોવરનું પાણી દરેક રોગ ઉપર કેમ ઔષધરૂપ ગણાવા લાગ્યું? શું એ વાત તમને સત્ય લાગે છે?

૩. પાછળથી પાણીની બદબો વિશે લોકો કેમ વાતો કરી શકતા ન હતા?

૪. અંત્યજોને એ પવિત્ર મનાતા સરોવરમાંથી પાણી લેવાની છૂટ ન હતી એનાં કારણો આપો. બીજાં એવાં કયાં સ્થળો છે કે જ્યાં આપણે અંત્યજોને જવાની છૂટો નથી આપતા?

૫. તમારા સમાજમાં જેને અસ્પંદ તીર્થની ઉપમા આપી શકાય એવી કોઈ સંસ્થાઓ કે રૂઢિઓ છે? તો તે કઈ તેનો ઉલ્લેખ કરો. તેને ટાળવી તમે યોગ્ય લેખો છો કે નહિ? અને તેને માટે તમે કયાં પગલાં ભરશો તે જણાવો.

૬. નીચેના શબ્દોના વિરોધી શબ્દો આપો:
પવિત્રતા, અધાર્મિકતા, દુર્વિનીતતા અને નાસ્તિકતા.



—૧૪—

હું બંદર હોત!

[અનન્ત આકાશમાં આનંદથી ઊડતાં પંખીઓને જોતાં, કે રંગબેરંગી વાદળોને લહેરમાં પસાર થતાં જોતાં, ફૂલો ઉપર સુન્દર પતંગીઆઓને નૃત્ય કરતાં જોતાં કે એક ઝાડથી બીજા ઝાડ ઉપર જબ્બરદસ્ત ઠેકડા લેતા વાંદરોને જોતાં તમારા મનમાં અવશ્ય કંઈ ને કંઈ વિચારો તો જાગ્યા જ હશે. શ્રી કાકાસાહેબ કાલેલકરે પોતાના એવા અનુભવ વર્ણવતો "બારીમાંથી ડોકાઉં" નામનો એક સરસ લેખ લખ્યો છે. 'મધપૂડા'માંથી તમને તે મળશે. 'સ્વપ્નસ્થ' નામના આપણા એક યુવાન કવિએ 'હું વાંદર હોત તો?' એવા પ્રશ્નવાળું એક કાવ્ય લખ્યું છે. એ કાવ્ય વાંચતાં પહેલાં તમે પોતે એ પ્રશ્નનો–એટલે કે તમે વાંદર હો તો શું કરો?–તેનો જવાબ આપવા પ્રયત્ન કરજો–એમ કરતાં આ કવિતામાં રહેલી કલ્પના અને તમારી કલ્પના વચ્ચેનું સામ્ય સરખાવતાં તમને મઝા પડશે.]

*　　*　　*

કદાચ હું બંદર હોત! નાચતે–
ડાળો પરે નિત્ય પ્રભાત–ખેલને
લીલાં લીલાં જબ્બર ઝાડ ઝુંડમાં;
સમીર ઝોલા ગરજંત પાનડાં–
વિશાળ અમ્ભોધિ સમાં હિલોળતાં–
વનો તણાં પકવ ફળો તણા મધુ–
ગર્ભો ઉડાવી મલકી રહેત હું.

કદાચ હું બંદર હોત કૂદતો,
વનો પછી દીર્ઘ વનો વટી જતો!

નદી સરે નિર્મલ વારિ પીતો,
સ્થળે સ્થળે કૈંક તુફાન-ચાળો
કર્યા વિના હું ન પસાર થાત તો !


– સ્વાધ્યાય –

૧. આ કાવ્ય લખવામાં વાનરનું કયું મુખ્ય લક્ષણ લેખકના મન સમક્ષ છે ?

૨. વાનરોના તોફાની કે ટીખળી સ્વભાવની કોઈ વાતો તમે વાંચી છે ? તો તેવી એકાદ વાતનો સારાંશ આપો.

૩. મનુષ્ય સિવાય બીજું કોઈ પણ જીવન પસંદ કરવાનું તમને કહેવામાં આવે તો તમે શું થવું પસંદ કરો ?

૪. અમ્ભોધિ જલધિ જેવા જેને અન્તે 'ધિ' આવતો હોય એવા બને તેટલા શબ્દો બનાવો.



૧૫

ભરતભેટ



['વિએનાનો સાધુ'ના લેખક શ્રી. ચંદ્રશંકર શુકલનો પરિચય તો તમને છે જ. તેમના 'સીતાહરણ'માંથી ભરતભેટનો પ્રસંગ અહીં ઉતાર્યો છે. 'સીતાહરણ' તમે હજુ સુધી ન વાંચ્યું હોય તો હવે તો તમારે તે વાંચી જ લેવું જોઈએ. તેની સરળ સુન્દર ભાષા અને રસિક વિગતો તમને અવશ્ય આનંદ આપશે. 'ભરતભેટ'નો પૂર્વાપાર સંબંધ સીતાહરણ વાંચી તમે જોડી લેશો એ અપેક્ષાએ અહીં નથી આપ્યો.]

*   *   *

તળેટીમાં છાવણી નાખી પડેલી સેનામાંના હાથીઘોડાને જોઈ ને તેમજ હથિયારોના ખડખડાટથી અને માણસોના શોરબકોરથી ભયભીત થઇને તે ભાગનાં હરણ વગેરે પ્રાણીઓ પર્વત ઉપર નાસવા લાગ્યાં. રામ, સીતા અને લક્ષ્મણ આ વખતે પર્ણકુટિના આંગણમાં લક્ષ્મણે આણેલાં ફળ ખાવા બેઠાં હતાં. હરણોને નાસતાં જોઈ રામે લક્ષ્મણને કહ્યું, "કોઈ દિવસ નહિ અને આજે આ હરણ આમ કેમ દોડે છે? જો;

એમની આંખમાં ભયનું ચિહ્ન જણાય છે અને વારે વારે એ પાછળ નજર નાખ્યા કરે છે. જો તો ખરો, પાછળથી કોણ આવે છે? આ તપોવનની શાન્તિનો ભંગ કરી પાપમાં પડવાનું ક્યા હતભાગી શિકારીને સૂઝ્યું હશે?" પોતાનાં વહાલાં મૃગલાંને પ્રાણ બચાવવા ફાળ ભરીને દોડતાં જોઈ સીતાનું મન પણ ઘણું દુભાયું.

લક્ષ્મણે ઝાડ પર ચડી દૂર નજર નાખી અને બોલ્યો: "આ તો કોઈ રાજાનું મોટું લશ્કર આવીને તળેટીમાં પડ્યું છે! પણ અરે, આ રઘુકુળનો કોવિદારધ્વજ ફરકતો જણાય છે! પેલો, મહારાજ દશરથ સવારી કરતા તે વૃદ્ધ શત્રુંજય હાથી ડોલે! ઓ તેના સાદ સંભળાય! આ તે ભરત સેના લઈ અહીંયાં આવ્યો છે કે શું? જોયો એ દુષ્ટ? આપણને અયોધ્યામાંથી કાઢી વનમાં મોકલ્યાં. એથી યે સંતોષ ન પામતાં અહીં વનમાં પણ આપણી કેડે પડી આપણો કાંટો કાઢી નાખવા ઇચ્છે છે! આવવા દો, એને ચખાડી દઉં આજે મારા બાહુબળનો સ્વાદ અને કરી નાખું ચિત્રકુટમાં જ ભોંયભેગો. આર્ય, તમે પણ ધનુષબાણ તૈયાર કરીને ઊભા રહો. એ દુષ્ટ કયે વખતે અને કયી રીતે આવશે એનો ભરોસો નહિ. આપણે હવે આઠે પહોર ચેતતા રહેવું પડશે."

રામે કહ્યું: "લક્ષ્મણ, ઉતાવળો થા મા. ભરતનો સ્વભાવ હું જાણું છું. એ તું માને છે એવો લોભી અને ક્રૂર નથી. એ તો ધર્મને અનુસરનારો અને ધર્મને માટે પ્રાણ આપનારો પુરુષ છે. એ કંઈ આપણને મારવા નહિ આવતો હોય; આપણને મળી રાજ્યની કંઈ ગૂંચ ઊકેલવાની ઇચ્છાથી એ આવ્યો હશે. ભલું હશે તો એણે અધર્મથી મળતું રાજ્યાસન સ્વીકારવાની જ ના પાડી હશે અને મા સાથે લડીને અહીંયાં આવતો હશે. ભરતને તું કે હું મારીએ અને એ લોહિયાળા હાથે હું અયોધ્યા પર રાજ્ય કરી રઘુકુળને કલંક લગાડું એમ તું માને છે? હું રાજ્ય કરીશ તો તે ભાઈઓને અળગા રાખીને કે તેમને દાસ રાખીને નહિ કરું. મારા રાજ્યમાં મારા જેટલો જ અધિકાર મારા ભાઈ-ઓને રહેશે. ભરતના મરણનો વિચાર જ મને કંપાવી મૂકે છે. તું જરા

ધીરજ રાખ. એને અહીં આવવા તો દે. ઉતાવળું અવિચારી પગલું શા કામનું? अविवेकः परमापदां पदम् એ તો તું સારી રીતે જાણે છે."

લક્ષ્મણ પોતાના ઉતાવળાપણા માટે જરા લજવાયો. એટલામાં ભરત, શત્રુઘ્ન અને સુમન્ત્ર આશ્રમની ખોળમાં નીકળેલા તે ઝાડે બાંધી રાખેલા દર્ભના બંધનું એંધાણ જોતાંજોતાં આવતા હતા તે ધુમાડો જોઈને તે તરફ વળ્યા અને રામની પર્ણકુટિ પાસે આવી પહોંચ્યા.

રામે મૃગચર્મ અને વલ્કલ ઓઢેલાં હતાં; જટા બાંધેલી હતી; છતાં ભરતે દૂરથી જ રામને ઓળખ્યા. એકદમ તે દોડ્યો અને રામના પગમાં માથું મૂક્યું. આંખના આંસુથી રામના ચરણ ધોયા. કહેવા લાગ્યો:



"અરે! જેની આસપાસ અમાત્યો બેસવા જોઈએ તેની આસપાસ આજે મૃગલાં વીંટળાય છે! ચંદનલેપને યોગ્ય એવા શરીર પર આ જટાભાર શો? એ બધું દુઃખ તમને મારે લીધે પડ્યું! ધિક્કાર છે મને

અધમને !" આટલું બોલતાં એનો કંઠ આંસુથી રૂંધાઈ ગયો. 'આર્ય' એટલું જ વચન મોંમાંથી નીકળી શક્યું.

રામે ભરતને ઉઠાડ્યો અને બાથમાં લીધો : "ભરત, આ શું ? તારે માથે આ જટા શાની ? તું કેટલો સુકાઈ ગયો છે ! ઓળખાતો પણ નથી ! આટલો શોક શા માટે કરે છે ? અયોધ્યામાં પિતા, માતા, પ્રજા–સૌ કુશળ તો છે ને ! રાજ્ય તો ઠીક ચાલે છે ને ?"

ભરતે કહ્યું : "કહેતા મારી જીભ ઊપડતી નથી. તમારા ગયા પછી વિયોગદુ:ખે વિલાપ કરતાં કરતાં પિતાશ્રીએ દેહ છોડ્યો. અરે, હું આખા કુળને નડ્યો. એ પાતકનું શું પ્રાયશ્ચિત્ત કરું ?"

રામે ભરતને પંપાળ્યો. લક્ષ્મણે ભરતને પ્રણામ કર્યા. સૌ મળીને શોક કરતાં કરતાં મંદાકિનીમાં સ્નાન કરવા ગયાં; રામે નદીમાં પિતાનું તર્પણ કર્યું અને પાછા સૌ પર્ણકુટિમાં આવ્યાં.

વનવાસીને યોગ્ય એવા ફળાહાર થયા પછી ભરતે વાત ઉપાડી. એણે કૈકયીના કૃત્ય માટે રામની ક્ષમા માગી, રાજ્યગાદી ન લેવાની પોતાની દૃઢ પ્રતિજ્ઞા કહી બતાવી; ને છેવટે કહ્યું: "આર્ય, તમે મારી સાથે ચાલો અને રાજ્યાસન પર બેસો. અયોધ્યાની પ્રજા તમારા વિયોગે ઝૂરે છે; કૌસલ્યા અને સુમિત્રામાતા તમારા વિયોગે જળ વિના જેમ માછલું તરફડે એમ તરફડે છે. મંત્રીઓ મોટી મૂંઝવણમાં પડ્યા છે. એ બધાંના સામું જોઇ તમે પાછા ચાલો. કોસલ દેશની ગાદી તમારી જ છે. મારે એ ગાદી શિવનિર્માલ્ય બરાબર છે."

રામે જવાબ આપ્યો : "ભરત, મારી પાસે એક જ વાત છે; અને તે પિતાજીની આજ્ઞા. મેરુ ચળે, અગ્નિ ઉષ્ણતા છોડે કે પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઊગે; છતાં હું પિતાજીની આજ્ઞાના પાલનમાંથી ચળવાનો નથી. રામ એકવચની છે, તે તો તું જાણે છે. હવે તો ચૌદ વર્ષ વનવાસ ભોગવ્યા સિવાય મારાથી અયોધ્યામાં પ્રવેશ થઇ જ ન શકે. પિતાની આજ્ઞા પાળવી એ તારો પણ ધર્મ છે. પિતાએ તને ગાદી સોંપી છે પછી તું શાને તે છોડીને નીકળ્યો છે ? તું રાજ્ય નહિ કરે તો કોસલમાં

અરાજકતા અને અંધાધૂંધી ફેલાશે એનું પાપ કોને લાગશે તેનો વિચાર કરી જો, અને અયોધ્યા પાછો જઈ ગાદી પર બેસ. પ્રજાને, માતાને, સર્વને સમજાવજે કે સત્ય એ જ ધર્મ છે. આખું વિશ્વ એ સત્યને આધારે નભે છે. સત્યને સારુ મરી ફીટવું પણ સત્ય ન છોડવું એ માણસનો પરમ ધર્મ છે, અને એમાં જ શ્રેયની સિદ્ધિ છે; માટે તમે મારે માટેનો મિથ્યા મોહ છોડી તમારાં કર્તવ્ય હોય તે કર્યા જજો."

ભરતનો નિશ્ચય પણ અડગ હતો. તેણે રામની સાથે ઘણી જીદ કરી કહ્યું: "વસિષ્ઠ આપણા ગુરુ છે. તે પિતાજીના પણ ગુરુ હતા. તેમની આજ્ઞા પાળવી જોઈએ. તેમણે અયોધ્યા આવવાની આજ્ઞા કરી છે. એને તો તમે માથે ચડાવશો જ ને?"

ભરતના બોલ બધા પાણીમાં ગયા. પવનના અનેક ભારે સપાટા આગળ જેમ પર્વત અચળ રહે તેમ રામ અચળ રહ્યા. કમળપત્ર પર ગમે તેટલું પાણી પડે છતાં જેમ કમળપત્ર અલિપ્ત જ રહે તેમ ભરતનાં આજીજીનાં વચનો રામનાં હૃદયને અટક્યા વિના એક કાને પેસીને બીજે કાનેથી નીકળી ગયાં. તપોવનના ઋષિઓ રામને મળવા આવ્યા હતા, તે બન્ને ભાઈઓનો એકબીજા પરનો પ્રેમ, બન્નેની સત્યપ્રિયતા અને અચળ દૃઢતા જોઈને દંગ થઈ ગયા. ભરતે જોયું કે રામ કોઈપણ રીતે વાળ્યા વળતા નથી; એટલે તેણે નિરાશ થઈને કહ્યું: "ત્યારે હવે જ્યાં સુધી રામ અયોધ્યા આવવાની હા ન પાડે, ત્યાં સુધી આ પર્ણકુટિમાં દર્ભાસન પર અન્નજળ કંઈ જ લીધા વિના બેસી રહીશ, અને દેહ પાડીશ."

ભરતની આ પ્રતિજ્ઞા સાંભળી રામને દુઃખ થયું. તેમણે કહ્યું: "ભરત, આમ બળાત્કાર કરીને મને સત્યને રસ્તેથી ચળવવા માગે છે શું? તને ધર્માત્માને એ શોભે પણ ખરું? ઊઠ, બેઠો થઈ જા, અને આગ્રહ છોડી દે." ભરતે ઋષિઓ તરફ જોઈ કહ્યું: "તમે રામને કેમ કંઈ કહેતા નથી?" ઋષિઓએ જવાબ દીધો: "રામ સત્યનું પાલન કરે છે એમાં અમે એમને શું કહીએ? તમે જ પાછા જઈને પિતાની આજ્ઞા પ્રમાણે રાજ્ય કરો અને પિતાનું ઋણ ફેડો તો શું ખોટું?"

ઋષિનાં વચનો કંઈક ભરતને ગળે ઊતર્યાં. આખરે ઊંડો નિસાસો નાખીને તેણે કહ્યું : "છતાં પણ હું અયોધ્યામાં તો નથી જ રહેવાનો કે ગાદીએ પણ નથી બેસવાનો. આર્ય, તમારી પાદુકા મને આપો. હું નગર બહાર રહીશ. એ પાદુકા જ રાજ્યાસન પર બિરાજશે અને એની આણ વર્તશે. તમે વનમાંથી આવશો ત્યારે તમારી સાથે જ હું અયોધ્યામાં પગ મૂકીશ. બરાબર ચૌદ વર્ષ હું તમારી રાહ જોઈશ. ચૌદ વર્ષથી એક દહાડો પણ વધારે થયો તો હું ચિતા ખડકીને બળી મૂઓ જાણજો."

ભરત રામ પાસેથી પાદુકા લઈ, માથે મૂકી, પર્વત ઊતરવા લાગ્યો. ભરતે લક્ષ્મણને અયોધ્યા આવવા ઘણો આગ્રહ કર્યો છતાં લક્ષ્મણે તો રામની સાથે જ રહી તેમની સેવા કરવાની જ ઇચ્છા દર્શાવી. રામ અને લક્ષ્મણ બન્ને સેનાની છાવણી સુધી ગયા. સેનાને જોઈ અને સૈનિકોને મળ્યા. છેવટે વિદાય લેવાનો વખત આવ્યો. ચારે ભાઈઓની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં. રામે, ભરત અને સુમન્ત્રને સૌ માતાઓની ભાળ રાખવાનું અને પ્રજાનું મન સાચવવાનું યાદ દેવડાવ્યું. ભરતે રામને પ્રણામ કર્યા, લક્ષ્મણને આશીર્વાદ દીધો અને ભાઈઓ છૂટા પડ્યા.

રામની પાદુકા શત્રુંજય હાથી પર અંબાડીમાં મૂકવામાં આવી હતી. સૈન્ય આવ્યું તે જ રસ્તે પાછું ફર્યું, અને થોડે દિવસે અયોધ્યા આવી પહોંચ્યું. સેનાને અયોધ્યા મોકલી ભરત નંદિગ્રામમાં જ રહ્યો. રામની પાદુકાનો નંદિગ્રામમાં અભિષેક થયો. ત્યાર પછી પ્રધાનો કોસલનું રાજ્ય ચલાવવા લાગ્યા. દરેક અગત્યની બાબતમાં તેઓ ભરતની સલાહ લેતા. ભરત પહેલાં પોતાનો વિચાર પાદુકા આગળ જણાવતો અને પછી તે પ્રમાણે હુકમ આપતો.

– સ્વાધ્યાય –

૧. વનવાસ ભોગવતા રામને ભરત કઈ ભાવનાથી મળે છે?


૨. ભરતને પર્ણકુટિ તરફ આવતો જોતાં અધીરા લક્ષ્મણ ને રામ ભરત વિશે શી વાતો કરે છે તે તમારા શબ્દોમાં જણાવો.

૩. ભરત રામને અયોધ્યા લઈ જવા માટે ખૂબ દબાણ કરે છે. ભરત એમ કરતાં રામ સમક્ષ કઈ કઈ સબળ વિગતો રજૂ કરે છે?

૪. સ્થિર, વીર અને ગંભીર રામચંદ્ર અયોધ્યા પાછા ફરવાની ના પાડતાં ભરત આગળ કેવી દલીલો મૂકે છે તે ટૂંકમાં તમારા શબ્દોમાં કહો.

૫. ભરત અને રામની પર્ણકુટિમાં થયેલી ભેટ અને તે વેળા બંને વચ્ચે થયેલો વર્તાલાપ જોતાં તમને ભ્રાતૃભાવ વિશે આવતાં વિચારો ટૂંકમાં લખો.

૬. રામની જોડે લક્ષ્મણ વનવાસ વેઠે છે અને ભરત પોતાને લાધેલા રાજ્યને ન સ્વીકારી રામના સેવક તરીકે જ રાજ્યવહીવટ ચલાવે છે એ તમે જોયું. આવો ભ્રાતૃપ્રેમ વ્યકત કરતી કોઈ વાર્તા કે પ્રસંગની તમને જાણ હોય તો તેનો ટૂંક હેવાલ આપો.



૧૬

ઘડપણ

[નરસિંહ મહેતાની આપણા અતિ પ્રાચીન કવિમાં ગણના થાય છે. 'પ્રભાતિયાં તો નરસિંહ મહેતાનાં જ' એવું આપણે ત્યાં વર્ષોથી કહેવાતું આવ્યું છે. 'જાગ રે જાદવા' અને 'જળકમળ છાંડી જાને' 'વૈષ્ણવ જન' વગેરે કાવ્યો એટલાં તો પ્રસિદ્ધ છે કે આપણા ગૂજરાતમાંથી ભાગ્યે જ કોઈ એવું નીકળે જેણે એ કાવ્યો સાંભળ્યાં ન હોય. નરસિંહ મહેતાની જીવનકથા પણ ઘણી રસિક છે. 'ઘડપણ' કાવ્ય નરસિંહ મહેતાનાં બધાં કાવ્યોમાં ખાસ જુદું પડી આવે છે. આપણા બધા જૂના કવિઓ ખાસ ભક્તિનાં કે પોતપોતાના સંપ્રદાયોનાં ગીત લખતા; પણ 'ઘડપણ' કોઈ સંપ્રદાયનું ગીત નથી એ દૃષ્ટિએ, એ કવિતા, જૂની કવિતાઓમાં જુદી જ ભાત પાડે છે.]

* * *

ઘડપણ કેણે મોકલ્યું, જાણ્યું, જોબન રહે સૌ કાળ!

ઊમરા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ;
ગોળી તો ગંગા થઈ રે, અંગે ઊજળા થયા છે કેશ!
ઘડપણ કેણે મોકલ્યું.

નહોતું જોઈતું ને શીદ આવિયું રે, નહોતી જોઈ તારી વાટ;
ઘરમાંથી હળવા થયા રે, એની ખૂણે ઢળાવો ખાટ—
ઘડપણ કેણે મોકલ્યું.

નાનપણે ભાવે લાડવા રે, ઘડપણે ભાવે શેવ;
રોજ ને રોજ જોઈએ રાબડી રે, એવી બળી રે ઘડપણની ટેવ–
ઘડપણ કેણે મોકલ્યું.

પ્રાતઃકાળે પ્રાણ માહરા રે, અન્ન વિના અકળાય;
ઘરના કહે મરતો નથી રે, તને બેસી રહેતાં શું થાય?
ઘડપણ કેણે મોકલ્યું.

દીકરા તો જૂજવા થયા રે, વહુઓ દે છે ગાળ;
દીકરીઓને જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના શા રે હાલ!
ઘડપણ કેણે મોકલ્યું.

નવ નાડો જૂજવી પડીને, આવી પહોંચ્યો કાળ;
બૈરાં છોકરાં ફટફટ કરે રે, નાનાં બાળક દે છે ગાળ!
ઘડપણ કેણે મોકલ્યું.

અંતકાળે વળી આવિયા રે, દીકરા પધાર્યા દ્વાર,
પાંસળીએથી વાંસળી રે, પછી છોડીને આપી બા'ર–
ઘડપણ કેણે મોકલ્યું.

એવું સાંભળી પ્રભુ ભજો રે, સંભારજો જગનાથ;
પરઉપકાર કીધે પામશો રે, ગુણ ગાય નરસૈંયો દાસ!
ઘડપણ કેણે મોકલ્યું.

– સ્વાધ્યાય –

૧. નરસિંહ મેહતાએ ઘડપણનાં જે દુઃખો જણાવ્યાં છે તેનું તમારા શબ્દોમાં વર્ણન કરો. એ દુઃખો તમને સાચાં લાગે છે? એ દુઃખમાંથી ઊગરવાનો કોઈ ઉપાય છે? હોય તો કયો?

૨. 'ઊમરા તો ડુંગર થયા રે, પાદર થયાં પરદેશ!' આ પંક્તિનો અર્થ સમજાવો. એવી જ રીતે 'ડુંગર બન્યા ટેકરા ને સાગર બન્યા તળાવ' એમ કોઈ કહે તો તેથી શું સમજવું? વિમાનમાં ઊડનારો માણસ એમ કહી શકે ખરો?

૩. આ કવિતામાં વપરાએલા પ્રાસોનાં જોડકાં કરો અને કયો પ્રાસ બરોબર નથી મળ્યો તે જણાવો.

૪. તમે તમારો 'સુભાષિત-મધપૂડો' બનાવવા માંડ્યો છે? હજુ તેની શરૂઆત ન કરી હોય તો તે શરૂ કરી દો અને તેમાં નરસિંહ મહેતાનાં સારામાં સારાં ગણાતાં પ્રભાતિયાંઓનો સંગ્રહ કરો.

૫. તમે કોઈકને 'ચર્પટ પંજરિકા' નામનું સંસ્કૃત કાવ્ય બોલતાં સાંભળ્યા છે? તેમાં વૃદ્ધાવસ્થાનું સુન્દર વર્ણન આવે છે. તમે સંસ્કૃત નથી જાણતાં તેમ છતાં એ કવિતાનો કેટલોક ભાગ તો જરૂર સમજી શકશો. દાખલા તરીકે અંગ શિથિલ બન્યાં છે, માથે પળિયાં આવ્યાં છે, હાથમાં લાકડી લઈ હીંડવું પડે છે, મોઢું બોખું થઈ ગયું છે–છતાં વાસના જતી નથી એવા અર્થનું વર્ણન જે પંક્તિઓમાં છે તેમાં બીજા કંઈ ને ખાતર નહિ તો તેમાં આવતાં અનુસ્વરોના સંગીતને લીધે પણ તમને ખૂબ મઝા પડશે. આ રહી તે પંક્તિઓ—

अंगं गलितं पलितं मुण्डं दशनविहीनं जातं तुण्डम्
करधृतकम्पितशोभितदण्डं तदपि न मुञ्चत्याशापिण्डम् ।



૧૭

કાવ્યપરિશીલન

શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠકનો પરિચય તમે સાહિત્યપાઠાવલીના પહેલા ભાગમાં કરી ગયાં છો. 'ગામતરું' નામના એક ચિત્રનો તેમણે તમને પરિચય કરાવ્યો હતો. આ પાઠમાં ચિત્રનો નહિ પણ કેટલાંક કાવ્યનો તમને તે પરિચય કરાવે છે. કવિતા કેમ વાંચવી, કેમ સમજવી એ તમને આ પાઠ વાંચતાં સમજાવા માંડશે; અને આ પાઠમાંથી નવી દૃષ્ટિ મેળવી, તમારે શીખવાની બીજી કવિતાઓ માટે તમારું પોતાનું "કાવ્યપરિશીલન" લખવા તમે પ્રેરાશો.]

* * *

મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાંગ્યું કવેણ,
ઘોડો ભાંગ્યો ઠેકતા, એને સાંધો ન ક રેણ.

* * *

ખૂંદી તો ધરતી ખમે, વાઢી ખમે વનરાઈ,
વેણકવેણ તો સંત ખમે, જ્યમ સાયરાં નીર સમાઈ,

આ બન્ને જૂના લોકસાહિત્યના દુહા છે. જે સાહિત્ય કોઈ પુસ્તકમાં લખાયું નથી, પણ લોકોમાં પરંપરાથી બોલાતું આવ્યાથી સચવાઇ રહ્યું છે તેને લોકસાહિત્ય કહે છે; જોકે હવે તો આ સાહિત્ય છપાવા માંડ્યું છે. આવા સાહિત્યના લેખકો ઘણેભાગે અજ્ઞાત હોય છે.

ઉપરની રચનાનો છંદ દુહો છે—પણ જૂના કાળના કવિઓ દુહામાં ઘણી છૂટ લેતા તેવી છૂટ આમાં લેવાઈ છે.

આમાંનો દરેક દુહો એક સ્વતંત્ર કાવ્ય છે. એક જ કડી કે શ્લોકમાં આખું કાવ્ય થઈ ગયું હોય તેને મુક્તક કહે છે. મુક્તક એટલે મોતી. મોતીનો એક જ દાણો જેમ સુંદર છે, કીમતી છે, અને એ એકલો પણ સ્વતંત્ર ઘરેણા તરીકે વાપરી શકાય છે, તેમ જે એક જ કડીનું સ્વતંત્ર કાવ્ય હોય, સુંદર હોય, અને એકલું જ બોલી શકાય તેવું હોય તેને મુક્તક કહે છે. હાલ કેટલાક ટીકાકારો બેચાર કડીના ટૂંકા કાવ્યને મુક્તક કહે છે, પણ મુક્તકનો અસલ અર્થ, ઉપર કહ્યો તેમ, એક જ કડી કે શ્લોકનું કાવ્ય. હિંદુસ્તાનના સાહિત્યની એ ખૂબી છે, કે તેમાં જૂના સમયથી આવાં પુષ્કળ મુકતકો લખાતાં આવ્યાં છે. સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં પણ આવાં પુષ્ળક મુકતકો છે. ઘણાં મુકતકોમાં જીવનના સારરૂપ જ્ઞાન કે ડહાપણ ઘણા જ થોડા શબ્દોમાં ઘણી સુંદર રીતે કહેલું હોય છે. ઉપરના બે દુહા એવા સુભાષિતના દાખલા છે.

જૂના વખતમાં વાતચીત કરતાં પ્રસંગ પડ્યે આવું એકાદ સુભાષિત લાગુ પાડીને બોલવું એ વ્યવહારમાં ડહાપણ ગણાતું. અત્યારે આપણે એમ કરતાં નથી; અત્યારે એ કદાચ ટાયલું ગણાય; પણ બોલીએ કે ન બોલીએ એ જુદો સવાલ છે. આ ઘણાંખરાં સુભાષિતો કાવ્ય તરીકે ઘણાં સુંદર છે, તેમાં થોડામાં ઘણો અર્થ રહેલો હોય છે, અને તેની કહેવાની રીતમાં ચમત્કાર હોય છે. એટલે અત્યારે પણ તે સમજવા જેવાં છે.

આપણે પ્રથમ પહેલો દુહો લઇએ. તેનો અર્થ તો સહેલો છે. દુનિયામાં સાધારણ રીતે કોઈ ચીજ ભાંગે કે ફાટે તો તેને સાંધીએ કે રેણીએ એટલે પાછી તે ચીજ કામ આવે છે. લૂગડું ફાટ્યું હોય તો તેને સાંધી શકાય છે; વાસણ ફૂટ્યું હોય તો તેને રેણ દઇને ચલાવી શકાય છે; પણ કવિ કહે છે કે ત્રણ ચીજને ભાંગ્યા પછી રેણ કે સાંધો કરી શકાતો નથી. મોતી જો વીંધતાંવીંધતાં તૂટી જાય તો પછી સંધાતું નથી, તેમ જ ઘોડો જો ખેડતાં એટલે ફેરવતાંફેરવતાં ભાંગી

જાય તો તે સાજો થઈ શકતો નથી. ઘોડો, ઊંટ વગેરે કેટલાંક પ્રાણી-ઓનાં હાડકાં એકવાર ભાંગે તો પછી સંધાતાં નથી: એ પ્રાણીઓ પછી પલ્યાંપલ્યાં મરી જ જાય છે. તેવી જ રીતે માણસનું મન કવેણથી એટલે માઠું લાગે તેવા વચનથી ભાંગી જાય છે તો પછી તેને સાંધો કે રેણ દઈ શકાતું નથી. કવિએ જે ત્રણ ચીજો બતાવી તેમાં બે ચીજો—મોતી અને ઘોડો—એ તો દાખલા છે. તેને સાચું તો આપણને એ કહેવાનું છે કે માણસે કોઈને કવચનથી માઠું લગાડવું નહિ. કારણ કે કવચનથી સામા માણસને આપણા તરફ ગમે તેવો પ્રેમ હોય તો પણ એકવાર માઠું લાગી જાય તો પછી આપણા તરફ તેને ફરી પહેલાં જેવો ભાવ કદી થઈ શકતો નથી. મન તો મોતી કરતાં વધારે સુંદર અને કીમતી છે, ઘોડા કરતાં વધારે વેગવાળું અને કામ આપનાર છે, અને એ પણ મોતી અને ઘોડા પેઠે એકવાર ભાંગે તો પછી ફરીવાર સાજું થઈ શકતું નથી.

'સાંધો ન કે રેણ' એ જૂની ભાષા છે. આપણે અત્યારે તેને બદલે 'સાંધો નહિ કે રેણ' એમ કહીએ. તેમાંનો નકાર તેની આગળ આવતા 'સાંધો' શબ્દને તેમ જ તેની પાછળ આવતા 'રેણ' શબ્દને, બન્નેને લાગુ પડે છે. આવા શબ્દને સંસ્કૃતમાં 'દેહલીદીપક' કહે છે. દેહલી એટલે ઊંબરો. બે ઓરડાની વચ્ચેના ઊંબરા ઉપર મૂકેલો દીવો જેમ બન્ને ઓરડામાં પ્રકાશ પાડે છે, તેમ આ દેહલીદીપક શબ્દ પોતાની આગળના અને પાછળના બન્ને શબ્દો સાથે અન્વય પામે છે. આપણે એ જ ચરણ 'નહિ સાંધો, નહિ રેણ' એમ પણ કહી શકીએ. પણ બે નકારને બદલે કવિ એક જ નકારથી કામ લે છે, અને તેથી કાવ્યમાં શબ્દોની કરકસરથી એક જાતની ખૂબી આવે છે.

બીજા દુહાની ભાષા વધારે જૂની છે. વનરાઈ એટલે ઝાડોની હાર, સાયરાં એટલે સાગરમાં. આ દુહાની રચનામાં છૂટ પણ વધારે લીધી છે.

આ દુહામાં પણ કવચન વિશે જ કહેલું છે. પણ તે સાથે કંઈક જુદું જ કહેલ છે. દુનિયામાં સૌથી વધારે ક્ષમાશીલ ધરતી ગણાય છે.

માણસો તેને ગમે તેટલી ખૂંદે, હળે, ખોદે, તોપણ તે ખમી રહે છે. એવી જ રીતે કાપકૂપ ઝાડવાં જ સહન કરી શકે છે. કોઈ પ્રાણી ઝાડવાં જેટલી વાઢકાપ સહન કરી શકે નહિ. પણ કવિ કહે છે કે સંતપુરુષો એ બન્ને કરતાં પણ કંઈક વિશેષ ખરાબ વસ્તુ સહન કરી લે છે. તે શું છે? કવચન. ખૂંદાવા અને કપાવાથી પણ કવચન વધારે અસહ્ય લાગે છે. પણ સંતપુરુષો તે સહન કરી લે છે! અને તે પણ કેવી રીતે? જરા પણ બહાર કોઇને જણાય નહિ એવી રીતે! જેમ સાયર એટલે સાગરમાં નીર સમાઈ જાય છે તેવી રીતે. ચોમાસામાં વરસાદ આવતાં નાના વહેળા–ખાબોચિયાં છલકાઈ જાય છે, નદીઓ ઊભરાઇને રેલે છે, પણ એ બધાં પાણી એક જ સાગરમાં જઈને છેવટે શમી જાય છે. એ બધાં પાણી પોતામાં ભળતાં છતાં, સાગર પોતાની મર્યાદા છોડતો નથી. તેમ ખરા સંતપુરુષો બીજાનાં કવેણો સાંભળવા છતાં જરા પણ ઉશ્કેરાતા નથી—પોતાની શાન્તિ ખોતા નથી!

નીચે થોડાં વચન વિશેનાં જ સુભાષિતો આપેલાં છે:

કોયલડી ને કાગ, વાને વરતાએ નહિ;
જીભલડીમાં જવાબ, સાચું સોરઠિયો ભણે.

*   *   *

જેને બોલે બંધ નહિ, મરમ નહિ મનમાંહીં;
તેનો સંગ ન કીજિયે, છોડી જાય વનમાંહીં.

*   *   *

દળ ફરે વાદળ ફરે, ફરે નદીનાં પૂર;
શૂરા બોલ્યા ના ફરે, પશ્ચિમ ઊગે સૂર.

'વાન' એટલે વર્ણ–રંગ. કૉયલ અને કાગડો એમાં કૉયલની જાત ઊંચી છે, કાગડાની જાત નીચી છે. પણ બન્નેની જાત તેના વાનથી ઓળખાતી નથી. વાન બન્નેનો એક છે. બન્નેની જાતનો જવાબ તેમના અવાજમાં મળી આવે છે. એટલે માણસની જાતકજાત તેના બોલવા ઉપરથી પરખાય છે–બહારના વર્ણ એટલે રંગ ઉપરથી નહિ.

આ સોરઠાનો લેખક પોતાને સોરઠિયો કહે છે. એના બધા દુહામાં છેવટે આ જ 'સાચું સોરઠિયો ભણે' એ ચરણ આવે છે.

બીજા દુહામાં 'બંધ'નો અર્થ મર્યાદા થાય છે. જે માણસ બોલવામાં સાચું છે કે જૂઠું છે, સારું છે કે નરસું છે, એવો વિવેક નથી રાખતો અને 'મરમ નહિ મનમાંય' એટલે જે વાતનું રહસ્ય નથી સમજતો તેનો કદી સંગ કરવો નહિ.

'દળ' એટલે લશ્કર. મોટાંમોટાં લશ્કરો પણ લડવા ગયાં હોય ત્યાંથી પાછાં ફરે છે, મોટી નદીઓનાં પૂર પણ પોતાનું વહેણ ફેરવી નાખે છે, પણ શૂરાઓ પોતાના વચનમાંથી ફરતા નથી—પછી ભલે પશ્ચિમમાં સૂર્ય ઊગે, એટલે કે ગમે તેવો અશક્ય કે અસંભવિત બનાવ બની જાય! સૂર્ય હમેશાં પૂર્વમાં ઊગે છે, તે પશ્ચિમમાં ઊગે એ અસંભવિત બનાવ છે, પણ તે બને એમ બને, કુદરતના નિયમો ફેરવાઈ જાય, દુનિયા ઊંધીચત્તી થઈ જાય, તોપણ ખરેખરા શૂરા માણસો બોલ્યું અબોલ્યું કરતા નથી!

આમાં પહેલું મુક્ત સોરઠો અથવા સોરઠી દુહો છે. દુહાના પહેલા અને બીજા ચરણની અને એની જ રીતે ત્રીજા અને ચોથા ચરણની અદલાબદલી કરવાથી સોરઠો બને છે. આ જ સોરઠાને

વાને વરતાએ નહિ કોયલડી ને કાગ,

એમ કરીએ એટલે સાધારણ દુહો બને. એમ થવાથી દેખીતું છે કે દુહામાં જે બેકી ચરણને અંતે પ્રાસ મળે છે તે સોરઠમાં એકી ચરણને અંતે મળે. 'કાગ' અને 'જવાબ' એ સારા પ્રાસો ગણાય નહિ. એકમાં 'ગ' છે ને બીજામાં 'બ' છે. બન્નેમાં એક જ અક્ષર હોત તો સારો પ્રાસ થાત. પણ કવિઓ ઘણીવાર છૂટ લે છે.

– સ્વાધ્યાય –

૧. મુક્તક કોને કહે છે? તમારા પાઠમાં આપેલાં મુક્તકો સિવાય બીજા મુક્તકો તમે જોયાં હોય તો એવું એક મુક્તક લખો અને તેનો અર્થ સ્પષ્ટ કરો.

નીચેનાની સમજૂતી આપો :

(અ) મન ભાંગ્યું કવેણ.

(બ) વેણ કવેણ તો સંત ખમે, જયમ સાયરાં નીર સમાઈ.

(ક) જેને બોલે બંધ નહિ.

(ડ) વાને વરતાએ નહિ.

૩. 'સાંધો ન ક રેણ' નો અર્થ સમજાવો. એમાં રહેલા નકારને 'દેહલીદીપક' શા માટે કહે છે ?

૪. પહેલા દૂહાના જેવા ભાવો રજૂ કરતી બીજી કોઈ કડીઓ તમે બીજે વાંચી હોય તો તેવી બે કડીઓ લખો ને તેનો અર્થ સમજાવો. નીચેની કડીઓ માંહેના ભાવો તપાસો.

તૂટેલા તાર વીણાના ફરી સંધાય નવ પાછા.

*   *   *

ભાંગ્યાં હૈયાં કદી નથી થતાં કોઈ કાળે રસીલાં.

૫. સાગરને માટે કયો શબ્દ બીજા દુહામાં વાપરવામાં આવ્યો છે ? એને માટે બીજા કયા કયા શબ્દો સાહિત્યમાં વપરાય છે ?

૬. તમારા પાઠમાં આપેલાં સુભાષિતોમાં કોનો સંગ કરવાની મના કરવામાં આવી છે અને તે શા માટે ?

૭. "પશ્ચિમ ઊગે સૂર" આ શબ્દપ્રયોગની સત્યતા સાબિત કરો. સૂર્ય પશ્ચિમમાં ઊગ્યો કદી સાંભળ્યો છે ? તો પછી આ શબ્દપ્રયોગની પાછળ શું રહસ્ય છુપાયું છે તે જણાવો.

૮. સંતપુરુષના હૃદયની સરખામણી સાગર જોડે કેમ કરવામાં આવી છે ? એના સમર્થનમાં તમે શું કહો છો ?

૧૮

"મારે રાણા નથી થવું!"

["મારે રાણા નથી થવું!" એ શ્રી ચુનિલાલ મૂળજીભાઈના 'મેવાડ-પતન' નાટકમાંનો એક રસિક ભાગ છે. એ નાટક મૂળ શ્રી દ્વિજેન્દ્રલાલ રૉય નામના એક પ્રખ્યાત બંગાલી વિદ્વાને બંગાલીમાં લખ્યું હતું. શ્રી દ્વિજેન્દ્રલાલ રૉયે અનેક સુન્દર નાટકો લખ્યાં છે, અને હિન્દની ઘણી ભાષામાં તેનાં ભાષાન્તર થયાં છે. ગૂજરાતીમાં 'મેવાડપતન' ઉપરાંત 'શાહજહાં' અને 'પ્રતાપ' નાટકનાં પણ ભાષાન્તર થયાં છે.]

* * * *

સ્થળ : આગ્રામાં રાજા સગરસિંહનો મહેલ.

સમય : સવાર

(રાજા સગરસિંહ અને અરુણસિંહ વાતો કરી રહ્યા છે.)


સગર : અરુણ! દેવારના યુદ્ધમાં મોગલસૈન્યને અમરસિંહે ઘાસની પેઠે કાપી નાંખ્યું, એ ઘટના કંઈક અજાયબ જાદુભરી લાગે છે.

અરુણ : ધન્ય છે રાણા અમરસિંહને!

સગર : એ અમરસિંહ બાળપણમાં ઘણો જ મનમૌજી હતો અને ખેલ, તમાશા તેમ જ એશઆરામમાં રચ્યોપચ્યો રહેતો હતો. એવું કોણ ધારી શકતું હતું, કે મોટપણે તે આવો બહાદૂર નીવડશે!

અરુણ : દાદાજી! મહર્ષિ વાલ્મિક પણ પૂર્વાવસ્થામાં લૂટારા જ હતા.

સગર : મહર્ષિ વાલ્મિક કોણ? તુલસીદાસના છોકરા?



મારે રાણા નથી થવું

અરુણ : દાદાજી ! શું આપે મહર્ષિ વાલ્મિકનું નામ સાંભળ્યું નથી ? એમ તે હોઈ શકે ! તે એક મહાન્ ઋષિ હતા.

સગર : એમ કે ? હાં ! હાં ! એમને જોયા છે તો ખરા, પણ અત્યારે કંઈ ખ્યાલમાં આવતું નથી !

અરુણ : આપે ક્યાંથી જોયા હોય ! એ તો ત્રેતાયુગમાં થઈ ગયા.

સગર : કયા યુગમાં ?

અરુણ : ત્રેતાયુગમાં.

સગર : હાં ! ત્યારે એ તો મારા જન્મ્યા પહેલાં ! પણ તેમનું નામ તો સાંભળ્યું છે. સંભાળાય છે, કે એ બહુ રસિક પુરુષ હતા !

અરુણ : શું બોલો છો, દાદાજી ! એમણે તો 'રામાયણ' લખ્યું છે.

સગર : એમ કે ! 'રામાયણ' લખ્યું છે ! હાં, પુસ્તક તો સારું.

અરુણ : છટ્ દાદાજી ! આપે 'રામાયણ' વાચ્યું જ નથી ? ભગવાન રામચંદ્ર આપણા પૂર્વપુરુષ હતા. આપ તેમના સંબંધમાં કશું જ જાણતા નથી ! છીત્ !

સગર : અરે ! વાંચે તે શી રીતે ? યુદ્ધ કરતાં કરતાં આખી જિંદગી ચાલી ગઈ. વાંચવાનો વખત જ ક્યાં મળ્યો છે ?

અરુણ : શું આપે કોઈ દિવસ યુદ્ધ પણ કર્યું છે કે ?

સગર : ઓહો હો ! યુદ્ધ ! અરે ! મેં તો મહાન યુદ્ધ કર્યાં છે. ઓહો-હો ! તે સમયે તારો જન્મ પણ નહોતો.

અરુણ : પણ કોની સાથે ?

સગર : હેં ! એ જ એકલું યાદ નથી; પણ હા, લડ્યો હતો એટલું તો ચોક્કસ જ યાદ છે.

અરુણ : દાદાજી ! આપ મેવાડ છોડી અહીં કેમ આવ્યા ? જુઓને આપના ભાઈ મહારાણા પ્રતાપસિંહે પોતાના દેશની ખાતર તો પ્રાણ આપ્યા.

સગર : તેમાં તો બિચારો નાની ઉમ્મરમાં માર્યો ગયો. પણ એમાં મારો કાંઈ દોષ નથી. મેં એને તેમ ન કરવા ઘણું યે સમજાવ્યો હતો; પણ તેણે તો મારું માન્યું જ નહિ ને !

અરુણ : પણ આજકાલ તો વાટેઘાટે સર્વ સ્થળે ભાટચારણો તેમનાં જ યશોગાન ગાતા ફરતા સંભળાય છે.

સગર : ઊંહ્ ! એમાં શું વળ્યું ? મરી તો ગયો જ ને ? જીવ તો ખોઈ જ બેઠો ને ? ગમે એટલાં ગાન ગવાય તો પણ તે જાતે તો અત્યારે અહીં આવી સાંભળી શકે એમ છે જ નહિ. મને સારી રીતે યાદ છે, કે એક દિવસ જ્યારે હું અને પ્રતાપ બન્ને નાના હતા ત્યારે એક નોળિયો અને સાપ લઢી રહ્યા હતા. મેં કહ્યું, નોળિયો જીતશે, પણ પ્રતાપે તે માન્યું નહિ. સાપના શિર પર ચોટ લગાવી નોળિયો કદી આ તરફ તો કદી બીજી તરફ સપાટો લગાવતો હતો, અને સાપ ફૂંફાડા મારતોમારતો ફેણ ફટકારતો હતો. અંતે એવું બન્યું, કે નોળિયાના દાંત સાપના માથામાં પૂરેપૂરા પેસી ગયા અને સાપ પૃથ્વી પર શિર પટકી પટકી મરી ગયો. ભાઈ ! નોળિયાનું તો એ કામ જ છે, કે સાપને મારી નાખવો. સાપ તેની સામે કેટલી ટક્કર ઝીલી શકે ? આમ સમજીને જ મેં નોળિયાનો પક્ષ લીધો હતો, અને પ્રતાપે વગર વિચારે જ સાપનો પક્ષ લીધો. અત્યારે પણ એ જ હકીકત છે.

[મોગલ સેનાપતિ સૈયદ અબ્દુલ્લા પ્રવેશ કરે છે.]

સગર : આદાબ, અબ્દુલ્લાસાહેબ !

અબ્દુલ્લા : બન્દગી, રાણા !

સગર : રાણા કોણ છે ?

અબ્દુલ્લા : કેમ ? આપ.

સગર : ભલા, હું ક્યાંનો રાણો ?

અબ્દુલ્લા : મેવાડના.

સગર : કેવી રીતે? મેવાડના રાણા તો અમરસિંહ છે.

અબ્દુલ્લા : પણ પાદશાહ સલામતે આજથી આપને મેવાડના રાણાનું પદ નવાજ્યું છે.

સગર : એટલે?

અબ્દુલ્લા : તેમનું ફરમાન છે, કે આપે કાલે ચિતોડ જવું.

સગર : ચિતોડ? શા માટે?

અબ્દુલ્લા : તે આપની રાજધાની છે.

સગર : ત્યારે અમરસિંહની રાજધાની કયાં? ઉદયપુરમાં?

અબ્દુલ્લા : તે તો હવે રાણા નથી રહ્યા. પાદશાહ સલામતે તેમને ગાદી પરથી ઉઠાડી મૂકયા છે.

સગર : પણ તે પોતાનું પદ શી રીતે છોડશે?

અબ્દુલ્લા : જબરદસ્તીથી.

સગર : તો શું ત્યાં જઈ મારે તેની સાથે યુદ્ધ કરવું પડશે? તો તો સાહેબ! મારે રાણા બનવું નથી.

અરુણ : કેમ, આપ તો હમણાં જ કહેતા હતા ને, કે હું યુદ્ધ-વિદ્યામાં બહુ જ કુશળ છું અને યુદ્ધ કરતાં કરતાં મારો આખો જન્મારો વહી ગયો છે, તો જાઓને હવે લડવા.

સગર : અરુણ! તું આ શું બોલે છે? (અબ્દુલ્લા તરફ જોઇને) નહિ, સૈયદસાહેબ! આપણાથી કંઈ યુદ્ધ થઈ શકશે નહિ. એ યુદ્ધ કરવાના ભયથી તો કશી પણ આનાકાની વગર મેં મારી જાતને મોગલોના હવાલે કરી દીધી છે. જો મારે યુદ્ધ જ કરવાનું હોય તો સ્વદેશનાં પક્ષમાં રહી ન લડતાં તેની સામે લડવા શા માટે જાઉં? મેં કંઈ એવી શરત કરેલી નથી.

અબ્દુલ્લા : નહિ, આપને લડાઈ કરવી પડશે નહિ. લડાઈ કરવાનું કામ અમે જાતે જ કરી લઈશું મહેરબાનીની રાહે આપને રાણા બનવું પડશે અને ચિતોડમાં જઈ ત્યાં રહેવું પડશે.

સગર : કદી અમરસિંહે ચિતોડ પર ચઢાઈ કરી તો ?

અબ્દુલ્લા : તે કરશે જ નહિ. આટલા દિવસ કરી નથી ને હવે કરશે ?

સગર : સૈયદસાહેબ ! એ તે શું કંઈ દલીલ છે ? કોઈ મનુષ્ય પહેલાં કદી મરી ગયો નહિ તે પરથી શું એમ કહી શકાય, કે તે કદી મરશે જ નહિ ? તમે જો તે દહાડે શાદી કરી અત્યારે શું એમ કહેવાય, કે શાદી નથી કરી ?

અબ્દુલ્લા : આપના કહેવાની મતલબ મારા સમજવામાં આવી નહિ.

સગર : કારણ, તે પહેલાં તો આપે કદી શાદી કરી ન હતી. વાહ ! એ તે કંઈ દલીલ છે ? (અરુણને) હસે છે કેમ, અરુણ ? (અબ્દુલ્લાને) જો પહેલાં કદી સાપ કરડ્યો હોય નહિ, તો તે આગળ ઉપર પણ કરડશે નહિ, એમ કહેવું કઈ રીતે ન્યાયસંગત છે ?

અબ્દુલ્લા : પણ આમ ભડકો છો શું ? જનાબ !

સગર : વાહ, સાહેબ ! ભડકે નહિ ? આપ વાતો જ ભડકવા જેવી કરો છો ને ! બસ, માફ કરો. હું 'રાણા' થવા ઇચ્છતો નથી.

અબ્દુલ્લા : ઠીક જનાબ ! આપ પાદશાહ સલામતની હુજૂરમાં ચાલો. આપને જે કંઈ કહેવાનું હોય તે સઘળું તેમની ખિદમતમાં જાહેર કરશો.

સગર : બહુ સારું, સાહેબ ! ચાલો. પણ એ બહુ નીચ અને કાપુરુષનું કામ છે, કે આપ મને મૂઠીમાં રાખી આમ જોરજુલમથી 'રાણા' બનાવવા ચાહો છો. જોઈ એ શું બને છે. કૃતઘ્નતા ! ઘોરતમ અવિચાર !—ચાલ અરુણ.

– સ્વાધ્યાય –

૧. આ પાઠ તમને ગમ્યો ? શાથી ?
૨. સગરસિંહ તમને કેવો લાગ્યો ? એવા માણસ માટે તમારા મનમાં કેવા વિચાર બંધાય ?

૩. ત્રેતાયુગ પહેલાં કયો યુગ ચાલતો હતો? કુલ કેટલા યુગ ગણાય છે? તેનાં નામ આપો.

૪. સાપ અને નોળિયાના ઉદાહરણદ્વારા સગરસિંહ શું કહેવા ઇચ્છે છે તે સ્પષ્ટ રીતે સમજાવો.

૫. અકબર સામે લડવું એટલે મોતના જડબામાં જવું એમ સગર અને પ્રતાપ બન્ને જાણતા હતા. બેમાંથી પ્રતાપે એ જડબામાં જાણીબૂઝીને ઝંપલાવ્યું, અને સગર મોગલો સાથે મૈત્રી કરી એ જડબામાંથી ઊગરી ગયો. દેખીતી રીતે લાભ કોને થયો? તમે પોતે એવા સંજોગોમાં મુકાયા હો તો શુ પસંદ કરો?

૬. રામાયણ, નારાયણ, વાતાયન, પારાયણ આ શબ્દોનો અભ્યાસ કરો. એ બધામાં તમને શું સામ્ય લાગે છે? એ શબ્દો સંબંધી વિશેષ તમારા શિક્ષક પાસેથી શીખો.

૭. "મારે રાણા નથી થવું!"—એવું આ પાઠનું મથાળું રાખવામાં આવ્યું છે; તે શાથી હશે તે તમે કહી શકશો? એનું બીજું કોઈ મથાળું તમે સૂચવશો?

૮. "મારે રાણા નથી થવું!" ને તેનું સંવાદ-રૂપ બદલી વાર્તા-રૂપે ફરીથી લખો.

૧૯

બંને અજાણ્યાં ?




[મધ્યમ વર્ગના કોઈ કુલીન કુટુમ્બ ઉપર આસમાનીસુલતાની ઊતરે અને ઘરમાં કોઈ એકાદ વૃદ્ધ બાઇ ભૂખના દિવસો જોવા જીવતી રહી જાય તો શું થાય ? એવી બાઇને કદાચ ભીખ માગવી પડે તો શું થાય ? આવા કરુણ સંજોગો ચીતરતું શ્રી સુન્દરજી બેટાઇનું કાવ્ય વાંચતાં એ કાવ્ય પાછળ રહેલ ગમગીન વાતાવરણનું ચિત્ર તમારા મન સમક્ષ આપોઆપ ખડું થશે. શ્રી બેટાઇ આપણા એક સારા યુવાન કવિ તરીકે જાણીતા છે. "જ્યોતિરેખા" નામે તેમનાં કાવ્યોનો એક સંગ્રહ બહાર પડેલો છે, પણ તે ઉપરાંત તેમનાં અપ્રકટ કાવ્યો અનેક છે.]

: મિશ્રોપજાતિ :

શહેરના કો સરિયામ રસ્તે
છાની લહેર સરતો સમીર;
વરસાદની ફરફરનાં ધનુષ્યો
જાહેર દીવા પર શોભતાં હતાં;
ત્યાં જીવડાંની મચી રાસલીલા
રસ્તે જતાં કોઈ જ પેખતાં હતાં.

જાહેર રસ્તો, પણ લોકકેરી
શમી ગયેલી સઘળી ધમાલ;
ખટ્કાર ઊઠે કદી ગાડીકેરા
ઘોડા તણા ભીષણ દાબડાના;
ધસી જતી મોટર કોઈ એકલી
ચોંકાવતી રાતની મૂક શાન્તિને
ભોં...ભોં...કરી ભીષણ ભૂંગળાથી.



આવે કંઇ ચ...પ્ ચપ્ ત્યાં અવાજ
ઉતાવળા કોઇક બૂટ કેરો;
એ કોઈ ત્યાં ઓવરકોટ ઓઢી
જતો ઝપાટે કંઈ નૌજવાન,

'એ દીકરા !'—શું રજની વદી એ ?
શો શબ્દ એ રાતતણી હવામાં ?
જોયું યુવાને ચમકી ઉજાસમાં
કદી ન દીઠું; ચમક્યો વિશેષ એ.

કાળું હતું વસ્ત્ર કંઈ ધરેલું,
તેજસ્વી કો મૂર્તિ મહીં છૂપેલી,
વૃદ્ધત્વની રેખ મુખે પડેલી,
ધોળી લટો છૂટી હતી ઉડન્તી:

વર્ષો તણા વૈભવમાં રમેલી
હશે કંઇ જોબનમાં છકેલી
પરંતુ આજે દુઃખવીખરેલી.
જોયું યુવાને ચમકી ઉજાસમાં
અજાણ ભારે કચરાયલીતણી
ત્યાં કાળી એ ભમ્મર જેવી આંખમાં
પડું પડું એમ થતાં નિહાળ્યાં-
કંઈ અશ્રુબિન્દુડાં.

છાતી પરે વસ્ત્ર ધરી રહેલો
ટેકેલ કંપે કંઈ વૃદ્ધ હાથ,
બીજો જરી વસ્ત્રમહીં સરન્તો
માઝાળ ને કરચલિયાળ હાથ-
નિકળે બહાર.

સુકાયલી પીપળકુંપળો શા
એ વૃદ્ધઓષ્ઠો અણઉચ્ચરેલા,

કૈં કંપતા; છક્ક થયા યુવાનને
કંઈક છૂપો અનુકમ્પ પ્રેરતા.

જુવાન હાથે કંઇ વૃદ્ધ હાથમાં
પડ્યું; હતું શું ઊભયે ન તે ગણ્યું;
ડોશી તણાં નેત્ર વિશેષ નીગળ્યાં,
યુવાન હૈયું અધિકું દ્રવ્યું ત્યહાં.

થયો ફરી ચ...પ્ ચપ્ ત્યાં અવાજ
એકાન્ત એ રાતતણી હવામાં;
જનાર ચાલ્યો નિજ માર્ગ, ને ત્યાં
ઊભી જ ડોશી ગતપ્રાણ જેવી,
એને હતું ક્યાંય નહિ જવાનું,
એ ચિન્તતી આખરકેરું ટાણું.

– સ્વાધ્યાય –

૧. આ કાવ્યમાં વર્ણવેલી ઘટના બની તે વખતે વાતાવરણ કેવું હતું તે વર્ણવો.

૨. બૂટનો 'ચપ્ચપ' આવાજ સંભળાતો હતો એમ કવિએ શા માટે બતાવ્યું છે?

૩. 'એ દીકરા!'–શું રજની વદી એ?—આ પંક્તિ ઉપરથી તમે શું સમજ્યાં તે જણાવો.

૪. 'યુવાને ચમકીને ઉજાસમાં કદી નહિ દીઠેલું એવું જોયું' એમ કવિ જણાવે છે, 'તેમાં કદી ન દીઠેલું' એમ તે શા માટે કહે છે?

૫. ડોશી અને યુવક વચ્ચે શું વાતચીત થઈ?

૬. યુવાન પોતાને ઘેરે ગયો. ડોશીને ક્યાં જવાનું હતું?

૭. આ કાવ્યની તમારા મન પર શું છાપ પડી તે જણાવો.

કર્ણ-કુંતી

[ચિત્રપરિચય]

['સાહિત્યપાઠાવલી'ના આ બીજા ભાગનાં ચિત્રોમાંથી મોટે ભાગે બધાં શ્રી સોમાલાલ શાહે દોર્યાં છે. તેમના એક સુન્દર ચિત્રનો આ પાઠમાં શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક આપણને પરિચય કરાવે છે. શ્રી પાઠકે ચિત્રનો પરિચય કરાવતાં 'કર્ણ-કુંતી'ની કથા કેવી સુન્દર રીતે કહી છે તે જોજો; અને તે ઉપરથી બને તો શ્રી સોમાલાલ શાહના 'રંગરેખા' નામના એક ચિત્રસંગ્રહમાંથી 'કૃષ્ણ-દ્રૌપદી' ચિત્ર ઉપર તમારો સ્વતંત્ર પરિચય લખજો.]

*   *   *

આ ચિત્ર કર્ણ અને કુન્તીનું છે. તમે જાણતાં હશો કે કુન્તી મહાભારત યુદ્ધના વિજેતા પાંચ પાંડવોની માતા હતી. તે યદુકુળમાં જન્મેલી હતી અને પ્રખ્યાત કુરુકુળના પાંડુરાજાને પરણી હતી. પાંડુને એવો શાપ હતો જેથી તેને પ્રજા ન થાય. પણ કુન્તીને નાનપણમાં દેવોના મંત્રો મળ્યા હતા જેથી એ દેવોથી પુત્ર ઉત્પન્ન કરી શકે. પાંડુની સંમતિથી તેણે યમ, ઇન્દ્ર અને વાયુથી અનુક્રમે યુધિષ્ઠિર, અર્જુન અને ભીમ ઉત્પન્ન કર્યા અને પોતાની શોકય માદ્રી અપુત્ર ન રહે માટે તેને અશ્વિનીકુમારનો મંત્ર આપ્યો તેથી તેને પણ નકુલ અને સહદેવ બે પુત્ર થયા. આ પાંચ પાંડવો ગણાયા.

કર્ણ પણ કુન્તીનો જ પુત્ર હતો. તે સૂર્યદેવના મંત્રથી ઉત્પન્ન થયો હતો. તે કવચકુંડળ સાથે જન્મ્યો હતો, જેની દિવ્ય શક્તિથી યુદ્ધમાં તેને કોઈ હણી શકે એમ નહોતું.

પણ તે કુન્તીની કુમારિકાવસ્થામાં જન્મ્યો હતો અને તેથી લોકલાજનાં માર્યાં કુન્તીએ તેને પેટીમાં મૂકીને નદીમાં વહેતો મૂકયો હતો. તે પેટી સૂત જાતિના અધિરથને મળી અને અપુત્ર હોવાથી તે તેને પોતાની પત્ની રાધા પાસે લઈ ગયો. રાધાએ તેને પુત્ર તરીકે પાળી મોટો કર્યો. તેમણે તેનું નામ વસુષેણ પાડ્યું. પછીથી તે કર્ણ કહેવાયો.

મહાભારતમાં કર્ણનું પાત્ર અત્યંત કરુણ છે. તે ઉત્તમ કુલનો નબીરો છે, અસાધારણ શક્તિવાળો છે, શૂરો છે, ઉદાર છે, મહેચ્છ છે, પણ હલકા કુળનો ગણાયેલો હોવાથી તેને ઘણીવાર મર્મભેદક અપમાનો સહન કરવાં પડે છે. એકવાર દ્રોણ પાસે પાંડવ–કૌરવો અસ્ત્રવિદ્યા શીખ્યા તેની જાહેરમાં પરીક્ષા લેવાનું નક્કી થયું. તેમાં અર્જુને અદ્ભુત પ્રયોગો કરી બતાવી આખી મેદનીને ચકિત કરી દીધી. એ જોઈ કર્ણને પણ પોતાની શક્તિ બતાવવાનું મન થયું; તેણે પ્રયોગભૂમિ પર આવીને અર્જુનથી સરસ પ્રયોગો કરી બતાવવાનો પડકાર કર્યો. પાંડવોના વિરોધી કૌરવ પક્ષને લાગ્યું કે અર્જુનનો મદ ઉતારે એવો પણ કોઈ નીકળ્યો ખરો! ત્યારે ભીમે આગળ આવીને કહ્યું કે એ પડકાર કરનાર પોતાનું ઓળખાણ આપે, એ કયા રાજકુલનો છે એ કહે, ને પછી એ અમારો સમોવડિયો હશે તો અર્જુન તેની સાથે સ્પર્ધામાં ઊતરશે. કર્ણ સૂતપુત્ર રાધેય ગણાતો હતો. તેનું મોં ઊતરી ગયું. અપમાન ગળી જઈને તેને બેસી જવું પડ્યું.

આ બનાવનાં બે બહુ મોટાં પરિણામો આવ્યાં. વિચક્ષણ દુર્યોધનને સમજાયું કે પાંડવો સામે થવામાં આ યુવાન કામ આવે એવો છે, ને તેથી તેનું મહેણું ટાળવા તેને અંગદેશનો રાજા બનાવ્યો. ત્યારથી કર્ણ અંગરાજ થયો, અને હમેશાં કૌરવોના પક્ષમાં રહ્યો. બીજું પરિણામ એ આવ્યું કે કર્ણને પાંડવો સાથે ને તેમાં પણ તેના પ્રતિસ્પર્ધી અર્જુન સાથે વેર બંધાયું.

આવો જ બીજો પ્રસંગ દ્રૌપદીસ્વયંવર વખતે બન્યો. દ્રૌપદીના પિતાએ સ્વયંવરમાં એકઠા થયેલા રાજાઓ, ક્ષત્રિયો, બ્રાહ્મણો વગેરે સર્વ આગળ દ્રૌપદીના પાણિગ્રહણની શરત રજૂ કરી, કે મત્સ્યવેધ કરે તેને મારી દીકરી પરણાવું. ઘણા ક્ષત્રિયો તો ઊઠ્યા જ નહિ, કેટલાક ઊઠ્યા તે ધનુષ ચડાવી ન શક્યા, કેટલાક ચડાવતા પટકાયા. પછી કર્ણ ઊઠ્યો. તેણે ધનુષબાણ હાથમાં લીધાં, ને સહુને લાગ્યું કે તે મત્સ્યવેધ કરી શકશે, ત્યાં દ્રૌપદીએ દાસી મારફત કહેવરાવ્યું કે દાસીપુત્રને હું વરીશ

નહિ. એવડી મોટી સભામાં કર્ણને આ મહેણું ગળી જઇને બેસી જવું પડ્યું. પછી પાંડવો ત્યાં બ્રાહ્મણો ભેગા બ્રાહ્મણવેષે છાના બેઠા હતા તેમાંથી અર્જુને ઊભા થઈ મત્સ્યવેધ કર્યો ને દ્રૌપદી તેને વરી. આ કર્ણનું બીજું મોટું અપમાન હતું. આથી કર્ણને કેટલું માઠું લાગ્યું હશે અને તેની અર્જુન સાથેની સ્પર્ધા કેટલી તીક્ષ્ણ થઈ હશે તે સમજી શકાય એવું છે.

પાંડવ-કૌરવનું વેર તો વધતું જ ગયું. પાંડવો દ્યૂતમાં હાર્યા, દ્યૂતની શરત પ્રમાણે બાર વરસ વનમાં રહ્યા, તેરમું વરસ વિરાટ રાજાને ત્યાં ગુપ્તવાસમાં રહ્યા. એ વરસ પૂરું થયું ત્યાં વિરાટ રાજા ઉપર ચડી આવેલા કૌરવો સામે યુદ્ધમાં લડતાં પાંડવો છતા થયા, વિરાટના રાજાએ પોતાની દીકરી અર્જુનપુત્ર અભિમન્યુ વેરે પરણાવી, લગ્ન ઉપર પાંડવોના સગા કૃષ્ણ વગેરે આવ્યા ને હવે શું કરવું તેની ચર્ચા શરૂ થઈ. દુર્યોધન હઠીલો હોવાથી માનશે નહિ, ને રાજ્યનો હિસ્સો લેવા યુદ્ધ કરવું પડશે એ ચોક્કસ હોવાથી, પાંડવોએ પોતાના વર્ગના રાજાઓને લશ્કર સાથે ભેગા કરવા મંડ્યા ને બીજી બાજુ કૌરવો સાથે વાટાઘાટ શરૂ કરી. કૌરવો પણ પોતાનું લશ્કર ભેગું કરવા મંડ્યા. આખા ભરત-કુલનું નિકંદન કાઢી નાખે એવો મહાન વિગ્રહ થશે, અને કોઈ રાજા કે રાજ્ય તેની અસરમાંથી બચી શકશે નહિ, એવી વાતો આખા ભારત-વર્ષમાં પ્રસરી ગઈ. આખું વાતાવરણ કોઈ મોટો અનર્થ થવાનો હોય એવા ભયથી વ્યાપ્ત થઈ ગયું. છેવટની સંધિની વિષ્ટિ કરવા કૃષ્ણ કૌરવો પાસે ગયા. તેમનું વેણ પણ દુર્યોધને રાખ્યું નહિ! તેમનું સભામાં અપમાન કર્યું! હવે લડાઈ થશે તેનો વિચાર કરતા કૃષ્ણ રથમાં બેસી ઉતારા તરફ જતા હતા ત્યાં તેમણે રસ્તામાં કર્ણને જોયો ને રથમાં બેસવા બોલાવ્યો. કૌરવપક્ષમાં કર્ણ સૌથી બલવાન હતો ને પાંડવોને સૌથી વધારે ભય કર્ણનો જ હતો. પાંડવોના હિતસ્વી કૃષ્ણે કર્ણને પાસે બેસાડી તેના જન્મની હકીકત કહી તેને કહ્યું કે કાયદેસર રીતે કુમારિકાના પુત્રને પણ સમાજમાં સ્થાન છે. કર્ણ પાંડુનો કાનીન પુત્ર ગણાય, જો તે પાંડવો સાથે મળે તો યુધિષ્ઠિર વગેરે પાંચે ય ભાઇઓ તેને જ્યેષ્ઠ બન્ધુ

માને ને પછી તે જ ગાદીનો વારસ થાય ને તેને જ ભારતવર્ષનું રાજ્ય મળે! પણ કર્ણ ડગ્યો નહિ! તેણે સ્પષ્ટ કહ્યું કે અત્યારસુધી દુર્યોધને તેને મોટો કર્યો છે, ને તેના વિશ્વાસ ઉપર જ તે ભારતયુદ્ધ ખેડવા બહાર પડ્યો છે. "એવું નિન્દ્ય કાર્ય કર્ણ નહિ કરે!" કૃષ્ણ કર્ણનો નિશ્ચય તરત સમજી ગયા ને વધારે વાત કર્યા વિના તેનાથી છૂટા થઈ ચાલ્યા ગયા.

કૃષ્ણને જે વિચાર આવ્યો તે જ કુન્તીને આવ્યો. તેને યુદ્ધના પરિણામની ઘણી ચિંતા થતી હતી. જન્મારો આખો તેણે દુઃખમાં ગાળ્યો હતો. પાંડુ મરતાં તે નાની વયમાં વિધવા થઈ હતી, પાંડવોનાં દેશાન્તરનાં તેર વરસો તેને હસ્તિનાપુર રહી, દ્વેષી કૌરવોનો ઓશિયાળો રોટલો ખાવો પડ્યો હતો. ને હવે માંડ એ વરસો પૂરાં થયાં ત્યાં યુદ્ધનો સમય આવ્યો. તેને પોતાના પુત્રોની ચિંતા થવા લાગી. તેને પણ કૃષ્ણની પેઠે થયું કે સાચી હકીકત કહી કર્ણને પાંડવપક્ષમાં લેવો એ એક જ ઉપાય છે.

કુન્તીએ વિદુરની મારફત કર્ણને બોલાવ્યો. કર્ણ આવ્યો. કુન્તીએ કર્ણને કહ્યું કે તું રાધેય અને સૂતપુત્ર નથી પણ કૌન્તેય અને પાંડવ છે, સૂર્યપુત્ર છે, તારો ખરો હક યુધિષ્ઠિર વગેરે પાંચે ભાઈઓના મોટાભાઈ તરીકેનો છે ને તે તું પાછો લે. મહાભારતમાં છે કે કુન્તીએ એમ કહ્યું ત્યારે સૂર્યે આકાશવાણીથી કહ્યું: "કર્ણ! કુન્તી ખરું કહે છે. તારા હિતનું કહે છે!" પણ કર્ણ ડગ્યો નહિ. તેણે પહેલાં તો માતાને સંભળાવી દીધું: "કોઈ શત્રુ પણ ન કરે તેટલું અહિત તમે મારું કરેલું છે. હું ક્ષત્રિય છું પણ મને ક્ષત્રિયના સંસ્કારો ન થયા, ક્ષત્રિયનું પદ મને સમાજમાં ન મળ્યું, તે તમારે લીધે! આજ સુધી માતા તરીકે તમે મારું કશું ય હિત કર્યું નથી, ને આજે સ્વાર્થ માટે મને કહેવા આવ્યાં છો!" પણ કર્ણ ઉદાર હતો, અભિજાત હતો. તે કૃષ્ણને જેવી ના પાડી શક્યો તેવી કુન્તીને ના પાડી શક્યો નહિ. માતાની દીન વાણીથી તેનું હૃદય પીગળ્યું ને તેણે કહ્યું: "છતાં તમે મારી પાસે આવીને વચન

નાખ્યું તે મિથ્યા જશે નહિ. યુદ્ધમાં હું યુધિષ્ઠિર, ભીમ, નકુલ, સહદેવને મારી સામા આવશે તોપણ નહિ મારું. હા, અર્જુનને મારી, મારું વીર-જીવન સાર્થક કરીશ,—તેનાથી તો મરું તોપણ મને યશ મળે! ગમે તેમ થશે તોપણ તમે પાંચ પુત્રોનાં માતા રહેશો. અર્જુન મરશે તો હું તમારા પુત્ર તરીકે તમારી પાસે આવીશ, ને હું મરીશ તો અર્જુન સાથે પાંચ પુત્રો તો છે જ!" તેનું છેલ્લું વાક્ય ઘણું સુંદર છે! મહાભારતના એ સુંદર શ્લોકનો કંઈક છુટ્ટો ગૂજરાતી અનુવાદ નીચે પ્રમાણે થાય :

તાહરા પાંચના પાંચ પુત્રો રહેશે યશસ્વિની!
વિના અર્જુન હુંથી કે તે અર્જુનથી હું મર્યે!

આટલી હકીકત જાણ્યા પછી આ ચિત્ર સમજાશે. કદાચ આટલું જાણ્યા પછી તમે પોતે ચિત્રનો અર્થ સમજી પણ ગયાં હશો. કુન્તીને પોતાની શરમની વાત પોતાના સ્વાર્થને ખાતર, અત્યાર સુધી જે પુત્રને પોતે ભયંકરમાં ભયંકર અન્યાય કર્યો છે તેને પોતાની જીભે જ કહેવી પડે છે, તેની દીનતા, કરુણતા તેના મોં પર છે. તે કર્ણની સામે પણ જોઈ શકતી નથી. આખી જિંદગીનું દુઃખ તેના મોંની અને શરીરની એક એક રેખામાં દેખાઈ આવે છે. કર્ણને જીવનમાં થયેલા મોટામાં મોટા અન્યાયો, દુઃસહમાં દુઃસહ અપમાનો યાદ આવે છે, પણ તે કોઈ પણ હલકા ભાવમાં સરી જતો નથી—એવા હલકા ભાવોથી ઊર્ધ્વ, ટટાર રહેલો તેને બતાવેલો છે. તેના હૃદયમાં અત્યારે પ્રબળમાં પ્રબળ ભાવોનું મંથન ચાલે છે પણ તેણે મન ઉપરનો કાબૂ ખોયો નથી. તેને કવચકુંડળ સાથે એક યોદ્ધા તરીકે નીડર અને અકંપ બતાવેલો છે. તે મોટો દાનેશ્વરી છે. પણ અહીં તેનામાં યોદ્ધાની બહાદુરી અને દાતાની ઉદારતા ઉપરાંત, તેનામાં પિતા તરફથી વારસામાં મળેલી દિવ્યતા અને માતાની સમક્ષ પ્રગટ થઈ આવેલી સૌમ્યતા અને માતૃવત્સલતા દેખાય છે. હું આગળ કહી ગયો કે મહાભારતમાં સૂર્ય, કુન્તીની વાત સ્વીકારવાનું કર્ણને આકાશવાણીથી કહે છે: ચિત્રમાં વાણી તો બતાવી

શકાય નહિ, એટલે સૂર્યને બન્ને પાત્રોની પાછળ ઝાંખી આભાથી બતાવેલો છે, જેથી એક તરફથી સૂર્યની પુત્રહિતેચ્છાનું અને બીજી તરફથી કર્ણના જન્મની દિવ્યતાનું સૂચન થાય છે. ચિત્રમાં કર્ણ જાણે હાથ ઊંચો કરી છેલ્લા વાક્યથી કુન્તીને પાંચ પુત્રોનું આશ્વાસન આપતો હોય તેમ દેખાય છે. મહાભારતમાં અનેક ઉચ્ચ આશયના ભવ્ય અને સંક્ષોભકર દૃશ્યો અને પ્રસંગો છે તેમાંનું આ એક છે.

તમે જાણતા હશો કે આ પછી અર્જુનના હિત ખાતર ઇન્દ્ર બ્રાહ્મણવેષે કર્ણ પાસેથી કવચકુંડળ દાન માગીને લઈ ગયો અને એ રીતે કર્ણનું દિવ્ય સંરક્ષણ ગયું. કુન્તીને આપેલા વચન પ્રમાણે તેણે યુદ્ધમાં સામા આવ્યા છતાં યુધિષ્ઠિર, ભીમ વગેરે કોઈને માર્યા નથી. અને મહાભારત યુદ્ધના સોળમે દિવસે કૌરવોના સેનાપતિ તરીકે પાંડવો સામે લડતાં તે અર્જુનને હાથે મરાયો. મહાભારતમાં કદાચ કર્ણ જેવું મહાન અને તે સાથે કરુણ બીજું પાત્ર નહિ હોય!

આ ચિત્ર શ્રી. સોમાલાલ શાહનું છે. મૂળ ચિત્ર અમુક જાતના રંગનું છે જેને અંગ્રેજીમાં વૉટરકલર્સ કહે છે. આવાં થોડાં ચિત્રોનો એક સંગ્રહ 'રંગરેખા'ના નામથી ત્રિરંગી આલ્બમમાં પ્રગટ થયેલો છે. મેં તેમાંના કર્ણ–કુંતીના ચિત્ર ઉપરથી આ લેખ લખ્યો છે. તમારા પાઠ માટે મૂળ ચિત્રનો બ્લૉક કરાવેલો છે. તક મળે તો તેમનું અસલ ચિત્ર જોવાનું ભૂલશો નહિ, કારણ કે ચિત્રકારની બધી ખૂબી તો માત્ર તેના અસલ ચિત્રમાં જ દેખાય.

– સ્વાધ્યાય –

અત્યાર સુધીમાં તમે અનેક પાઠ શીખ્યાં, અને એ પાઠોના સ્વાધ્યાય કેવી રીતે તૈયાર કરવામાં આવ્યા છે તે પણ જોયું. હવે આ પાઠના ઓછામાં ઓછા પાંચ છ સ્વાધ્યાય કોઈની પણ મદદ વિના તૈયાર કરો.



૨૧


શિવાજીનું હાલરડું

['ઝાકળનું બિન્દુ' તો તમને યાદ હશે જ. જેમણે તે કવિતા લખી હતી તે શ્રી ઝવેરચંદ મેઘાણીનું આ એક બીજું સુંદર કાવ્ય છે. આ કાવ્યની બધી ખૂબીઓ તો એને તમે સારી રીતે ગવાતું સાંભળો તો જ તમને સમજાશે. આ કવિતામાં શિવાજીને હાલરડું નાખતાં જે જે કલ્પનાઓને જીજીબાઈના મનમાં સ્ફુરતી કવિએ બતાવી છે તેવી કલ્પનાઓ જીજીબાઈ ને ખરેખર આવી હશે? આ કવિતા વાંચી એનો વિગતે ઉત્તર આપજો. શ્રી મેઘાણીના 'વેણીનાં ફૂલ' અને 'કિલ્લોલ' નામના નાનકડા કાવ્યસંગ્રહો તો તમે હવે અવશ્ય વાંચી અને સમજી શકશો !]

*　　*　　*

આભમાં ઊગેલ ચાંદલો ને જીજીબાઈ ને આવ્યાં બાળ,
બાળુડાને માત હિંચોળે
ધણણણ ડુંગરા બોલે.
શિવાજીને નીંદરું નાવે
માતા જીજીબાઈ ઝુલાવે.

પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ લખમણની વાત,
માતાજીને મુખ જે દિ'થી
ઊડી એની ઊંઘ તે દિ'થી
પોઢજો રે મારાં બાળ! પોઢી લેજો પેટ ભરીને આજ,
કાલે કાળાં જુદ્ધ ખેલાશે
સૂવાટાણું ક્યાં ય નૈ રે'શે.



ધાવજો રે મારાં પેટ! ધાવી લેજો ખૂબ ધ્રાપીને આજ,
રે'શે નહિ રણઘેલુડા!
ખાવા મૂઠી ધાનની વેળા.

પે'રી ઓઢી લેજો પાતળા રે! પીળાં લાલ પીરોજી ચીર,
કાયા તારી લોહીમાં ના'શે
ઢાંકણ તે દિ' ઢાલનું થાશે.
ઘૂઘરા, ધાવણી, પોપટલાકડી ફેરવી લેજો આજ!
તે દિ' તારે હાથ રે'વાની
રાતી બંબોળ ભવાની.
લાલ કંકુ કેરા ચાંદલા ને ભાલે તાણજો કેસરઆડ્ય!
તે દિ' તો સિંદોરિયા થાપા
છાતી માથે ઝીલવા, બાપા!
આજ માતા ચોડે ચૂમીઓ રે બાળા! ઝીલજો બેવડ ગાલ.
તે દિ' તારાં મોઢડાં માથે
ધુંવાધાર તોપ મંડાશે.
આજ માતાજીની ગોદમાં રે તૂંને હુંફ આવે આઠ પો'ર
તે દિ' કાળી મેઘલી રાતે
વાયુ ટાઢા મોતના વાશે.
આજ માતા દેતી પાથરી રે ફૂણાં ફૂલડાં કેરી સેજ
તે દિ' તારી વીરપથારી
પાથરશે વીસ ભુજાળી.
આજ માતાજીને ખોળલે રે તારા માથડાં ઝોલે જાય,
તે દિ' તારે શિર ઓશીકાં
મેલાશે તીર બંધુકાં!
સૂઈ લેજે મારા કેસરી રે! તારી હિંદવાણું જોવે વાટ–
જાગી વે'લો આવ બાળુડા!
માને હાથ ભેટ બંધાવા.
જાગી વે'લો આવજે વીરા!
ટીલું માના લોહીનું લેવા!
શિવાજીને નીંદરું નાવે
માતા જીજીબાઈ ઝુલાવે

બાળુડાને માત હિંચોળે
ઘણણણ ડુંગરા બોલે.

– સ્વાધ્યાય –

૧. આ કાવ્યના ભાવને વાર્તારૂપે ગદ્યમાં લખો.

૨. જીજીબાઈ શિવાજીને જુદી જુદી રીતે કઈ એકની એક વાત કહે છે?

૩. આ કવિતામાંથી તમને જે પંકિતઓ ખૂબ જોરદાર લાગી હોય તેનો ઉલ્લેખ કરો.

૪. કૃષ્ણ, જિસસ ક્રાઈસ્ટ કે હઝરત મહમ્મદ પેગમ્બરની માતાને જીજીબાઈની જેમ હાલરડાં નાખતી વર્ણવવી હોય તો તમે તેમનાં મુખમાં કેવાં હાલરડાં મૂકશો? બને તો એ પદ્યમાં અથવા ગદ્યમાં કહો.

૫. આ કવિતાના ભાવનું મરાઠીમાં એક કાવ્ય છે તે અને શિવાજીને લગતા મરાઠીમાં અનેક પોવાડા છે તે જો તમને તક મળે તો મરાઠી જાણનાર તમારા કોઈ શિક્ષક, વડીલ કે મિત્ર પાસેથી સાંભળજો.



૨૨

સાગરની રાણી

['કિશોર' માસિકના તંત્રી શ્રી. નગીનદાસ પારેખે આ પાઠ પત્રરૂપે 'કિશોર'ના વાચકો માટે લખ્યો હતો. શ્રી. નગીનદાસ પારેખે નાનામોટા સ્વતંત્ર લેખો ઉપરાંત બંગાળીમાંથી શ્રી રવીન્દ્રનાથ ટાગોર અને શરદબાબુની અનેક કૃતિઓ ગૂજરાતીમાં ઉતારી છે; અને તેમનાં ભાષાન્તરો ઊંચી કોટીનાં લેખાયાં છે. તેમનાં લખાણો 'કિશોર'માં તો નિયમિત રીતે તમને જોવાનાં મળશે જ; પણ તેમનાં પુસ્તકોમાંથી તમારા શિક્ષકની મદદ લઈ તમને અનુકૂળ પડે તેવાં મેળવી વાંચશો તો તમને ઘણો આનંદ મળશે. આ પાઠના અનુસંધાનમાં 'કિશોર' માસિકમાંથી તેમનો 'અબૂડ ટિટેનિક' નામનો લેખ મેળવી વાંચજો.]

*　　*　　*

હમણાં જ છાપાંમાં 'ક્વિન મેરી'એ 'બ્લૂ રિબેન્ડ' જીત્યાના સમાચાર વાંચીને આવ્યો છું, એટલે આજે તો એને વિષે જ લખીશ.

'ક્વિન મેરી' એ કોઈ રાણી નથી, અથવા કહીએ તો સાગરની રાણી છે. આજે જગતમાં મોટામાં મોટું જહાજ અને ઝડપીમાં ઝડપી જહાજ એ જ છે. ઈંગ્લંડ પોતાને સાગરની રાણી ગણાવતું આવ્યું છે. પણ આ જમાનામાં નૌકાબળ પણ બીજા દેશોએ ખૂબ વધારવા માંડ્યું છે, અને જંગી અને ઝડપી જહાજો પણ ઝપાટાબંધ બંધાતા જ જાય છે. એટલે ગઈ કાલ સુધી તો સાગરરાણીનું ગૌરવભર્યું બિરુદ ફ્રાન્સના જહાજ 'નોર્મંડી'ને ભાલે લખાયેલું હતું. પણ 'ક્વિન મેરી'એ આ વખતે તેના કરતાં પણ વધુ ઝડપે આટલાંટિક મહાસાગર પાર કરી

બતાવ્યો અને ઇંગ્લંડને ફરીવાર સાગરની રાણી બનાવ્યું. પણ હું એની વિગતોમાં ઉતરું તે પહેલાં મારે તમને 'કિવન મેરી' વિષે થોડું કહેવું જોઈએ.

ઈ. સ. ૧૯૧૨માં ઇંગ્લંડે જગતનું તે સમયનું સૌથી વિરાટ જહાજ 'ટાઇટેનિક' સાગરમાં ઉતાર્યું; અને તેની પહેલી જ સફરમાં તે સોળસો માણસો અને અઢળક ખજાના સાથે સાગરને તળિયે જઇને બેઠું. એની રોમાંચક કથા મારે તમને કહેવી જ છે પણ તે આજે નહિ. 'ટાઇટેનિક'ની સ્મૃતિ હજી લોકોના મનમાંથી ભૂંસાઇ નથી ત્યાં તો ઇંગ્લંડે આ બીજું વિરાટ જહાજ સાગર ઉપર ઉતાર્યું. એ જહાજને લીધે ઇંગ્લંડ પોતાને કેટલું ગૌરવાન્વિત માને છે, એ તો એના નામ ઉપરથી જ સમજી શકાય છે. સાગરની રાણી થવાને સરજાયેલા એ જહાજને ઇંગ્લંડે પોતાની રાણીનું જ નામ આપ્યું છે, અને તેને સાગરમાં ઉતારવાની ક્રિયા પણ રાણીને હાથે જ ઇ. સ. ૧૯૩૪ના સપ્ટેમ્બરની ૨૬મી તારીખે કરાવવામાં આવી હતી.

મેં એ જહાજને 'વિરાટ' કહ્યું છે તે જાણી જોઇને કહ્યું છે. એ ૧,૦૧૮ ફૂટ લાંબું છે—એટલે કે રાજાના બકિંગહામ મહેલ આગળ એને ખડું કરીએ તો મહેલ નાનો લાગે અને પાર્લામેન્ટના મકાન આગળ ઊભું કરીએ તો તે મકાન કરતાં પણ એની લંબાઇ ૧૧૮ ફૂટ વધારે થાય. એની ઊંચાઈ મુંબઈના ઊંચામાં ઊંચા મકાન રાજાબાઇ ટાવર કરતાં સહેજ જ ઓછી છે. પણ લંબાઈપિહોળાઇથી એના કદનો ખ્યાલ નહિ આવે.

એને બાંધવામાં અને શણગારવામાં ૨૭,૦૦૦ માણસોએ સીધી કે આડકતરી રીતે ભાગ લીધો હતો. એને બાંધવામાં દસ કરોડ તો બોલ્ટચાકી (રીવેટ) વપરાયાં છે. એનાં ભૂંગળાંની ઊંચાઈ જ ૨૮૦ ફૂટ છે. એ ત્રણ ભૂંગળાં એટલાં મોટાં છે કે તેને જો આડાં પાડ્યાં હોય તો તે દરેકમાંથી ત્રણ ત્રણ મોટાં મેઈલ એન્જિનો એકસામટાં પસાર થઈ જઈ શકે. એનો થંભ ૨૯૦ ફૂટ ઊંચો છે. એના એક એક લંગરનું વજન ૧૬ ટન છે, અને એવાં તો ત્રણ લંગર છે. લંગરની

સાંકળની લંબાઈ ૯૯૦ ફૂટ છે, અને તેનું વજન ૧૪૫ ટન છે. એને બનાવવામાં ૪૦ હજાર ટન લોખંડનાં પતરાં વપરાયાં છે. એના માત્ર બહારના ભાગને રંગવા માટે જ ૭૦,૦૦૦ ગેલન રંગરોગાનની જરૂર પડી હતી.

એને બાર માળો છે અને તેમાં ૧૦૦૦ ખલાસીઓ અને ૨૧૪૦ ઉતારુઓને રહેવાની બાદશાહી સગવડો છે. લંડનની મોટામાં મોટી હોટેલના ભોજનખંડ કરતાં એનો ભોજનખંડ વિશાળ અને ભવ્ય છે. તે ૧૬૦ ફૂટ લાંબો અને ૧૧૮ ફૂટ પહોળો છે, અને તેમાં એકી વખતે ૮૦૦ માણસો જમી શકે એટલી વ્યવસ્થા છે. આ ભોજખંડમાં ન જમવું હોય તેમને માટે જ્યાંથી દરિયાના તરંગો નિહાળી શકાય એવો એક બીજો ખંડ બનાવેલો છે, તે પણ ૭૦ ફૂટ લાંબો અને ૨૯ ફૂટ પહોળો છે. આ ઉપરાંત સોનારૂપાના શણગારોથી શણગારેલું એક આરામગૃહ છે, તે પણ ૯૬ ફૂટ લાંબું, ૭૦ ફૂટ પહોળું અને ૨૨ ફૂટ ઊંચું છે. એને એક છેડે '૨૬×૨૨'ની એક રંગભૂમિ છે અને ત્યાં નાચ અને નાટકની બધી ય સગવડ રાખવામાં આવેલી છે. આખી દુનિયામાં ક્યાં ય ન હોય એવું વિશાળ રેસ્ટોરાં છે, જેમાં એકીસાથે હજાર માણસોને આરામથી સમાવી શકાય. ઉતારુઓના મનરંજન માટે સિનેમાગૃહ પણ છે, અને તે એવું છે કે તેના જુદાજુદા ભાગોમાં એકીસાથે ત્રણ ફિલ્મો બતાવી થકાય. નાહવાના અને તરવાના વિશાળ હોજ છે. રમતગમત માટે બે એકરનું મેદાન છે, જ્યાં ટેનિસ, બેઈઝ બૉલ વગેરે રમી શકાય. ઉપરાંત અખાડો, નાનાં બાળકો માટે ક્રિડાંગણો, હરવાફરવા માટેનાં સ્થાનો અને નાનાનાના બગીચા વગેરે છે તે તો જુદાં. વાચનનાં શૉખીનો માટે પુસ્તકાલય અને વરણાગિયાં માટે હેરકટિંગ સલૂન પણ છે.

આ બધાં સ્થાનો પ્રકાશિત કરવા માટે ૩૦,૦૦૦ વીજળીના દીવાઓ ઉપરાંત અનેક ટૉર્ચલાઈટો ગોઠવામાં આવ્યાં છે. એક માળ પરથી બીજા માળ પર જવા માટે લિફ્ટ છે. અને વીજળીથી ચાલતાં એક જ સમય દર્શાવતાં ૫૯૬ ઘડિયાળો પણ છે. ત્રણ ડઝન મોટરો રહી શકે

એવું મોટરગૅરેજ છે અને મુસાફરોનાં પાળેલાં જાનવરો રાખવા માટે સ્વતંત્ર જગ્યાની ગોઠવણ કરેલી છે.

દુનિયાના કોઈ પણ ભાગ સાથે વાત થઈ શકે એવા પાંચસો ટેલિફોન છે, અને એ બધાંના સંધાણ માટે વપરાયેલો તાર સીધો કરીએ તો તેની લંબાઈ ૪ હજાર માઇલ થાય એમ છે.

ઉતારુઓને રોજરોજ જગતના સમાચાર મળતા રહે એ માટે 'ઓશન ટાઇમ્સ' નામનું એક દૈનિક પત્ર પણ પ્રગટ થાય છે. એ પત્ર તથા ભોજનની વાનીની યાદીઓ, નાચ, નાટક, સિનેમાના કાર્યક્રમો, હોસ્પિટલ તેમજ બીજાં ખાતાંમાં વપરાતાં કાગળિયાં વગેરે છાપવા માટે એક છાપખાનું છે અને તે છેલ્લામાં છેલ્લી ઢબનું છે.

આટલી બધી સગવડ પૂરી પાડવા માટે રાચરચીલું અને સાજસરંજામ કેટલો રાખવો પડ્યો હશે? તે જ કહું છું.

એ જહાજ પર કાચનાં અને માટીનાં મળીને બે લાખ વાસણો છે, ૨૧,૦૦૦ ટેબલક્લૉથ છે, ૮૫,૦૦૦ ઓછાડ છે, ૫ હજાર કામળા છે, ૩૧,૦૦૦ ઓશિકાંના ગલેફ છે, બે લાખ દસ હજાર ટુવાલ છે, ૩ હજાર લૂછવાના કટકા છે અને ૯૨ હજાર નૅપકિન છે. પાણી પીવાના પ્યાલા ૫૦ હજાર અને છરીચમચા ૧૯ હજાર છે. તેના ખંડોમાં અને રસ્તાઓ ઉપર પાથરેલી જાજમની લંબાઈ ૯ માઇલ થાય છે. પડદા તથા ખુરશીના ગલેફ બનાવવામાં તેર માઇલ લાંબું કપડું વપરાયું છે.

એ બધું ખરું; પણ જમવાનું શું? એ તો પૂછશો જ નહિ. સાંભળીને જ હબકી જશો.

જુદાજુદા દેશના લોકોના સ્વાદને સંતોષી શકે એવા સો રસોઇયાઓ વીજળીના રસોડામાં કામ કરી રહેલા હોય છે. ભઠિયારા, ખાટકી વગેરે તો જુદા. ૮૦૦ માણસો તો ઉતારુઓની ખિદમતમાં રોકાયેલાં છે.

એ રસોડામાં ૧૨ જાતના મુરબ્બા, ૧૫ જાતની પનીર અને ૨૨ જાતનાં બિસ્કિટ સંઘરેલાં છે. તારે એનો ભંડાર જોવો છે? ચાલ ત્યારે. પણે પેલાં ૨૫ હજાર દીવાસળીનાં બાકસ ખડકેલાં છે. પાસે જ પેલી ૨૦ હજાર સિગારેટની ડબ્બીઓ ગોઠવેલી છે. ૫૦ હજાર બાટલી દારૂની છે,

૯ હજાર ગેલન બીર છે, ૧૨ હજાર બાટલી સોડા-વૉટરની, ૧,૦૦૦ રતલ બિસ્કિટ, ૪,૦૦૦ રતલ ચા, કોકો ને કૉફી, ૨,૦૦૦ ગેલન દૂધ, ૪૦૦ ગેલન મલાઈ, ૨૦ હજાર રતલ ખાંડ, ૧૦ હજાર રતલ માખણ, ૫૦ હજાર ઇંડાં, ૩૫૦૦ રતલ અથાણું, ૯,૫૦૦ રતલ ડબ્બામાં બંધ કરેલાં ફળો, ૩૮૦૦ રતલ મુરબ્બા વગેરે, ૭૦ હજાર રતલ બરફ, ૯ હજાર રતલ આઇસક્રીમ, ૫૦ હજાર રતલ તાજું માંસ, ૧૦૦૦ રતલ ડુક્કરનું માંસ, ૨૦ હજાર મરઘાં, ૩૦ હજાર રતલ તાજાં ફળ, ૫ હજાર રતલ લીલોતરી, ૫,૦૦૦ રતલ બટાટા, ૯૦૦ રતલ અખરોડ, બદામ વગેરે સૂકો મેવો વગેરે ભર્યું છે.

ધારો કે કંઇ અકસ્માત જ થયો તો તેની કાંઈ જોગવાઈ રાખી છે? અરે, એ જ ભૂલી જવાય! યંત્રોથી ચાલતી ૨૪ લાઈફબોટ રાખી છે. દરેકમાં ૧૪૫ માણસ બેસી શકે એવી સગવડ છે, એટલે પોતાના બધા ખલાસીઓ અને ઉતારુઓને બેસાડ્યા પછી પણ ૩૪૦ માણસોની જગ્યા ખાલી રહે એટલી વ્યવસ્થા એમણે રાખી છે. આ લાઇફબોટો થોડી જ સેકંડમાં ઉતારીને એક એક માણસને સોંપી શકાય એમ છે. આગ લાગે તો તે એકદમ બુઝાવી નાખવા માટે ગૅસની અને આસ-પાસની હવાને બરફ જેવી ઠંડી કરી નાખવાની વ્યવસ્થા રાખેલી છે. આને લીધે ગમે તેવા ભડકાને પણ ઘડીવારમાં બુઝાવી નાખી શકાય એમ છે. આ બધું સાંભળીને તમને કદાચ થશે કે આવા મોટા અને આટલા બધા બોજાથી લદાયેલા જહાજને ભરસમુદ્રે પૂરપાટે ચલાવનાર યંત્રો કેવાંક હશે! એ યંત્રો પણ સાચે જ રાક્ષસી છે. અમદાવાદની મોટી મોટી મિલોને ચલાવનાર યંત્રો તો એના આગળ નાનાં બચ્ચાં જેવાં લાગે! એનાં એન્જિનોને ચલાવવા માટે ૨૪ તો બૉઇલરો છે અને તેમાં ૧,૯૦,૦૦૦ ટ્યૂબો છે. એનાં એન્જિનમાંથી બે લાખ અશ્વબળ (હૉર્સપાવર) જેટલી શક્તિ પેદા થાય છે, અને તે આખા અમદાવાદ શહેરને વીજળી પૂરી પાડવા માટે બસ છે. આ જંગી અને ખૂબ કાળજીપૂર્વક બનાવેલાં યંત્રોને બળે જ એ જહાજ સાગરમાં કલાકના લગભગ પોણા એકત્રીસ (૩૦·૯૩) દરિયાઈ માઇલની ઝડપે પ્રવાસ કરી શકે છે. અને આ દરિયાઈ માઇલ તો આપણા માઇલ કરતાં પણ


૮૦૦ ફૂટ વધારે લાંબો (૬૦૮૦ ફૂટનો) હોય છે. આવાં આ જહાજને બાંધતાં ૬૦ લાખ પાઉંડ એટલે લગભગ ૭ કરોડ ૮૦ લાખ રૂપિયા ખર્ચ થયો છે.

આટલું 'કિવન મેરી' વિષે. હવે 'બ્લુ રિબૅન્ડ'ની વાત. કોઈ પણ હરીફાઈમાં સર્વોત્તમ ઇનામ મેળવનારને બ્લુ રિબૅન્ડ 'ભૂરી પટ્ટી' મળી એમ કહેવાય છે, કારણ એના ચાંદો લટકાવવામાં ભૂરી પટ્ટીનો ઉપયોગ થાય છે. આ ઉપરથી ભૂરી પટ્ટી (બ્લુ રિબૅન્ડ) જીતવી એનો અર્થ સર્વોત્તમ ઠરવું એવો થઈ ગયો છે.

આટલાંટિક મહાસાગર એ યુરોપ અને અમેરિકા વચ્ચેના વેપારનો અને વ્યવહારનો માર્ગ રહ્યો. સૌ પોતપોતાનો માલ સહીસલામત અને જલદી પહોંચે એવું ઇચ્છે. જે કંપનીની સ્ટીમર આટલાંટિકને ઓછામાં ઓછા સમયમાં પાર કરી શકે તેને વધારે કામ મળે એ તદ્દન સ્વાભાવિક છે. અને તે જ કારણે દરેક સ્ટીમર કંપની બીજી કંપનીઓને હરાવવાનો પ્રયત્ન કરતી જ હોય છે.

આવી હરીફાઈની શરૂઆત છેક ૧૮૪૦માં થઈ હતી એમ કહીએ તો ચાલે. તે વખતે 'કુનાર્ડ' કંપનીની 'બ્રિટાનિયા' નામની સ્ટીમરે પંદર દિવસમાં સરેરાશ કલાકના સાડાઆઠ દરિયાઈ માઇલની ઝડપે આટલાંટિક મહાસાગર ઓળંગ્યો હતો. ત્યાર પછી તો જહાજોનો વેગ ખૂબ વધી ગયો. ૧૯૦૭માં 'મોરેટૅનિયા' ચાર દિવસ અને દસ કલાકમાં આયર્લૅંડથી અમેરિકા પહોંચી ગઈ. ૧૯૨૪માં એ જ 'મોરેટૅનિયા'એ એથી પણ વધારે (કલાકના ૨૬·૦૭ દર માઇલને) વેગે મુસાફરી કરી બતાવી. પણ ૧૯૨૯માં જર્મનીની 'બ્રેમન' નામની સ્ટીમરે ૨૭·૮૩ દર માઇલના વેગે આટલાંટિક ઓળંગ્યો. 'યુરોપા'એ ૨૭·૯૧ દર માઇલને વેગે ઓળંગ્યો, ઇટેલિયન સ્ટીમર 'રેક્ષ'ની ગતિ એના કરતાં ચડી ગઈ. તેણે ૨૮·૯૮ ના વેગે આટલાંટિક પાર કર્યો. ગયે વરસે ફ્રેંચ સ્ટીમર 'નૉર્મન્ડી'એ આ બધાં જહાજોને પાછળ પાડી દીધાં અને ૩૦·૧૫ દરિયાઈ માઇલનું અંતર ફક્ત ૪ દિવસ, ૩ કલાક અને ૨૮ મિનિટમાં કાપી સરેરાશ વેગ કલાકે ૩૦·૩૧ દર માઇલનો બતાવ્યો. અને હવે

'ક્વિન મેરી'એ એને પણ પાછળ પાડી એ જ અંતર ૩ દિવસ ૨૩ કલાક અને ૫૯ મિનિટમાં કાપ્યું. એટલે 'નૉર્મન્ડી' કરતાં એને ૩ કલાક અને ૩૧ મિનિટ ઓછો સમય લાગ્યો. આમ ગણતાં એનો વેગ કલાકના ૩૦·૯૩ દર માઈલ થયો. જે 'કુનાર્ડ' કંપનીની 'બ્રિટાનિયા' સ્ટીમરને આટલાંટિક ઓળંગતાં પંદર દિવસ લાગ્યા હતા, તે જ 'કુનાર્ડ' કંપનીએ આ 'ક્વિન મેરી' પણ તરતી મૂકી છે.



તમને કદાચ થશે કે આવી હરીફાઈનો અર્થ શો ? પહેલાં જ હું કહી ગયો છું કે આવી વેગીલી સ્ટીમરોને વધારે કામ મળે છે. ઘણી વાર તો માણસો પોતાની સંપત્તિ એક દેશથી બીજે દેશ લઈ જવા માગતા હોય છે પણ કોઈ સલામત જહાજ મળે ત્યારે જ પોતાનું ઝવેરાત અને ધન તેને ધીરે છે. માણસો જાન ધીરવા તૈયાર થાય છે, માલ ધીરવા તૈયાર નથી થતા. આ જ કારણે જ્યારે ૧૯૧૨ માં 'ટાઈટેનિક' ઊપડી ત્યારે તેમાં અઢળક ખજાનો પણ લાદ્યો હતો. આમ વેગીલી

સ્ટીમર કંપનીને વરસે દહાડે કેટલુંક વધારે કામ મળી જતું હશે? એવો જો તમે પ્રશ્ન કરો તો તેનો જવાબ એટલો જ કે વરસે ઓછામાં ઓછા ૨૦ લાખ પાઉંડનું. હવે કદાચ તમને થશે કે ત્યારે તો આ હરીફાઈ કરવા જેવી ખરી.

મને આ 'ક્વિન મેરી'નું સારું ચિત્ર ન મળ્યું. જેવું મળ્યું તેવું મોકલું છું. એ ચિત્રમાં તો એ સામાન્ય નાની સ્ટીમર જેવી જ દેખાય છે, પણ એના પેટાળમાં શું છે, એ બધું મેં તમને કહી દીધું છે, એટલે એ બધું એણે ક્યાં અને કેમ સમાવ્યું હશે એની કલ્પના કરી જોજો અને તે ઉપરથી એની વિરાટમૂર્તિનાં માનસચક્ષુએ દર્શન કરી લેજો.

– સ્વાધ્યાય –

૧. 'સાગરની રાણી'નું બધું વર્ણન વાંચતાં તમારા મનમાં જે વિચારો આવ્યા હોય તે જણાવો.

૨. આ પાઠમાં જે વર્ણન આવે છે તે તમને ભૂમિ પરના કોઈ નગરના વર્ણન જેવું લાગે છે કે સમુદ્રમાં તરતા જહાજનું લાગે છે?

૩. ઘડીભર તમે કલ્પો કે એ જહાજ મુંબઇના બારામાં આવ્યું છે અને તેમાં ફરીને બધું જોવાની તમને તક મળી છે. તમે એ જહાજમાં ફરીને બધું જોઈ રહ્યાં છો. જ્યારે તમે એ બધું જુઓ છો ત્યારે તમને એ બધી ઘટના કયા મુલકની લાગે છે, ને તમે ક્યાં વિચરી રહ્યા જણાઓ છો?

૪. એ માયાવી જેવા લગતા જહાજની રચના કરનાર માનવબુદ્ધિ વિશે તમને શા શા વિચારો આવે છે?

૫. સાગરની રાણીમાં ઉતારુઓને મળતી સ્વર્ગીય સગવડનું તમારા શબ્દોમાં ટૂંક વર્ણન કરો. 'ક્વિન મેરી'ની વિશાળતાનો ટૂંક ખ્યાલ તમારા શબ્દોમાં આપો.

૬. આ જહાજને સાગરની રાણી કેમ કહેવામાં આવે છે તે સવિસ્તર જણાવો.

૭. સ્ટીમર કંપનીઓની હરીફાઈ વિશે ટૂંક નોંધ લખો.

૮. 'ટાઇટૅનિક' અને 'નૉર્મન્ડી' વિશે તમે ક્યાં ય વાંચ્યુ છે ખરું? એ વિશે તમે જે જાણતાં હો તે ટૂંકમાં લખો.

२३

હિમાલયમાં એક સાહસ

[પંડિત જવાહરલાલ નેહરુનું નામ તો તમે સાંભળ્યું જ હશે. તે એક મોટા નેતા હોવા ઉપરાંત સમર્થ અને પ્રતિભાશાળી લેખક છે. ગાંધીજીએ જેમ પોતાની આત્મકથા લખી છે તેમ પંડિતજીએ પણ અંગ્રેજીમાં પોતાની આત્મકથા લખી છે. એ ગ્રંથની આપણા એક મહાન ગ્રંથ તરીકે ગણના થઈ છે, અને દેશપરદેશના વિદ્વાનોએ એનાં મુક્ત કંઠે વખાણ કર્યાં છે. એ પુસ્તકનું શ્રી મહાદેવભાઈ દેસાઈએ ગૂજરાતીમાં ભાષાન્તર કર્યું છે. તેમાંથી એક પ્રકરણ અહીં ઉતાર્યું છે. કેવી સરળ, સચોટ અને સહૃદય શૈલીમાં પંડિતજીએ આ પુસ્તક લખ્યું હશે તેનો આ નાનકડા પાઠ ઉપરથી પણ તમને સહેજે ખ્યાલ આવશે.]

*　　　*　　　*

દિલ્લી શહેરમાં ૧૯૧૬માં વસંતપંચમીને દિવસે મારું લગ્ન થયું. એ સાલ ઉનાળાના કેટલાક મહિના અમે કાશ્મીરમાં ગાળ્યા. કુટુંબને શ્રીનગરની ખીણમાં છોડીને હું મારા એક પિત્રાઇની સાથે અનેક અઠવાડિયાં સુધી પહાડીમાં રખડ્યો અને લદ્દાને રસ્તે ચડ્યો.

ટિબેટની સપાટી તરફ જતાં જંગલના ઊંચામાં ઊંચાં પ્રદેશની એ સાંકડી અને નિર્જન ખીણોનો આ મારો પ્રથમ અનુભવ હતો. ઝેજિલા ઘાટીની ટોચથી અમારી નીચે એક બાજુએ લીલીછમ પહાડોની બાજુઓ અને બીજી બાજુએ સાવ વેરાન નકરો ખડક દેખાતો હતો. એ સાંકડી ખીણમાં આગળ અને આગળ અમે કૂચ કરતા ગયા. અમારી બન્ને બાજુએ પહાડો ઊભા હતા, જેનાં શિખરો ઉપર હિમનો મુકુટ ચળકી રહ્યો હતો અને ઉપરથી નીચે હિમના નાના નાના પ્રપાતો

અમારું સ્વાગત કરવાને જાણે મંદ ગતિએ ઊતરી રહ્યા હતા. પવન ઠંડો અને આકરો હતો પણ દિવસના સૂરજનો મધુરો તડકો રહેતો અને હવા એટલી નિર્મળ હતી કે ઘણીવાર અમે એક સ્થાનથી બીજા સ્થાન વચ્ચેના અંતર વિષે છેતરાતા અને દૂરનાં સ્થાનોને પાસે માનતા. એકાંત વધતું જતું હતું, વૃક્ષો અને વનસ્પતિ પણ અદશ્ય થયાં હતાં, માત્ર નકરો ખડક, હિમ અને બરફ અને ક્યાંક ક્યાંક બહુ આવકારલાયક પુષ્પો. અને છતાં આ જંગલી અને વેરાન પ્રકૃતિમંદિરોમાં હું કંઈક અજબ તૃપ્તિ અનુભવતો અને સ્ફુર્તિથી અને આહ્લાદથી ઊભરાતો.

આ પ્રવાસ દરમિયાન મને એક રોમાંચક અનુભવ થયો. ઝોજિલા ઘાટી છોડીને આગળ એક જગ્યાએ–એનું નામ હું ધારું છું કે માતાયાન હતું–અમને કહેવામાં આવ્યું કે અમરનાથની ગુફા અહીંથી માત્ર આઠ માઈલ છે. હા, એ ખરું કે અફાટ હિમસમૂહથી ઢંકાએલો એક જબરજસ્ત પહાડ ઓળંગવાનો પડ્યો હતો; પણ તેમાં શું? આઠ માઈલ તો કંઈ વિસ્તારમાં ન હતા. હોંશમાં ને હોંશમાં અને અનુભવ ન હોવાને લીધે અમે એ ઓળંગવાનો નિશ્ચય કર્યો. ૧૧૫૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા અમારા પડાવથી અમે નીકળી પડ્યા અને એક નાનકડી ટુકડી લઈને પહાડ ચડવા માંડ્યો. ત્યાંનો એક ભરવાડ અમે ભોમિયા તરીકે સાથે લીધો હતો. સૌ દોરડાની સાંકળેથી એક બીજાની સાથે સંકળાઈ અનેક હિમનદીઓ ઓળંગતા ચઢતા ગયા, અને અમારી મુશ્કેલી વધતી ગઈ. શ્વાસ લેવો કંઈક મુશ્કેલ થઈ પડ્યો. અમારા મજૂરો બહુ ભારથી લદાયેલા નહોતા છતાં લોહીની ઊલટી કરવા લાગ્યા. હિમ પડવા લાગ્યો અને હિમનદીઓ ભયાનક લપસણી થઈ પડી: અમે થાકીને લોથ થઈ ગયા હતા અને એક એક ડગલું ભરતાં કંઠે પ્રાણ આવતા હતા. પણ જડસાની જેમ અમે ચડવું ચાલુ રાખ્યું; અમે અમારે પડાવેથી સવારે ચાર વાગ્યે નીકળ્યા હતા અને બાર કલાકના સતત ચડાણને અંતે જોઈએ છીએ તો અમારી સામે એક વિશાળ હિમસરોવર પડ્યું હતું. હિમાચ્છાદિત શિખરોથી વીંટળાયેલું આ ભવ્ય દશ્ય દેવોના મસ્તક ઉપર મુકુટ જેવું લાગતું હતું,

પણ હિમ અને ધૂમસ પડતાં હતાં એટલે આ દૃશ્ય પણ અમારી નજર આગળથી અદૃશ્ય થઈ ગયું. અમે કેટલી ઉંચાઇએ હતા એ તો હું જાણતો નથી પણ હું ધારું છું કે ૧૫૦૦૦ કે ૧૬૦૦૦ ફૂટની ઊંચાઈ તો જરૂર હોવી જ જોઈએ; કારણ હિમસરોવર ઓળંગી પેલે પાર આવેલી અમરનાથની ગુફાએ પહોંચવાનું હતું. અમને લાગ્યું કે હવે ચડવાનું પૂરું થયું છે. અમે મોટી મુશ્કેલીઓ તો ઓળંગી ચૂક્યા એટલે સાવ થાક્યા હતા છતાં પણ પ્રસન્નચિત્તે આ નવી મજલ શરૂ કરી. રસ્તામાં અનેક જગ્યાએ હિમનદીઓમાં મોટી ખોભણો આવતી હતી અને અનેક ઠેકાણે તાજો હિમ પડવાને લીધે આવી ખોભણો દેખાતી ન હતી. અજાણતાં પગ મુકાયો તો ગડડગપ ગયા અને સાચે જ તેમ થયું. આ તાજા પડેલા હિમથી હું છેતરાયો અને મારું આવી બન્યું. મેં પગ મૂકયો કે તરત જ હિમ ધસી પડ્યો અને હું એક ભયાનક અને પહોળી ખોભણમાં લપસ્યો. આ ખોભણ તે એક ભયાનક ઊંડી ખાઈ હતી. અને એમાં જે ગયો તે યુગોના યુગો સુધી ત્યાં સુરક્ષિત રીતે દટાઈ રહેવા વિષે કશી જ શંકા નહોતી. પણ પેલા દોરડાએ મને પકડી રાખ્યો. ખોભણની એક બાજુએ હું વળગી રહ્યો અને મને ખેંચી કાઢવામાં આવ્યો. આથી અમારા હાંજા ગગડી તો ગયાં જ, પણ છતાં અમારી કૂચ ચાલુ રાખી. પણ આ ખોભણોની સંખ્યા અને વિશાળતા વધતી જતી હતી અને અમારી પાસે આમાંની કેટલીક ઓળંગવાનાં સાધનસામગ્રી રહ્યાં ન હતાં એટલે આખરે થાકી-પાકી, સાવ નિરાશ થઈ, અમે પાછા ફર્યા અને અમરનાથની ગુફાનાં દર્શન કરવાનાં રહ્યાં તે રહ્યાં.

કાશ્મીરના ઊંચા ગિરિવરો અને ખીણો ઉપર હું એટલો બધો મુગ્ધ હતો કે પાછા તરત ત્યાં જવાનો મેં નિશ્ચય કર્યો. અનેક પ્રવાસના ઘાટ ઘડ્યા. આમાંનો એક તો ટિબેટના અલૌકિક સરોવરની અને પાસે જ આવેલા હિમાચ્છાદિત કૈલાસની યાત્રાનો વિચાર હતો. એ વિચાર માત્રે હું આનંદથી ઊભરાતો. એ વાતને તો અઢાર વર્ષ થયાં છતાં આજે પણ કૈલાસ અને માનસસરોવરથી હું એટલો ને એટલો જ દૂર છું.

અનેક વાર કાશ્મીર જવાની ઘણીએ ઇચ્છા છતાં કદી પાછો કાશ્મીર જઈ શકયો જ નથી અને રોજ રોજ રાજકાજના અને લોકસેવાના વમળમાં વધારે ને વધારે ગૂંચાતો ગયો છું. છતાં હજી હું એ દિવસનાં સ્વપનાં જોઉં છું કે જ્યારે હિમાલયમાં રખડતો રખડતો માનસસરોવર અને કૈલાસનાં દર્શનના મારા મનોરથ હું પૂરા શકીશ. દરમિયાન જીવનની પળો ઝપાટાબંધ વહી જાય છે. યુવાવસ્થામાંથી આધેડ અવસ્થામાં પ્રવેશ થાય છે. અને એ પછી વધારે બૂરી અવસ્થા આવી રહેશે. એટલે ઘણીક વાર મને થાય છે કે કૈલાસ અને માનસસરોવર જોવા પહેલાં તો હું વૃદ્ધાવસ્થાથી સાવ અપંગ થઈ ગયો હઈશ. પણ ગમ્ય સ્થાન ભલેને દેખાતું ન હોય તો પણ તે પ્રતિ પ્રવાસ કદી એળે જતો નથી.

હજી ય મનની મહીં રમી રહેલ એ પર્વતો
દિસે બહુ ડરામણા રુધિરરંગ સંધ્યા તણે,
તથાપિ દિલમાં વસ્યો ચિર અદશ્ય ઉત્સાહ હો
સદૈવ તલસી રહ્યો ગિરિહિમોતણી શાન્તિને.

– સ્વાધ્યાય –

૧. આ પાઠને આપવામાં આવેલું મથાળું યોગ્ય છે? શાથી?
૨. આ પાઠ ઉપરથી પંડિત જવાહરલાલના સ્વભાવ વિશે અને તેમની સાહસવૃત્તિ વિશે તમને કેવા વિચારો આવ્યા?
૩. આ પાઠમાં તમારી સહાનુભૂતિને પ્રેરે એવા કોઈ ભાવ છે? કયા?
૪. તમારા જીવનની કોઈ એક રોમાંચક ઘટનાનું વર્ણન કરો.
૫. તમે જોયેલાં સૌથી સુન્દર સ્થળોમાંથી એકનું વર્ણન કરો.
૬. પંડિત જવાહરલાલના જીવનની ટૂંકમાં રૂપરેખા આપો.
૭. તમને ખબર હોય એવી મોટી મોટી આત્મકથાઓની યાદી કરો.

હું મુસાફર

[આ મનોહર કલ્પનાવાળી કવિતા શ્રી. પ્રીતમલાલ મજૂમદારે લખી છે. તેમણે બાળકો માટે ઘણાં ગીતો લખ્યાં છે. તેમનાં એવાં ગીતોનો સંગ્રહ પણ બહાર પડ્યો છે. આ કાવ્યમાં કવિ પોતાને એક મુસાફર તરીકે કલ્પે છે. મુસાફર, અલબત્ત, મુસાફરી જ કરે. શા માટે તે મુસાફરી કરતો હશે ? વેપાર માટે, જ્ઞાન માટે, સાહસ માટે, વિજય માટે કે એવાં કોઈ કારણ માટે ? એવા આ પ્રશ્નના ઉત્તર મળશે; પણ આપણો આ મુસાફર કોઈ જુદા જ હેતુથી મુસાફરીએ જાય છે. એ શું હશે તે આ કવિતા વાંચી તમે શોધી કાઢો.]

* * *

હું પશ્ચિમનો મિત્ર મુસાફર પશ્ચિમ ખેડી જાઉં;
દૂર દૂરનું સઘળું સારું આંગણ તેડી લાવું!
હું દક્ષિણનો દક્ષ મુસાફર સાગર ચીરી જાઉં;
વૃષ્ટિનાં વાદળ નાથીને ભારત પર વરસાવું!
હું પૂરવનો પંખી મુસાફર ઊડતો ઊડતો જાઉં;
પ્રભાતનાં હસવાં વાળીને રંકવદન રેલાવું!
હું ઉત્તરનો ઊર્ધ્વ મુસાફર ધપતો ધપતો જાઉં;
તુંગ શિખરના પુણ્ય વિચારો વસતિમાં ઊતરાવું!
હું દુનિયાનો દેવ મુસાફર ચોગમ ફરતો જાઉં;
ખૂણે ખૂણે ભારતકેરી વિજયધ્વજા ફરકાવું!

– સ્વાધ્યાય –

૧. દરેક દિશામાં જતાં મુસાફર પોતાને માટે જુદાં જુદાં કયાં વિશેષણો વાપરે છે તે જણાવો. એ વિશેષણો ઇરાદાપૂર્વક વપરાયાં છે એમ બતાવવું હોય તો તમે શું કહેશો?

૨. મુસાફર જે જે પ્રવૃત્તિઓ કરે છે તે બધીમાં એના મનમાં સતત એક જ વાત રમી રહેલી હોય છે તે કઈ?

૩. જ્યારે કવિએ આ કવિતા લખી ત્યારે તેમને નીચેની કે એને મળતી પંક્તિઓ પણ સ્ફુરી હશે એવું તમને લાગે છે?

હું પશ્ચિમનો પથિક દિવાકર સાગરમાં જઈ ન્હાઉં;
દૂર દૂર સંધ્યાને સદને તોરણ દિવ્ય સજાવું!
હું દક્ષિણનો દૂત દિવાકર દક્ષિણ દિશામાં જાઉં;
દક્ષિણ નાજુક લહરોથી વસન્ત-બીન બજાવું!
હું પૂરવનો પ્રાણ દિવાકર અજવાળાં લઈ આવું;
ગમગીની અવનિની ટાળી આશાજ્યોત જગાવું!
હું ઉત્તરનો ઊર્ધ્વ દિવાકર તપતો તપતો જાઉં;
ઉત્તરના અજવાળે ટૂંકાં જીવન દીર્ઘ બનાવું!
હું દુનિયાનો દેવ દિવાકર ચોગમ ફરતો જાઉં;
ખૂણે ખૂણે પ્રકાશ કેરી વિજય-ધ્વજા ફરકાવું

૪. આ કવિતા માટે યોગ્ય મથાળું શું સૂચવશો?

૫. આ બે કવિતાઓની તુલના કરો.

૬. આ બે કવિતાઓ વાંચતાં એવી કવિતા લખવા માટે તમને કોઈ નવા વિષયો સૂઝે છે? તો તેવા વિષયો સૂચવો; અને તેમાંથી એક વિષય ઉપર બની શકે તો પદ્યમાં અને નહિ તો ગદ્યમાં 'કવિતા' લખો.

---

૨૫ : વાદળી

સોનેરી વાદળી,
રૂપેરી વાદળી
ઉતરી રે ફ્હાન મારે તળાવ.
સન્ધ્યા – પ્રભાતના રંગ ભરી પાંખે,
સૂરજનાં આંજણાં આંજીને આંખે,
સાગરને હૈયે આળોટી એ વાદળી,
અમૃતના ગર્ભ ધરી
ઉતરી રે ફ્હાન, મારે તળાવ.
સૂકાં તળાવ, મારાં સૂકાં સરોવરો
સૂકાં કમળદળ, સૂકો આ વાયરો,
સૂનાં આકાશ મૂકી નાઠી'તી વાદળી,
ધરતીનો ફેર ફરી
ઉતરી રે ફ્હાન, મારે તળાવ.
નાનું તળાવ મારું પાણીડાં છલકે,
ભીનો પવન કમળ આછેરાં મલકે,
દુનિયાનાં આંસુડાં લોતી એ વાદળી
મલકંતી પ્રેમ ભરી
ઉતરી રે ફ્હાન, મારે તળાવ.

સુન્દરમ્

B. Pancholey

– સ્વાધ્યાય –

૧. રંગ રંગ વાદળિયાં અને આ કવિતા વચ્ચે તુલના કરો.

૨. વાદળીએ સૂરજનાં આંજણાં આંખે આંજ્યાં એટલે શું ? સાગરને હૈયે એ કેવી રીતે આળોટી ?


૩. વાદળી કઈ સૂકી વસ્તુઓને ભીંજાવવા અને રસથી ભરી દેવા આવે છે ?

૪. વાદળીને દુનિયાનાં આંસુડાં લોતી શાથી વર્ણવી છે ?

૫. 'વાદળી' ઉપર તમે પદ્યમાં અથવા ગદ્યમાં એક કવિતા લખશો ? વાદળની બે કવિતાઓ તમે શીખ્યાં. એકમાં વાદળની સફરનું આત્મકથા રૂપે વર્ણન છે, બીજીમાં વાદળે આવીને શું કર્યું તેનું વર્ણન છે. હવે તમે લખો તેમાં વાદળે શું શું જોયું તેની કવિતા બનાવો. દાખલા તરીકે વાદળે રૂમઝૂમ કરતાં ઝરણાં જોયાં, આંબાડાળે ટહૂકતી કોકિલા જોઈ, માનસસર તરફ જતા હંસોની હાર જોઈ, પોતાનાં નાજુક શિર હલાવી બોલાવતાં કમળવન જોયાં, માણસોનાં હસવાં ને રોવાં જોયાં......વગેરે વગેરે.

૬. તમારા આ પાઠ્યપુસ્તકમાં જે પ્રકૃતિકાવ્યો છે તેની યાદી કરો.

૭. આ કવિતાનો પરિચય આપવામાં નથી આવ્યો તે એથી કે તમારે એનો પરિચય કરાવવાનો છે. કવિ સુન્દરમને તો તમે ઓળખો જ છો. આ કવિતા "કાવ્યમંગલા" નામના તેમના કાવ્યસંગ્રહમાંથી લીધી છે. હવે તમે એનો જરૂરી પરિચય લખો.



२६

ડોલતા ડુંગર

[' સાકરનો શોધનારો 'ના લેખક શ્રી યશવંત પંડ્યાનું આ બીજું નાટક વાંચતાં તમને "સાકરનો શોધનારો" યાદ આવ્યા વિના નહિ રહે. 'સાકારનો શોધનારો'માંની કિન્નરી અને 'ડોલતા ડુંગર'માંની રોહિણી, 'સાકરનો શોધનારો' માંનો, અંજન, 'ડોલતા ડુંગર'માંનો સાગર લગભગ એક સરખાં છે. પણ "ડોલતા ડુંગર" "સાકરનો શોધનારો" જેવું સ્પષ્ટ નથી. તમારે આ નાટિકાના કેટલાક અંકોડા કલ્પના કરીને જાતે ગોઠવી લેવાના છે. દાખલા તરીકે એનું આવું નામ કેમ રાખ્યું હશે ? તમે એથી કદાચ મૂંઝાશો પણ ખરાં; પણ કર્તાએ એ નામ કેમ પસંદ કર્યું છે તે તમે જાણશો તો તમને આખું નાટક આપોઆપ સમજાઈ જશે. એક લોકગીતમાં ' ડોલતા ડુંગર ' શબ્દો આવે છે. કજિયાખોર સાસરામાં રહેતી એક વહુને એક દિવસ સ્વપ્નું આવે છે અને તેમાં તે તેની સાસુ, નણંદ, જેઠ વગેરેને હેતના 'સાગર જેવાં જુએ છે. પણ જાગીને જુએ છે તો ! આ વાત પોતાની માને કહેતાં તે ગાય છે: ' આજ રે સપનામાં મેં તો ડોલતા ડુંગર દીઠા જો !' હવે તમને મથાળું સમજાયું ને ?]

*　　　*　　　*

નામ	ઓળખ	વય
સાગર	બે ભાઈઓ	૯
ગગન		૧૧
રોહિણી	એમની બહેન	૧૨
અનિલ	સાગરનો ભાઈબંધ	૮

ચિત્ર પહેલું

[સવાર પડતી જાય છે. ગુલાબી ઠંડી વાય છે. દૂર ડુંગરા પાછળથી સૂરજ ઊંચે આવતો જાય છે અને પોતાના તેજથી પૃથ્વીને અજવાળી દે છે.

નહિ નાનો અને નહિ મોટો એવો એક બગીચો છે. એમાં પપૈયો, વડ, આંબો, ચંપો વગેરેનાં વૃક્ષો છે; ગુલાબ, મોગરો, ગલગોટાના છોડ છે; જૂઈ-જાઈની વેલો છે; આ સૌના લાંબા લાંબા પડછાયા બગીચાની સુંદરતામાં ઑર ઉમેરો કરે છે. મંજરી મહોરી છે, કળીઓ ખીલી છે, પુષ્પો પાંગર્યાં છે. અને જ્યારે પવન હળવે હળવે વાતો હોય છે ત્યારે પાંદડાંઓમાંથી જાણે મધુર સંગીત સરતું હોય એવું અનુભવાય છે.

એક આંબાની ડાળે કળીઓ, પુષ્પો અને આસોપાલવનાં પાંદડાંથી ગૂંથેલો હીંચકો લટકે છે.

ઉલ્લાસમાં ઊછળતું એક બાળક અહીં આવે છે. એનું ભોળું હસતું મુખડું ગમે તેને ગમે તેવું છે. એની આંખોમાં અવનવું તેજ છે. એના અંગઅંગમાં ચેતન ભર્યું છે. એના લાંબા, વાંકડિયા વાળ ઉપરથી એમ જ લાગે કે એ કયાંકનો રાજકુમાર હશે. એનાં અતિશય ઊજળાં વસ્ત્રો પણ એની સાક્ષી પૂરે એવાં ખરાં.

આ બાળકનું નામ સાગર છે.]

સાગર : ઓ હો હો હો ! મજા! મજા! મજા! આવો રૂડો હીંચકો છે : લાવ હીંચકું. આવાં મજાનાં ફૂલો છે : લાવ, સૂંઘું : આવું સરસ ગીત ગવાય છે : લાવ, સાંભળું.

[તાળીઓ પાડતો એ ચકરડી ફરે છે.]

(હીંચકાનું દોરડું ઝાલી) **પણ હું શું કરું ?–સાંભળું, સૂંઘું કે હીંચકું ?**

[આતુર આંખોએ એ વિચાર ચલાવે છે.]

બસ બરાબર. બધું જ કરું. પહેલાં ફૂલ ચૂંટું, પછી હીંચકે ઝૂલું; એને પછી ઝૂલતાં ઝૂલતાં ફૂલ સૂંઘું ને ગીત સાંભળું. વાહ! મજા ! મજા ! મજા !

[ફલાંગ ભરતો એ ગુલાબમોગરાના છોડ પાસે પહોંચે છે. ચૂંટવા વાસ્તે એ હાથ લંબાવે છે. પણ—]

(બીકના માર્યાં) જો; કોઈ જોઈ નથી જતું ને? જોશે ને બાપુને કહેશે તો વળી લહેર આકરી પડશે! એક વાર બરાબર જોઈ લેવા દે.

[ઊંડી આંખો કરી એ ચારેકોર જોઈ લે છે. વળી બીજી વાર નજર ફેરવી જાય છે.]

હાશ! નથી; કોઈ નથી! લાવ, ગમ્મત ઉડાવું.

[એક ગુલાબ પર એનાં આંગળાં પડે છે.]

શું સુવાળું!

[એટલામાં કોઈનો અવાજ આવે છે.]

અવાજ : સાગર! સાગર!

[જાણે કાંટા ભોંકાયા હોય તેમ સાગર આંગળાં ઉપાડી લે છે.]

સાગર (હળવેથી) **:** અરે રે! અત્યારે ગગન ક્યાંથી આવ્યો?

ગગન : સાગર, આમ તો જો. મેં પણ તારા જેવાં નવાં નવાં કપડાં પહેર્યાં છે, હાં.

[ગગન પણ ઉમંગમાં હોય છે.]

સાગર (મનમાં) **:** આ ગગન? આટલો બધો ફરી ગયો? રોજ રોજ મારી જોડે અટ્ટા કરે ને આજે પોતે જ મને બોલાવે? એનું કામ તો મને બાપુ આગળ માર ખવરાવવાનું. પણ વાહ રે! આજે તો એ તદ્દન ડાહ્યો લાગે છે.

ગગન (હાથ ઝાલી) **:** ભાઈ, બોલ તો ખરો. હીંચકા ખાઈશું?

[સાગર ગગન સામું તાકી રહે છે.]

સાગર, આપણે વારા કાઢીએ. પહેલાં તું બેસ અને હું હીંચકાવું. પછી મારો વારો, હાં. ચાલ બેસ જોઉં.

[સાગરનું આશ્ચર્ય હજુ ઊતર્યું નથી.]

લે હું બેસાડું.

[ગગન સાગરને હીંચકે બેસાડે છે. પછી હીંચકાવે છે.]

સાગર (મનમાં) : પણ મને મજા કેમ નથી આવતી ?

ગગન : સાગર, જરા હસ તો ખરો. મૂગો પોઠિયા જેવો કેમ લાગે છે? મને હીંચકાવવામાં ગમ્મત પડે છે ને તને હીંચકવામાં નથી પડતી ?

[ગગન કૂદકા મારી મારીને હીંચકા નાખે છે.]

સાગર (થોથવાતો) : મને મજા આવે છે ખરી.

ગગન (હોંશથી) : પણ તને ચક્કર નથી ચડતા ને ?

સાગર (હળવે) : હાઆ...(જલ્દી) ના. (વળી હળવે) પણ હવે બસ.

ગગન : બસ ?

સાગર : બસ, બસ, ભાઈ.

[ગગન હીંચકો બંધ પાડે છે. સાગર નીચે કૂદી પડે છે.]

ગગન, હવે તારો વારો.

ગગન : પણ હું રોહિણીને તેડી આવું તો ? બિચારી બહુ રાજી થશે.

સાગર (મનમાં) : રોહિણી ? રોહિણી પછી મા પાસે સાંધા કરશે તો ?


ગગન : હું તેડી આવું, હોં.

[ગગન દોડી જાય છે.]

સાગર : આ ગગનને કેમ કશી બીક નથી ? રોહિણી રોજ એની સામે ચાડી ખાય છે તો ય એના વિના એને કેમ ન ચાલ્યું ? આ છે શું ? (મોં મચકોડે છે.)

રોહિણી : સાગરભાઈ, શેનું છે શું ?

[સાગર જુએ છે તો કઢેલા દૂધના ભરેલા કટોરા સાથે રોહિણી એની સામે હસતી ઊભી છે.]



આ ચિત્રને ક્યાં ક્યાં નામ આપી શકાય ?

(કટોરા નીચે મૂકી) ભાઈ, હું તો તને શોધીને થાકી ગઈ! જો; દાઝી પણ ખરી. પછી પાછી વળતી હતી ત્યાં તને અહીં દીઠો. કંઈક ગણગણતો હતો એટલે હું છાનીમાની આવી.

સાગર (ફાળથી): અને શું શું સાંભળ્યું?

રોહિણી (લાડથી મરડાતી): બધું યે!

સાગર: અને માને એ કહી દેવાની ને? જા; તારી સાથે કોણ બોલે?

રોહિણી (હસી પડી): સાગરભાઈ, એમ તોબરો ન ચડાવો. મેં કશું યે સાંભળ્યું નથી. સાંભળ્યું હોત તો યે હું માને ન કહેત.

સાગર (મનમાં): આ રોહિણી?–આવી ડાહી?

રોહિણી: અને સાગર, આજથી આપણે બધાંએ ચા બંધ કરી છે. બાપુએ એને બદલે રોજ સવારે કઢેલું દૂધ પીવાનું કહ્યું. (એક કટોરો ઊંચકી) લે, પી લે.

[બન્ને સામસામા હાથ લંબાવે છે.]

પણ ગગન......

સાગર (હાથ પાછો ખેંચી): તને તેડવા ગયો છે. (આંગળી ચીંધી.) આ બાજુ.

રોહિણી: ભાઈ, હું એની પાછળ જાઉં? એ આવે એટલે પછી આપણે ત્રણે સંગાથે દૂધ પીશું. એની કેવી મજા જામશે?

સાગર: ખૂબ જ.

રોહિણી: અરે! એવી મજા તો કોઈ દિ' આવી નહિ હોય! તું જોજે તો ખરો.

[રોહિણી રવાના થાય છે.]

સાગર: સમજાતું નથી કે આ સઘળું શું છે? મારે તે આ ફૂલ શાં, હીંચકા શા, ભાઈબહેનનાં આ હેત શાં! (દૂર નજર જતાં) પણ–પણ પેલું શું? આ તો એકએકને ટપી જાય એવું! (આંખો મીંચી, મલકતાં)

ડુંગર ડોલે છે! (આંખો ઉઘાડી, હજુ મલકતાં) સાચોસાચ, ડુંગર ડોલે છે! ઇશ્વરની બલિહારી! દુનિયા ફરી ગઈ!

[છલંગ મારતો અનિલ આવે છે.]

અનિલ : સાગર! દોસ્ત સાગર! ચાલ; ચવાણું ચાખીએ.

[અનિલ હાથમાંનું પડીકું ખોલવા લાગે છે.]

દોસ્ત, ખાલી શેવમમરા નથી, હોં. આજે તો કાતરી છે, કચોરી છે......

સાગર : હેં! એટલું બધું ક્યાંથી ?

અનિલ : હા. આજે તો મારી બાએ બે આના આપ્યા હતા! સાગર, એ પૈસા આપતી'તી ત્યારે તો હું તને ક્યાંથી ભાગ આપી શકું? પણ આજે તો આપણે બન્ને ધરાઈ જઈશું, ખરું ?

સાગર : ખરું.

અનિલ : અને ઘરે ખાવું પણ નહિ પડે, સમજ્યો ?

સાગર : સમજ્યો.

અનિલ : અને સાગર, હું તારી પાસે પૈસા માગતો હતો તે પણ મારે નથી જોઈતા.

સાગર : વાહ, દોસ્ત!

[રોહિણી અને ગગન આવતાં દેખાય છે.]

(મનમાં) એમની જોડે અનિલ કજિયો ન કરે તો સારું. મારી જોડે આજે જ લડ્યા વિના રહ્યો છે. લડ્યા વિના જાય ત્યારે ખરો!

અનિલ : વાહ! સાગર, જો રોહિણી આવી, ગગન આવ્યો! એટલે તો ખરેખરો રંગ આવશે.

સાગર (મનમાં) : આ અનિલ? ગગનથી નાસતો ફરનારો એ આજે એની જોડે નાસ્તો લેશે?

ગગન (આનંદથી) : અનિલ, તું અહીં ક્યાંથી ?

રોહિણી : અનિલ આવી ગયો એ સારું થયું. નહિતર હું સાગરને એને તેડવા મોકલવાની હતી.

અનિલ : કેમ?

રોહિણી : આ કઢેલું દૂધ પીવા. માની આજ્ઞા હતી કે આજે તેને ખાસ નોતરવો.

સાગર (મનમાં) **:** માને પણ અનિલ માટે માન થયું? આમ તો બાપડાને ઓશરીમાં પણ ઊભો નથી રહેવા દેતાં! હું શું સાંભળું છું?

ગગન : આવો; બધાં ઘાસ પર બેસીએ.

[ચારે જણ ગોળાકારમાં ગોઠવાય છે.]

રોહિણી, પહેલો કટોરો અનિલને આપ.

[સાગર ત્રણેના ચહેરા વાંચતો હોય છે.]

અનિલ : પીવાની વાત પછી. પહેલાં આ પડીકું પૂરું કરીએ.

[અનિલ એમની વચ્ચે પડીકું પાથરે છે.]

રોહિણી (ધબ્બો મારી) **:** ગગન, અનિલ એકલપેટો નથી, હોં. સાગર, તને આનંદ આવે છે ને?

સાગર : આનંદ? રોહિણી, આવો આનંદ, આવું સુખ, આવી શાન્તિ તો મને આજે જ મળ્યાં!

ગગન (ભારે મોંએ) **:** અનિલ, સાગરે શું શું કહ્યું?

અનિલ (કટાણા મોંએ) **:** કાંક અઘરું અઘરું.

ગગન : જવા દો. ચાલો; કામે વળગીએ.

[ચારે જણનાં હાથ અને મોં કામે વળગે છે.]

२७

ડોલતા ડુંગર

ચિત્ર બીજું

[નાની શી ઓશરીમાં ચોરસો ઓઢીને કોઈ સૂતું છે.
કયારની સવાર પડી ગઈ છે.
અહીં ગગન આવે છે. એનાં કપડાં મેલા અને ગંદાં છે.]

ગગન (ચોરસો તાણી) : સાગર ! ઊઠ, ઊભો થા.

[ટૂંટિયાં વાળીને પડેલો સાગર પથારીમાં બેઠો થઈ જાય છે. પહેલાં તો આંખો ચોળે છે. પછી—]

સાગર (હેતથી) : આવો, ગગનભાઈ,...

ગગન : હજી ઝોકાં શાનો ખાય છે? સોનાનાં નળિયાં થયાં એ જોતો નથી?

સાગર (હર્ષથી) : હેંએ? નળિયાં પણ સોનાનાં થયાં?–અને ઘર...

ગગન (હસી) : હીરામાણેકનું.

સાગર (તાળીઓ પાડી) : અહાહા !

ગગન (મનમાં) : ભાઈસાહેબનું મગજ ખસ્યું લાગે છે. આજે એ ગાંડાં કેમ કાઢે છે?

સાગર : ગગન, કેવી ગમ્મત પડી? એ બગીચો, ઝાડ, છોડ, વેલ, ફળ, ફૂલ...

ગગન (ડોળા ફાડી) : એટલે ? શાની વાત કરે છે ? શાની વળી રમતગમત ?

સાગર (આશ્ચર્યથી) : કેમ; ભૂલી ગયો ? પેલો હીંચકો...


ગગન : હીંચકો કેવો ને વળી વાત કેવી ? જૂઠડો !

સાગર (ગરીબાઈથી) : એમ હોય તો રોહિણીને પૂછી જો.

ગગન : લે; બાપુને જ પૂછું. જરા હાડકાં ખોખરાં કરે.

સાગર (હાથ જોડી) : ના, ના. બાપુને ન કહીશ.

[તો ય ગગન ચાલ્યો જાય છે.]



ભાઈ પોતે ભૂલી ગયો છે ને મને દોષ દે છે ! હવે તો રોહિણી સાચું બોલે તો સારું થાય.

[સાગર રોહિણીને આવતી જુએ છે.]

(હસી) આવ, બહેન.

રોહિણી : આવી જ છું. (લાંબો હાથ કરી) ક્યાં સુધી પથારીમાં પડ્યા રહેવું? ક્યાં સુધી મારે તારે વાસ્તે ચા ઢાંકી રાખવી? અમારે તે કાંઇ બીજું ઘરકામ હશે કે નહિ?

સાગર (બીતાં બીતાં) : મારે ચા નથી પીવી.

રોહિણી : નહોતી પીવી તો ના પાડવી હતી ને?

સાગર : પણ તેં જ મને ના કહી હતી...

રોહિણી : ક્યારે?

સાગર : કેમ? જ્યારે તું મને કઢેલું દૂધ પીવાનું કહેતી હતી...

રોહિણી : વાહ રે! ખાવામાં માંડ માંડ પહોંચે છે ને તારે પીવામાં જોઈએ છે? માને કહેવા દે કે સાગરભાઇને કઢેલું દૂધ પીવું છે એટલે એ બરાબર સ્વાદ ચખાડશે.

સાગર : બહેન, માને નથી કહેવું. મારે નથી પીવું.

[સાગર એનો હાથ પકડે છે. પણ રોહિણી ચાલી જાય છે.]

રોહિણી પણ હતી એવી થઈ ગઇ! મને બધાં બનાવતાં હતાં કે શું?

[અનિલ આવે છે.]

કેમ, અનિલ?

અનિલ : કેમ શું? હવે તું મારા બે પૈસા પાછા આપી દે છે કે નહિ?

સાગર : પણ તું ના પાડતો હતો...

અનિલ : અરે, વાહ! પૈસા વાપરતાં લહેર આવે છે ને પાછા આપતાં મોં બગડે છે! બોલ; આપછ કે નહિ?

[ગગન ને રોહિણી આવે છે.]

ગગન : સાગર, તને બાપુ બોલાવે.

રોહિણી : પહેલો મા કને ચાલ.

અનિલ : ચાલો; હું પણ આવું.

સાગર (વિનતિ જેમ) : તમને બધાંને થયું છે શું ? હજુ હમણાં ગગનભાઈ મને હેતથી હીંચકાવતો...

ગગન : જૂઠું.

સાગર : રોહિણીબહેન મને કઢેલું દૂધ પાતી હતી...

રોહિણી : કેટલું જૂઠું ?

સાગર : અનિલ કાતરીકચોરીનો નાસ્તો કરાવતો હતો...

અનિલ : તદ્દન જૂઠું.

સાગર : પંખીઓ ગાતાં હતાં, ડુંગરા ડોલતા હતા...

રોહિણી (ચમકી) : ડુંગરા તે વળી ડોલતા હશે ? (મલકી) સપનું હશે, સપનું.

સાગર (આશ્ચર્યથી) : સપનું ? સપનું શું ?

રોહિણી : માણસ ઊંઘે ત્યારે આવે એ.

સાગર : તો મને ઊંઘી જવા દો. બસ. મારે બીજું કાંઇ ન જોઈએ; એટલું સપનું જોઇએ છે. મને ઊંઘી જવા દો.

[સાગર સોડ તાણીને સૂઈ જાય છે. રોહિણી, ગગન અને અનિલ મજામાં, મજાકમાં અબોલ ઊભાં રહે છે.]

– સ્વાધ્યાય –

૧. આ નાટિકાનું નામ 'ડોલતા ડુંગર' શાથી રાખવામાં આવ્યું હશે ? તમે બીજું કોઈ સરસ નામ સૂચવશો ?

૨. આ નાટિકા માટે કેટલાંક બીજાં નામો સૂચવાયાં છે તે નીચે આપ્યાં છે. તમને પસંદ પડતું સૌથી આગળ મુકાય, તેથી જરાક ઓછું ગમતું તેની પછી, તેનાથી ઓછું ગમતું વળી તેની પછી મુકાય એ રીતે એ બધાંને ફરીથી ગોઠવો. આ રહ્યાં તે નામો : 'મૃગજળ,' 'મૃગજળ ?,' 'રમત,' 'રમત ?,' સપનું,' 'સપનું ?,'

'ભ્રમ,' 'સ્વપ્નાંનો જોનાર,' 'ભ્રમ કોનો?' રંગીન પરપોટા,' 'મને ઊંઘી જવા દો!' 'ધરતીના કાંટા.'

૩. ઉપર બીજા સ્વાધ્યાયમાં નામનો ક્રમ ગોઠવવામાં તમે તમારા મનમાં જે જે દલીલો વિચારી હશે તે સવિસ્તર લખો અને જે નામને તમે પ્રથમ મૂક્યું તે નામ તે સ્થાનને શાથી યોગ્ય છે તે જણાવો.

૪. આ નાટિકામાં આવતાં પાત્રોની ઓળખાણ આપો, અને તે સહુનો સ્વભાવ-પરિચય કરાવો.

૫. આ નાટિકાને વાર્તારૂપે ફરીથી લખો.

૬. આ નાટિકામાં તમને નહિ ગમે એવું કંઈ છે? શું?

૭. ધારો કે આ નાટિકા હજુ અધૂરી છે, અને તેના બાકીના ભાગની વાર્તા નીચે પ્રમાણે છે :


'મને ઊંઘી જવા દો.' કહેતો સાગર ઘડી વારમાં ઘસઘસાટ ઊંઘી જાય છે. રોહિણી, ગગન અને અનિલ તેને બહુ જ નાજુકતાથી અને હેતથી પથારી સમેત ઉપાડી લઈ બાગમાં ફૂલોથી શણગારેલો એક હીંચકો ટાંગ્યો છે તે પર સુવાડે છે. અને પછી સંતાઈ જઈ મધુર ગીતો ગાય છે. સાગર એથી જાગી ઊઠી નવાઈ પામતો ચારે બાજુએ જુએ છે. પોતે સ્વપ્નામાં છે કે જાગે છે તે તેને સમજાતું નથી, એટલે મૂંઝવણમાં આંખો ચોળે છે. એ જોતાં રોહિણી, જે સંતાઈ ગઈ છે, તે હસવું નહિ ખાળી શકાવાથી પાછળથી દોડતી દોડતી આવી પોતાની સ્નેહાળ નાજુક હથેળીઓ વતી સાગરની આંખ દાબી દે છે; અને નાટકનો પડદો પડે છે.

આ નાટિકાનું વસ્તુ આ પ્રમાણે આગળ લંબાયું હોત તો તમને ગમત? શાથી?

૮. ઉપર સાતમા સ્વધ્યાયમાં નાટિકાને લંબાવવા સંબન્ધી જે વસ્તુ સૂચવાયું છે તેને તમારે જો ઉમેરવું હોય તો ચિત્ર બીજાને જ આગળ લંબાવવું કે ચિત્ર ત્રીજું આપવું? કારણો સહિત તમારો ઉત્તર આપો, અને નવો ભાગ ભજવવા માટે વિશેષ કઈ કઈ કાળજી રાખવી જોઇએ અને કયાં કયાં સાધનોની જરૂર પડે તે અને અન્ય વિગતો જણાવો.

૨૮

ઊડતી પેટી



['જમરાજ અને વૈદરાજ'ની વાત તમને યાદ હશે જ. તે વાતના લેખક શ્રી ફીકુભાઈ દેસાઈએ તેવી જ મજાની એક બીજી વાત ગૂજરાતીમાં ઉતારી છે તે આ પાઠમાં આપી છે. 'ઊડતી પેટી' જેવી વાત 'પરીકથા' કે એવા પ્રકારની વાત લેખી શકાય. 'ખોવાયેલા તારા' નામના પોતાના વાર્તાસંગ્રહમાં શ્રી ફીકુભાઈ દેસાઈએ આવી ઘણી વાતો આપી છે. તે સંગ્રહ વાંચી તેમાંથી પરિકથાના વર્ગમાં મૂકી શકાય એવી વાતો શોધી કાઢજો.]

એક હતો વાણિયો. ધારે તો શહેરની આખી સડકને રૂપિયાથી જડી શકે એટલો તે પૈસાદાર હતો, પણ તે એવું કાંઈ ધારે એમાંનો નહોતો. તે તો પૈસો ખરચતો તે રૂપિયો કમાવા માટે જ. આવો તે વાણિયો હતો. એક દિવસ તે મરી ગયો એટલે એનું બધું ધન એના દીકરાના હાથમાં ગયું. દીકરો હતો શોખીન. એણે તો નાચ-ગાયનના જલસાઓ ગોઠવવા માંડ્યા. સો સો રૂપિયાની નોટોના જ પતંગો બનાવી મિત્રો જોડે ચગાવ્યા. સરોવરમાં બતક કે જળકૂકડીને કાંકરા મારવાને બદલે સોનામહોરો જ મારીને તેમની ગમ્મત જોવાનું શરૂ કર્યું. આ રીતે તો કુબેરના ધનભંડાર પણ ખાલી થાય. અને એવું જ આ ભાઇનું થયું. આખરે એની પાસે એની મિલકતમાં એક પાવલી અને પહેરવાનું એક પહેરણ તથા પગમાંનાં ચંપલ એટલું જ રહ્યું. એના દોસ્તારોમાંથી હવે કોઈ એની સામું પણ જોતું નહોતું. એક જરા ભલો હતો તેણે તેને એક પેટી મોકલી આપી અને કહેવડાવ્યું, 'તારો સરસામાન આમાં ભરીને હવે ક્યાંઈ બીજે ચાલતો થા' કહેવડાવ્યું તો ઘણું સારું, પણ સરસામાનમાં હોય શું જે પેટીમાં ભરે? એટલે જાતે જ પેટીની અંદર ભરાયો.

પેટી હતી મજાની. તેની કળ દાબે એટલે તે ઊડવા માંડતી. વાણિયાના દીકરાએ પણ કળ દાબી એટલે પેટી ઊડવા લાગી. ઊંચે ને ઊંચે, દૂર એણે ઊડવા માંડ્યું. ઊડતાં ઊડતાં આખરે એ આસામ જઈ પહોંચ્યો. ત્યાં જંગલમાં પાંદડાં નીચે પેટી સંતાડીને પછી તે શહેરમાં ફરવા ગયો. રસ્તામાં એક નર્સ બાળકને હાથમાં લઇને જતી હતી તેને તેણે પૂછ્યું: 'પેલો મોટો ઊંચો મહેલ જેવો દેખાય છે, ને જેની બારીઓ આટલી ઊંચી જડેલી છે તે શું છે?'

'એ તો રાજકુંવરીનો મહેલ છે. એને માટે જ્યોતિષીઓએ ભવિષ્ય ભાખ્યું છે કે એ એના વરની પસંદગી કરવામાં ઘણી જ કમનસીબ નીવડશે; તેથી રાજરાણીની હાજરી સિવાય કોઈ પણ એની મુલાકાત ન લઈ શકે એવું રાજાનું ફરમાન છે.'

નર્સનો ઉપકાર માનીને વાણિયાનો દીકરો પાછો જંગલમાં ગયો અને પેટીમાં ભરાઇને ઊડતો ઊડતો રાજકુંવરીના મહેલ આગળ આવી બારીમાં થઇને અંદર ગયો.

રાજકુંવરી પલંગ પર ઊંઘતી હતી. તે એટલી તો ખુબસૂરત હતી કે વાણિયાના દીકરાથી તેના રેશમ જેવા સુન્દર વાળ ઉપર હાથ ફેરવ્યા સિવાય રહેવાયું નહિ. કુંવરી જાગી ઊઠી અને ગભરાઈ ગઈ. પણ વાણિયાએ કહ્યું: 'હું ઇંદ્રદેવ છું. તું એટલી તો સુંદર છે કે હું મનુષ્યરૂપ ધારણ કરીને આકાશમાંથી છાપરા વાટે તારી પાસે આવ્યો છું.' ઇંદ્રદેવ પણ પોતાનાં સૌંદર્ય ઉપર મુગ્ધ થયા છે જાણી કુંવરી તો રાજીરાજી થઈ ગઈ. પહેલાં તો તેણે કુંવરી જોડે વાતો કરવા માંડી, અને તેની આંખોનું વર્ણન કરતાં કહ્યું: 'તારી આંખો મનોહર સરોવરના જેવી સુંદર છે અને એમાં તારા વિચારો મત્સ્યકન્યાના જેવા તરી રહ્યા છે.' પછી તેણે તેના કપાળની પ્રશંસા કરી. તે બોલ્યો: 'તારું કપાળ તો જાણે બરફના પર્વત જેવું છે.' પછી તેણે છોકરાં કેવી રીતે આવે તેની વાત કરતાં કહ્યું, 'રાતે જ્યારે બધાં ઊંઘતાં હોય ત્યારે પરીઓ સુંદર છોકરાં લઇને ફરવા નીકળે છે અને પછી જે જે છોકરીઓ તેમને ખૂબ ગમી જાય તેની સોડમાં ધીરે રહીને એક એક છોકરું તેઓ મૂકી જાય છે.' આ બધી વાતો રાજકુમારીને તો ખૂબ જ ગમી ગઈ. પછી વાણિયાના દીકરાએ તેને પૂછ્યું, 'તું મારી જોડે લગ્ન કરશે ને?' રાજકુંવરી એની વાતોથી એટલી ખુશ થઈ ગયેલી હતી કે તેણે તરત જ હા પાડી.

'પણ જુઓ, તમારે શનિવારે અહીં આવવાનું. મારાં માબાપ તે દિવસે અહીં મારી જોડે જમશે. ઇંદ્રદેવની જોડે હું પરણીશ તેથી તેમને ખૂબ જ આનંદ થશે; પણ તમારે તે વખતે એક મજાની વાર્તા કહેવી પડશે. મારી માને નીતિની અને બોધની વાર્તા બહુ ગમે છે અને મારા પિતાજીને હસાવે એવી વાર્તા ગમે છે, માટે એવી વાર્તા તમે તૈયાર કરી લાવજો.'

'હા, હા, જરૂર. હું લગ્નની ભેટમાં એક સરસ વાર્તા જ લાવીશ.' પછી તેઓ છૂટાં પડ્યાં. છૂટાં પડતાં પહેલાં રાજકુમારીએ તેને એક સોનામહોરે જડેલી તલવાર ભેટ આપી. પછી તે ત્યાંથી ઊડી નીકળ્યો. જંગલમાં જઈને વાસ કીધો અને એક વાર્તા તૈયાર કરી કાઢી. બીજે દિવસે નવો ઝભ્ભો ખરીદી લાવ્યો.

શનિવારે રાજકુમારીને ત્યાં બધાં ભેગાં થયાં છે ત્યાં તે પણ જઈ ચઢ્યો. એનો બધાંએ સત્કાર કર્યો. રાણીએ કહ્યું, 'એકાદ મજાની વાર્તા કહેશો? ઊંડો અર્થ સમાયેલો હોય અને કાંઈક બોધ નીકળતો હોય એવી.'

'પણ અંદર કાંઈ હસવાનું પણ આવવું જોઈએ' રાજાએ કહ્યું.

'વારુ' કહીને તેણે વાર્તા કહેવા માંડી:

'એક વખત એક ખોખામાં દીવાસળીઓ હતી. તેમને પોતાના કુળનું બહુ જ અભિમાન હતું. તેમનું મૂળ તો જંગલમાંનું એક પુરાણું મોટું દેવદારનું ઝાડ હતું. આ દીવાસળીઓ સગડી તથા પીતળની એક તપેલીની વચ્ચે પડેલી હતી તે તેમને પોતાનાં બાળપણની વાત કહેવા લાગી, 'અમે ડાળી પર હતાં ને ત્યારે એવી તો મજા પડતી! સવારમાં અમે હીરાની તો ચહા પીતાં! (ઝાકળને તે ચહા કહેતી). આખો દિવસ સૂરજ અમને પ્રકાશ આપતો, અને બધાં પંખીઓ અમને ગીત ગાઈ સંભળાવતાં. અમે ખૂબ પૈસાદાર પણ હતાં. બીજાં ઝાડોને તો વસંતઋતુમાં જ કપડાં પહેરવાનાં મળતાં, પણ અમને તો આખું વરસ લીલાં કપડાંનો તોટો પડતો જ નહિ. પણ પછી ક્રાન્તિ થઈ અને એમાં અમારું કુટુંબ છિન્નભિન્ન થઈ ગયું. અમારા કુટુંબનો વડીલ, એક ભવ્ય જહાજમાં બધાંની ઉપર દેખરેખ રાખવા નિમાયો. બીજાં જુદે જુદે ઠેકાણે કાંઈ ને કાંઈ કામ પર રહી ગયાં. અમને જનતાને દીવો ચેતાવી આપવાનાં કામ પર મૂકવામાં આવ્યાં; એટલે જ તો અમે આટલાં ખાનદાન છતાં આજે રસોડામાં આવી પડ્યાં છીએ.'

તપેલી કહેવા લાગી, 'મારે તો એથી ઊલટું જ છે. હું તો જન્મી ત્યારની જ ઘસાતીટીપાતી આવી છું. મને કેટલી યે વાર તો અગ્નિમાં નાખવામાં આવી છે. પણ હું ખરી જરૂરિયાતની છું. મારા વગર બધાં ભૂખે જ મરે ને તેથી જ આજે ઘરમાં મારો નંબર પહેલો છે. બપોરે બધાં જમીકરીને પરવારે તે પછી મંજાઇને સાફ થઇને અભરાઈ પર પડ્યાં પડ્યાં બધાંની જોડે વાતો કર્યા કરવાનું બહુ ગમે. અમે બધાં ઘરની અંદર જ રહીએ છીએ. ફક્ત એક પેલી ડોલને પાણી ભરવા બહાર જવું પડે છે. બહારની દુનિયાના સમાચાર અમને પેલી શાકભાજી લાવવાની બાસ્કેટ તરફથી મળી રહે છે. પણ એ બાસ્કેટ એવી છે કે સરકાર અને રૈયતની અથડામણની વાતો બહુ લાવે છે. એક દિવસ તો એની વાત સાંભળતાં એક બુઢ્ઢો કુંજો હતો તે એટલો તો ગભરાઈ ગયો કે ધ્રૂજતાં ધ્રૂજતાં બિચારો પડી ગયો અને ભાંગી ગયો.

સગડી બોલી ઊઠી, 'હવે તારે જ વાત કર્યા કરવી છે?' આટલું કહ્યું એટલે એમાંથી તણખા ઊડવા મંડ્યા. 'જરા આનંદની વાત કાંઈ થવા દો.'

'હા, કોણ સૌથી વધારે ખાનદાન તેની વાત કરો.' દીવાસળી બોલી. પણ આદણીએ કહ્યું, 'એમાં શું? કાંઈ ગમ્મત પડે, બધાને રસ પડે એવી કાંઈ વાત કરીએ.' 'જુઓ હું મારી જ વાત કરું. દક્ષિણના દરિયાની નજીક બ્રહ્મદેશના જંગલોમાં—'

'વાતની શરૂઆત જ કેવી મજાની!' બધી થાળીઓ બોલી ઊઠી.

'હા, બ્રહ્મદેશનાં લીલાં જંગલોમાં–હાથીઓ જ્યાં મદમસ્ત થઇને ડોલતા હોય તેવાં લીલાં જંગલોમાં એક શાંત કુટુંબમાં મેં મારું બચપણ ગાળ્યું હતું. જમીન લીંપેલીગૂંપેલી શોભી રહેતી. દરેક અઠવાડિયે ધોયેલા પડદા બદલાતા—'

સાવરણી બોલી, 'અલી, તું તો વાર્તા કેટલી રસદાયક બનાવી મૂકે છે! વાત સાંભળતાં જ કોઈ કહી શકે કે વાત કહેનાર કોઈ સ્ત્રી જ છે!'

'હા ખરેખર એવું જ લાગે છે.' પાણી ભરેલી ડોલ બોલી ઊઠી અને એનો સાત્ત્વિક આનંદ એટલો ઊભરાયો કે પાણીની છાલક બહાર પડી.

આદણીએ વાત આગળ ચલાવી અને વાતનો અંત પણ શરૂઆતના જેટલો જ રસદાયક આણ્યો. બધી થાળીઓ આનંદથી ખણખણી ઊઠી. સાવરણીએ તો કુદિનાની પણી લઈને આદણીને તેનો મુગટ પહેરાવ્યો. તેણે મનમાં એમ પણ ધાર્યું હશે કે ‘ આજે હું એને મુગટ પહેરાવું છું તો કાલે એ મને પહેરાવશે.’

ચીપીઓ કહેવા લાગ્યો, ‘ હવે હું ત્યારે નાચ કરું.’ અને એવું તો નાચ્યો એવું તો નાચ્યો કે બસ. બંને પગ ઉછાળીને નાચ્યો ! ખૂણામાંની ખુરસી પરની ગાદીને ચીપીઆને નાચતો જોઈ ને એટલું તો હસવું આવ્યું કે તે બિચારી હસતાં હસતાં ફાટી ગઈ.

નાચ કરી રહ્યા પછી ચીપીઆએ કહ્યું, ‘ હવે હું મુગુટનો અધિકારી ખરો ને ?’

‘ હા, હા, જરૂર ’ કહીને બધાંએ તેને પણ મુગુટ પહેરાવ્યો.

દીવાસળીઓએ વિચાર્યું, ‘ આ લોકો તદ્દન ગામડિયાં જ લાગે છે.’ પછી ચહાદાનીને ગાવાનું કહેવામાં આવ્યું, પણ તેણે શરદી હોવાનું બહાનું કાઢ્યું. ખરું કારણ તો એ હતું કે એને ટેબલ પર મૂકી હોય, કુટુંબના માણસો ચહા પીવા બેઠાં હોય ત્યારે જ ગાવાનું પસંદ હતું.

બારી પર ઊંચે એક જૂની કલમ હતી તે કહેવા લાગી, ‘ ચહાદાનીને ના ગાવું હોય તો ભલે ના ગાય. બહાર પાંજરામાં બુલબુલ છે તે ગાશે.’

પણ કપ-રકાબી બોલી ઊઠ્યાં, ‘ એ તો કેટલું અજુગતું ! પરદેશી પંખીને ઉત્તેજન કેવું ? આ તમારું સ્વદેશાભિમાન કે ? કેમ બાસ્કેટ, તું કાંઈ બોલતી નથી ? સ્વદેશી સિવાય બીજાને ઉત્તેજન અપાય ?’

બાસ્કેટ બોલી : ‘ મને તો તમારી આ બધી વાતથી ચીઢ જ ચઢે છે. ગરબા ગાવાના મૂકીને નક્કામી વાતોમાં સાંજ બગાડી. ચાલો, બધાં પોતપોતાને ઠેકાણે ઊભા રહી જાઓ અને ઝીલો. હું ગરબો લઉં છું–’

‘ હા, હા, ચાલો, ઊભાં રહી જાઓ.’ બધાં એક સામટાં બોલી ઊઠ્યાં, એટલામાં બારણું ખખડ્યું અને રસોઇઓ અંદર દાખલ થયો. બધાં

ચુપચાપ થઈ ગયાં. રસોઈઆએ દીવાસળી સળગાવી તે કેવી ઝગઝગાટ કરી રહી! 'હવે બધાં જોઈ શકશે કે ખાનદાન તો અમે જ. કેવો ઝગઝગાટ કરી મૂકયો!' આટલું વિચારતાં વિચારતાં તો તે બળીને હોલવાઈ ગઈ.

'કેવી મજાની બોધદાયક વાર્તા!' રાણીએ કહ્યું. 'કુંવરીનાં લગ્ન જરૂર તમારી જોડે જ કરીશું.'

'ખરી ગમ્મત તો ચીપીઆના નાચમાં પડી' રાજાએ કહ્યું. 'જરૂર, રાજકુંવરીને તમારી જોડે જ પરણાવીશું અને ધર્મના કામમાં ઢીલ શા સારુ કરવી. સોમવારના જ લગ્ન રાખીશું.'

રવિવારથી જ શહેરમાં ઉત્સવ થવા લાગ્યો. રવિવારે સાંજે રોશની ઝળહળી રહી, દારૂખાનું ફૂટવા લાગ્યું, આખા શહેરમાં ખુશાલીનો પાર ન રહ્યો; કારણ કે સોમવારે રાજકુંવરીનું લગ્ન થવાનું હતું.

વાણિયાના દીકરાએ વિચાર્યું, 'મારે પણ કાંઇ કરી બતાવવું જોઇએ.' એટલે તેણે ફટાકડા, હવાઇઓ, કોઠીઓ ખરીદી અને પેટીમાં બેસીને ખૂબ ઊંચે ઊડી ત્યાંથી દારૂખાનું ફોડવા માંડ્યું. આખું આકાશ એણે તો હવાઇઓના ઉજાસથી ભરી મૂકયું. શહેરના લોકોનો આનંદ તો માતો નહોતો. કદી તેમણે આવું દશ્ય જોયું નહોતું. હવે તેમની ખાતરી થઈ ચૂકી કે તે ખરેખર ઇંદ્રદેવ જ હતા.

પછી વાણિયાનો દીકરો પેટીમાં પેસી નીચે જંગલમાં ઊતર્યો. ત્યાં તેણે વિચાર્યું, 'ચાલ જોઉં તો ખરો કે લોકો મારાં કામનાં કેવાં વખાણ કરે છે!' એમ કહીને તે પેટીને જંગલમાં જ રાખીને વેશ પલટીને શહેરમાં ગયો.

ત્યાં લોકો ઇંદ્રદેવનાં ભારે વખાણ કરી રહ્યા હતા. એક જણે કહ્યું, 'મેં આકાશમાં ઇંદ્રદેવને દીઠા હતા. તેમની આંખો કેવી તારાના જેવી ચમકતી હતી!' બીજાએ કહ્યું, 'ઇંદ્રદેવ તો જાણે આગનો ઝભ્ભો પહેરીને ઊડતા' ત્રીજાએ કહ્યું, 'અને એમના ઝભ્ભાની કરચ-

લીઓમાંથી તો નાની નાની પરીઓ રોકીઆં કરતી હતી.' આમ પોતાની ખૂબ પ્રશંસા સાંભળીને વાણિયાનો દીકરો ખૂબ હરખાયો. વળી કાલે તો તેનાં લગ્ન પણ હતાં. એનો આનંદ આજે માતો નહોતો.

પછી પેલી પેટીમાં ભરાવા માટે તે પાછો જંગલમાં ગયો. પણ અરે! પેટી ક્યાં ગઈ? પેટી તો બળીને ખાખ થઈ ગયેલી હતી. સળગેલાં દારૂખાનામાંથી એક તણખો પેટીમાં રહી ગયો હતો તેણે પેટીને બાળી મૂકી હતી.



હવે વાણિયાનો દીકરો કાંઇ ઊડી શકતો નથી, રાજકુમારીની મુલાકાત લઈ શકતો નથી. કુંવરીએ આખો દિવસ મહેલના ઝરૂખામાં ઊભા રહીને રાહ જોયા કરી. અને હજી તે બિચારી ત્યાં રાહ જોતી જ ઊભી છે. વાણિયાનો દીકરો વાર્તા કહેતો કહેતો દુનિયામાં ફર્યા કરે છે, પણ હવે તેની વાર્તા દીવાસળીની વાર્તા જેવી મજાની રહી નથી.



– સ્વાધ્યાય –

૧. આ પાઠમાં એક મુખ્ય વાર્તા છે, અને એક ઉપવાર્તા છે. મુખ્ય વાર્તા કઈ અને ઉપવાર્તા કઈ તે શોધી કાઢો, અને તે ઉપરથી ઉપવાર્તા કોને કહેવાય તે જણાવો.
જો તમને ઉપવાર્તા કોને કહેવાય એ બરોબર ન સમજાયું હોય તો એરેબીઅન નાઈટ્સ, પંચતંત્ર આદિની વાતો વાંચશો તે સહેજે સમજાશે.

૨. આ વાત વાંચતાં વાણિયાના દીકરા માટે તમારા મનમાં કેવો અભિપ્રાય બંધાયો ? એને તમે બુદ્ધિશાળી કહો કે નહિ ? એણે કઈ કઈ ભૂલો કરી ? તમે એની જગ્યાએ હોત તો શું કરત ? એને માટે તમારા મનમાં કેવી લાગણીઓ થઈ ?

૩. વાણિયાના દીકરાએ રાજકુંવરીને કેવી રીતે રાજી રાજી કરી નાખી ?

૪. વાણિયાના દીકરાએ કરેલી વાત તમારા શબ્દોમાં ફરીથી કહો.

૫. તમારા અભ્યાસના ઓરડામાંની વસ્તુઓ વચ્ચે એક સંવાદ યોજો, જેમકે—

ચોપડી : જગતમાં મારા જેટલું ઉપયોગી કોઈ નથી. દેશદેશની અને સૈકા સૈકાઓની વાતોને હું સાચવી રાખું છું.

ટેબલ : અરે ! એવી શેખી મા કર, હું ન હઉં તો તું કયાં યે ધૂળમાં અટવાતી હોત...

ખુરશી : અહો ! શું અભિમાન ! હું ન હઉં તો તમારા કોઈનો ભાવે કોણ પૂછે ?

બારી :
કેલેન્ડર :
ખડીઓ :
કલમ :
કાગળ :
ટોપી :


વગેરે વગેરે.


૬. આ વાર્તા કલ્પિત છે, બનેલી નથી એવું તમને એનો કયો ભાગ વાંચતાં લાગ્યું ?

૭. આ વાર્તા લખવામાં લેખકનો હેતુ બોધ આપવાનો હશે કે આનંદ આપવાનો હશે તે તમે કહી શકશો ? તમારી ઉપર એ વાર્તાની શી અસર થઈ ?

૮. 'પરદેશી પંખીને ઉત્તેજન કેવું ?' એમ કપ-રકાબીએ શાથી કહ્યું ? પશુપ્રાણીઓ પરદેશીઓને પોતાના સમૂહમાં નથી પેસવાં દેતાં તે તમે જાણો છો ? જો એની તમને ખબર ન હોય તો તમારા ફળિયામાં કોઈ બહારનું કૂતરું આવે ત્યારે બીજાં કૂતરાંઓ કેમ વર્તે છે તે જોજો; અથવા તો કોઈ કીડીના દરમાં બીજા કોઈ દરની કીડીને લઈ જઈ મૂકજો અને તેનું શું પરિણામ આવે છે તે જોજો.

૯. આ વાર્તાનો અંત તમને કેવો લાગ્યો ? કોઈ બીજી રીતે તમે એનો અન્ત સૂચવી શકશો ?





ઊંઘણસી

મુંબઈ શૅ'રમાં મોહનશેઠના
મ્હેલે ઝાકઝમાળ,
છપ્પન ઉપર ભૂંગળ વાગે,
ઊડે ફૂલ ગુલાલ.

ઘરડે ઘડપણ શેઠને મ્હેલે
પારણિયું બંધાય,
શેઠાણી વેરે સોનામ્હોરો
આતશબાજી થાય.

લાડકો બાળક જાગે ઊંઘે
દિવસ રાત બપોર,
નવ વરસની રેવલી ગાતી
ખેંચે હીરની દોર.

રાજાબાઈ ટાવરમાં રાતે
ડંકા બેના વાગે,
પારણિયામાં બાલ રડે ને
રેવલી ઝબકી જાગે.

'રેવલી રે! અલી ઊંઘણસી રે!
ઊંઘ તારી આ કેવી!'
બીજે ખંડે ફૂલ-શય્યામાં
બોલે શેઠનાં દેવી.

'જાગું છું બા' બોલતી રેવલી
'હાલો રે ભાઈ' ગાય,
મીઠે સપને શેઠાણીનાં
નાજુક નેણ બિડાય.

પોઢને મારા વીર, લાડકવાયા વીર !
નીંદર તને રમવા તેડે સાત સાગરને તીર,
નીંદરને બે બહેન, રૂપાળી બે બહેન,
સોનલા ગેડીએ ભાઈ સાથે તે ખેલે દિવસ રેન.

'પો...પો...પોઢને'–રેવલી કેરે
નેણ ભરાયે ઘેન,
બાલ રડે ને શેઠાણી રોષે
કાઢે કડવાં વેણ.

કાચી ઊંઘે ચમકી ઊઠી
રેવલી પાછી ગાય,
હાલરડાંની હલકે તેનો
'વીરો' ઊંઘી જાય.

પોઢે મારો ભાઈ, નાનો મારો ભાઇ —
ચંદરમાને હોડલે બેસી નીંદરને દેશ જાય !

પોઢે મારો લાલ, લાડકવાયો લાલ,
પરી એક ભાઈને મારા તિલક કરે ભાલ.

થાક લાગે ને વાંસો દુઃખે
રેવલી ઝોકાં ખાય,
વચ્ચે વચ્ચે ઝબકી જાગી
હાલરડાં કંઈ ગાય.

પવન આવે ને વીજળી કેરી
બત્તી ઝાંખી હાલે
દીવાલ ઉપર પડછાયા કંઈ
વાંકાચૂકા ચાલે!

ગોફણ લઈને રેવલી હાંકે
ચકલાં માચડે બેસી,
જારને સીમાડે હાંક મારતો ત્યાં
આવે કો પરદેશી!

રેવલી ધ્રૂજે ને માડી કેરો
પાલવ દોડી ઝાલે—
વાંકાચૂકા પડછાયા ત્યાં
ચાલો નવી ચાલે!

'બેબી' કેરાં દૂધની શીશી
ફૂલતી ફૂલતી ફાલે,
શીશીમાંનું દૂધ તો જાણે
સાગર ઊજળો હાલે!

ઠેકડા મારતી રેવલી દોડે
ગામની હોડી આવે,
"ઊંઘણસી રે!" ત્રાડતો ભૂંડો
રામો ત્યાં બોલાવે!

ચમકી ઊઠી રેવલી બૂહાવરી
આંખો બન્ને ચોળે,
ઊંઘતું પરોઢ થાકે રાતી
આંખો સામે ખોલે.

આભમાં ચઢે પ્હોર દિવસ ને
શેઠાણી છોડે સેજ,
બાલ ઊંઘે ને રેવલી ઝાડે
ખુરશી સોફા મેજ.

'આંખ-ફૂટી રે! ફૂલદાનીમાં
ડાઘા જો આ શાના?'
ડગલે પગલે રેવલી માથે
વીતે કોટિક વાનાં.

'રેવલી આમ આવ'
'રેવલી આ લાવ!'
હુકમ કંઈ કંઈ છૂટે,
હાંફળીફાંફળી રેવલી દોડે
હાડકાં કૂમળાં તૂટે.

ભોજન કરી શેઠ-શેઠાણી
જાય બપોરે પોઢી,
'હાલો રે ભાઈ' ગાતી રેવલી
ખેંચે હીરની દોરી

રાતે 'હાલો' દિવસે 'હાલો'
ઊઠતાં બેસતાં 'હાલો'
રેવલીથી નવ ઉકલે જરી યે
જગનો આ ગોટાળો.

કોઈને શાને ઊંઘવું માણવું?
જાગવું શે નત કોને?

કપરા જગના કોયડા પૂછવા
રેવલીએ જઈ કોને?

બાળ રડે ને રેવલી કેરા
ઉરમાં પડે ફાળ,
સહસા તેના મનમાં એક
જાગે નવો વિચાર.

રડે ન 'બેબી' ને ઊંઘ્યા કરે તો
નિરાંતે ઊંઘાય!
મધરાતે રેવલીના ઉરમાં
જુગતી કંઈ લ્હેરાય.

રૂમાલ એક લઈને રેવલી
વાળે મોટો ડાટો,
બાળતણા મુખમાં દાબીને
બાંધે તે પર પાટો!

બે વાગે ને શેઠાણી જાગે,
જાગીને થાય રાજી
'આજ તો મુઈએ ઠીક ઊંઘાડ્યો,
આજ બરોબર જાગી!'

એમ વિચારી શેઠાણી પાછાં
તૂર્ત જ ઊંઘી જાય,
ભર નીંદરમાં રેવલી ઝૂલે—
રડે ન તેનો 'ભાઈ'!

– સ્વાધ્યાય –

૧. 'ઊંઘણસી' કાવ્યનું કથાવસ્તુ તમારા પોતાના શબ્દોમાં લખો.

૨. આ કવિતામાં તમને સૌથી વધુ કાવ્યમય લાગ્યા હોય એવા ભાગોનો ઉલ્લેખ કરો.

૩. ‘ દીવાલ ઉપર પડછાયા કંઈ વાંકાચૂંકા ચાલે ! ’ આ અને એ સાથેની બીજી પંક્તિઓ શાનું સૂચન કરે છે ?

૪. તમને ઊંઘથી ઝોકાં આવતાં હોય અને છતાં તમને ઊંઘવાનું ન મળે એવું કોઈ વખત બન્યું છે ? જો એવું બન્યું હોય તો તે વખતે તમને કેવા અનુભવો થયા હતા તે જણાવો, જો એવું ન બન્યું હોય તો એવા સંજોગોમાં તમને કેવા અનુભવો થાય તે વિશે તમારી કલ્પના આપો.


૫. રેવલી માથે જે જે વીતે છે તેનો ટૂંક સાર આપો.

૬. રેવલીએ પોતાના દુઃખમાંથી ઊગરવા જે ઉપાય લીધો તેમાં કેટલે અંશે તમે તેને દોષિત ઠરાવો ? તેના એ ઉપાયને તમે ગુનો લેખો ?

૭. આ કાવ્યમાં જે શેઠાણીનો ઉલ્લેખ આવે છે તેનું રેખાચિત્ર તમારા શબ્દોમાં આપો. એવી શેઠાણી તમે કોઈ જોઈ છે ? તેને વિષે તમારા મનમાં કેવા વિચારો બંધાયા હતા ?

૮. રેવલી માથે જે વિતકો વીત્યાં તેમાં તમે કોનો દોષ જુઓ છો ? તેનું નિવારણ કરવાનું તમને સૂચવવામાં આવે તો તમે કયા ઉપાયો સૂચવશો ?





—૩૦—

એ ઊંદરડો !

[જેણે સિનેમા જોયો હોય અને આ ઊંદરડાને ન જોયો હોય એવું ભાગ્યે જ બને. શ્રી નરેન્દ્ર નાયકે એ ઊંદરડાની–' મિકી માઉસ '–ની રસિક જીવનકથા આ પાઠમાં ઉતારી છે. એ કથા કહેતાં કહેતાં તેમણે એ ઊંદરડાના જનક વૉલ્ટર ડિસ્નેના જીવનની કેટલીક જણાવા જેવી વિગતો અને ફિલ્મ કેમ ઉતારાય છે, પડદા ઉપર ચિત્રો હાલતાં કેમ દેખાય છે વગેરે અગત્યની વિગતો પણ આપી છે. આ પાઠ વાંચી સિનેમા અને ટૉકીઝને લગતી અનેક વિગતો તમે જાણી લેજો.]

*　　*　　*

સિનેમાની દુનિયામાં કોઈ વધારે વખત લોકપ્રિય રહેતું નથી. બધાને પોતપોતાના દિવસો હોય છે. આજે જે ફિલ્મનટો બધાના માનીતા છે તેમને થોડાંક વર્ષો ઉપર કોઈ પૂછતું પણ ન હતું તેમ જ આજથી દસપંદર વરસ પહેલાંનાં નટ-નટીઓ લોકોના સ્મૃતિપટ પરથી ભૂંસાતાં જાય છે. એનો એક અપવાદ છે—અને તે છે પોતાનાં અડપલાં, ચેનચાળા અને સાહસોથી ભુલકાંથી માંડી બોખાં બુઢ્ઢાંઓ સુધીનાં સૌને હસાવનારો ' મિકી ' નામો ઊંદરડો !

એ કોઈ જીવિત પ્રાણી નથી પણ એક કુશળ ચિત્રકારની કલમનું સર્જન છે. એ ચિત્રકારનું નામ વૉલ્ટર ડિસ્ને છે. આજથી ચૌદેક વર્ષ ઉપર ડિસ્નેની પીંછીમાંથી આ રત્ન નીકળ્યું હતું. તે પહેલાં પણ

વ્યંગચિત્રો તૈયાર થતાં. ખુદ ડિસ્નેએ પણ 'ઓસ્વાલ્ડ ધ લકી રૅબિટ' નામનું 'કારટૂન' (વ્યંગ-ચિત્ર) તૈયાર કર્યું હતું. એ ફિલ્મના દાબડા લઈને તે પોતાનું નસીબ અજમાવવા ન્યૂયૉર્ક ગયો હતો, પણ ફિલ્મના હક્કો વિશે કંઈક વાંધો પડ્યો, અને ન્યૂયૉર્કથી હોલીવૂડ આવવા નીકળ્યો. સામાન્ય માણસ તો આવા સંજોગોમાં હતાશ બની જાય, પણ ડિસ્ને તો ગાડીને હોલીવૂડ પહોંચવાને વાર હતી તે દરમ્યાન પોતાના મનમાં નવાં કારટૂનોના વિચારની પરંપરા ગોઠવી રહ્યો હતો. સિદ્ધિદાતા ગણેશની તેને ખબર હશે કે કેમ તેની તો આપણને ખબર નથી, પણ ગણપતિદાદાના એ ઊંદરમામા તેની કલ્પનાસૃષ્ટિમાં આમથી તેમ દોડાદોડી કરવા મંડ્યા, અને તેને પોતાની ફિલ્મનો નાયક બનાવવાનો ડિસ્નેએ ત્યારે જ સંકલ્પ કરી લીધો, અને તે જ ઘડીથી એની સિદ્ધિ અને એના વિજયના પણ શ્રીગણેશ મંડાયા. પોતાની સામે બેઠેલી પોતાની પત્નીને તેણે પોતાનું આ 'મૂષક-સ્વપ્ન' કહ્યું, અને એ ઊંદરનું નામ 'મોર્ટિમર' રાખવામાં આવે તો કેવું એમ તેને પૂછ્યું ત્યારે તેની પત્નીએ 'મોર્ટિમર'ની જગ્યાએ 'મિકી' નામ સૂચવ્યું. અને ડિસ્નેએ પોતાની પત્નીની સૂચના સ્વીકારી એ નામ કબૂલ રાખ્યું. ત્યારથી એ અદ્‌ભુત ઊંદરડાને જગતભરમાં સહુ કોઈ 'મિકી માઉસ'ને નામે ઓળખે છે.

ડિસ્નેનો જન્મ સન ૧૯૦૧ માં શિકાગો નગરમાં થયો હતો. એના પિતા આઇરિશ કેનેડિયન હતા. વૉલ્ટે પોતાના ચિત્રકામની શરૂઆત ઘરની ભીંતો ઉપર કરી. નાનપણાથી જ એને ઘોડા, ગધેડા, અને ડુક્કરો ચીતરવાનું ગમતું. ત્યારે તો રંગ તરીકે ડામરનો જ એણે ઉપયોગ કર્યો હતો.

સોળ વરસની ઉંમરે એણે ટપાલી તરીકે નોકરી લીધી. પછી લડાઈ ચાલતી હોવાથી તેમાં જોડાવાનું તેને મન થયું પણ નાની ઉંમર હોવાને લીધે સૈનિક તરીકે તે કામ ન લાગ્યો; એટલે તે 'રેડ-ક્રૉસ'માં જોડાયો. લડાઈ પૂરી થઈ એટલે એ કામ પણ પૂરું થયું. હવે શું કરવું? ડિસ્ને

ત્યારે મૂંઝવણમાં આવી પડ્યો. પશ્ચિમના દેશોમાં તે વખતે ચારે બાજુએ ગમગીનીનો યુગ ફેલાયેલો હતો. જીતેલાને જીતનો આનંદ ન હતો, હારેલાને હારનો આઘાત અને નામોશી હતાં. ધનભંડાર તો જીતેલા અને હારેલા બન્નેના ખાલી થઈ ગયા હતા, અને રોટલાની ભૂખ અને રોટલાની તંગી બન્નેને સરખી હતી. બેકારીનું તાંડવનૃત્ય એના પ્રચંડ વેગથી સર્વત્ર શરૂ થઈ ગયું હતું. ડિસ્ને પણ તેના પૂરમાં તણાયો. અન્તે મહામુશ્કેલીએ કંસાસ શહેરની એક ચિત્રકાર પેઢીમાં તેને નોકરી મળી. ત્યાં તેને ઘણી વખત રાતપાળી કરવી પડતી. અનેક વખત પોતાના ઉદરનિર્વાહ માટેના કામમાં પોતાના ટેબલ ઉપર રાત્રિની ગાઢ શાન્તિમાં તે તલ્લીન બની બેઠો હોય ત્યારે તેનું ધ્યાન કચરાની ટોપલીમાં ખુસપુસ ખુસપુસ થતા અવાજ તરફ જતું. તેની જ જેમ પોતાના ઉદરનિર્વાહ માટેની વસ્તુની શોધમાં રાત્રે નીકળી પડેલા ઉંદરોનો એ અવાજ હતો. એ ઉંદરો સાંજે ટોપલીઓમાં નાખેલાં ખોખાંઓ ફંફોસતા માલમ પડતા. ધીમે ધીમે એને તેમની સાથે દોસ્તી બંધાવા માંડી; અને એકબેને તો તેણે પાળી પણ લીધા. એનો એ પ્રાણીપ્રેમ ન્યૂયૉર્કથી હોલીવૂડ જતાં 'મિકી માઉસ'ના જન્મમાં પરિણમ્યો. દુનિયાના લાખો અને કરોડોને હસાવતા 'મિકી'ની આ જીવનકથા! પોતાના જીવનની નિરાશામાંથી, પોતાના જીવનની ગમગીનીમાંથી હાસ્ય ઉપજાવનાર, એ ગમગીનીને અને એ નિરાશાને આનંદમાં ફેરવનાર ડિસ્ને ભલે બુદ્ધ કે ક્રાઇસ્ટ જેવો મહાન અને વિશ્વવંદ્ય ન હોય, ભલે તે એડિસન જેવો મહાન શોધક ન હોય છતાં એક મહાન પુરુષાર્થી—જીવનવીર તો અવશ્ય છે જ.

એ ચિત્રપેઢીમાં એણે સ્થાનિક બનાવોનાં વ્યંગચિત્રો તૈયાર કરવા માંડ્યાં. તેમાં ત્યાંના પ્રતિષ્ઠિત નાગરિકોની ઠેકડી કરવામાં આવતી. આ સ્થળેથી જ પોતાની ફિલ્મ તૈયાર કરી તે ન્યૂયૉર્ક ગયો હતો.

ન્યૂયૉર્કથી આવ્યા પછી એણે હોલીવૂડમાં પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. એના કઠિન પરિશ્રમ અને અખૂટ ધૈર્યને લીધે આજે એના સ્ટુડિયોમાંથી દર પખવાડીએ એકેક રંગીન કારટૂન ફિલ્મ તૈયાર થાય

છે. એના સ્ટૂડીઓમાં ઘણા ચિત્રકારો, તેમ જ ફિલ્મને અંગે જે કલાકારોની જરૂર હોય છે તે બધા છે, નથી માત્ર જીવન્ત નટનટીઓ! પોતાનાં માણસોને દર પંદર દિવસે ભેગાં કરીને તેમની સાથે તે જમે છે અને પોતાના નવા વિચારો રજૂ કરે છે. પછી તેની ઉપર ચર્ચા ચાલે છે. ત્યાર પછી બધાને ચર્ચાયેલા વિષયનો ટૂંક સાર આપવામાં આવે છે. બધાએ એના ઉપર વિચાર કરીને ડિસ્નેને નવી સૂચનાઓ આપવાની હોય છે.

જે વાર્તા ફિલ્મરૂપમાં ઉતારવાનું નક્કી થાય છે તેનાં, પહેલાં તો, ચિત્રો આલેખવાં પડે છે. આપણે સિનેમામાં જોઇએ છીએ એવાં વ્યંગચિત્રપટોની લંબાઈ આશરે નવસો ફૂટ હોય છે. એક ફૂટમાં ૧૬ નાનાં નાનાં ચિત્રો હોય છે. એ પ્રમાણે નવસો ફૂટ લાંબી ફિલ્મને માટે દસ હજારથી પણ વધારે ચિત્રો દોરવાં પડે છે. જુદા જુદા ચિત્રકારોને વાર્તાનાં અમુક અમુક પ્રકરણો ચીતરવા માટે આપી દેવામાં આવે છે. અને જ્યારે આખી વાર્તા કાગળો ઉપર ચિત્રોના રૂપમાં આલેખાઈ જાય છે ત્યારે આ ચિત્રોની ફિલ્મ લેવામાં આવે છે એટલે કે કચકડાની પેટી ઉપર એના ફોટો લેવામાં આવે છે. એક પછી એક એમ આશરે દસ હજાર ચિત્રોના ફોટો જ્યારે ફિલ્મ ઉપર લેવાઈ જાય છે ત્યારે એ આખી વાર્તા ફિલ્મમાં ઊતરેલી કહેવાય.

તૈયાર ફિલ્મમાં પ્રાણીઓના શબ્દો પૂરવાનું કામ પણ માણસો જ કરે છે. એના સ્ટુડિયોમાં જુદી જુદી જાતનાં પ્રાણીઓનો અવાજ કાઢનારાં ઘણાં માણસો છે. ડિસ્ને હવે ચીતરવાનું કામ નથી કરતો. પણ મિકીનો અવાજ તો એ જ કાઢે છે. ફિલ્મની દૃષ્ટિએ વાર્તા એટલી પૂર્ણ હોય છે કે પ્રાણીઓનો અવાજ ફિલ્મ લેવાયા પછી કે પહેલાં પણ લઈ શકાય.


એ તૈયાર થયેલી ફિલ્મને આપણે હાથમાં રાખીને જોઈએ તો તેમાં કોઈ પણ જાતની ગતિ દેખાતી નથી. પણ એ જ ફિલ્મ જ્યારે સિનેમાગૃહમાં બતાવવામાં આવે છે ત્યારે એમાંનાં પ્રાણીઓ હાલતાંચાલતાં જણાય છે, જેનું કારણ આપણી આંખોનો ભ્રમ છે. 'મેજીક

લેન્ટર્ન'નાં ચિત્રોની જેમ ફિલ્મનાં ચિત્રો પણ પડદા ઉપર પડે છે. મેજિક લેન્ટર્નનાં ચિત્રો અભીષ્ટ વખત સુધી પડદા ઉપર રાખી શકાય પણ ફિલ્મનાં ચિત્રો યાંત્રિક ઝડપે ચાલતાં હોવાથી સેકંડનો અમુક વખત જ પડદા ઉપર સ્થિર રહે છે અને પછી એની જગ્યા તેની પાછળનાં ચિત્રો એક પછી એક લેતાં જાય છે. એક સેકંડમાં આપણી આંખો સામેથી ચોવીસ જુદાં જુદાં ચિત્રો પસાર થઈ જાય છે. આપણે પડદા ઉપર એક ચિત્ર પૂરેપૂરું જોયું ન હોય—એટલે કે પડદા ઉપર એ ચિત્ર આવ્યું, આપણી આંખોએ જોયું અને તેની ખબર જ્ઞાનતંતુઓને પહોંચાડી એટલામાં તો બીજું, ત્રીજું, ચોથું—ચોવીસ ચિત્રો, પસાર થઈ જાય અને આપણને ભ્રમ થાય કે ચિત્રનાં પ્રાણીઓ ચાલે છે.

હમણાં હમણાં 'મિકી માઉસ'ની રંગીન ફિલ્મો પણ તૈયાર થવા માંડી છે. ડિસ્નેએ પોતાની ફિલ્મોમાંથી લાખોની કમાણી કરી છે. પણ તેણે એ બધી પોતાના સ્ટૂડિયોના વિકાસ માટે જ ખર્ચી નાખી છે. ડિસ્ને બહુ પરિશ્રમી માણસ છે. આખો દિવસ કામમાં ને કામમાં જ રોકાયલો રહે છે. કોઈને મુલાકાત આપે ત્યારે પણ એને જો કાંઇક સૂઝી આવે તો તરત પેન્સિલથી ચીતરી લે છે. પોલોનો તે અજબ શોખીન છે; અને ગજબનો સિગારેટ પીનારો. વળી પરીઓની વાર્તાઓ વાંચવાનો એને ઘણો શોખ છે. દુનિયાભરની પરી-વાર્તાઓનો સંગ્રહ એણે કર્યો છે, અને તેનો છૂટથી પોતાની ફિલ્મોમાં ઉપયોગ કરે છે. ખરેખર, સાચા પરિશ્રમને નસીબે મોડાવહેલો વિજય જ લખાયેલો છે. ને તેના જીવન્ત પ્રમાણરૂપ ડિસ્નેનું જીવન છે, અને તેનો 'મિકી' જ્યાં સુધી લોકોને હસવું અને હસાવવું ગમે છે ત્યાં સુધી તો અમર જ છે અને તેની સાથે ડિસ્નેને પણ અમર જ રાખશે.

– સ્વાધ્યાય –

૧. આજે અતિ લોકપ્રિય હોય એવાં નટનટી પંદરવીસ વર્ષ બાદ શાથી ભુલાઈ જાય છે? કેવાં સ્ત્રી-પુરુષો અમર રહે છે?
૨. 'મિકી માઉસ'ની આત્મકથા લખો.
૩. ડિસ્નેનું ટૂંકમાં જીવન આપો.
૪. ડિસ્નેના સ્ટૂડીઓમાં ચિત્રકારો છે, પણ જીવન્ત નટનટીઓ નથી તેનું કારણ શું?
૫. ફિલ્મ કેવી રીતે ઉતારવામાં આવે છે?
૬. પડદા ઉપર હાલતીચાલતી આકૃતિઓ શાથી દેખાય છે?
૭. "આ ફિલ્મ બારસો ફૂટ લાંબી છે." એવું તમે વાંચો તો તે ઉપરથી તમે શું સમજ્યા તે જણાવો.
૮. પ્રખ્યાત હિન્દી અને વિદેશી નટ-નટીઓના નામની યાદી કરો અને તમારાં માનીતાં એક બે નટ-નટીઓનો પરિચય આપો.
૯. દુનિયાના બે મહાન 'કૉમિક એકટરો'નાં નામ આપો.
૧૦. તમે જોયેલી સિનેમા ફિલ્મોમાંથી તમને અતિ પ્રિય એવી બેનો ઉલ્લેખ કરો.
૧૧. 'હોલીવૂડ' શું છે? તેનો ટૂંકો પરિચય આપો.



૩૧

'જા, તું ખોટ્ટી!'

[સામેનું ચિત્ર જુઓ. 'ગામતરું,' 'શાન્તિ' અને 'કર્ણકુન્તી'માં તમે સુન્દર ચિત્રો અને સુન્દર ફોટોની કેટલીક ખૂબીઓ જોઈ. આ ચિત્ર આમ તો ફોટોગ્રાફ છે–પણ એ ફોટોગ્રાફ મૂર્તિનો છે. નીચેની કવિતા એ ચિત્ર શું સૂચવતું હશે તેના અનુમાન ઉપરથી લખાઈ છે. એ કવિતા બરોબર વાંચી તમે તમારો અભિપ્રાય આપો કે એમાં એ ચિત્ર ઉપરથી જે અનુમાન કરવામાં આવ્યું છે તે બરોબર છે? જો તમને એ અનુમાન બરોબર ન લાગતું હોય તો તમે એ ચિત્ર ઉપરથી શું સમજ્યાં તે જણાવો. વળી આ ચિત્રનો પરિચય અહીં તો તમને કવિતામાં કરાવ્યો છે, પણ એનો પરિચય સંવાદ તરીકે કદાચ વધુ સારી રીતે કરાવી શકાશે. 'લે, લેત્તી જા!' અને 'તે! હું કંઈ નકટી નથી!' વગેરે મઝાનાં વાક્યો તમે સંવાદમાં મૂકી શકશો. આ બે વાક્યો આ ત્રણમાંથી યોગ્ય પાત્રોના મુખમાં મૂકી સંવાદરૂપે આ ચિત્રનો પરિચય આપો.

* * *

શેઠાણીને સરખાં વહાલાં—
મોતી મીની બેઉ રૂપાળાં!
શેઠાણીને સાદે આવે
તુરત જ દોડ્યાં બન્ને ભાવે,



'જા, તું ખોટ્ટી !'

મોતી મોટી તો યે તેડ
શેઠાણી તો તેને કેડે;
ને મીની તો છોટી-કાય
શેઠાણીને ઉરે સમાય!


જોતાં ખીજ્યાં મોતીબાઈ!
ફેરવી મુખડું ગયાં રિસાઈ
'હું અકારી મીનડી વહાલી!
તેને હૃદયા સરસી ઝાલી!'

મોતીને આ ખોટી રીતે
નાહક ચીડાતી દેખીને
શેઠાણીને આવે મઝા!—
ભોળી મોતી વેઠે સજા.

ને ફૂલાતી ગર્વે છાની,
મીની આંખ કરીને નાની,
જોતી મોતી કેરા હાલ
કરતી શેઠાણી શું વહાલ!

શેઠાણી મોતીને ભાવે
ધીરે ધીરે જુઓ પટાવે,
'ઊહું' કરતી કિન્તુ મોતી
કેતી જાણે 'જા! તું ખોટ્ટી!'

'સ્નેહરશ્મિ'



['ઘર કી રાહ' નામની એક હિન્દી નવલકથામાંથી આ અતિ કરુણ અને મર્મવેધી પ્રસંગ લીધો છે. 'ઘર કી રાહ'ના લેખક શ્રી ઇન્દ્ર વસાવડા એક ગૂજરાતી છે. એક ગૂજરાતીને હાથે લખાયેલી આ નવલકથા હિન્દી સાહિત્યમાં સારો આદર પામી છે. હિન્દી સાહિત્યના સમર્થ નવલકથાકાર સ્વ. પ્રેમચંદ્રજીએ એ નવલકથાનાં મુક્તકંઠે વખાણ કર્યાં છે. જે પ્રસંગ અહીં લીધો છે તે એક સારા સુખી હિન્દુ કુટુમ્બમાં રહેતા એક હરિજન બાળકની મનોવેદનાને લગતો છે. મુન્નુ નામના એક હરિજન બાળકને એક સુખી કુટુમ્બમાં આશરો મળે છે; પણ તે અછૂત છે એ વાત ઝટ ભુલાતી નથી. કુટુમ્બની ગૃહિણીને એની થોડીક સૂગ પણ છે, અને તેથી તક મળતાં તે તેને હડધૂત કરવાનું ચૂકતી નથી. એક વખત આખું કુટુમ્બ ઉજાણીએ ગયું હતું. જમ્યા બાદ

ગૃહિણીનો દીકરો શૈલ, કલ્લુ અને મુન્નુ વડની ડાળે રમવા મંડ્યા. એવામાં દુર્દૈવે ડાળી ફસ્કી પડી અને શૈલને તેમ જ મુન્નુને વાગ્યું. આથી ગૃહિણી, જેમનો આ પાઠમાં માતાજી તરીકે ઉલ્લેખ છે, તેમનો કોપ ભભૂકી ઊઠ્યો. તેમને લાગ્યું કે મુન્નુના પાપે જ તેમના શૈલને માથે આ ઘાત ઊતરી. અછૂતને અડવાના પાપનું જ આ પરિણામ! આથી મુન્નુના કોમળ મન ઉપર શી અસર થઈ હશે? મુન્નુ તેની આ અપાર વેદનામાં એકલો ન હતો. તેના દુઃખ સાથે ઊંડી સહાનુભૂતિ દર્શાવનાર તેની રાણી જીજી—શૈલની બહેન હતી–વેરાન ખારા રણમાં મીઠી વીરડી જેવી. અને તેથી તો મુન્નુની મનોવેદના વધુ તીવ્ર બને છે. તે બધું તો હવે શ્રી. વસાવડાના શબ્દોમાં જ તમે વાંચો.]

* * *

તે ઊભો થઈ ગયો અને પોતાનું પહેરણ પહેરી, ઇસ્પિતાલના કંપાઉંડની બહાર આવી, મેદાનમાં વડલા નીચે ટહેલવા લાગ્યો. 'હોંચી... હોંચી...' ગધેડાંએ ભૂંકવું શરૂ કર્યું. ગામનાં કૂતરાં રોવા લાગ્યાં.

'એઈ ભોંદુ! શું કરે છે?'–એમ પાછળથી કહેતોકને.કાજીજીનો દીકરો મલ્લૂ ભાગી ગયો. વડલા નીચે મુન્નુ એકલો પડ્યો. તે વિચારે ચડ્યો. જમતી વખતે માતાજીએ કહેલા શબ્દો તેને યાદ આવ્યા. પોતે અછૂત છે; તેમનો ધર્મ તેણે ભ્રષ્ટ કર્યો છે; અને તેને લીધે જ તેમના પર આટલું દુઃખ આવી પડ્યું છે; આટલી વિપત્તિ ઊતરી છે; અને હવે કોણ જાણે કેટલાંય કષ્ટ આવશે! તે એકદમ ઊભો થઈ ગયો. શું તેણે હવે અહીં રહેવું જોઈએ? શું અહીંયાં રહેવું ઉચિત છે? આજ તો શૈલબાબુ પર કષ્ટ આવી પડ્યું, કાલ તેની પ્યારી રાણી જીજી પર આવી પડે તો? તે ગભરાઈ ઊઠ્યો. તેનું હૃદય દારુણ વેદનાથી દાઝવા લાગ્યું. આખું ય મેદાન, ખેતર અને આંબાવાડિયું જ્યોત્સ્નાના તેજમાં તરબોળ હતાં. પરંતુ મુન્નુનું ધ્યાન તેના પર ન હતું. તે ઠાકુરના ઘર તરફ વળ્યો.

'પાર્વતી, કેમ છે હવે?' તેણે પ્રશ્ન કર્યો.

'ઠીક છે હવે તો, મુન્નુ!' આંગણાંમાં ખાટલે પડ્યાં પડ્યાં પાર્વતીએ કહ્યું.

'દવા તો થતી જ હશે ?'

આજે પોતાનું હૈયું તૂટું તૂટું થઈ રહ્યું હોય એમ તેને લાગ્યું. ભંગીના ઘર પાસે પડી રહેતો કૂતરો જાણે તેને બોલાવી રહ્યો હતો. એ કૂતરાની કને આવીને તે બેસી ગયો. તેના શરીર પર હાથ ફેરવવા લાગ્યો.

'અહીં–આ તરફ કેમ આવવું થયું, ભાઈ. ખાધું ?' હીરા ભંગીના દીકરા ગુલ્લીએ પૂછ્યું.

'હા, હમણાં જ પતાવ્યું. અમસ્તો ચાલ્યો આવ્યો.'

તે વધુ આગળ વધ્યો. ઘરની પાછળ જાંબુડી નીચે કૂવા પાસે આવી પહોંચ્યો. કૂવાની પાળ ઉપર ઊભો રહી કૂવાના પાણીમાં ચંદ્રમાનું પ્રતિબિંબ જોવા લાગ્યો. પાછી વિચાર-માળાઓ ઊઠવા લાગી. એ જ જાંબુડી ચંદ્રના તેજમાં ઊભી હતી. અહીં જ એ પહેલાં પડી રહેતો હતો. અને આજ ? આજે એણે ભાગી જવાનો, ચાલ્યા જવાનો, નિશ્ચય કર્યો હતો–વિશાળ વિશ્વના કોઈ એક એવા ખૂણામાં, જ્યાં પોતાનું કોઈ નથી. વિચાર આવતાં જ આંખમાંથી આંસુ ટપકીને પાણીમાં મળી જવા લાગ્યાં. આજ એને આટલી બધી તીવ્ર હૃદય-વેદના શા માટે થતી હતી ? તે વ્યાકુળ થઈ ગયો. કૂવાની પાળ પાસે એક પથ્થર પર બેસી રાણી જીજીનો વિચાર કરતો, ઘરને–પોતાના ઘરને, જે હવે એનું નહિ રહે–જોવા લાગ્યો.

"અરે ! ત્યાં કોણ બેઠું છે ?" રાણીએ ઘરમાંથી બહાર નીકળતાં પૂછ્યું.

"હું છું, જીજી."

"ત્યાં કેમ બેઠો છે, મુન્નુ ?"

"અમસ્તો, જીજી ! તમે બહાર કેમ આવ્યાં ?"

"બા વકીલસાહેબને ત્યાં ગયાં છે. બાપુજી પણ સાથે ગયા છે."

"કોઈ બિમાર છે ?"

"હા, એમની પત્ની બિમાર છે."

"તમે કેમ ન ગયાં ?"

"શૈલની પાસે કોણ બેસત ?"

"હું જ રહેત, જીજી."

"ઠીક, તું અહીં આવ."

"ના જીજી, અહીં જ બેસીશ."

"ના, અહીં આવ."

મુન્નુ રાણીનું વચન ન ઉથાપિ શકયો. ચાલ્યો ગયો. રાણી શૈલ કને ખાટલા પર બેઠી હતી. મુન્નુ નીચે–ભોંયે–બેસી ગયો.

દુ:ખ બાળકને પણ મોટો બનાવી દે છે. આજ કારણથી આજે તેર-ચૌદ વર્ષના બાળકને સારુંનરસું સુખદુ:ખ સમજવાની શક્તિ આવી ગઈ હતી.

"જીજી ! તમે મને ભૂલી જશો ?"

"કેમ મુન્નુ, એમ શા માટે પૂછે છે ?" રાણી પાણી પીતાં પીતાં બોલી.

"અમસ્તું જ, જીજી. મને ઠીક નથી લાગતું. મનમાં એમ થાય છે, એમ થઈ આવે છે કે હું મરી જાઉં તો સારું."

"ચાલ, એવું નહિ બોલવાનું."

મુન્નુ કેટલીક વાર સુધી ચૂપ થઈ ગયો. પછી કહેવા લાગ્યો: "જીજી, તમે અહીં જ રહેશો ?"

"કેમ ? આજ તને શું થયું છે ?"

"તમે અહીંથી કયાંય નહિ જાવ ? તમારો વિવાહ કયાં..."

"ચાલ ચૂપ રહે !"

મુન્નુ ફરી ચૂપ થઈ ગયો. રાણીએ એને બોલાવવા ખૂબ પ્રયત્ન કર્યો, પણ તે ન બોલ્યો.

"મુન્નુ !" રાણીએ થોડી વાર પછી પૂછયું.

"જી."

"તેં બાપુજીનું બિછાનું બિછાવ્યું ?"

"ના જીજી, હમણાં બિછાવી દઉં છું."

"રહેવા દે. હું જ બિછાવી લઈશ."

"ઊંહું, માતાજી ખિજાશે."

"ઠીક, તો તું જ બિછાવી દે."

"જીજી !"

"હાં."

"જીજી, શું હું ભંગી છું ? શું એ વાત સાચી છે ?"

"મુન્નુ, એવી વાતો ન કર્યા કર તો ! કોણ કહે છે એ ?"

"માતાજી નહોતાં કહેતાં ?"

"એ તો અમસ્તાં જ એમ કહ્યાં કરે છે."

"જીજી, તમે બધાં મને શા માટે અડકો છો ? મને આ ઘરમાં શા માટે રાખ્યો છે ?"

"ફરી પાછી એ જ વાત ? એવી વાતો ન કર."

સારું, જીજી."

"તું અછૂત છે જ નહિ–અને હો તો ય અડકવામાં કશું પાપ નથી."

"પણ બધાં તો કહે છે–પાપ છે."

"કહેવા દે."

મુન્નુ ગાદલું લેવા ચાલ્યો ગયો. ગાદલું લાવી ખાટલા ઉપર નાખતાં એણે કહ્યું : "જીજી, એક વાત પૂછું ?"

"હા, પૂછ."

"અડકવાથી ધર્મ ભ્રષ્ટ થાય છે કે નહિ ? ધર્મ ભ્રષ્ટ થવાથી ભગવાન દંડે છે કે નહિ ? આ વાત......"

"પાછો તું તો એ જ વાત કહ્યે રાખે છે.–જા, તારી સાથે નહિ બોલું."

"ખાટલા પર બિછાનું બિછાવી દીધું ?" અંદર આવતા માતાજી ગરજ્યાં.

" બિછાવી રહ્યો છું, માતાજી."

" અત્યાર સુધી સૂઈ રહ્યો'તો શું ?" માતાજી ગુસ્સે થઈ બોલ્યાં. એમનો સાંજનો ગુસ્સો હજુ સુધી નહોતો ઊતર્યો. વકીલસાહેબની પત્ની સાથે વાતચીત કરતાં તો એ એથી યે વધારે ઉત્તેજીત થઈ ગયાં હતાં. એમનું કહેવું હતું કે જ્યારથી વકીલસાહેબે એ ભંગીના છોકરાનો પક્ષ લીધો અને એના સંબંધમાં મોટું ભાષણ આપ્યું ત્યારથી એના ઘરમાં શનિશ્ચર બેસી ગયો છે. ત્યારથી એ એટલી બિમાર રહે છે.

" મફતનું ખાવાનું નથી આવતું. આટલું કામ પણ થતું નથી તારાથી ?"

" માતાજી, કરી તો રહ્યો છું ! હમણાં થઈ જશે."

" પાજી ક્યાંનો, બદમાશ ! સામે બોલે છે ?"

" શું છે ?" ડૉકટરસાહેબે અંદર આવતાં પૂછ્યું.

" જુઓ આ શાહુજાદાને, સામે જવાબ દે છે. તમે એને બહુ માથે ચડાવ્યો છે. આ ઘરનું સત્યાનાશ વાળી નાખશે એ."

" કેમ ! શરમ નથી આવતી, ગદ્ધો ! બદમાશ !"–કહેતાંકને ડૉકટર-સાહેબે મુન્નુને તમાચો ચોડી દીધો.

મુન્નુ ગાદલું લઈ ઉપર ચાલ્યો ગયો. રાણી ઉદાસ બની ગઈ.

" કેમ બેટી, કેમ સૂસ્ત બેઠી છો ?"

" કંઈ નહિ, પિતાજી."

" તો પણ ?"

" કંઈ નહિ. અમસ્થી જ."

મુન્નુ બિસ્તરો બિછાવી નીચે ચાલ્યો આવ્યો. રડતો રડતો માતા-જીના ચરણોમાં લેટી પડ્યો.

" મને માફ કરો, માતાજી."

" જો, માફી માગવા આવ્યો છે ! મારું શું બગાડ્યું છે જે માફી આપું ? ઊઠ અહીંથી !"

"જા, સૂઈ જા જઈને, ફરી વાર આવું ન કરતો." ડૉકટરસાહેબે શિખામણ આપી.

"મુન્નુ?" રાણી બોલી.

"હાં, જીજી."

"જા સૂઈ જા."

મુન્નુ બહાર ચાલ્યો ગયો. પોતાની લોઢાની ચારપાઈ પર પડ્યો રહ્યો. કલાકેકમાં સર્વત્ર શાંતિ ફેલાઈ ગઈ. બધાં ઊંઘી ગયાં. ચારે કોર નિસ્તબ્ધતા, નીરવતા છાઈ રહી. મુન્નુ ચારપાઇ પરથી ઊઠ્યો. ધીરે ધીરે ઘરમાં ગુપચુપ ગયો. આંગણાંમાં શૈલના ખાટલા પાસે રાણી સૂઈ રહી હતી. ચાંદની ખીલી રહી હતી. કેટલું પવિત્ર, કેટલું સુંદર મુખ છે જીજીનું! કેટલી નિર્મળતા જીજીનાં મુખ પર ટપકી રહી છે! કેટલો ભોળો ચહેરો! કેટલો પ્રેમપૂર્ણ, કેટલો આનંદમય! તે ત્યાં જ ઊભો ઊભો રાણીના મુખને જોતો રહ્યો. પછી ત્યાંથી જ જીજીને હાથ જોડી, શૈલને પ્રણામ કરી, ઉપર અગાસી ભણી જોઈ ડૉકટરસાહેબ અને માતાજીને વંદન કરી બહાર ચાલ્યો ગયો. દર્દીઓના કમરામાં જઈ એક ફાટી-તૂટી ટોપી ઉઠાવી, માથે મૂકી, ને ચાલતો થયો.

બહાર મેદાનમાં આવીને તે ઊભો રહી ગયો. કેવું સુંદર દૃશ્ય છે. નીલાકાશમાં ચંદ્ર અને તારાગણ. થોડાક ધોળાં વાદળાં રૂની જેમ અહીંથી તહીં દોડી રહ્યાં હતાં. નીચે વિસ્તૃત મેદાન, વચ્ચે ઊભેલો વિશાળ ખખડધજ વડલો, એક બાજુ ઇસ્પતાલ અને કંપાઉંડરજીનું ઘર. બીજી બાજુ ખેતર અને આંબાવાડિયું. અને થોડે દૂર તે જ લાંબી સડક. જે મેદાનમાં વડલા નીચે આટલું ખેલ્યો—કૂદ્યો, જે આંબાવાડિયામાં ખરા બપોરે શૈલ અને કલ્લુ સાથે કેરીઓ ખાધી, જે ખેતરોમાં ગાજરો ઉડાવ્યાં એને છોડી આજ ન જાણે ક્યાં દૂર દૂર એને ચાલ્યા જવાનું હતું! સામે કંપાઉંડરજીનું ઘર ઊભું હતું, એમાં એનો બાળસાથી કલ્લુ રહેતો હતો; પણ આજ તો તે ય એની સાથે નથી બોલતો. પાર્વતી બિમાર છે, અને શૈલ? આહ! જે શૈલની સાથે એ આટલું ખેલ્યો, કૂદ્યો

એ પણ એને જ કારણે ખાટલે પડ્યો છે, એની સાથે પણ એ નથી બોલી શકતો.

તે વધુ ન વિચારી શક્યો. પહેરણની બાંહ્યોથી આંખો લૂંછી લીધી, ચાંદામામાને પ્રણામ કર્યા; અને ઇસ્પિતાલને છેલ્લી વંદના કરી; ડુસકાં ખાતો ખાતો પેલી ધૂળથી ઢંકેલી સડક ઉપર ચાલતો થયો. ચાંદાએ આ જોઈ કાળાં વાદળોમાં પોતાનું મોં છુપાવી દીધું.

– સ્વાધ્યાય –

૧. મુન્નુ, માતાજી અને રાણી જીજીના સ્વભાવ તમને કેવા લાગ્યા તે જણાવો.

૨. આ પાઠમાં તમને જે ઘટના સૌથી કરુણ લાગી હોય તેનો ઉલ્લેખ કરો.

૩. મુન્નુ ઘર છોડવા શા માટે પ્રેરાય છે?

૪. ઘર છોડતાં મુન્નુને શા શા વિચારો આવે છે તે જણાવો.


૫. હરિજનોને સહેવા પડતા અત્યાચારોની કોઈ કથાઓ તમે વાંચી કે સાંભળી છે? તેમાંથી ગમે તે એક વાત લખો.

૬. હિન્દના હરિજન સન્તોનાં નામની એક યાદી કરો.

૭. હરિજનોને અછૂત નહિ લેખનાર આપણા કોઈ પ્રાચીન ભક્તકવિ વિશે તમે સાંભળ્યું છે? તે કોણ? તેને હરિજનોને અડવા માટે શું શું વેઠવું પડ્યું હતું તે જણાવો.

૮. આજે આપણા દેશમાં હરિજનોની શી સ્થિતિ છે? છેલ્લાં દશ વર્ષમાં તેમની સ્થિતિમાં કંઈ ફેર પડ્યો છે? તો તે શાથી? હજુ એ દિશામાં શું શું કરવું જોઇએ તે સંબંધી તમારો અભિપ્રાય જણાવો.

સુરભિ–ગાન



['પ્રકૃતિ–ગાન'માં કુદરતનાં જુદાં જુદાં તત્ત્વોનું સંગીત તમે ઝીલ્યું. 'સુરભિ–ગાન'માં પણ લગભગ એ જ પ્રકારનું સંગીત છે. શ્રી પ્રહ્લાદ પારેખે લખેલી ફૂલની સુરભિની કવિતાઓમાંથી વીણી ત્રણ અહીં મૂકી છે.

પહેલી જૂઈ વિશે છે. જૂઈ તો તમે સહુ કોઇએ જોઈ હશે. નાજુકતાનો તો જાણે અવતાર! અને તે એવી તો નાજુક છે કે સૂર્યનાં ઉગ્ર અને પ્રચંડ કિરણો તો તેનાથી ઘડીભર પણ ન સહેવાય. એટલે પોતાનું મીઠું નિર્મળ હાસ્ય વેરતી, નાના નાના તારા રાતે જયારે દુનિયામાં રમવા નીકળે છે ત્યારે તે ખીલે છે; અને સૂરજ આવતાં પાછી જતી રહે છે. શ્રી પ્રહ્લાદ પારેખે આ ઘટનાને એક કવિની દૃષ્ટિએ જોઈ છે. તેમણે કઈ નવી રીતે એ ઘટનાને જોઈ છે એ તો તમારે જાતે એ કવિતા વારંવાર વાંચીને જ શોધી કાઢવું જોઇએ.

બીજી કવિતા 'પારિજાતક' વિશે છે. એ કવિતામાં કવિએ તેનો શાવલી તરીકે ઉલ્લેખ કર્યો છે. પારિજાતક પણ રાત્રે ખીલે, અને

નાજુકતામાં કોઇને નમતું ન આપે. પરિજાતકની મધુર સુરભિથી પ્રસન્ન બનેલું કવિનું હૃદય મૂંઝવણમાં પડે છે કે એ મધુરતા અને એ સુન્દરતાને હું શબ્દોમાં કઈ રીતે મૂકી શકું અને અન્યને કઈ રીતે એની હું વાત કહું? ખરેખર! એ તો અવર્ણનીય જ છે! અને છતાં તમે એ કવિતા વાંચી પારિજાતકની એ અવર્ણનીય સુન્દરતા જરૂર અનુભવી શકશો.

'જૂઈ' અને 'શીવલી' ની મધુર સુરભિથી મુગ્ધ અને આનંદ-ઘેલી બનેલી કવિ-કલ્પના 'સુરભિ-પૂર'માં સુરભિનું ગાન ઉલ્લાસથી ગાય છે. એ સુરભિની કવિના મન પર એટલી તો અસર થઈ છે કે તેને રજનીનો અંધાર પણ સુવાસથી મહેકમહેકતો લાગે છે. તેને તારાઓ પણ સુવાસ વેરતા લાગે છે. સાગરની લહરી લહરીએ જાણે કોઈ વિશાળ કમળની પાંદડીઓ વિકસી રહી ન હોય તેમ સુવાસ લહેરાઈ રહી છે. કવિને સમજાતું નથી કે એ એકાએક ક્યાંથી આવી પહોંચી! ક્યાંથી? તારામાંથી? રજનીમાંથી? સિન્ધુમાંથી? – – ક્યાંથી? અને વળી એ સુવાસને તો જાણે વાચા પણ ફૂટી છે! કવિને એમ જ થાય છે કે પોતાના ઉરમાં જે સ્વપ્નાં હતાં, જે અભિલાષાઓ હતી તે બધાં આ સુરભિરૂપી દેહ ધરી તેમને આવી મળ્યાં છે!

આ ત્રણે કવિતા તમે કંઠાગ્રે કરશો તો જૂઈ અને પારિજાતકના જેવી એની નાજુકતા કવિની જેમ તમે પણ અનુભવી શકશો.]

* * *

જૂઈ

૧

સાગરની ચાદર ઓઢીને
સૂરજ જ્યારે પોઢી જાય,
ભટુરિયા શા તારલિયા લૈ
ચંદ્દા આભે રમવા જાય.
ખીલે છે જૂઈ ત્યારે,
તેને ગમતું અંધારે.

૨

માનવ આ દુનિયાને છોડી
સ્વપ્નોને સંસારે જાય,
સમીર કેરી લહેરે જ્યારે
ફૂલો ધીમા ઝોલા ખાય—
જૂઈ જતી રમવા ત્યારે
ગમતું તેને અંધારે.

૩

પવન તણી સંગાથે રમતી
કોઈ વેળ સંતાકુકડી
સંતાતી એ; ને આવીને
વાયુ લે પળમાં પકડી!
ઘડીક તેની સાથે જાય
મળતાં લાગ ફરી સંતાય.

૪

તારા જો આભે હસતા તો
ધરણી પર જૂઈ મલકાય!
શાને હસતા? એવી તે શી
બન્ને વચ્ચે વાતો થાય?
પ્રભાત સાથે શું ન વહાલ?
ઘેર જતી રે'કાં? શરમાળ?

શીવલી—પારિજાતક

– દ્રુતવિલમ્બિત –

૧

સરિતનાં જલ આછરિયાં હતાં,
ગગનથી ઘન-વીજ ગયાં હતાં;
તિમિર નિર્મળ આશ્વિન માસનાં
સુભગ પૃથ્વી પરે ઊતર્યાં હતાં.

૨

પડી રહી મૃદુ ઘાસ પરે જરા
અનુભવું રજની, નભ ને ધરા,
પવનની લહરી લહરી મહીં
અસર અદ્‌ભુત નિર્મળતા તણી.

૩

તિમિરમાં જરી દૂર ઘડી ઘડી
નિરખતો શીવલી પડતી ઝરી.
વિમલતા સહુ પાંખડીએ ભરી
શરદ્‌કાળ તણી; વળી તાજગી.

૪

નીરવ જેમ વિકાસ નિશા સમે,
નીરવ તેમ ઝરે રજની મહીં,
ઉર તણો પમરાટ દઈ દઈ
સુરભિવંત કરંત વિભાવરી.

૫

અનુભવું ઉર જે શુચિતા તણી
અસર માર્દવથી, તુજ વાસથી
અવર અંતર પાસ હું કેમ એ
લઈ જઉં મમ શબ્દ મહીં ભરી ?

સુરભિ-પૂર

૧

આજ અંધાર ખુશબોભર્યો લાગતો
આજ સૌરભભરી રાત સારી
આજ આ શાલની મંજરી ઝરી ઝરી,
પમરતી પાથરી દે પથારી—આજ૦

૨

આજ એ પારથી ગંધને લાવતી
દિવ્ય કો સિંધુની લહરી લહરી
આજ આકાશથી તારલા માંહીંથી
મ્હેકતી આવતી શી સુગંધી ?–આજ૦

૩

ક્યાં ? કયું પુષ્પ એવું ખીલ્યું જેહના
મઘમઘાટે નિશા આજ ભારી...
ગાય ના કંઠ કો, તાર ના ઝણઝણે
ક્યાં થકી સૂર કેરી ફુવારી !–આજ૦

૪

હૃદય વ્યાકુળ જે સૂર કાજે હતું
હરિણ શું : તે મળ્યો આજ સૂર !
ચિત્ર જે નિત્ય આનંદને કલ્પતું
આવિયો તે થઈ સુરભિ–પૂર ?–આજ૦

– સ્વાધ્યાય –

૧. સૂરજ કેવી ચાદર ઓઢે છે ? તારાઓને કવિએ કેવા વર્ણવ્યા છે ? જૂઈ રાત્રે શા માટે ખીલે છે ?

૨. જૂઈ જ્યારે આ દુનિયામાં પધારે છે ત્યારે માનવીઓ શુ કરતાં હોય છે ? ફૂલો શું કરતાં હોય છે ? તમને લાગે છે કે કવિએ જૂઈના આગમનના પ્રસંગ વખતના વાતાવરણને બને તેટલું કોમળ અને સુન્દર બનાવવા પ્રયત્ન કર્યો છે ? શા ઉપરથી ?

૩. જૂઇની પવન સાથેની સંતાકુકડી વર્ણવો.

૪. તારા અને જૂઈ વચ્ચે શો સંબંધ છે ? એ બન્ને વચ્ચે શી વાતચીત થઈ હશે તેની કવિને ખબર નથી, અને તેથી તે પ્રશ્ન પૂછે છે કે 'બન્ને વચ્ચે એવી તે શી વાતો થાય ?' એ બન્ને વચ્ચે શી વાતો

થઈ હશે તે તમે કવિને કહી શકશો? જૂઈની નાજુકતા, જૂઈની સુન્દરતા, જૂઈની સુવાસ ઉપર મુગ્ધ થએલા તારા અને તારાનું નિર્મળ તેજ અને મનોહર રૂપ ઉપર મુગ્ધ થએલી જૂઈ વચ્ચેનો સંવાદ તમે જરૂર યોજી શકશો.

૫. જૂઈ સવાર પડતાં જતી રહે છે એ ઉપરથી કવિ શું કલ્પના કરે છે? કવિની જગ્યાએ તમે હોત તો શું કલ્પના કરત?

૬. 'શીવલી'માં કવિએ શરદ ઋતુનું વર્ણન કર્યું છે. તે વર્ણન જે જે પંક્તિઓમાં છે તે પંક્તિઓનો ઉલ્લેખ કરો, અને તમારી પોતાની દૃષ્ટિએ શરદનું વર્ણન કરો. શરદ વિશે તમે કોઈ કવિતા વાંચી કે સાંભળી હોય તેનો ઉલ્લેખ કરો, અને એવી કવિતાઓનો સંગ્રહ કરો.

૭. 'પારિજાતક'ના સૌંદર્યનું કવિ કયે સમયે અને કયે સ્થળેથી અને કેવી રીતે પાન કરે છે? જે નિર્મળતા કવિ અનુભવે છે તે માટે તેમણે કયું વિશેષણ વાપર્યું છે?

૮. શીવલીની પાંખડીએ પાંખડીએ કવિ શાની વિમલતા જુએ છે? એવી વિમલતા તમે અન્યત્ર કયાં ય જોઈ છે?

૯. શીવલી ધરતી ઉપર કેવી રીતે ઝરે છે તે વર્ણવો.

૧૦. કવિ શીવલી આગળ પોતાની મૂંઝવણ કેમ અને કેવી રીતે વ્યક્ત કરે છે તે જણાવો.

૧૧. 'સુરભિ-પૂર'માં કવિએ અંધારને ખુશબોભર્યો વર્ણવ્યો છે એ તમને સાચું લાગે છે? એમ કવિએ શાથી કહ્યું હશે? એવી રીતે અંધકારને નાજુક સંગીત કરતો કે પ્રચંડ ગર્જના કરતો કોઈ વર્ણવે તો તમને શું લાગે?

૧૨. કવિ સુગંધને કયાં કયાંથી આવતી અનુભવે છે?

૧૩. કવિ સુવાસ ઉપરાંત સુન્દર સંગીત પણ અનુભવે છે તે સૂચવતી પંક્તિઓનો ઉલ્લેખ કરો.


૧૪. કવિને આ સુરભિ મળતાં પોતાનાં કયાં સ્વપ્નાં ફળતાં લાગે છે?

૧૫. આ ત્રણે કવિતામાંથી જે કવિતાની તમારા મન ઉપર સૌથી વધુ અસર થઈ હોય તેનો ઉલ્લેખ કરો.

ગામડામાં સંધ્યાકાળ

[ચિત્ર–પરિચય]

આ દેખાવ કેવો સુંદર, કેવો રમણીય છે! સવારથી સાંજ મહેનત કરી, થાકી, પરસેવાનો રોટલો પેદા કરી, પોતાના ખભા ઉપર હળનો બોજો લઈ પેલો ખેડૂત ઘર તરફ ઝડપથી પાછો આવે છે. તેના જેટલી જ ઉતાવળથી જેની ગરદન ઉપરથી હજુ ધૂંસરી અને જોતર છૂટેલ નથી એવા તેના બે સફેદ બળદ પણ પોતાના રેહઠાણ તરફ પૂછડીને નચાવતા દોડ્યા આવે છે. ખેડૂતની સાથે રહી દિવસભર ખેતરમાં કામ કરતી તેની સ્ત્રી કેટલા વહાલથી પોતાના બાળપુત્રને લાડ લડાવે છે! અને એ બાળકની મસ્તી તો જુઓ! પોતાની માતાને જાણે કે ખૂંદવા મંડીપડેલ છે. અને ઝૂંપડીની પડથારમાં બેઠેલ તે બાળકની દાદીમા પોતાનું કામ કરતી કરતી મીટ માંડી તે બાળક અને માતાના આનંદનો રસ પીએ છે. પડથારની નીચે ઊભેલ તે બાળકની બહેન પણ ખૂબ આનંદમાં આવી ગયેલ છે. એક નજરે પોતાનાં માબાપ અને ભાઈ તરફ તે જોઈ રહી છે. પેલો મોતીઓ તો પોતાના ઘરધણીને પાછળથી ચાટતો ચાટતો પૂછડી પટપટાવતો તેમનું સ્વાગત કરે છે અને કૂદે છે. પેલાં મરઘાં કુકૂ, કુકૂ કરતાં પોતાના ધણીએ ખેતરમાંથી આણેલ તાજા મીઠા દાણાનો સ્વાદ લેવા ઉતાવળાં થઈ સામેથી દોડતાં આવે છે, અને નીચી ગરદન કરતાં કરતાં ટોપલીમાંના દાણા ખાવા તત્પર થઈ રહ્યાં છે. આમ એ કુટુંબનું વાતાવરણ આનંદમય થઈ રહ્યું છે.



ગામડામાં સંધ્યાકાળ

આવું આનંદમય વાતાવરણ જોઈ, આપણને સહજ લાગે કે આ ચિત્રમાં બતાવેલા કુટુંબ અથવા કૃષિજીવન ગાળનાર લોકો ખૂબ સુખી હશે. ખરી વાત છે કે એવાં કુટુંબો પોતાના નાનાં ખુલ્લી હવામાં બાંધેલ ઝૂંપડામાં નિરોગી જીવન ગાળી, દિવસભર શ્રમ વેઠી જે કંઈ બદલો મળે તેમાંથી પોતાનો વ્યવહાર ચલાવે છે અને એશઆરામની અનેક પ્રકારની સાધનસામગ્રી જેને નશીબયોગે સાંપડેલ હોય અને જેને રહેવાને મોટાં મકાનો કે પ્રાસાદ હોય તેવા શ્રીમંતોના કરતાં વિશેષ આનંદમય અને નિર્દોષ જીવન ગાળે છે.

આ ચિત્રમાં બતાવેલ ઝૂંપડીઓ અને તેમાં રહેલા લોકોના પહેરવેશનો તમે વિચાર કર્યો? એ બધું તમોને કદાચ અપરિચિત લાગશે. વાત ખરી છે. તેમ જ છે. આ ચિત્ર બંગાળમાં રહેતા સન્તાલ ખેડૂતોના જીવનનું દૃશ્ય છે. આપણા દેશમાં જેમને આપણે ભીલ કોમ તરીકે ઓળખીએ છીએ એવી એ સન્તાલ કોમ છે. પણ તે લોકો ભીલ લોકો કરતાં વધારે સંસ્કારી છે અને તેથી જ સ્વચ્છતાની કિંમત સમજે છે અને પોતાની રહેણીકરણીમાં વિશેષ સુધરેલ જણાય છે.

શ્રી વિનાયક મસોજી, જેમણે આ ચિત્ર દોરેલ છે, તે ભાઈ સન્તાલ કોમના દેશમાં લાંબો વખત રહેલ છે અને જાતે જોયેલ દૃશ્યને જ તેમણે આલેખેલ છે. ચિત્રમાં બતાવેલ ઝૂંપડીઓનો આકાર કે સન્તાલ કુટુંબનો પહેરવેશ અમુક અંશે તમોને અપરિચિત લાગે જ; પણ આપણા દેશમાંનાં ગામડાંમાં સંધ્યા સમયે પોતાને ઘેર પાછાં વળતાં ખેડૂત કુટુંબોનો આવો જ અનુભવ તમોને મળશે.

આવું ચિત્ર તમારામાં જે દોરી શકે તે જરૂર દોરે અને યોગ્ય રંગ પૂરી પોતાની શાળા અને ઘરને શોભાવે.

છ. લા. બક્ષી

૩૫

ઉડાઉ દીકરો

['પેરિસના ત્રણ છોકરા' 'ઊડતી પેટી' આદિ વાતો તમે વાંચી ગયાં. એ બધી વાતો નવી વાતો કહેવાય છે. નવી વાતો એટલે આપણા જમાનામાં લખાયેલી. 'ઉડાઉ દીકરો' એ નવી વાત નથી, પણ જૂની વાત છે. જૂના જમાનામાં વાતો કેવી રીતે લખાતી કે કહેવાતી તેનો તમને પરિચય થાય એ હેતુથી અહીં એ ઉતારી છે. એ વાત 'બાયબલ'માંથી લીધી છે. ઈશુખ્રિસ્તે જે બોધવચનો કહ્યાં હતાં તેમાંનાં ઘણાંખરાં બાયબલમાં છે. ખ્રિસ્તની બોધ આપવાની રીત સુન્દર હતી. વાર્તા દ્વારા પોતાને જે કંઈ કહેવું હોય તે તે કહેતા. આપણા ગૌતમબુદ્ધની પણ એ જ પદ્ધતિ હતી. આપણા પરમહંસ રામકૃષ્ણ પણ એ જ ઢબે બોધ આપતા. એટલે આ વાર્તા 'ઉડાઉ દીકરો' એક પ્રકારની બોધ-કથા છે. આપણી નવી વાતો બોધ-કથા નથી હોતી એવું નથી, પણ નવી વાતોના લખનારાના મનમાં બોધ આપવાનો મુખ્ય હેતુ નથી હોતો. નવી વાતો બધી મનને ઊંચા પ્રકારનો આનંદ આપ-વાના હેતુથી લખાયેલી હોય છે. નવી અને જૂની વાતો વચ્ચે આવો કંઈક ભેદ છે એનો અર્થ એવો નથી કે એથી વાર્તા તરીકે એક સારી અને બીજી નબળી. દાખલા તરીકે 'ઉડાઉ દીકરો' ખૂબ જૂની વાર્તા હોવા છતાં જગતના સાહિત્યમાં એક ઉત્તમ પ્રકારની ટૂંકી વાર્તા તરીકે મશહૂર છે. એની ભાષા, એની શૈલી, આપણી જિજ્ઞાસાવૃત્તિને જાગ્રત કરી તેને આનંદ પમાડવાની એની શક્તિ એ ખરેખર સુન્દર છે.

આ વાત ઉપરથી તમે જોઈ શકયાં હશો કે વાર્તા કહેવાની કળા બહુ જૂની છે: સેંકડો અને હજારો વર્ષ જેટલી એ જૂની છે, 'પંચતંત્ર,' 'હિતોપદેશ,' 'જાતકકથા,' 'કથાસરિતસાગર,' 'ઈસપ–કથા' વગેરે ખૂબ જૂની વાતોના સંગ્રહો છે. તમારી શાળાના પુસ્તકાલયમાંથી આ પુસ્તકોનાં ગૂજરાતી ભાષાન્તર મેળવી તમે વાંચજો.

ઇશુખ્રિસ્તે કહેલી કથાઓ અને ઈશુના અનેક જીવનપ્રસંગોને યુરોપના અનેક મહાન ચિત્રકારોએ ચિત્રમાં ઉતાર્યા છે. તેવાં ચિત્રો-માંથી ચિત્રકાર રેમ્બ્રાંટે તાંબાના પતરા પર કોતરેલું 'ઉડાઉ દીકરા'નું ચિત્ર અહીં આ પછીના પાના પર આપ્યું છે. એ ચિત્ર તમે ખૂબ કાળજી- પૂર્વક તપાસશો તો એની અનેક ખૂબીઓ તમને સમજાશે. ઉડાઉ દીકરાની દશા જુઓ. એ દશા દર્શાવતી રેખાઓ ચીતરવામાં ચિત્રકારે કેવું અસાધારણ કૌશલ્ય બતાવ્યું છે! અને વળી એ બધું પાછું પતરાં ઉપર!

આ કથા ગૂજરાતીમાં શ્રી પિપાસુ (બાપુભાઈ વશી) એ ઉતારી છે. શ્રી પિપાસુ જુદાં જુદાં સામયિકોમાં જુદાં જુદાં વિષયો ઉપર અવારનવાર ચિન્તનાત્મક નિબંધો લખે છે.]

* * *

એક માણસને બે પુત્રો હતા. તેમાંના નાનાએ તેના પિતાને કહ્યું: "પિતાજી! મારે ભાગે જે મિલકત આવતી હોય તે મને વહેંચી આપો." પિતાએ મિલકત વહેંચી આપી.

થોડા દિવસો પસાર થતાંવેંત જ નાનો પુત્ર પોતાની પૂંજી સમેટી લઈ દૂર પરદેશના પ્રવાસે નીકળ્યો અને ત્યાં તેણે તેની સઘળી પૂંજી ઉડા-ઉપણે વેડફી નાખી.

જે દેશમાં તેણે પોતાનું બધું વેડફી નાંખ્યું તે દેશમાં ભારે દુકાળ પડ્યો. તેને પેટ ભરવાના સાંસા પડવા લાગ્યા. તે ધંધાની શોધમાં ફર્યો અને આખરે એક ગૃહસ્થને ત્યાં નોકરીએ રહ્યો. તે ગૃહસ્થે તેને ખેતરમાં ડુક્કરો ચારી લાવવાનું કામ સોંપ્યું. એની એવી સ્થિતિ બની કે ડુક્કરો ખાય તે કુસકાથી પણ એ પોતાનું પેટ ભરવા રાજી હતો. પરંતુ એને કોઈ કંઈ આપતું નહિ.

પણ તેનું મન શાન્ત થતાં તે વિચારવા લાગ્યો, "મારા પિતાને ત્યાં કેટલાયે નોકરો છે. તેઓ પેટ પૂરતું ખાય છે ને વળી બચાવે છે. જ્યારે હું અહીં ભૂખે મરું છું. ચાલ, ત્યારે મારા બાપને ત્યાં જાઉં અને તેમને કહું, કે પિતાજી! મેં ઇશ્વરનો તેમ જ તમારો ગુનો કર્યો છે. હું તમારો પુત્ર કહેવડાવવાને પણ લાયક રહ્યો નથી. મને તમારા એક નોકર તરીકે રાખો."

અને એ ઊઠ્યો અને તેના બાપને ત્યાં ગયો. હજી તો એ દૂર હતો એટલામાં તો એના બાપે એને આવતો જોયો અને તેના દિલમાં દયા આવી. એ દોડ્યો અને તેને ભેટી પડ્યો, વળગી પડ્યો. પુત્ર બોલ્યો: "પિતાજી! મેં ઇશ્વરનો અને તમારો ગુનો કર્યો છે. હું તમારો પુત્ર કહેવડાવવાને પણ લાયક નથી."

પરંતુ પિતાએ તો તેના નોકરોને હુકમો આપ્યા: "લાવો, સારામાં સારો જામો લાવો અને એને પહેરાવો. એના હાથમાં વીંટી પહેરાવો અને પગે મોજડી પહેરાવો. માતેલો વાછરડો લાવો અને રાંધો. આપણે બધા ખાઈએ અને મઝા માણીએ. કેમકે મારો દીકરો મરણ પામ્યો હતો તે પુનઃ સજીવન થયો છે, ગૂમ થઈ ગયો હતો તે પાછો મળ્યો છે." અને એ બધા આનંદ કરવા લાગ્યા.

હવે એનો વડો પુત્ર ખેતરેથી પાછો ફર્યો. ઘરની નજીક આવતાં તેણે ગાનતાન થતું સાંભળ્યું. તેણે એક નોકરને બોલાવ્યો અને પૂછ્યું કે આ બધું શું છે? નોકરે જણાવ્યું, "તમારો ભાઈ આવ્યો છે અને એ સુખરૂપ પાછો ફર્યો હોવાથી તમારા પિતાએ માતેલા વાછરડાને રંધાવી મિજબાની ગોઠવી છે."

અને આ સાંભળી તેને ખૂબ ગુસ્સો આવ્યો. તે ઘરમાં ગયો નહિ એટલે તેના પિતા બહાર આવ્યા અને તેને કાલાવાલા કર્યા, સમજાવ્યો. તેણે જવાબમાં તેના પિતાને કહ્યું: "જુઓ, મેં આટલાં બધાં વરસ તમારી સેવા કરી, કદી તમારો બોલ ઉથાપ્યો નથી. છતાં તમે મને તે કદી લવારું સરખું યે આપ્યું નથી કે જેથી હું મારા મિત્રો સાથે મિજ-



આની કરું. પણ જેણે તમારું રળેલું બધું ઓહિયાં કર્યું તે તમારો દીકરો આવ્યો કે તરત જ તમે તેને માટે માતેલા વાછરડાનો વધ કરાવ્યો."

અને પિતાએ તેને સમજાવતાં કહ્યું: "બેટા, તું તો સદાય મારી સાથે છે અને જે મારું છે તે તારું જ છે. પણ આ તારો ભાઈ મરણ પામ્યો હતો તે પુનઃ સજીવન થયો છે; ગૂમ થઈ ગયો હતો તે પાછો મળ્યો છે. એટલે આપણે આનંદ માણિયે તે યોગ્ય જ છે."

ચોપડીઓના કિલ્લા

[શ્રી ઉમાશંકર જોશીની આ નાનકડી નાટિકા આપણી શિક્ષણ-પ્રથા ઉપર એક પ્રકારનો કટાક્ષ છે. કોઈ વસ્તુમાં કંઈક દોષ હોય તો તે દોષ બતાવવાની આ એક જૂની રીત છે. જ્યારે આજનાં વર્તમાનપત્રો ન હતાં ત્યારે એથેન્સ વગેરે પ્રાચીન દેશોમાં ચાલુ બનાવોની ચર્ચા નાટકો ભજવી લોકો કરતા. તેવાં નાટકોમાં જીવતાં સ્ત્રીપુરુષોની ઠેકડી પણ થતી. અત્યારે એવી ઠેકડી આપણાં વર્તમાનપત્રો કટાક્ષ ચિત્રો દ્વારા કરે છે. વસ્તુને સચોટ રીતે કહેવાની આ એક મઝાની રીત છે. કટાક્ષ મૂળ વસ્તુમાં અતિશયોક્તિ ખૂબ કરે છે : તેને હસવા જેવી બનાવી દે છે, 'ચોપડીઓના કિલ્લા' વાંચતાં આ વાત તમે લક્ષમાં રાખજો. એમાં તમને જે જે અતિશયોક્તિ લાગે તેને પણ તમે એ રીતે સમજજો. એમાં ઘણી એવી વસ્તુઓ છે જે સાચેસાચી ન બની શકે. છતાં તે મૂકી છે તેનું કારણ લેખકને અમુક વસ્તુઓ અને ખાસ કરીને 'પુસ્તકિયા જ્ઞાન' બરોબર નથી તે તરફ લોકોનું ધ્યાન ખેંચવું છે તે છે. વાંચતાં તમને એમાં જે અસ્વાભાવિકતા લાગશે તે એને ભજવતાં નહિ લાગે, એ એને ભજવતાં તમે સહેજે જોઈ શકશો.]

*   *   *

પાત્રો

બકુલ	(ઉંમર વરસ ૧૨)	ભાઈબહેન
વાસંતી	(૧૦)	ભાઈબહેન
રજનીકાન્ત	(૧૧)	કાકાનો છોકરો
મેઘનાદ	(૧૩)	વિદ્યાર્થીમિત્રો
અશોક	(૧૧)	વિદ્યાર્થીમિત્રો
ચંપક	(૧૦)	વિદ્યાર્થીમિત્રો
લીલા	(૭)	વિદ્યાર્થીમિત્રો

બીજા વિદ્યાર્થીઓ
શિક્ષક

સ્થળ : મુંબઈ જેવા શહેરનો કોઈ એક સંસ્કારી લત્તો; અને તે લત્તામાંની કોઈ એક શાળા.

[ઘંટડી વાગે છે ને પડદો ઊપડે છે. ચોપડીઓ ગોઠવીને નાનકડું મંદિર કરેલું છે ને તેની અંદર સ્થિરતાથી વાસંતી બેઠી છે. તેની આજુબાજુ સામસામી બે કતારમાં બીજાઓ ગોઠણભર બેઠા છે.]

મેઘનાદ (જમણી બાજુથી પ્રવેશ કરીને) **:** કોણે ઘંટડી વગાડી ? આ કયા દહેરાની ખોટી ફોસલામણી દેવી છે કે એને જગાડવા ઘંટડી વગાડવી પડે ?

અશોક : હાં. અહીં યે ઘંટડી વગાડો તો પછી ખોટી દેવીમાં ને ખરી દેવીમાં ફેર જ કયાં રહ્યો ?

લીલા : હું અં અં...આપણે...

(કંઈ બોલવા જાય છે પણ મંદિર તળેથી વાસંતી નાકે આંગળી અડાડી મના કરે છે એટલે ચૂપ થઈ જાય છે.)

ચંપક (સળગતી અગરબત્તી સાથે પ્રવેશીને) **:** વાસંતી બેસી યે ગઈ! લો આ અગરબત્તી લાવ્યો. (જમણી તરફ જોઈ) બકુલ, બકુલ, જલદી ચાલ. ક્યારે દીવા લાવીશ ? અહીં તો સૌ બેસી યે ગયાં !

અશોક : દીવા નથી જોઈતા.

ચંપક (મેઘનાદ સામું જોઈ) **:** એમ ?

મેઘનાદ : ચાલશે !

ચંપક : એ બકુલ, ચાલ, ચાલ ! દીવા વગર ચાલશે, દોડ !

[વચ્ચે જઈ મંદિર સામે અગરબત્તી ગોઠવે છે. હાથ સાફ કરતો બકુલ પ્રવેશે છે.]

બકુલ (આડું જોઈ) **:** સારું છે તે મોટીબહેન નથી...પણ દીવા જોઈતા જ હોય તો બોલજો હો. અબઘડી કરી લાવીશ.

ચંપક : હવે તું બેસીશ !

[બન્ને હારને છેડે ચંપક અને બકુલ બેસે છે.]

મેઘનાદ : ચાલ, બકુલ, પેલું તને આવડે છે તે ગીત ચલાવ.

[બકુલ ગાય છે તે વખતે સૌ નમન કરી રહે છે.]

બકુલ :

ચોપડીઓના કિલ્લા છોડી,
સરસતી, સરસતી, આવ બહાર !
કાગળનાં બખ્તર ઊખેડી
ખુલ્લા જગની ચોખ બહાર.

વૃંદ :

ચોપડીઓના કિલ્લા તોડી,
સરસતી, સરસતી, આવ બહાર !
ખુલ્લા જગની ચોખ બહાર.

બકુલ :

અક્ષરને અંકોડે ગૂંથી
સાંકળથી તુજ બાંધ્યા પ્રાણ,
કાળાં શાહી બંધનમાંથી
છૂટી મોજે મુક્તિ માણ.

વૃંદ :

ચોપડીઓના કિલ્લા તોડી
સરસતી, સરસતી, આવ બહાર !
ખુલ્લા જગની ચોખ બહાર.

[સૌ ફરી વાર વૃંદગીત ગાય છે. વાસંતી મંદિર તળેથી ઊભી થાય છે : અને ચોપડીઓ બંને બાજુ વેરાય છે. સૌ ઊભા થઈ જાય છે.]

મેઘનાદ : ચાલો રમવા !

ચંપક : ચાલો, ચાલો !

અશોક : વાસંતી, તારા ભાઈને તો બોલાવ.

બકુલ : કોને ? રજનીકાન્તને ? એ નહિ આવે. પાસેના ઓરડામાં રહ્યો રહ્યો આ બધું ય સાંભળતો હશે પણ અહીં નહિ અવાયું એનાથી.

અશોક : પણ હવે બહાર તો આવશે કે નહિ ?

બકુલ : માસ્તરે કંઈ લખવા આપેલું છે તે લખ્યા કરે છે.

મેઘનાદ : એમ તો મને પણ માસ્તરે એક આખું પાનું દસ વાર લખવાનું આપ્યું છે !

ચંપક : રજનીને એકલાને જ ઓછું આપ્યું છે ? મને પણ ક્યાં નથી આપ્યું ?

મેઘનાદ : એને હાલ ઘડી પકડી લાવું છું. અહીં તોફાન ગણીને ન આવ્યો. પણ બહાર શું છે ?

[જાય છે.]

બકુલ : આ ચોપડીઓ ગોઠવીને મૂકો, નહિ તો...

વાસંતી : કાકી આગળ આપણુ એનો વાંક કાઢશે.

બકુલ : અશોક, ચાલ, મદદ કર જો.

અશોક : આપણે તો ચોપડીને અડકવાના પણ નથી. જોજે વાસંતી, તું પણ ચોપડીઓને અડતી.

ચંપક : તે બકુલ, એમાં ડરે છે શેનો ?

બકુલ : ભાઈ, આ રજની કહ્યા વગર નહિ રહે. ને કાકી પાછાં મોટીબહેનને કહે તો તો આવી જ બન્યું !

લીલા : મોટીબહેનને કહી દેવું કે અમે રમતાં'તાં.

બકુલ : એમ પાછાં માની જાય ખરાં ને !

લીલા : ન કેમ માને ? મને તો મારી બા કશું કંઈ કહેવા જાય તો હું તો ચટ દઈને સંભળાવી દઉં છું કે વધારે બોલશો તો ગિજુભાઈને કહી દઈશ.

ચંપક : હા, બકુલ; મોટીબહેનને તમે ધમકી આપતાં હો કે ગિજુ-ભાઈને કાગળ લખીશું, તો પછી એમનું કંઈ ચાલે નહિ હો.

વાસંતી : પણ એમને કાગળ લખશો તો જવાબમાં એ વળી મોટામોટા અક્ષરવાળી ચોપડી લખશે. એ ઓછા આપણા જેવડા છે !

લીલા : તે એમને આપણે માટે બહુ લાગે છે તો આપણા જેવડા કેમ થઈ જતા નથી?

બકુલ (હસીને) **:** હએએ! ગાંડી! મોટા તે વળી આપણા જેવડા થતા હશે?

લીલા : તો આપણે કેમ મોટા થઇએ છીએ? મોટા આપણા જેવડા ન થાય તો આપણે પણ એમના જેવડા નથી થવું. આપણે મોટા જ નથી થવું, બસ.

[મેઘનાદ રજનીકાન્તને બાવડે ઝાલીને લાવે છે. રજનીના હાથમાં ફરફરતી નોટબુક છે.]

અશોક : લ્યો, આ આવ્યા રજનીકાન્તભાઈ!

રજની : વાસંતી, બાપુની ચોપડીઓ બધી કોણે ખેરવી પાડી? અરે! બકુલ, તને ચોપડીને પગ અડાડીને ઊભા રહેતાં શરમે નથી આવતી? ચાલ, ચોપડી ઉપાડીને માથે લગાડી સરસ્વતીની ક્ષમા માગે છે કે નહિ?

મેઘનાદ : હવે હું કહું છું એ ય જરી સાંભળીશ! આમ ઘરખૂણિયો થઇને ચોપડીઓમાંથી છૂટતો જ નથી, તે સહેજ બહાર આવી થોડી કુદંકૂદા કરીને સરસ્વતીની માફી માગે છે કે નહિ?

રજની : બકુલ, વાસંતી, તમે લોકોએ આ બધા ઠોઠ નિશાળિયાઓને અહીં ભેગા કરી ધાંધલ કરવા માંડી છે. પણ બાપુ આવે ત્યારે તમારી વાત છે.

વાસંતી : આજ તો રજા છે.

રજની : કાલે નિશાળમાં રજાની ખબર પડશે. માસ્તર પૂછશે કે પ્રાણવાયુ શા શા ઉપયોગમાં આવે છે ત્યારે ફાંફાં મારજો.

અશોક : રજની, પ્રાણવાયુનો ઉપયોગ કરવા જ અમે સૌ બહાર જઈએ છીએ. જરી ચાલ તો ખરો.

મેઘનાદ (રજનીના હાથમાંથી નોટબુક ઝૂંટવી લઈ) : ભાઈ ઇતિહાસનું લખતા લાગે છે!

રજની : ન આવડે ને માસ્તર ઘેરથી લખવા આપે તો તારી પેઠે અમે ગાપચી મારતા નથી. (છાતી ફુલાવે છે.)

મેઘનાદ (વાંચે છે) : બાબર બે હાથની બન્ને મૂઠી પર એકેક કદાવર માણસ રાખી ઊંચીઊંચી દીવાલો પર પૂરપાટ દોડી શકતો. (રજની સામે જોઈ) આવે શરીરે?

બકુલ : મેઘનાદ, એને જવા દે ને, ભાઈ!

મેઘનાદ (આગળ વાંચે છે) : બે કાંખમાં બે માણસોને રાખી બાબર મોટીમોટી નદીઓ તરી જતો. (રજની સામે જોઈ) નકશા સિવાય બીજે ક્યાંક નદીઓ જોઈ છે?

વાસંતી : છોડી દે ને, રજની અમારો વાંક કાઢશે.

લીલા : ચાલો, મોડું થાય છે.

મેઘનાદ (આગળ વાંચે છે) : બાબરને બગીચાનો અને ફૂલઝાડોનો બહુ શોખ હતો. એણે હિંદમાં અફઘાનિસ્તાનનાં અને ઈરાનનાં ખાસ ફૂલઝાડો મંગાવીને વવરાવ્યાં હતાં. (રજનીને) રજની, સાચ્ચું કહેજે હોં! તેં કદી ચંપક જોયો છે?

ચંપક : કેવી ગાંડી વાત કરે છે? અમે બે તો ક્યારના મિત્રો છીએ. મને એણે દેખ્યો નહિ તો કોને દીઠો હશે?

અશોક : તું ચાંપલો થયા વગર ન રહ્યો! ચંપા વિષે પૂછે છે, ચંપાના ઝાડ વિષે. મેઘનાદ ઓછો નથી, વળી!

મેઘનાદ (રજનીને) : કદી ફૂલ દેખ્યાનું યાદ છે?

રજની (ધૂવાંફૂંવા થતો) : પરીક્ષામાં દેખાશે એ તો. (છૂટવા કરતો) ચાલ, છોડ હવે!

અશોક : પરીક્ષા? રજની, આ મેઘનાદ તારી પરીક્ષા જ લઈ રહ્યો છે ને?

રજની (ખુમારીથી): પરીક્ષક પૂછશે ત્યારે કોણ ચપોચપ જવાબ આપે છે તે જોજો!...ચાલ, જવા દે, નવરા!

મેઘનાદ: રજની, પરીક્ષકોનો અવાજ તારા કાનમાં ગુંજ્યા કરે છે, પણ તારે મેઘનાદને પણ સાંભળવાની જરી જરૂર છે, હો!

બકુલ: આપી દેને એની ચોપડી. ચોપડી તૂટી જશે ઊલટી. વચમાં બાબર બિચારો અમથો મરી જશે.

મેઘનાદ (ચોપડી ડાબી તરફ ફેંકે છે): જા! રજની, દિવસ હો કે રાત, તારે તો ચોપડી જ છે નસીબે.

વાસંતી: ચાલો આપણે રમવા.

બકુલ (રજનીને): જરી ચોપડીઓ...

લીલા: ચાલો, ચાલો! કેટલું મોડું થઈ ગયું!

રજની (સૌ જવા કરે છે ત્યાં): બકુલ, વાસંતી, જાઓ છો ક્યાં? તમને પાંચ વાગ્યા પહેલાં નીકળવાની બાએ ના પાડી છે એ ભૂલી ગયાં કે? હજી તો ત્રણ વાગ્યા છે.

બકુલ (ટેબલ પરથી બિગબેન ઍલાર્મ લઈ): ત્રણ વાગ્યા છે? (કાંટા ફેરવી) લે, આ પાંચ વાગ્યા? (દેખાડીને) દેખ, પાંચમાં એક મિનિટ પણ આઘીપાછી છે?

[સૌ વૃંદગીત શરૂ કરે છે. રજની ચોપડીઓ ગોઠવવા બેસે છે ને પડદો પડે છે.]

ચોપડીઓના કિલ્લા

દૃશ્ય બીજું

[વર્ગમાં પાટલીઓ પર વિદ્યાર્થીઓ બેઠા છે. એમાં આપણાં ઓળખીતાં આટલાં : બકુલ, વાસંતી, રજની, મેઘનાદ, અશોક. સૌ અંદરઅંદર વાતો કરે છે.]

રજની : લે લેતો જા! ચાર પાનાં પંદર વાર લખવાનાં મળ્યાં ને છેવટે? ક્યારે લખી રહીશ?

મેઘનાદ : લખે તેને માટે એ સવાલ છે ને? એ મરી ગયેલા બાદશાહો ખાતર મારે માથું નથી ફોડવું.

બકુલ : ન પણ આવડે. એમાં શું?

રજની (ફુલાતો) **:** ન કેમ આવડે? રમવા જાઓ પછી આવડે શી રીતે? અમને કેમ આવડે છે? (હસે છે.) પાછા આ ભૂગોળમાં પણ એવું જ ઉકાળશોને મેઘનાદભાઈ? બકુલ, તું એને વાદે ચડ્યો તે ચાખ મજા!

અશોક : કાલે તો શી મજા પડી છે! અમે તો ચોપડીઓ વગર જ ભણવાના.

[શિક્ષક પ્રવેશે છે ને સૌ ઊભા થઈ જાય છે. શાંતિ પ્રસરે છે. શિક્ષક ખુરશી આગળ જઈ સૌને બેસી જવા ઇસારો કરે છે.]

શિક્ષક (ચોપડી ખોલી) : ચાલ અશોક, આફ્રિકા ખંડની સામાન્ય હકીકત આગળ વાંચ જો !

અશોક (અચકાતો અચકાતો ઊભો થાય છે. હિંમત કરીને) : સાહેબ, આફ્રિકા ખંડને ' અંધારો ખંડ ' કહે છે એ આપણે જોઈ ગયા છીએ.

શિક્ષક : હા, પણ આગળ વાંચ ને !

અશોક : જી, એને વિષે અંધારું જ છે માટે એને અંધારો ખંડ કહે છે. અને તેથી તેને લગતી વિશેષ કંઈ ખબર છે જ નહિ.

શિક્ષક : એમ ?

રજની (દોઢ ડાહ્યો) : જી, એ ખોટું કહે છે. આફ્રિકા વિષે ઘણું ઘણું જાણવા જેવું છે. આફ્રિકામાં નાઈલ, કૉન્ગો, ઑરેન્જ નામની નદીઓ અને કેન્યા, કિલિમાન્ઝારો નામના પર્વતો છે.

શિક્ષક : બરોબર. અશોક, તું ઠોઠ જ રહ્યો. વાંચવાનું કહું છું ત્યાં ફાંફાં મારે છે. ચાલ મેઘનાદ, તું વાંચ જો !

[અશોક છુટકારાનો દમ ખેંચે છે. મેઘનાદ ઊભો થાય છે. હથેલીઓની ચોપડી કરી ઊભો રહે છે.]

શિક્ષક : કેમ ઊભો છે ? વાંચ ! (મદદ કરતા) આફ્રિકા...

મેઘનાદ : સાહેબ, શેનો આફ્રિકા ? ક્યાં છે આફ્રિકા ?

શિક્ષક : વાહ ! બોલ જો માધવ, આફ્રિકા ક્યાં છે ? (માધવને નથી આવડતું) બોલો, કોઈને આવડે છે ?

રજની : જી, હા ! આફ્રિકા દુનિયાના નકશામાં છે !

શિક્ષક : બરાબર ! જો મેઘનાદ, પેલો દુનિયાનો નકશો છે ને, એમાં આફ્રિકા છે ઊડીને આંખે વળગે એવો. ખોલ જો નકશો.

[મેઘનાદ નકશો ખોલીને પાટિયા પર ભેરવે છે.]

મેઘનાદ : નકશામાં છે એથી શું થઈ ગયું ?

શિક્ષક : મૂર્ખ છે ને ! નકશામાં છે એટલે પૃથ્વી પર છે.

બકુલ : પૃથ્વી તો કહો છો કે ગોળ છે, ને નકશો તો કાંઈ ગોળ નથી !

વાસંતી : અને અમે જોઈએ ત્યારે પૃથ્વી પર અમને તો આટલા બધા ખંડ દેખાતા નથી. એક બાજુ દરિયો, એક બાજુ શહેર ને પણે પેલી ટેકરીઓ : એટલું અમને તો દેખાય છે, ને એ તો નકશામાં આપ્યું જ નથી. નકશામાં તો આફ્રિકા ખંડ ને ઑસ્ટ્રેલિયા ખંડ એવું એવું બધું ક્યાંથી ય આવ્યું છે!

રજની : ક્યાંથી ય કેમ? ચોપડીમાં છે તે જ આવ્યું છે.

શિક્ષક : ઠીક વાસંતી, દરિયો તો જે દેખાય છે તે જ આપ્યો છે ને? બતાવ જો અરબી સમુદ્ર.

[વાસંતી નકશા પર બધે આંગળી ફેરવે છે. વર્ગ આખો હસે છે.]

શિક્ષક : ન આવડે એટલે આખી દુનિયાનું ડહાપણ સૂઝે છે. નથી જડતો ને અરબી સમુદ્ર?

વાસંતી : જી, સમુદ્ર તો શું, પણ નકશા પર તો ક્યાંઈ આંગળી પલળે એટલું એક ટીપું પાણી પણ નથી!

[સૌ હસે છે.]

શિક્ષક : બેસી જા, બેસી જા. આગળ ભણો ને સૌ પાછળ ભૂલો છો. (ચિડાઈ ને) અરબી સમુદ્ર હજી તો કોઈને જડતો નથી. મેઘનાદ, બતાવ જો?

મેઘનાદ : સાહેબ, સમુદ્રને તે બતાવવો પડતો હશે? એ તો એની મેળે એના અવાજથી જ પરખાઈ આવે છે.

[સૌ હસે છે.]

શિક્ષક (ચિડાઈ ને) **:** ઠીક! હમણાં હું તને પરખાવું છું. (વર્ગ તરફ જોઈ) કોઈને આવડે છે?

રજની (ઊભો થઈ, નકશા કને જઈ, અરબી સમુદ્ર આંગળીથી બતાવે છે) **:** આ રહ્યો, સાહેબ.

શિક્ષક : તમે લોકો બધું જ ભૂલી ગયા લાગો છો. અરબી સમુદ્રને કિનારે આવેલા હિંદુસ્તાનનાં બંદરોના નામ બોલ જો, બકુલ.

બકુલ : જી, બંદરોને માણસની પેઠે નામ હોય છે એની મને ખબર નથી. કોઈ કોઈ મદારીના બંદરને નામ હોય છે...

શિક્ષક (ખિજાઇને) **:** ઠીક, તું ઊભો જ રહે. બોલો, કોઈને આવડે છે?

રજની (છટાથી) **:** અરબી સમુદ્ર પર કરાંચી, પોરબંદર, સૂરત, દીવ, મુંબઈ, દમણ, કાલીકટ, માંગલોર વગેરે બંદરો આવેલાં છે.

શિક્ષક : રજની સિવાયનાં બધાં જ ૫૦ વખત આ લખી લાવજો. તમે લોકો બધું જ ભૂલી ગયાં છો! ચાલ વાસંતી, કરાંચી બતાવ જો.

વાસંતી (નકશા કને જઈ) **:** કરાંચીની ખબર નથી પણ મુંબઈ બતાવું.

શિક્ષક : ત્યાં ઊંચે આંગળી રાખે છે ત્યાં મુંબઈ હશે પાછું? (વાસંતી આંગળી લઈ લે છે.) ચાલ, મુંબઈ તો મુંબઈ. નકશા પર આંગળી મૂકે તે મુંબઈ ઉપર જ પડવી જોઈએ.


વાસંતી (મૂંઝાઇને ધીમેધીમે) **:** નકશામાં મુંબઈ પર પડવી જોઈએ? (મોટેથી) સાહેબ, મુંબઈ તો મોટું શહેર છે.

શિક્ષક : હા, અને તને નકશામાં એવડું મોટું શહેર પણ જડતું નથી.

વાસંતી : નકશામાં શી રીતે જડે? મુંબઈમાં આપણી આ નિશાળ, નિશાળમાં આ આવડો નાનો અમથો નકશો ને આવડા નકશામાં તે મોટું બધું મુંબઈ શહેર! (સૌ હસી પડે છે) શી રીતે હોય તે મને જડે?

શિક્ષક : તમે લોકો બહુ 'ડાહ્યા' થઈ ગયાં લાગો છો. વાળી દો નકશો. દુનિયાની મુસાફરી કરી આવશો ત્યારે જ તમને નકશો સમજાશે.

[હવે શિક્ષક શું કરશે તેની ઇંતેજારીમાં વિદ્યાર્થીઓ છે. એક બાજુ નકશો અરધો વળાય છે ત્યાં પડદો પડે છે.]



ઉજાણી

[ખુલ્લામાં બીજી રજાને દિવસે સૌ ઉજાણી કરતાં બેઠાં છે: બકુલ, વાસંતી, અશોક, ચંપક, લીલા, મેઘનાદ, રજની વગેરે. મેઘનાદ નારંગી ખાતાં ખાતાં ચોપડી વાંચતો હોય છે.]

બકુલ : મેઘનાદ, પછી આમ તું અહીં આવીને યે વાંચ્યાં કરે તો પછી રજનીનો શા માટે વાંક કાઢવો જોઈએ ?

મેઘનાદ (ચમકીને) **:** અરે ! હું વાંચતો હતો ? પણ જરી મઝાનું વાંચવાનું હતું, હોં !

લીલા : શું ? શું ?

મેઘનાદ : તને ગમ નહિ પડે. તું તારે આ નારંગી ઉડાવ્યે રાખ.

અશોક : આ રજનીને પરાણે અહીં ખેંચી લાવ્યા ત્યાં મેઘનાદને એનો ચેપ લાગ્યો.

મેઘનાદ : જો તો ખરો (અંદર જોતો જાય છે ને હલકથી ગાય છે.)

દિયે છાઈ જાડાં હરિતકૂમળાં પત્ર ઠુમસાં
વળી રાતા ટેટા ચુસિ બહુ જીવો પેટ ભરતા.

બકુલ : પેલો વડ ગયા રવિવારે આપણે જોયેલો એની જ વાત લાગે છે.

અશોક (આનંદથી) **:** અને એવા તો ધરતી પર કેટલા બધા વડ હશે.

રજની (સૌમાં ભળવા માટે બોલવા જાય છે.) **:** પૃથ્વી પર હશે એમ કહે છે ?

મેઘનાદ (ચોપડી બંધ કરી બાજુ મૂકીને) **:** બોલ ક્યા ખંડમાં હશે ?

રજની : (વિચાર કરતો) **:** વડ ક્યા ખંડમાં ? એશિયા. નહિ ! આફ્રિકા ! (ચોંકીને) પાછો બનાવે છે, કેમ ? વડ તો ઝાડ છે. આપણે ભણ્યા નહોતા કે 'વિશાળ વડ પર વેલ સજેલ ?' ગૂજરાતી બીજી ચોપડીમાં વડ આવે છે. થયું !

અશોક : બીજી ચોપડી સિવાય બીજે ક્યાંય વડ નહિ હોય ?

રજની (મૂંઝાઈને યાદ કરતો) : હા. હવે આપણે છઠ્ઠી ચોપડીમાં પાછો કબીરવડ આવશે હો! (રાહતથી) મેં આગળથી વાંચી રાખ્યું હતું તે યાદ આવ્યું, નહિ તો તમે મારી ફજેતી જ કરત.

મેઘનાદ : પણ ચોપડીઓની બહાર ક્યાં ય વડ હશે કે નહિ ?

રજની (ગભરાય છે) : નકશામાં તો નથી એની મને ખબર છે.

વાસંતી (ડાબી તરફ આંગળીથી બતાવીને) : જો રજની, પેલો મોટો વડ દેખાય. દસબાર ઝાડ ભેગાં હોય એવડો મોટો દેખાય છે તે!

(રજની, વાસંતી મેઘનાદ, અશોક ઊભા થઈ જાય છે.)

રજની : મને બનાવો છો તમે બધાં!

અશોક : ના, ના; સાચી વાત છે.

રજની : ત્યારે ચોપડીમાં કેમ નથી આપ્યો ?

વાસંતી : એવડો મોટો વડ ચોપડીમાં શી રીતે માય? આપણે એની કને જઈએ તો જેવા મળે.

રજની (મોઢું ખોલીને જોઈ જ રહે છે.) : આ તો મેં પણ ક્યાંક—ગાડીમાંથી કે—જોયેલો યાદ આવે છે. પણ ચોપડીમાં છે તે વડ, અને આ, બંને એક જ વડ છે કે કેમ તે તો મને કોઈએ કહ્યું નહિ!

વાસંતી : હું કહેત, મને પૂછ્યું હોત તો!

અશોક : પણ એ ચોપડીઓમાંથી બહાર નીકળે તો પૂછવાનું બને ને?

વાસંતી : અને પેલાં ડાંગરનાં ખેતર, પેલા આસોપાલવ, પેલી સીતાફળીઓ,...

અશોક : પેલી બકરીઓ, પેલી કોયલ...

રજની (આખો વખત આશ્ચર્યથી જોઈ રહ્યો છે તે, આનંદથી) : કોયલ તો મેં જોઈ છે–અમારા ઘર આગળ લીંબડા પર. 'બોલે કોયલ મીઠા બોલ' એ જ કોયલ ને ?

મેઘનાદ : એનું ચોપડીવાળું જ એ તો ગાવાનો!

[હસે છે.]

ચંપક (એ અને લીલા ખાતાં ખાતાં ઊઠીને આવે છે.) : અને રજની, અહીં તો બતકો, સમડીઓ,...

રજની : સમડીઓ પણ ખરી? વાસંતી, તું એકલી એકલી જ અહીં આવતી હતી ને મને તો કદી બતાવવા લઈ આવી જ નહિ! બકુલ ને બધાં એકલાં એકલાં જ જોયાં કરતાં હતાં, કેમ?

અશોક : પણ તું આવતો જ કયાં હતો?

લીલા : ને રજનીભાઈ, અહીં તો તમને એક્કી સાથે કહો તો સો પતંગિયાં બતાવું.

રજની (આશ્ચર્યથી) : એક્કી સાથે સો!

કોણે આ રંગિયાં
લીલાં પતંગિયાં
ને પીળાં પતંગિયાં
કોણે રે રંગિયાં

એ જ પતંગિયાં ને?

મેઘનાદ (ઉમળકાથી) : રજની, આજે તને, ભાઈ, બધું જ ફરી-ફરીને બતાવી દઈએ છીએ. પણ એક શરત: તારે ચોપડીઓમાંથી બધાને વિશે ગાવું ને અમારે તને બતાવવું.

રજની : પણ ચોપડીઓમાં છે તે જ તમારે બતાવવું હો! (ગંભીરતાથી) મારા માન્યામાં જ નથી આવતું કે બીજી ચોપડીમાં આપ્યો છે તે જ પેલો તમે બતાવો છો એ વડ છે.

મેઘનાદ : ચાલો, ચાલો, રજનીને બધું બતાવીએ.

[સૌ આનંદની કીકિયારીઓ કરતાં નાચતાં દોડી જાય છે ને ગાય છે–]

કોણે આ રંગિયાં
લીલાં પતંગિયાં
ને પીળાં પતંગિયાં
કોણે રે ... ...

ણીનો એકલાનો અવાજ આવે છે.)

ચોપડીઓના કિલ્લા છોડી
સરસતી, સરસતી, આવ બહાર !
ખુલ્લા જગની ચાખ બહાર.

વગેરે

પડદો

– સ્વાધ્યાય –

આ નાટિકાના પરિચયમાં એને એક પ્રકારના કટાક્ષ-ચિત્ર તરીકે ઓળખાવી છે તે શાથી ?

૨. વર્તમાનપત્રોમાં અવારનવાર ચાલુ બનાવો ઉપર આવતા કટાક્ષ-ચિત્રો તમે જુઓ છો ? ન જોતાં હો તો હવેથી જોજો, અને તમને ગમી જાય તેવાં કટાક્ષ-ચિત્રોનું એક આલ્બમ બનાવજો, અને વર્ષ પૂરું થયે એ કટાક્ષ-ચિત્રો ઉપરથી વર્ષ દરમ્યાન બનેલા મુખ્ય બનાવોની ટૂંકી નોંધ તૈયાર કરજો. દેખીતી રીતે તમને કદાચ આ અઘરું લાગશે, પણ પ્રયત્ન કરશો તો સાવ સહેલું છે એટલું જ નહિ, પણ તમને મઝા પણ ખૂબ પડશે, અને તે સાથે તમને નવું નવું જાણવાનું પણ ખૂબ મળશે.

૩. આ નાટિકાનાં પાત્રોનો પરિચય કરાવો. તમને એ બધાં પાત્રોમાંથી કયું ખૂબ ગમ્યું ? શાથી ?

૪. આ નાટિકા વાર્તારૂપે લખાઈ હોત તો એમાં તમને નાટિકા જેટલો આનંદ આવત ? શાથી ?

૫. ' ચોપડીઓના કિલ્લા ' મથાળું લેખકે શા માટે રાખ્યું હશે ? ચોપડીઓના કિલ્લામાં કોણ પુરાઈ રહ્યું છે ?

૬. ' ખુલ્લા જગની ચાખ બહાર ' એટલે શું ?

૭. આ નાટિકા ઉપરથી બીજા ત્રણ નવા સ્વાધ્યાય બનાવો.


ના,

જ

.!

૩૮

પાવાગઢ



[‘પાટણ’ની પડતી જોતાં સરતાં આંસુનું કાવ્ય તમે ‘સહસ્રલિંગ તલાવના કાંઠા ઉપરથી પાટણ’માં જોયું. અહીં ગૂજરાતનું રક્ષણ કરવા જાણે દિક્‌પાળ આવી ન ઊભો હોય એવા પાવાગઢ ઉપરનું કાવ્ય આપણને શ્રી પૂજાલાલ આપે છે. પાટણ તો ગયું, પણ પાવાગઢ હજુ ઊભો છે એટલે ઘડીભર આપણને થશે કે આમાં કરુણતા નહિ હોય. પણ ના, તેમ નથી. તે ચાંપાનેર કયાં ? તે વનરાજ કયાં ? તે વખતનું ગૂજરાત કયાં ? તે શૌર્ય કયાં ? અને આજની દીનહીન દશા કયાં ? એ વેદના આ કાવ્યમાં છે, અને તેથી કવિ પાવાગઢને પ્રાર્થે છે કે ‘હે પાવાગઢ ! તારી ચેતનરૂપી, શક્તિરૂપી વિશ્વામિત્રીઓ રેલાવી આજે જડ બની ગયેલાં,

રૂંધાઈ ગયેલાં અમારાં જીવનમાં ચેતના અને પ્રાણનો સંચાર કરી દે.' શ્રી પૂજાલાલે ઘણાં કાવ્યો લખ્યાં છે, પણ તે બધાં હજુ સંગ્રહાકારે બહાર નથી પડ્યાં. તમે સમજી શકો એવાં તેમનાં ઘણાં કાવ્યો 'કિશોર'ની ફાઈલિમાંથી મળશે.]

* * *

આ પાવાગઢ પૂર્વ દિશાનો પ્રચંડ ઊભો પ્હાડ,
ઊંડી જેની ખીણોમાં પડઘાય વાઘની ત્રાડ;
ગૂજરાતની રક્ષા કરવા સ્વયં પૂર્વ દિક્પાળ,
આવ્યા કે શું ધરી સ્કંધ પર શૃંગ ગદા વિકરાળ?

પોલાદી બખ્તર અંગે તો શિરે શિલામય ટોપ,
રૂંવે રૂંવે દવની ઝાળે ભડ ભડ કરતો કોપ;
ઢગ પર ઢગ ખડકાયા ખડકો આભે અડવા જાય,
મહાકાળીની લાલ ધ્વજા જ્યાં ઝંઝાએ લહેરાય.

વાદળિયા સાથે વાદળીઓ ભવ્ય ભજ્યો શો રંગ!
મેઘ વીંટાઈને કાજળિયો ઢાંકે શાપિત અંગ;
ચોગરદમ જંગલની જાળો શત્રુ તહીં સપડાય,
સાત સાત કિલ્લાની પાળો! ભય ભરતી ડોકાય.

પથરે પથરે પરાક્રમોની યશગાથા અંકાઈ,
શિયળવંતી સુંદરીઓની વિભૂતિ પાવન છાઈ!
ગૌરવ ગૂમ થઈ ગયું પુરાણું, પણ અણગણ ખંડેર
ગર્વભરી સાક્ષી પૂરતાં જડતાં ઠેરઠેર.

કાળચક્રની નીચે ચુર્ણિત ચાંપાનેર ન આજ,
રોડાં માત્ર રહ્યાં રડબડતાં નથી વીર વનરાજ!
ચહુઆણોની આણ આથમી ગળ્યો મરેઠા ગર્વ
ભારતવ્યાપી લાંછન લાગ્યું બંદી બનિયા સર્વ!

પાવાગઢ તવ પ્રાણે વિશ્વામિત્રીઓ રેલાવ,
મરી પડેલી જડ માટીમાં મુક્ત ચેતના લાવ.

– સ્વાધ્યાય –

૧. પાવાગઢની દિક્પાળ સાથેની તુલના વિગતે વર્ણવો.
૨. પાવાગઢ ઉપર કઈ માતાનું દેરું છે? એ માતાને લગતાં કોઈ લોકગીતો તમે સાંભળ્યાં છે? કયાં?
૩. શત્રુઓને પાવાગઢ સર કરવામાં કઈ મુશ્કેલીઓ કવિ જુએ છે?
૪. 'પથરે પથરે પરાક્રમોની યશગાથા' એટલે શું?
૫. પાવાગઢનો ઇતિહાસ ભવ્ય છે છતાં કવિ નિશ્વાસ શા માટે મૂકે છે?
૬. ગૂજરાતની ચતુરસીમા અને ગૂજરાતના પહાડો વર્ણવો.

